કહો છો- હું જ્યારે જ્ઞાનની દુનિયામાં મસ્ત બનું છું, ત્યારે સમસ્ત દુનિયાને વિસરી જાઉં છું એમજ થાય કે ક્યાંય એકાંત સ્થળે જઈ જ્ઞાન સાગરમાં નિમજ્જન કરતોજ રહું ''ભક્તામર ગ્રંથનું કાર્ય કરતા ખરેખર હું ભક્તામર મય બની ગયો છું જેમ શ્રી ભક્તામર સ્તોત્રનું ચિંતન કરૂં છું. તેમ તેના રચયિતા પૂ. માનતુંગ સૂ. મ.સા. ની મુગ્ધતા પર વારી જાઉં છું. તેમની જ્ઞાન ગરિમા-યુગાદિદેવની ભક્તિને ક્ષણે-ક્ષણે વંદન કરું છું. આ મહાન ગ્રંથનું કાર્ય એ પણ મારા ગુરુદેવની ભક્તામર-સ્તોત્રની અનન્ય શ્રદ્ધા-આસ્થા ભક્તિને આભારી છે. સાચે જ ભક્તામર ગ્રંથના કાર્યમાં મારો જેટલો સમય વીત્યો છે. તેમાં મેં મારા ગુરુદેવનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત કર્યુ છે, તેમના દિવ્ય સાંનિધ્યે જ મારી કલમ આગળ વધી છે. પૂજ્યશ્રી અંતરના અનુભવની વાત કરે, પણ અમે તો કહીએ છીએ. આપે પૂ. ગુરુદેવ સંદેહ બિરાજીત હતા ત્યારે અને વર્તમાન કાળમાં પણ પૂ. ગુરુદેવ સાક્ષાત્ છે તેમ માની ગુરુ સેવા જ કરી છે. આપની ગુરુ-ભક્તિ આપને અનંત-શક્તિ અર્પે, એ જ પ્રભુ મુનિસુવ્રતના અધિષ્ઠાયકોને હાર્દિક પ્રાર્થના.

● ભક્તામર દર્શન ગ્રંથ પ્રકાશન-સંયોજન

શ્રી લબ્ધિ-વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેંદ્ર એ એક સંસ્કાર સાહિત્યનો પ્રચાર કરતી વિશિષ્ટ સંસ્થા છે. અત્યાર સુધીમાં વિવિધ ભાષામાં આગમ સૂત્રથી પ્રારંભી અનેક ક્ષેત્રોને આવરી લેતા અનેક મૌલીક-જનમનને આકર્ષણ કરી પ્રભુ માર્ગ પ્રત્યે સ્થિર કરતાં અનેક પુસ્તક આ સંસ્થા તરફથી પ્રકાશિત થયા છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રાજેંદ્રભાઈ દલાલ એક ગુરુભક્ત સુશ્રાવક છે. વિ. સં. ૨૦૨૬ થી ગુરુચરણે સમર્પિત બની શાસન સેવા કરી ધન્ય બની રહયાં છે. સિકંદ્રાબાદ થી સમેતશિખર સંઘયાત્રા હોય કે કલકત્તા-સિદ્ધાચલ સંઘયાત્રા હોય. શ્રી ભરૂચ તીર્થનો જિર્ણોદ્ધાર કે શ્રી ઉવસગ્ગહરં તીર્થનો-શ્રી કુલ્પાક તીર્થ હો કે શ્રી બનારસ તીર્થનો કે સોલા રોડ નો હોય કે પ્રેરણા તીર્થનો જિણોદ્ધાર હોય જ્યાં પૂ. ગુરુદેવ કે શાસનના કાર્યની વાત હોય ત્યાં સર્વ સર્જનાત્મક કાર્યમાં શ્રી રાજેંદ્રભાઈ દલાલની બહુમૂલ્ય સેવા હોય જ... આ મહાન ગ્રંથના પ્રકાશનમાં પણ એમણે અનોખું સંયોજન કર્યુ છે. પ્રકાશન કાર્ય શ્રી જૈન ધર્મ ફંડ પેઢી ભરૂચને સોંપાયું... પ્રીંન્ટીંગનું કાર્ય શ્રી નેહજ પ્રીન્ટર્સને સોંપાયું, ગ્રંથની શોભા-ગ્રંથ અંગેના અનેક વિવિધ આયોજન માટે અનેક વ્યક્તિ નો સાથ સહકાર તથા સહયોગ શ્રી રાજેંદ્રભાઈના સંયોજનને આભારી છે. શ્રી લબ્ધિ-વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેંદ્ર અને શ્રી જૈન ધર્મ ફંડ પેઢી ભરૂચ બન્નેએ મળી શા સનના અનેક કાર્ય કરવા સફળ થાય તેવી શાસન દેવને આ પ્રસંગે પ્રાર્થના કરું છું.

● ''દાન પ્રેરક પૂજ્યો'' તથા ''ભક્તામર દર્શન'' ગ્રંથના દાતાઓ

આ મહાન ગ્રંથ આજની ભયંકર મોંઘવારીમાં સુંદર-ભવ્ય અને સર્વોત્તમ બનાવવા વિશાળ ધનરાશિની જરૂર પડે. અમને કહેતાં આનંદ થાય છે, જેવું કાર્ય હોય તેવું દાન પણ અવશ્ય મળી જાય છે. હકીકત-પરિસ્થિતિ અને ચીજનું મૂલ્ય કરનાર પ્રત્યેક કાળમાં સજ્જનો હોય છે જ. ગ્રંથ પ્રકાશનમાં સિંહફાળો શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ વાલકેશ્વરનો છે... આ સંઘે શ્રી ભરૂચ જિર્ણોદ્ધાર-પ્રતિષ્ઠામાં પણ સુંદર સહકાર આપેલ. આ સાથે આદિનાથ જૈન સંઘ ચીકપેઠ બેંગલોર વિગેરે અનેક સંઘો અનેક મહાન દાતાઓએ ઉદાર દાન તથા સહકાર આપેલ છે. દાન દાતા સમસ્ત સંઘો. મહાનુભાવોની પુનઃ પુનઃ હાર્દિક અનુમોદના કરૂં છું. સાથે-સાથે નમ્ર વિનંતિ આવા કાર્ય માટે જ્યારે જ્યારે અમે ટહેલ નાંખીએ ત્યારે અમને સદા સાથ સહકાર આપજો.

મહાન ગ્રંથનું કાર્ય અનેક હૃદય-બુદ્ધિ અને હાથોને આભારી હોય-ગ્રંથ અંગે પરામર્શ દાતા મંડળ જે છે તે સૌના ગ્રંથમાં નામ આલેખન કર્યા છે. આ સમગ્ર કાર્યમાં પૂ. નંદીયશ વિજયજી મ.ની પૂજ્યશ્રીની સેવામાં અવિરત પણે ઉપસ્થિત રહી. કેવી રીતે પ્રેરણા કરતા રહ્યા તે સંપાદકીયમાં પૂજ્યશ્રીએ પોતે જ જણાવ્યું છે. પૂજ્યશ્રીના પ્રત્યેક કાર્યના પૂરક પૂ. મુનિ શ્રી નંદીયશવિજયજી મ. ની પણ વિશિષ્ટ સુઝબુઝ અને દાનની પ્રેરણાની અમે અનુમોદના કરીએ છીએ.

આ પ્રસંગે પૂ. વિદુષી સાધ્વીવર્યા રત્નચૂલાશ્રીજી મ.સા. ને વંદન કરું છું. આ સિવાય જેઓ સદાય ગુરુ સેવા, શાસન સેવામાં તત્પર રહે છે તેવા પૂ. બેન મ.સા.ના આ કાર્યમાં લાગણી, ઉત્સાહ, આયોજન અને ઘગશ અવર્ણનીય રહ્યા. મહાન દાતાઓએ અમને જે ધર્મ પ્રેરણા આપી છે તેનાથી આ કાર્ય ખૂબજ સરળ અને સુંદર બન્યું છે. આ પ્રસંગે અમે પૂ. બેન મ.સા. તથા તેમના સમસ્ત સાધ્વીજી સમુદાયને તેમજ પૂ. ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દૂર સુદૂર વિચરીને પણ લબ્ધિ-વિક્રમરાજનો યશ ફેલાવતા પૂ. સાધ્વીવર્યા શુભોદયાશ્રીજી મ.સા. તેમજ સાધ્વીવર્યા જયલતાશ્રીજી મ.સા. ને પણ યાદ કરીને વંદના કરું છું શ્રીમાન્ ડૉ શ્રીનિવાસનજી તથા શ્રી જીતુભાઈ તથા શ્રીમાન્ મનોરથમલજી કોઠારીના સહકારની મુકતકંઠે પ્રશંસા કરું છું. તેઓએ પૂજ્યશ્રીના હાથનીચે કાર્ય કરી ઈંગ્લીશ તેમજ હિંદી વિભાગોના ભાષાંતરનું કાર્ય ખૂબજ ખંત પૂર્વક કર્યું છે.

● ધન્ય ચિત્રકાર

શ્રી અશોકભાઈ શાહ (પદ્મપુત્ર) એક આશાસ્પદ યુવાન જૈન ચિત્રકાર છે. ભક્તામરના ચિત્રોથી તેમની ચિત્ર યાત્રાનો પ્રારંભ થયો અને આજે એમની ચિત્રકલાથી જૈન સંઘ શોભી ઉઠયો છે. હજારોની સંખ્યામાં તેમને જૈન ચિત્રોનું નિર્માણ કર્યું. અત્યારે પણ તેમની કલમ અવિરત ચાલી રહી છે. શ્રી અશોકભાઈ કહી રહયાં છે. ગુરુ કૃપાની બલિહારી છે. આવા નમ્ર સજ્જન અશોકભાઈ શાહને અંતરના અભિનંદન... અભિવંદન...

અનુમોદના નેહજ પરિવારની

મુંબઈમાં પાટણ નિવાસી શ્રી જયેશભાઈ શાહ દ્વારા નેહજ પ્રીન્ટર્સ ચાલે છે. પ્રેસ અને પ્રીન્ટીંગની દુનિયા જ અલગ છે. પ્રેસ અને પ્રીન્ટર્સના અનુભવો સદાય સૌને વિચિત્ર હોય છે. છતાં ય તેમાં કેટલાંક અપવાદ તો હોય જ. ભક્તામર દર્શન-ગ્રંથ પ્રકાશનના પ્રારંભથી જયેશભાઈ ગ્રુપ શ્રી ભક્તામર સ્તોત્રનું આરાધક-ઉપાસક બની ગયું. ગ્રંથ અંગે તેમને અપૂર્વ લગની લાગી તેથી આ ગ્રંથને સમજવા શ્રી ઉવસગ્ગહરં તીર્થ, શ્રી કુલ્પાકજી તીર્થ-સિકંદ્રાબાદ, ટુમકુર-પાર્શ્વલબ્ધિ ધામ, ચીકપેઠ (બેંગલોર), ગાંધીનગર, મૈસુર આદિ સ્થળે પૂ. ગુરૂદેવની સાથે રહ્યા. ગ્રંથના પ્રત્યેક પૃષ્ઠને સમજવાની-સુંદર અને એક્સ્ટ્રા ઓર્ડીનરી (extra ordinary) બનાવવા તેમણે હૃદયના ભાવથી જહેમત ઉઠાવી છે. આ ગ્રંથ અંગે તેઓ પણ ખૂબ યશસ્વિતાના સહભાગી છે. જયેશભાઈ પાસે કાર્ય સંનિષ્ઠ એક વિશાળ ગ્રુપ છે... આદિએ આ કાર્યમાં અંતરના ઉત્સાહથી કાર્ય કર્યું છે. અને અધિક મહત્ત્વની વાત એ છે કે કાર્ય કરતાં તેઓ સૌ જિન-ભક્તિ, ગુરુભક્તિના રંગે રંગાયા છે... તેમની પ્રભુભક્તિ સદા વૃદ્ધિ પામો એજ શુભ ભાવના...

શ્રી જૈન ધર્મ ફંડ પેઢી

શ્રી ભરૂચ તીર્થની વર્ષો જુની સાત ક્ષેત્રનો વહીવટ કરતી આ પેઢી છે. આ પેઢીના આદ્ય સ્થાપક જૈન સંઘના સુપ્રખ્યાત વિદ્વાન શ્રી અનોપચંદભાઈ શેઠ છે. અત્યારે શ્રી સંઘના પ્રમુખ શ્રી કેશરીચંદજી શ્રોફ છે. આ પેઢીના મંત્રી રૂપે મને જિર્ણોદ્ધાર તથા શાસન કાર્ય કરવાનો લાભ મળ્યો છે. તેને હું ગુરુકૃપાનું ફળ સમજુ છું. મારી આંખની તકલીફ તથા કૌટુંબિક જવાબદારી વચ્ચે મારે જે સેવા આપવી જોઈએ તે આપી શક્યો નથી. પણ, અથથી ઈતિ સુધી માનસિક રીતે આ કાર્યમાં લીન રહેવા શક્ય દરેક સેવા કરવા આતુર રહ્યો છું. પ્રભુ શાસનના પ્રભાવે-ગુરુકૃપાએ અનેક પુણ્યાત્માના દાને આ ગ્રંથ શ્રી સંઘની સેવામાં રજુ થઈ રહ્યો છે. શ્રેષ્ઠ બનાવવાના સર્વોત્તમ ભાવ હોવા છતાં જ્યાં પ્રયત્નની ખામી રહી હોય તે સૌની હાર્દિક ક્ષમા...

પ્રભુ શાસન તારક છે... ઉદ્ધારક છે... આપણે સૌ શાસન દ્વારા ધન્ય બનીએ. "જૈનં જયતિ શાસનમ્" નાદ ગુંજિત બને... એ પૂજ્યશ્રીની હાર્દિક ઈચ્છા સફળ બનો...

નમ્ર નિવેદક

શ્રી જૈન ધર્મ ફંડ પેઢી વતી ડૉ. સુરેશભાઈ મહેતા

શ્રી મુનિસુવ્રત તીર્થ ભરૂચ. તા.૧૪-૬-૯૭

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદકીય

આજેય મગનબાગમાં આવેલી આઈડીયલ હાઈસ્કુલનો વર્ગ યાદ આવે છે. કેવો મધુરો શ્લોક પહેલા દિવસથી જ ભણવામાં આવ્યો. આજે પણ તે શ્લોક યાદ છે.

''भोः भोः बालाः संस्कृत भाषा सुलभा किं वा दुर्बोधा वा।
सुलभा सुलभा न च दुर्बोधा बालाः एवं बिधिना पठिताः
सम्यक् पठिता आर्यैः पूर्वम् श्रवणं पठनं गुरू-मुख-मूलम्'' ॥

શ્લોકનો ભાવ આવો છે. શાળામાં જતાં બાળકોને એમના માતા-પિતા કે વડીલો પૂછી રહ્યા છે. શું ખરેખર સંસ્કૃત ભાષા શીખવી સહેલી છે કે અઘરી ? ત્યારે બાળકો જવાબ આપતાં ગાજી ઊઠે છે. "સહેલી છે... સહેલી છે... સંસ્કૃત ભાષા શીખવી જરાય અઘરી નથી. કારણ, પૂર્વકાળમાં બાળકો ગુરુજનો વડે એવી સુંદર રીતે ભણાવવામાં આવતા હતા; ભણવું કે સાંભળવું બધું જ ગુરુ મુખથી જ થતું હતું." આવા શ્લોકો ધોરણ પાંચમાંથી ભણવા મળ્યા. સંસ્કૃત ભાષા સાથે પ્રેમ બંધાઈ ગયો. તે વખતે એસ.એસ.સી.માં સંસ્કૃત ભાષા લેવાનો નિર્ણય થયો. આજના મારા સંસ્કૃત જ્ઞાનનો પાકો પાયો ત્યારથી નંખાઈ ગયો. તે વખતના અમારા મેટ્રીકના અભ્યાસક્રમમાં (Syllabus) માં ભાવદેવસૂરિ વિરચિત શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાંથી લીધેલી પ્રણામ મિત્ર, પર્વ મિત્ર અને નિત્ય મિત્રની કથા હતી. કથા હૃદય સ્પર્શી હતી. આજે આ કથા યાદ કરું છું. હજારોને આ જ કથા પ્રવચનમાં સમજાવી ચૂક્યો છું. મને ખૂબ જ આનંદ થતો હતો કે મહારાષ્ટ્ર સરકારે પ્રત્યેક વર્ષે જૈન સંસ્કૃત સાહિત્યમાંથી કોઈ એક પાઠને અભ્યાસક્રમમાં સમાવેશ કરવાનો નિર્ધાર કર્યો હતો. તેથી જ જિજ્ઞાસા આગળ વધી. મારા પૂર્વેના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ક્યા જૈન ગદ્ય-પદ્યનો સમાવેશ થયો હતો તે અંગે શોધ ચલાવતા ભક્તામરનું નામ સાંભળ્યું.

આજે જે ભક્તામર પરના અપૂર્વ ગ્રંથ સંપાદનની વેળા આવી છે તે જ "ભક્તામર"નું નામ સાંભળી પ્રસન્નતા થઈ. બસ, **ભક્તામરમાં કાંઈક એવું છે કે જે જનસામાન્યથી માંડીને જૈન વિશેષને કે વિશિષ્ટ જૈન સહુને એક સરખી રીતે આકર્ષિત કરે છે.** ત્યારબાદ, ભક્તામર સ્તોત્ર કંઠસ્થ પણ કર્યું. પણ એટલું બધું ઝડપથી કંઠસ્થ થઈ ગયું હતું કે મને પોતાને પણ હું ક્યારે ભક્તામર શીખી ગયો તેનો ખ્યાલ ન આવ્યો. અર્થના બોધ વિનાનું ભણવામાં મને ક્યારેય મજા આવી નથી. કોઈપણ સૂત્ર ગોખવું હોય અને તેનો અર્થ સામાન્યથી પણ ધારી ન શકાય તો ગોખવું મારા માટે આજેય અશક્ય જેવું છે. અર્થના અનુસંધાન પૂર્વક જ સૂત્ર શીખવું અને શીખવવું જોઈએ; એવું મારું મંતવ્ય છે. ભક્તામરે દિલમાં સ્થાન જમાવી દીધું. દીક્ષા લીધા બાદ રોજ નવ સ્મરણ ગણવાનો અભ્યાસ રહ્યો. પ્રથમ ચાતુર્માસ ભાયખલામાં થયું હતું. મોતીશાના એ ભવ્ય મંદિરમાં ક્યારેક એકાંતમાં ભક્તામર બોલવાનો અનેરો આનંદ આવતો હતો. પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા. પણ રોજ નવ સ્મરણનો પાઠ કરતા હતા. ક્યારેક સમય ન મળ્યો હોય તો સંધ્યા સમયે હું નવસ્મરણો સંભળાવતો.

આ બધા વખત દરમ્યાન પૂ. ગુરુદેવનો ભક્તામર તરફ ઝોક એકદમ કેમ વધી ગયો તેની ચર્ચા થઈ શકી નથી. પણ મદ્રાસના વિ.સં. ૨૦૨૪ ના ચાતુર્માસ માટે વિહારનું પ્રસ્થાન થયું. ત્યારથી પૂ. ગુરુદેવ "કુંતાગ્રભિન્ન" એ ગાથાનો પાઠ રોજ કરતા હતા. મદ્રાસનું એ મહાન ચાતુર્માસ અનેક રીતે યશસ્વી અને પ્રભાવક બન્યું. ધર્મયુદ્ધ જેવા પ્રસંગોમાં પણ પૂ. ગુરુદેવની યશસ્વીતા સર્વત્ર છવાયેલી રહી. અને સમસ્ત દક્ષિણ ભારત પર પૂજ્યશ્રીની પ્રતિભા છવાઈ ગઈ. આજ ચાતુર્માસની પૂર્ણાહુતિ બાદ પૂ. ગુરુદેવની નિશ્રામાં મદ્રાસ કેશરવાડી રેડહીલ્સમાં ઉપધાન થયા. કલાકો સુધી જિનભક્તિ કરવા ટેવાયેલા પૂ. ગુરુદેવને અહીંના ઋષભદેવ ભગવાનની ભક્તિમાં ખૂબ આનંદ આવવા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

માંડ્યો. હૃદયના ભાવોને વાચા આપવા માટે મહાકવિ ધનપાલની વૃષભ પંચાશિકાથી ભગવાનની સ્તુતિ કરી. એક દિવસ સાધ્વી વાચંયમાશ્રીજીએ પૂ. ગુરુદેવને ભક્તામરથી પ્રભુને સ્તવના કરવાની વિનંતી કરી. બસ, ત્યારથી સમુહમાં ભક્તામરનો પણ યજ્ઞ શરૂ થયો. ભક્તામર ચાલુ જ રહ્યું. સમુહ પાઠ રૂપે તેની કીર્તિ પ્રસરતી રહી. પૂજ્ય ગુરુદેવનો મધુર સ્વર... આંતરિક જિનભક્તિ... શુદ્ધ ઉચ્ચારણ... આ બધાની સાથે એક દિવ્ય જિનભક્તિનું સર્જન થયું. મદ્રાસ અને બેંગલોરના ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્ય ગુરુદેવે સિકંદ્રાબાદમાં કુંથુનાથ ભગવાનની ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવી. બરાબર અંજન કરતી વખતે ઘંટનાદ થયો, ઘણાએ સાંભળ્યો અને જાણે જિનશાસનનો અને ભક્તામરનો ઘંટનાદ કરવાનું પૂજ્ય ગુરુદેવને સૂચન થયું. સિકંદ્રાબાદથી શિખરજીની ૧૯૧ દિવસની મહા સંઘયાત્રાનું પ્રસ્થાન થયું. ૫૦૦ વર્ષ બાદ આયોજિત આવી સંઘ યાત્રા એક સાહસ હતું. અનેક પ્રશ્ન વિરામો આ યાત્રાના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી આવ્યા જ કર્યા. પરંતુ દરેક પ્રશ્નવિરામ માટે ભક્તામર પૂર્ણવિરામ હતું. લોકોએ અનુભવ કર્યો કે ભક્તામરની સમુહ પ્રાર્થના બાદ સંઘ યાત્રાનું પ્રયાણ થતું અને કોઈ પણ વિઘ્ન ન આવતું. શહેરે શહેરમાં અને જંગલે જગલમાં ભક્તામર ગુંજિત થયું. સંઘની નિર્વિઘ્ન સમાપ્તિમાં "ભક્તામર" પણ એક અનન્ય બળ હતું. પૂ. ગુરુદેવ કહેતા હતા સંઘ યાત્રાની પૂર્ણાહુતી સુધી તો ભક્તામરના પ્રભાવ અને કલ્પો વિશે કશું જ ધ્યાન આપી વાંચ્યું ન હતું. ત્યાર બાદ પૂ. ગુરુદેવે ભક્તામર વિશે જરૂર વાંચ્યું હશે. પરંતુ ભક્તામર દ્વારા જિનભક્તિની આવશ્યકતાથી પૂ. ગુરુદેવની પ્રાર્થનામાં, નિત્ય સ્તવનમાં ભક્તામર સ્થાન પામ્યું હતું. જાણે ભક્તામરના મંગલ સ્વરોને સમસ્ત ભારતમાં ગુંજવું હતું. સ્તોત્ર અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી અને શાસનસેવા સમુદ્યતા માતા પદ્માવતીને આ સ્તોત્રને ભારતના મધ્ય ભાગમાંથી ગુંજવવું હતું. બે જ વર્ષ બાદ એક મહાન સંઘયાત્રાનું આયોજન થયું. અને કલકત્તાથી સિદ્ધાચલનો છ'રી પાલિત સંઘ નીકળ્યો. પૂર્વ દિશામાં તીર્થંકર ભગવાનની નિર્વાણ કલ્યાણક ભૂમિ અને પ્રભુ આદિનાથ ભગવાનની જન્મ કલ્યાણકભૂમિ અયોધ્યામાં પણ ભક્તામર ગુંજ્યું અને શત્રુંજયના દાદાના દરબારમાં સંઘ પૂર્ણાહુતિ વખતે પૂ. ગુરુદેવે જાણે ભક્તામરની આ ભક્તિને તેજ પ્રભુના ચરણમાં સમર્પિત કરી... આટલા ટુંકા સમયમાં તો ભારતમાં ભક્તામરની ધૂન મચી ગઈ હતી. કેટલાક ભાવિકો સેંકડો અને હજારો માઈલોથી ભક્તામરની ભાવભીની ભક્તિમાં ભીંજાઈ જવા આવતા હતા. પછી તો "**લાખ+દુઃખો કી એક દવા ભક્તામર**" છે તેવું સહુ સમજી ગયા. જિન ભક્તિનો મંગલ પ્રવાહ ભક્તામરમાં હાયવોલ્ટેજથી વહી રહ્યો છે તેવો સહુને ખ્યાલ આવ્યો. પાલીતાણા આરીસા ભુવનના ચાતુર્માસમાં પણ દૂર-સુદૂરથી ભાવિકો ભક્તામર શ્રવણ માટે આવ્યા જ કરતા હતા. પાલીતાણા બાદ જૈન ધર્મની રાજધાની સમા ગણાતા અમદાવાદમાં પૂ. ગુરુદેવનું ચાતુર્માસ થયું. અહીં ભક્તામરના પ્રબળ ચમત્કારો પ્રત્યક્ષ થયા. વર્ષોથી લકવાથી પીડાતા સાધ્વીજીનો રોગ સદંતર મટી ગયો. ભક્તામરની આ ભક્તિએ ભક્તામર મહાપૂજનનું સૌ પ્રથમ આયોજન શાંતિનગરમાં કર્યું. જિનભક્તિના અનુપમ ભાવથી મુખરિત આ પૂજનથી સમસ્ત અમદાવાદ નગરી મુગ્ધ થઈ ગઈ. આજે પણ સાચાદેવ સુમતિનાથ દાદાની છાયામાં ભણાવાયેલું સર્વ પ્રથમ ભક્તામર પૂજન સુવર્ણાક્ષરી ઈતિહાસ છે. આ આયોજન પૂ. ગુરૂદેવ પોતાની આરાધના પૂરતું સીમિત રાખવા માંગતા હતા. પણ પૂજનની સફળતાએ, પૂજનના પ્રભાવે અન્ય વિધિકારકોને આકર્ષ્યા. થોડી પાંડિત્યની છાંટ ભભરાવી તેમણે આ પૂજનની વિધિઓ પ્રસિદ્ધ કરી. પણ સર્વ પ્રથમ પૂજનનું આયોજન તો પૂજ્ય ગુરુદેવની જ પ્રભાવક્તાનું પરિવાહક બન્યું... પછી તો... મુંબઈ... બેંગલોર અને સિકંદ્રાબાદ અને મદ્રાસમાં આ પૂજનો અનેરા પ્રભાવ અને ભક્તિભાવથી ભણાવાયા.

સંઘયાત્રા પૂર્ણાહુતી બાદના પાલીતાણાના ચાતુર્માસ દરમ્યાન જ એક સુંદર કલાકાર યુવક નજરે ચડ્યો હતો. બીજાપુરના ચાતુર્માસમાં તેના દ્વારા ભક્તામરના ચિત્રો બનાવવાનું શરૂ કરાવ્યું. ભક્તામરનો કોઈ પણ સાધક જો અર્થ સમજીને ભક્તામર બોલે તો શબ્દ ચિત્ર તેના મગજમાં આવ્યા વગર રહે જ નહીં. આ ચિત્રોને શીઘ્ર બનાવીને પ્રકાશિત કરવાની યોજના હતી. પણ યોગાનુયોગ હશે બીજાપુરના વિક્રમ સંવત ૨૦૩૩ ના ચાતુર્માસ અને ત્યારબાદના મદ્રાસના ચાતુર્માસમાં ચિત્રોનું કામ ચાલુ હોવા છતાં તે ચિત્રો માત્ર રેખાંકન સુધી સીમિત રહ્યા... વર્ષો વીતી ગયા આખરે એક વાર કાગળ (નીપાણીની બાજુમાં) ગામમાં જવાનું થયું. ધૂળમાં રહેલ રત્નો જેવા જૈન ચિત્રકાર અશોકભાઈ મળ્યા. તેમણે પાછા ભક્તામર ચિત્રોની સ્થગિત વાતને ઉત્તેજિત કરી આ તરફ શકુનિકા વિહારના (ભરૂચના)

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જિર્ણોદ્ધારના ચક્રો ગતિમાન થઈ ગયા હતા. ભરૂચ તીર્થનો તીર્થોદ્ધાર એ નક્કર હકીકત બનતી જતી હતી. તો ભક્તામર મંદિરની આવશ્યકતા કેટલાય વર્ષોથી વિચારવામાં આવી રહી હતી. પૂ. ગુરુદેવની ભક્તામરની પ્રબળ ભક્તિથી ભરૂચ સંઘે પણ ભારતભરના સર્વ પ્રથમ ભક્તામર મંદિર સહિત અશ્વાવબોધ તીર્થ શકુનિકા વિહાર તીર્થના જિર્ણોદ્ધારનો નિર્ણય કર્યો. પૂ. ગુરુદેવે તો પ્રથમથી જ આ કાર્ય માટે મને આશિષ પ્રદાન કર્યા હતા. પરમ ગુરુદેવની શીળી છાયાથી જ તેઓની કૃપાથી જ ભરૂચના જિર્ણોદ્ધારનું કાર્ય શક્ય બન્યું હતું. હવે આ મંદિરમાં ભક્તામરના ચિત્રોનું કાર્ય પુરૂ કરવું પડે તેમ હતું, શ્રી અશોકભાઈએ આ કાર્ય પૂર્ણ કર્યું.

●●● આ કાર્ય પૂર્ણ થયા બાદ તો ગ્રંથ તુરત જ પ્રસિદ્ધ થઈ શકે તેમ હતો... પરંતુ ઈંગ્લીશમાં સુંદર ભાષાંતર અને યંત્રોની શુદ્ધિનું કાર્ય કરવાનું હતું. શ્રી સુરેશભાઈ અજમેરાએ ગ્રંથ પ્રકાશનમાં ખૂબ જ રૂચિ બતાવી. અને આજથી લગભગ ૧૦ વર્ષ પૂર્વે આ ગ્રંથ અંગે ખૂબ જ લગનથી કાર્ય શરૂ કર્યું... શ્રી સુરેશભાઈ અજમેરાની ગ્રંથ પ્રકાશનની ખૂબ ઈચ્છા હોવા છતાં આ કાર્ય રોકાઈ ગયું... એ દરમ્યાન તો ભક્તામરના ઘણા પ્રકાશનો બહાર આવવા માંડ્યા... છેવટે હું સિકંદ્રાબાદમાં ચાતુર્માસ હતો ત્યારે "દિવાકાર પ્રકાશન" આગ્રા તરફથી રંગીન ચિત્રો વાળું સચિત્ર ભક્તામર પ્રસિદ્ધ થયું... છતાંય શ્રી ભક્તામર પ્રકાશનની વાત તો ચાલુ જ રહી... ખાસ કરીને અભિન્ન હૃદયી મુનિરાજ નંદિયશવિજયની સતત પ્રેરણાએ આ ગ્રંથના પ્રકાશન અંગે મને ઉત્સાહિત કર્યા જ કર્યો છે. આ તરફ જિર્ણોદ્ધારના કાર્યો પણ આવ્યા જ કરતા હતા... શ્રી ભરૂચ તીર્થનું કાર્ય પૂર્ણ થયું હતું, તો સોલારોડ અને શ્રી ઉવસગ્ગહરં તીર્થની પ્રતિષ્ઠાના કાર્યો પણ પૂર્ણ કરવાના હતા. શ્રી કુલ્પાકજી તીર્થના તથા શ્રી બનારસ તીર્થના કાર્યો ચાલુ જ હતા... છતાં શ્રી ઉવસગ્ગહરં તીર્થની ભવ્ય અને અલૌકિક પ્રતિષ્ઠા બાદ મેં થોડા અવકાશનો અનુભવ કર્યો... એ જ ગાળામાં નેહજ પ્રિન્ટર્સ વાળા શ્રી જયેશભાઈને મુનિ નંદિયશવિજયજીએ પ્રેરિત કર્યા... અને મને પાછો ઉત્સાહિત કર્યો... શ્રી કુલ્પાકજી તીર્થની પ્રતિષ્ઠા પહેલાં આ ગ્રંથ પ્રસિદ્ધ કરાવવાની યોજના ઘડી... પણ કાર્ય લંબાતું જ ગયું... જયેશભાઈએ આ ગ્રંથ અને સમસ્ત શ્રી ભક્તામર સ્તોત્ર અંગે એક યશસ્વી યોજના પણ ઘડી છે. પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનને માત્ર વ્યવસાયના અંગ તરીકે ન સમજતા પોતાની આંતરિક રૂચિને આ કાર્યમાં સતત લગાવેલ રાખી છે. તેમને તથા મુનિરાજ નંદીયશવિજયજીએ પોતાની સુઝ-બુઝનો મોકળા મને આ ગ્રંથની શોભા અને ઉપયોગીતા વધારવા માટે પ્રયત્નો કર્યા છે. બંનેય જણ અંતરના આશીર્વાદના અધિકારી બનેલ છે. લગભગ પૂર્ણાહુતિના પંથ પર આ કાર્ય જઈ રહ્યું હતું ત્યારે શ્રી પ્રતાપભાઈ ટોલિયાને આ કામ અંગે જોડ્યા. શ્રી મનોરથમલજી કોઠારીએ પણ આ કાર્ય કર્યું અને છેલ્લે આ કાર્યમાં પોતાના રસથી જોડાયેલ શ્રી ડૉ. શ્રીનિવાસનજીએ અનન્ય રસ દાખવ્યો. શ્રી જીતુભાઈના ઈંગ્લીશ ભાષાંતરને સંશોધિત કરી "આરાધના દર્શન" અને "રહસ્ય દર્શન"ના ઈંગ્લીશ ભાષાંતર તથા પ્રુફ વાંચનનું કાર્ય પૂર્ણ કરી છેવટના યશસ્વી સહકારી બન્યા. આમ, આ મહાન ગ્રંથને પ્રકાશન પંથ સુધી પહોંચાડવામાં મને સતત પ્રેરણા અને સહકાર આપવામાં મારા નિશ્રાવર્તી પ્રત્યેક સાધુ-સાધ્વીજીનો ફાળો છે જ અને પૂજ્ય ગુરુદેવની સ્મૃતિને વિશેષ સંજીવિત રાખી ગ્રંથસ્થ કરવા માટે ભક્તામર સ્તોત્રનું હિન્દી ભાષાંતર પણ પૂજ્યશ્રીએ જે કર્યું હતું તે જ આ ગ્રંથમાં લેવામાં આવ્યું છે.

આ ગ્રંથને અપૂર્વ બનાવવાની ભાવનાથી ગ્રંથમાં "આરાધના દર્શન" અને "રહસ્ય દર્શન"નું આલેખન કરવામાં આવ્યું છે. આ આલેખન કરવાની જવાબદારી હોવાથી મેં મારા સ્વભાવ પ્રમાણે અનેક ગ્રંથોનું અવગાહન પ્રારંભ કર્યું. શ્રી ભકતામર અને ભક્તામર સંબંધી સાહિત્યનું વાંચન શરૂ કર્યું. મને લાગ્યું કે મારી જિંદગી ટુંકી પડશે, પણ આ બધાં ગ્રંથોનું અને તેને લગતા પેટા વિષયોનું અવગાહન બાકી જ રહી જશે. જો, એકધાર્યો સમય મળ્યો હોત તો હજી પણ ઘણી સુંદર સામગ્રીનું સંયોજન આ ગ્રંથમાં થઈ શકત. પણ, હવે તો મારી આસપાસના ચાહકોનું અને અનુમોદકોનું ધૈર્ય ઘટવા માંડ્યું છે. આ ગ્રંથનું પણ દળ વધારી શકાય તેમ લાગતું નથી. એટલે "**શ્રી ભક્તામર સર્વસ્વ**" નામનો બીજો ગ્રંથ પ્રસિદ્ધ કરવો એ જરૂરી લાગ્યું છે. આ ગ્રંથમાં પણ પૃષ્ઠોની મર્યાદા નડી છે. સમયની સંકડામણ લાગવા માંડી છે. આમ, ભકતામર અંગે ઘણું ઘણું કર્યું હોવા છતાંય ઘણું ઘણું બાકી રહી જાય છે એ માટે એક જ માર્ગ છે કે હવે શ્રી ભક્તમાર સ્તોત્ર પર કોઈક ભક્તામર પ્રેમીએ પી.એચ.ડી. કરીને સંશોધનાત્મક કાર્ય કરવું જોઈએ. હજી પણ નીચે મુજબના કાર્યો કરવાના રહી જાય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧. શ્રી ભક્તામર સ્તોત્રની દરેક અપ્રસિદ્ધ ટીકાઓનું શુદ્ધિકરણ અને પ્રકાશન

૨. દરેક ટીકાકારોની અભિપ્રાયોની સર્વાંગી સમીક્ષા

૩. સેંકડોના પ્રમાણમાં આ ભક્તમારના પદ્યમાં અને સમશ્લોકી તથા વિવિધ છંદોમાં ભાષાંતર થયા છે આ દરેક ભાષાંતરનો એક સંશોધનાત્મક અભ્યાસ થવો બાકી છે

૪. કો'ક હસ્તલિખિત દિગમ્બર પ્રતોમાં જ ભક્તમારના ચિત્રો મળે છે. જેમાંના (એક ભક્તામર રહસ્ય ઈન્દોરથી પ્રકાશિત પુસ્તકમાં છપાયેલા છે) આ ચિત્રોથી માંડીને સાંગલીથી સ્થાનકવાસી સાધ્વી નિલમશ્રીજીની પ્રેરણાથી પ્રસિદ્ધ થયેલ રેખાચિત્રો, દિગમ્બર શ્રી કાનજી સ્વામીના પુસ્તકમાં પ્રકાશિત ચિત્રો, તીર્થંકર માસિકમાં રજુ થયેલા પ્રતીક ચિત્રો મુનિ કુંદકુંદવિજયજી મહારાજની પ્રેરણાથી પ્રસિદ્ધ થયેલ દ્વિરંગી ચિત્રો-આગ્રા દિવાકર પ્રકાશન તરફથી દોરેલા ચિત્રો તેમજ પ્રસ્તુત ગ્રંથના ચિત્રોનું પણ વિવિધ કલાની દૃષ્ટિથી અભ્યાસ અને પૃથક્કરણ થવું જરૂરી છે

જૈન શ્વેતામ્બર ભંડારોમાંથી થોડા ઘણા મોગલશૈલીમાં બનેલા કલ્યાણમંદિર સ્તોત્રના ચિત્રો ઉપલબ્ધ થાય છે. પણ ભક્તામર સ્તોત્રને લગતા કોઈપણ ચિત્રો હજી સુધી પ્રસિદ્ધ થયા નથી અને કોઈ પણ ઠેકાણેથી પ્રાપ્ત થયા હોય તેવો ઉલ્લેખ પણ પ્રાપ્ત થતો નથી. આ હકીકત પણ સંશોધન માંગે છે

૫. શ્રી ભક્તામર સ્તોત્રને લગતા વૃદ્ધ પરંપરાના યંત્રો-મંત્રો અને તંત્રો પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મ.સા.એ આપેલા યંત્રો-મંત્રો અને તંત્રોનો અભ્યાસ થવો જરૂરી છે. આ તંત્રો-મંત્રો અને યંત્રોનું સાહિત્યિક દૃષ્ટિથી પૃથક્કરણ તો જરૂરી જ છે પણ સાધના અને અનુભૂતિ દ્વારા ચકાસણી થઈ મૂલ્યાંકન ન થવું જરૂરી છે.

૬ સાહિત્યની દૃષ્ટિથી સમગ્ર કાવ્ય અને તેમાં વર્ણિત, પદાર્થોનો થોડો અભ્યાસ હર્મન જેકોબીએ અને રૂદ્રદેવ ત્રિપાઠી વિગેરેએ કરેલ છે. છતાંય પ્રત્યેક વિગતોનું તલસ્પર્શી અધ્યયન થવું જરૂરી છે

૭. શ્રી ભક્તામર સ્તોત્રની મહિમા કથાઓ જેનું સૌ પ્રથમ આલેખન પૂ.આ. ગુણાકરસૂરીશ્વરજી મ.સા.ની વૃતિમાં છે. દિગમ્બર પરંપરામાં બ્રહ્મચારી રાયમલ્લજીએ કથાઓનું આલેખન કર્યુ છે. આ બંને સંસ્કૃત લખાણો પરથી સારાભાઈ નવાબે નવસ્મરણના પુસ્તકમાં તથા પંડિત ધીરજલાલ શાહે પોતાના "**ભક્તમાર રહસ્ય**"માં આ કથાઓનું આલેખન કર્યું છે અને તે પછી પણ અનેક વિદ્વાનો અને પંડિતોએ આ કથામાં કરેલા સંસ્કારો; સુધારાઓ અને વધારાઓ કર્યા છે, આનો તુલનાત્મક અભ્યાસ કથાઓના વિકાસના અધ્યયનમાં રૂચિ રાખનાર માટે ખૂબજ સુંદર વિષય બની રહે છે.

આ બધો અને આવો બધો એટલો વિશાળ વિષય છે કે હજી પણ ભક્તામર અંગે ઘણું ઘણું કરી શકાય છે. કોઈપણ વિદ્યાર્થીએ શીઘ્રતાથી ભક્તામર પર ડૉકટરેઈટ કરવાની જરૂર છે.

ભક્તામર મંદિરની સ્થાપના સહુ પ્રથમ શ્રી ભરૂચ તીર્થમાં થઈ. ત્યાર બાદ શિખરજી, મધ્યપ્રદેશમાં ધાર, પુના અને શંખેશ્વરમાં પણ ભક્તામર મંદિરના નિર્માણની વાત જાણી છે. ભક્તામર પરની અને જનજીવનની પ્રચંડ શ્રદ્ધા અને અગાધ આસ્થા પ્રેરાઈને હવે વિધિવત્‌ની "**ભક્તામર-પીઠ**"ના આયોજનની આવશ્યકતા છે. ભાવિને સંમત હશે તો એ કાર્ય પણ જરૂર થશે. જ્યાં પણ આ પીઠનું નિર્માણ થશે ત્યાં ભક્તિવાદ, જ્ઞાનવાદ અને મંત્રવાદના અનુપમ રહસ્યો ઝળહળી ઉઠશે. આ માટે મારી માનસિક આ યોજના તો તૈયાર જ છે. કોઈ પણ સંનિષ્ઠ સાધુ ભગવંતો કે શ્રાવક આ કાર્ય કરશે તો મને ખૂબ ખૂબ ખુશી થશે.

આ ગ્રંથના સંશોધનાત્મક આલંબન અને સંપાદનના કાર્યમાં ઘણા ઘણા ચિત્ર-વિચિત્ર અનુભવો થયા છે. (કહેવાતા નામધારીઓ અને કાર્યકરો વિશ્વાસનો ભંગ કરે તેવા આચરણો પણ કરતા હોય છે) કોઈકે આ ગ્રંથોના કેટલાક ફોટાઓ જોવા માટે મેળવી પોતાની રીતે પ્રસિદ્ધ કરી દીધા. કોઈકે માત્ર જોવા માટેની રજા મેળવી પોતાની રીતે કેસેટોમાં આ ફોટાઓના ઉપયોગ કરી દીધો. કોઈકે આ પ્રકાશનની વાત જાણી સમાંતર આવા ગ્રંથો પ્રકાશિત કરવાના મનોરથો કર્યા. કોઈકે આ યોજના જાણી લઈ પોતાના પ્રકાશનોને નવો વળાંક આપી દીધો. છતાંય જગતમાં સજ્જનોનો તોટો નથી જ હોતો. અનેક વ્યક્તિઓએ આ ગ્રંથના નિર્માણમાં પોતાનો પરિશ્રમ વિવિધ રીતે સીંચ્યો છે. આ બધાના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નામો લઈને પ્રકાશકોએ ધન્યવાદ આપ્યો છે હું પણ તેઓ દરેકને અને તે સિવાય પણ જેઓના નામ ધ્યાનમાં રહી શક્યા નથી તેઓ સહુને તથા જેઓએ કાંઈ ખારા-મીઠાં અનુભવ કરાવ્યા છે તેઓને પણ હૃદયપૂર્વકના આશિષ આપું છું. અને "**આત્માથી પરમાત્મા**" થવાના શુભ લક્ષ્યથી મારી આ સંપાદન યાત્રા સાથે તેઓની પણ સહકાર; સદ્‌ભાવ અને શુભઆશિષની વિશુદ્ધ આચરણાઓએ તેઓને પણ આત્માથી પરમાત્મા બનાવે.

ગ્રંથ સંપાદન યાત્રા પૂર્ણ કરતાં પહેલા માનતુંગસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. ગુણાકરસૂરિજી મહોપાધ્યાય, મેઘવિજયજી ગણિવર, પૂ. કનકકુશલ ગણિ તથા વિદ્વાન ઉપાધ્યાય સિદ્ધિચંદ્રવિજયજી જેવા મહાન ભક્તામર સ્તોત્રના ટીકાકારના ચરણોમાં વિનમ્રતાપૂર્વક વંદન કરું છું. આ ગ્રંથોમાં જે પણ શ્રેષ્ઠ છે ! દિવ્ય-ભવ્ય છે તે તેઓની જ કૃતિઓનું પરિણામ છે !... જૈન ધર્મના જયનાદ જગવતા આ ભક્તામર સ્તોત્ર અંગે અનેક ધર્મપ્રેમીઓએ દિગમ્બર, શ્વેતામ્બર, સ્થાનકવાસી, તેરાપંથી. દરેક વિદ્વાનો ભાવુકોએ અથાક પરિશ્રમથી અનેક કૃતિઓની રચના કરી છે. આ તમામના વીતરાગ માર્ગાભિમુખ પ્રયત્નોની પુનઃ પુનઃ અનુમોદના કરું છું.

મુનિરાજ નંદિયશવિજયજીએ તથા સા.વર્યા વાચંયમાશ્રીજી (બેન મ.સા.) એ બહુમૂલ્ય ગ્રંથ માટે દાન ધારાના પ્રવાહને ઉત્તેજિત કરીને આ કાર્યને શક્ય બનાવ્યું છે તે માટે મારા ખૂબ ખૂબ ધન્યવાદ છે.

શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘનું ઉદારદાન અને ગ્રંથ પ્રકાશન માટે સતત ઝંખતા ત્યાંના ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ, શ્રી બિપિનભાઈ અને શ્રી હિંમતભાઈ અને તેમજ દાનવીર શ્રી મહેન્દ્રભાઈ ભિમાણી પરિવાર અને શ્રી હર્ષદભાઈ પરિવાર, શ્રી રસિકલાલ ચુનીલાલ કાપડીઆ પરિવાર, શ્રી નાનકચંદ મોતીચંદ શાહ પરિવારે તો ખૂબજ સુંદર કર્મ નિર્જરા સાધી શ્રુતભક્તિ કરી છે.

છેવટે... આ ગ્રંથનું કાર્ય આજે મૈસુરમાં પૂર્ણ થવા આવ્યું છે. બેંગલોર ચીકપેઠમાં શ્રી ઋષભદેવ ભગવાનના જન્મદિને આ ગ્રંથને શ્રી આદિનાથ પ્રભુના ચરણમાં સમર્પિત કરી દેવસમર્પણ કરવામાં આવ્યું હતું. બસવનગુડી શ્રી વિમલનાથ જૈન મંદિર તથા જિનકુશલસૂરિ દાદાવાડીના ભવ્ય ભૂમિપૂજન અને ખાતમુહૂર્તના મંગલ દિવસ જેઠ સુદ-૩, તા.૮-૬-૯૭ તથા પૂ. ગુરુભગવંતના દીક્ષા દિને આ ગ્રંથનું અનુપમ ઉત્સાહ સહિત "ગુરુ સમર્પણ" કરવામાં આવશે. અને જે ધન્ય નગરી મદ્રાસમાં ગુરુભગવંતે આ ભક્તામરની સમુહ આરાધનાનો આરંભ કર્યો હતો એ જ નગરી મદ્રાસમાં આ ગ્રંથનું ઉદ્‌ઘાટન થઈને ગ્રંથની "લોકાર્પણ" વિધિ થશે.

આમ એક કાર્યની પૂર્ણાહુતિ થશે. પણ આ પૂર્ણાહુતિ અનેક અભિનવ કાર્યનું બીજ બનીને જ રહેશે...

વિશેષ વિગતોનું આલેખન "**શ્રી ભક્તામર સર્વસ્વ**" ગ્રંથમાં થશે.

સમસ્ત ગ્રંથમાં જાણે કે અજાણે વીતરાગ માર્ગથી વિરૂદ્ધ લખાયું હોય તો "મિચ્છામિ દુક્કડમ્"

વીશ વિહરમાન
જિન જન્મકલ્યાણકદિન
તથા સ્વજન્મદિન
ચૈત્ર વદ-૧૦,
વિ.સં. ૨૦૫૩
મહાવીર ભુવન,
મૈસુર (કર્ણાટક)

લબ્ધિ-વિક્રમ ગુરુ ચરણ રેણુ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

PREFACE

It needs hardly to be said that the efficacy of *The Bhaktamara Stotra* in mitigating the travails of devotees is everybody's experience. But atleast some of the devotees have the curiosity to know the method of its work. Since according to Jain philosophy the world is *paudgalic* i.e., atomic it is not entirely beyond our comprehension and control. A general doubt also is there in the minds of devotees as to the cause for differences in versions of such a popular text as *The Bhaktamara Stotra* some having forty-four and some forty-eight *Sloka*s. The *mantra*s and *yantra*s have been published often times and number of reprints too will be required to fulfil the growing needs of the society. But though the older editions are good and legibly printed many new editions do not have such characteristics.

We had an idea in our mind to bring out a new edition of *The Bhaktamara Stotra* to fulfil the needs of modern day youth. Who else can we approach than our Rev. preceptor Sri Rajyas Surisvarji Maharaj. With his usual kindness he readily acceded to our request and shouldered the responsibility. He more than fulfilled our expectations. The Gujarati annotation of *The Bhaktamara Stotra* which was prepared by our *Guruji* long back was translated under his direct guidance. It was presented in the form of direct address to the youngsters so as to captivate them. The *mantra* and *tantra* sections are normally considered dry. But people who attend his discourses regularly know that he has the knack of making things easier and attractive. The difficult things are presented in question and answer form and explanations are offered in the style of village-elder's address to youngsters. We hope this will prove useful to every one.

Preparation of a book of this magnitude required painstaking efforts and research for years together. One can understand the difficulties involved if one knows that the author and editor of the book is a great *jainacharya* and has the responsibility of renovating and consecrating sacred shrines of Jainism besides giving succour and direction to the laity. Our *Acharya* has admirably performed this task. We wonder how he could snatch some time to take up this responsibility too. Though we planned to release this ***illustrated*** edition long ago, the delay became inevitable as the original plan of 184 pages had to be given up and now this book is released with 436 pages with so many added features which are enumerated in a elsewhere page.

When his plans were known to other people they have come out quickly with their own illustrated editions. A videographer who browsed through the paintings borrowed them, videographed them and exploited them commercially even without our permission. We took it as his contribution for propagation of *Bhaktamara*. It taught us forbearance so to say.

As our *Acharya* has come in the mould of our ancient teachers he did not stop with giving annotations and explanations but suggested projects for further studies too, which any interested person can take up. It only shows his sound knowledge, confidence, humility and interest in the welfare of student community.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

It is his grace only which offered us the honour of publishing this work and we are indebted to him. What else can we do to our preceptor except offering *koti-koti-vandana*s at his lotus feet.

It is our fortune that our grand-preceptor himself could spot a good artist who could give the outlines for his conceptions of *Bhaktamara*. We offer our thanks to the artist Sri Virendra. When he could not proceede with the work further for personal reasons *Padmaputra* Ashokbhai Kagajwala offered his services and did the paintings admirably. We hope this will not only gladden the hearts of the people but will help them too. We also offer our thanks to Sri Pratapbhai Toliya, Sri Manorathbhai Kothari who translated the Hindi sections, Sri Jitubhai who translated *Gurudev*'s annotation of the verse portion and Dr. K. Srinivasan for translating the remaining sections into English and offering his services in editing the work too.

Some times the intentions of the writer is not completely brought out in translations. Our *Guruji* has tried to iron out the differences among the three versions by himself going through all the sections.

The project was proposed by Sri Labdhi-Vikramsoorishwarji Sanskriti Kendra. It was handled by Sri Rajendra Dalal, Managing Trustee, of the Kendra carefully. I thank him profusely on behalf of the Publishers.

We can understand the problems a work of this magnitude will pose to the printers. Nehaj Enterprise, Bombay co-operated with the editor to the latter's satisfaction and they deserve our congratulation for the neat and clean printing. Since the editor is a monk, the printer followed him in his *vihar* along with the computer unit and staff for the last two years. We thank them, especially the proprietors Sri Jayesh Shah.

It requires the philonthropists of no mean order to help the publication of such work. It is not an ordinary work but a monument for our grand-preceptor. We offer our grateful thanks to those who have made contributions and their names appear elsewhere in this work. We tried our level best to bring out a good edition of *The Bhaktamara Stotra* and now it is upto you readers to judge our effort. We hope you will enjoy it and give us necessary encouragement to go in for a reprint soon. Any good suggestion for improvement is welcome and it will be incorporated in the subsequent edition.

It is in the fitness of things that this book is released in Chennai which witnessed commencement of the congregational prayer of *The Bhaktamara Stotra* and in a way responsible for *Bhaktamara* atmosphere.

Finally we offer our humble *vandana*s at the feet of our *Guruji* and to all those people who made this work possible.

Jay Jinendra

Dr. Suresh Mehta
Trustee
Sri Jain Dharma Fund Pedhi

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

FOREWORD

This work, ***"Bhaktamara Darshan"***, is the result of the long time labour, and even a command of our preceptor. I can say it is a childhood dream too. Yes, my mind goes to the days of my stay at Ideal school, situated in Maganbaug, Bombay. I was doing fifth standard at that time. The very first day the Sanskrit teacher taught us the rhyme

Bho ! bho ! balah samskrtabhasa sulabha Kim va durbodha va ?
Sulabha sulabha na ca durbodha bala evam vidhina pathita.

When we children recited the verse in houses our parents asked us, "Is Sanskrit that easy ?" A few of us, I remember well even now, who were together answered in a loud chorus, "Yes".

Yes. Sanskrit is not at all difficult. Educationists and politicians may continue to debate over its need or otherwise. But it is the language of Indian culture and civilisation and once a lingua franca of our motherland and its importance can never be exaggerated for a clear understanding of our culture, religion and philosophy. The rhyme which I learnt at the very young age exercised an influence over me and I wanted to prosecute my studies further. The Metriculation syllabus of Board of Secondary Education, Bombay contained sections of Bhavadeva Suri's *Sri Parsvanathacarita*, stories of Parvamitra, Nityamitra etc. The board used to prescribe such stories every year. The selection was so good, the teachers taught us so well, that I remember them even now and use them in my discourses. The stories enthused me to learn more about these stories, the literature and more Sanskrit. The foundation for my future Sanskrit and jain studies was laid in my school days. I offer my thanks to my teachers.

The desire to know more about Jainism and Sanskrit led me to my senior schoolmates for discussions and for the first time I heard the name *Bhaktamara* then. The *subhamuhurat* in which I had heard the name, has brought me to this day to edit a work on *Bhaktamara* and present it to you.

The Bhaktamara Stotra is such a great work that it attracts all, high and low, rich and poor, learned and illiterate to it. Attracted by the lilting beauty of *Bhaktamara* I memorised it in no time.

However sonorous the words may sound, enchanting the beauty of metre, a knowledge of the sense and an understanding of the meaning of any work will make it all the more easier to memorise the work. It also helps the people remember it for long. Any recitation done with the knowledge of *sahitya* is altogether a different experience. I could experience the joy of *Bhaktamara* recitation in the Motisha temple at Byculla in Bombay during my first *caturmasa* as a *sadhu*. My Rev. preceptor Sri Vikramasurisvarji used to recite this during his *Navsmaran japa*. If by any chance if he were not in a position to do it, made some one recite *navsmarana* in the evening and attended it.

I did not get a chance to discuss with my *Guru* why he was attracted so much towards *Bhaktamara* though he paid equal attention all the texts of *Navasmaran*. He used to recite the verse, *"kuntagrabhinna"* during the

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

commencement of *vihara* (moving out) from the 1968 Madras *chaturmasa* onwards. The Madras *chaturmasa* was unique in more than one respect. It became well-known and influential. His name and fame spread thru'out South India. The *updhan* penance at Kesarvadi, Madras was conducted under his spiritual guidance. He had more leisure there and used to recite the *stotra*s on Rsabhadeva. He was reciting the *Rsabha pancasika* of Dhanapala.

One day *Sadhvi* Vacamyama Sriji requested our *Pujya gurudev* to recite *Bhaktamara* in the temple in the presence of the God. The congregational prayer of *Bhaktamara* started that day. Yes, the congregational recitation has come to stay. His sweet tone, clear and perfect pronunciation, pure devotion all changed the atmosphere during the recitations. When he was doing the consecration (*anjan salaka*) of Kunthunatha at Secundrabad at the time of application of *anjan, Bhaktamara* was heard in his ringing voice suddenly, like sudden ringing of bell. He proclaimed victory to *Bhaktamara* and Jainism. He undertook a one hundred and ninety one days of pilgrimage (a *mahasangha yatra*) to Sammetasikhara from Secundrabad, Andhra-Pradesh with five hundred people. It was an adventurous venture indeed. Gradually *The Bhaktamara* turned for him the answer for every question and crisis. The meeting and journey of the day started with the recitation of *The Bhaktamara. Bhaktamara* thus reverberated from village to village, city to city, forest to forest and mountain to mountain. He had not concentrated on *Bhaktamara* literature especially *kalpa*s till that time. Then he did a study of the *kalpa*s. But he did it without expecting anything else. It was his daily *sadhana*. The auspiciuos *Bhaktamara* started echoing through out India.

Another pilgrimage was arranged to Palitana from Calcutta. During the pilgrimage *The Bhaktamara* resonated in the auspicious place of birth of Sri Adinatha at Ayodhya and in the most sacred *tirtha* of Satrunjaya. He completed the pilgrimage there, recited *Bhaktamara* and offered his devotion at the holy feet of Bhagvan. People used to travel hundreds of miles to hear and participate in the prayer, to get drenched in the rain of *Bhaktamara*. It is the medicine for many many sufferings. It flowed like high voltage current.

The power of *Bhaktamara* was manifest in the *chaturmasa* at Ahmedabad, Capital of Jainism. *Guruji* arranged the first worship (*pujan*) of *Bhaktamara* at Shantinagar, Ahmedabad and a *sadhvi* who was suffering from paralysis was asked to attend the worship after two days of *ayambil* and she was miraculously cured. Entire Ahmedabad drowned in the *jinabhakti.* The first *puja* of *Bhaktamara* conducted under the shadow of Lord Sumatinatha be recorded in golden letters in the history of Jainism. *Pujya gurudev* wanted to do all of it for himself. But the *pujan* attracted all the people well versed the rules of worship (*puja pathak*s). They started popularising the *pujan* in their own way. His fame spread far and wide. Later the worship was done at Bombay, Bangalore, Madras and Secundrabad. During the *chaturmasa* at Palitana a good young artist was spotted. His name was Sri Virendra. He was given the ideas and he submitted a few outline sketches at Bijapur *chaturmasa*. The pictures will help any devotee to understand *Bhaktamara* better. The outline sketches alone could be completed by 1977 Madras *chaturmasa*. Years passed by . As rare gem

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

is spotted in mother Earth *Pujya gurudev* could spot a good artist *'Padmaputra'* Ashokbhai Kagazwala at Kagal near Nipani (Maharashtra). He developed and coloured the outlines.

The renovation of *Bharuch tirtha* was going on. Our preceptor had ideas of Bhaktamara temple. At the time of renovation of *Asvavabodha tirtha* and *Sakunika vihar* the plans for the construction of the Bhaktamara temple were finallised. *Pujya gurudev* blessed me to take up these works. With the blessings of *Pujya gurudev* it was possible for me to take up the renovation of Bharuch temple. Ashok Bhai did the painting work – the most important part of it – in the Bhaktamara temple.

I was planning some ten years back to bring out a volume of *Bhaktamara* with paintings and a painter was commissioned but the work was not yet over. It required good English and Hindi translations too as without these the work may not be of much use to people not knowing Gujarati. The *yantra*s also are to be drawn neatly with *bijaksara*s printed clearly and legibly. At that time Sureshbhai Ajmera was very eagerly took up this work for publication but could not proceed further for personal reasons. But he arranged the completion of the *yantra* work through his friend Madhuban. During this period many books were published on *Bhaktamara*. The Divakar Prakashan, Agra have come out with a book containing the colour pictures of *Bhaktamara* when I was camping at Secundrabad for my *caturmasa*. *Muniraj* Sri Nandiyas who does not think differently than I, was the moving spirit for my taking up the present work. He prodded me to take up the work in all seriousness and complete it as early as possible. But engrossed as I am in the renovations and consecrations at such ancient and sacred centres like Bharuch, Solaroad and Uvasaggaharam I could not continue my research. The renovation and consecration at Uvasaggaharam was such a grand success that I got some breathing time at the Uvasaggaharam *caturmasa*.

This time Sri Nandiyas instilled in the mind of Sri Jayesh of Nehaj Enterprise, Bombay the value of *The Bhaktamara Stotra*. Inspired by the guidance of Sri Nandiyas, Sri Jayesh approached me and offered to take up the printing. Both of them prodded me to complete the work earlier. The work progressed day by day. Sri Jayesh did a neat and good planning for the printing. His, was not just a professional interest but he did it whole heartedly and with involvement. He gave useful tips from his professional experience to enhance the value of the book. I convey my blessings to *Muniraj* Sri Nandiyas and Sri Jayesh for their good services in the cause of *dharma*.

Sri Pratap Bhai Toliya joined me at this juncture and Sri Manorathmalji Kothari too helped me. They translated *The Aradhana Darshan* and *Rahasya Darshan* into Hindi respectively. Dr. K. Srinivasan, Prof. of Sanskrit, RKM Vivekananda College Madras met me. In course of talks he gave good suggestions for the book, that really impressed me. Within no time I told him to undertake the rest of the work and to translate *The Aradhana Darshan* and *Rahasya Darshan* into English which he did and he also proved helpful in many other ways. Even amidst his busy schedule he stayed with me for more than two months and really made the work possible. Thus he became a close associate of mine in the publication of this work. Dr. R. Anantan,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

Prof. of English, Vivekananda College has helped us by checking the manuscript of English section and suggested a few changes which we have incorporated. I hereby convey my blessings to them.

Every *sadhu* and *sadhvi* kept on asking the progress of the work and many of them assisted me in getting the press copy ready. The real stimulant was the thought of my Rev. *Acharya*. It was like an elixir to kindle my spirit. I had the fortune to include our *Acharya*'s Hindi translation of *Bhaktamara* in this work.

A mere translation will be just an addition to the existing literature. Unless we give some information on the worship with *Bhaktamara*, its background, the ways of worship etc., the work cann't be of much use to the modern day youth of our religion who have spread to every nook and corner of our mother Earth. Hence I have decided to include a study on the significance of *Bhaktamara pujan* and *tapas* that lies scattered in different works of our great *acarya*s of yore. A study of those works made me think how insufficient even a full span of life would be. The feeling that those who work with me and are anxious to see the book, may get hurt, made me proceed further inspite of other difficulties. Though I could add sufficient information I have a feeling that with a little more time available a few more things could have been added, the work made a little more better. I cannot delay any further for the space available too is limited. When the printers say more matter has been included, I have a feeling that more is left out. I have plans to bring out a companion volume to this titled ***'Bhaktamara Sarvasva'.***

Suggestions for future work and study :

For a good grasp of this text a study, (perhaps more such studies) at the doctoral level may be necessary. So much literature is available on *Bhaktamara*, the following too can be taken up as project for study

1. Unpublished commentaries on *Bhaktamara* can be taken up for edition and publication.
2. A critical and comparative study can be made (including existing ones).
3. There are scores of translations in prose, blankverses, loose renderings etc. They can be taken up for evaluation and study the evolution of *Bhaktamara*-interpretation.
4. The manuscripts at Digambara libraries contain pictures on *Bhaktamara* verses. *The Bhaktamara Rahasya*, a book printed from Indore too contains pictures. *Sadhvi* Nilam a *sthanakvasi sadhvi* published a work with pictures from Sangli. A Digambara *sadhu* by name Kanci Svami too had come out with *Bhaktamara* pictures. *Acarya* Kundakunda had brought out two-colour pictures of *Bhaktamara*. We have line drawings of *The Bhaktamara* in the monthly magazine *Tirthankara*. And we have the colour pictures of *Bhaktamara* published by Divakar prakasan, Agra. Finally the present edition. All these can be taken up for the study from the view point of art.
5. The Svetambar libraries have the pictures of *Kalyanamandira Stotra* done in the Mugal style, but they don't have any work on *Bhaktamara*. The reason can be probed.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

6. An analytical study of the traditional *yantra*s and *mantra*s and a comparative study with Haribhadrasuri's version can be attempted at.
7. *Bhaktamara* can be studied purely from the *yantra-mantra-tantra* aspects.
8. A study from *sadhana-anubhuti* aspects too can be taken up.
9. Hermann Jacobi, S.D. Tripathi and others scholars have made literary studies. Further studies in this respect can be taken up.
10. A new literature called '*Bhaktamara-Katha*s' too is available. We find references of it for the first time in the commentary of Gunakarasuri. The stories compiled by Brahmacari Rayamallji (a Digambara scholar) show the influence of *Gunakaravrtti*. Two Sanskrit works titled *Navasmaran* and *Bhaktamara Rahasya* published by Sarabhai Navab and Dhirajlal Shah respectively too have the stories. A comparative evaluation of these stories can be undertaken.

Bhaktamara mandir has come up first at Bharuch, and later on at Sikharji. New ones are coming up at Dhar-Madhyapradesh, Poona and Sankhesvara. The influence of *Bhaktamara* can be gauged from this.

It is high time that a *Pitha* was established to study and practise *The Bhaktamara Stotra* and *mantra, yantra* and *tantra*. Hence the *Pitha* will be a centre of *Jnanavada, Bhaktivada* and *Mantravada*. If any *sadhu, sadhvi* or *sravaka* is prepared to take up such a work I will be happy and am prepared to help and co-operate with them.

Good people are not less in this world. Many have given their time, effort and money. I bless *Muniraj* Nandiyas and *Sadhvi* Vacamyamasriji who not only inspired the *dharmik sravaka*s to do their service to *dharma* by making this work see the light of the day but acted as catalyst for the completion of this work by their kind and compulsive querries. I bless the convenor, publishers, *sadhu*s, *sadhvi*s and philonthropic donors and those who co-operated, evinced a keen interest and devotion to make this venture possible.

At the end I bow down to the lotus like feet of *Bhagavan* Sri Adinatha and *Acharya* Sri Manatunga Surisvarji, as every morning I do before the chanting of *The Bhaktamara Stotra*. The present volume, "*Bhaktamara Darshan*" will lead me and all the devotees of *Jinendra* to salvation. Even though I have gone through all the pages with utmost care and attention, if any thing is found here written against the traditions of *Mantra-Yantra-Tantra-Sastra*s and *Jinasasan* knowingly or unknowingly I humbly say– ***MICCHAMI DUKKADAM.***

Jainam Jayati Sasanam
Let victory be to the Commands of *Jina*s

Mahavira Bhavan,
Mysore (Karnataka)
2nd May 1997

Labdhi-Vikrama Guru Carana Renu

Vijay Raj Yash Suri;

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાસ્તાવિક

આચાર્ય શ્રી વિજય રાજયશસૂરિજી મ.સા. ભક્તામર-સ્તોત્રના ભક્તશિરોમણિ છે. તેમને શ્રમણ-દીક્ષા લીધા પહેલાથી જ ગીર્વાણ-ગિરા-સંસ્કૃતભાષા પ્રત્યે નૈસર્ગિક પ્રેમ તો પહેલે જ હતો. જેને વિષે તેમણે પોતે જ "સંપાદકીય"માં ઉલ્લેખ કરેલ છે.

આ આરાધના-દર્શન તથા રહસ્ય-દર્શનનું આલેખન એ આ મહાગ્રંથનું મુખ્ય પ્રયોજન છે. આ પ્રયોજનને સફળ અને સાર્થક બનાવવા માટે પૂ. સૂરિજીએ અનેક ગ્રન્થોનું અવલોકન અને અવગાહનો કરી, ગ્રંથને સમૃદ્ધ બનાવેલ છે. પૂજ્યશ્રીએ આલેખેલ શ્રી ભક્તામર સ્તોત્રનું આરાધના-દર્શન અને તેનું રહસ્ય દર્શન એટલું બધું ગંભીર અને વિસ્તૃત છે કે જૈન શોધાર્થી છાત્ર **Ph.d.** કરવા માટે સંશોધનનો વિષય ચૂંટી શકે. શ્રી ભક્તામરમાં શ્લોકોનું પ્રમાણ ૪૪, ૪૮, કે ૫૨ છે. તે વિષય પણ વિચારણીય છે. દરેક જૈન સંપ્રદાયની શ્લોક પ્રમાણની ભિન્ન-ભિન્ન માન્યતા છે. એટલે આ વિષે પણ સંશોધન કરી પ્રમાણનું નિર્ધારણ કરવું અત્યાવશ્યક છે. (લેખકે આ અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય જણાવ્યો જ છે.)

શ્રી ભક્તામર-સ્તોત્રની એ વિશેષતા છે કે તેમાં 'સમન્વય'ની દૃષ્ટિ મુખ્ય રહેલ છે. ભગવાન આદિનાથને બુદ્ધ, શંકર, વિધાતા, અને પુરુષોત્તમ શ્રી રામ (શ્રી કૃષ્ણ) તરીકે સંબોધીને તેમને નમસ્કાર કરી અર્ચના-પૂજના કરવામાં આવેલ છે. આવા સમન્વયાત્મક ભક્તામર-સ્તોત્રનું આરાધના-દર્શન અને રહસ્ય-દર્શનનું ઉદ્‌ઘાટન કરી, પૂજ્ય સૂરિજીએ ભગીરથ પુરુષાર્થ ખેડ્યો છે તે અભિનંદનીય હોવા ઉપરાંત અભિવંદનીય પણ છે. આ ભક્તામર-સ્તોત્ર નવીનતમ અભિનવ મહાગ્રંથ સર્વોપયોગી સિદ્ધ થાય એ અંતર્ભાવના છે. આ ભક્તામર સ્તોત્રની આરાધનાથી અનેક ભવ્ય જીવોએ પોતાનું જીવન ધન્ય અને સફળ બનાવેલ છે. આ ભક્તિ-કાવ્ય એટલું બધું સુપ્રસિદ્ધ અને સર્વમાન્ય છે કે જૈન સમાજના બધા સંપ્રદાયોમાં ચતુર્વિધ શ્રીસંઘ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પ્રતિદિન તેનો મંગલ પાઠ કરે છે. અને પોતાના જીવનમાં અપૂર્વ આનંદાનુભૂતિ અનુભવે છે.

પ્રાસ્તાવિક લખવા નિમિત્તે પણ આ મહાગ્રંથની પ્રસાદી મને પણ મળેલ છે. તે માટે પૂ. લેખકશ્રી તથા માનનીય પ્રકાશકનો આભારી છું, સુજ્ઞેષુ કં બહુ !

શાંતિલાલ વનમાળી શેઠ "ન્યાયતીર્થ" (ઉ.વ. ૮૭)

સંચાલક

સન્મતિ-સ્વાધ્યાય પીઠ

બેંગલોર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

विषय सूची

पृष्ठ

आमुख

● सहयोगी ● संपादन की विशेषताएँ ● श्री लब्धिसूरि गुरुकुल
● श्री विक्रमसूरि - जीवन परिचय ● श्री राजयशसूरि - जीवन परिचय
● श्री राजयशसूरि गुरुकुल ● दाताओं की नामावली ● श्री नमस्कार महामंत्र
● सहयोगी संघ ● प्रकाशकीय ● संपादकीय

चित्र दर्शन - गाथा दर्शन १-९८

● श्री आदीश्वर ● श्री मानतुंगसूरि ● श्री चक्रेश्वरी देवी
● श्री पद्मावती देवी ● वसंततिलका छंद ● राजदरबार

यंत्र दर्शन ९९-१४७

यंत्र

परिशिष्ट १४८-१६०

चार श्लोक ● यंत्र

विधि दर्शन १६१-१८४

विधि प्रकार ● श्री हरिभद्रसूरि रचित यंत्र

हिन्दी विभाग

रहस्य दर्शन १८५-२२८

● भक्तामर मंत्र ? स्तोत्र ? ● प्राचीन एवं प्रभाविक मंत्र ● प्रभाव कथा
● गाथा रहस्यार्थ● पाठांतर रहस्य ● जिज्ञासा एवं समाधान

आराधना दर्शन २२९-२५२

● आराध्य की आस्था ● आराधना के प्रकार ● जप-ध्यान-स्तोत्र
● आराधना कब करें ? कैसे करें ? ● मंत्रारंभ काल का फल ● सूचना रूप २८ मुद्दे
● लक्ष्मीप्राप्ति का मार्गदर्शन ● समूह पाठ ● सिद्ध संकल्प

गुजराती विभाग २५३-३२०

● रहस्य दर्शन ● आराधना दर्शन

इंग्लीश विभाग ३२१-३८०

● रहस्य दर्शन ● आराधना दर्शन

● दाताओं की नामावली ३८१-३८४

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષય સૂચિ

પૃષ્ઠ

આમુખ

● સહયોગી ● સંપાદનની વિશેષતાઓ ● શ્રી લબ્ધિસૂરિ ગુરુકુલ
● શ્રી વિક્રમસૂરિ - જીવન પરિચય ● શ્રી રાજયશસૂરિ - જીવન પરિચય
● શ્રી રાજયશસૂરિ ગુરુકુલ ● દાતાઓની નામાવલી ● શ્રી નમસ્કાર મહામંત્ર
● સહયોગી સંઘો ● પ્રકાશકીય ● સંપાદકીય

ચિત્ર દર્શન - ગાથા દર્શન ૧-૯૮

● શ્રી આદીશ્વર ● શ્રી માનતુંગસૂરિજી ● શ્રી ચક્રેશ્વરીદેવી
● શ્રી પદ્માવતીદેવી ● વસંતતિલકા છંદ ● રાજ દરબાર
● ગાથા અને ચિત્ર

યંત્ર દર્શન ૯૯-૧૪૭

● યંત્ર

પરિશિષ્ટ ૧૪૮-૧૬૦

● ચાર શ્લોક ● યંત્ર

વિધિ દર્શન ૧૬૧-૧૮૪

● વિધિનો પ્રકાર ● શ્રી હરિભદ્રસૂરિ રચિત યંત્ર

હિન્દી વિભાગ ૧૮૫-૨૫૨

● રહસ્ય દર્શન ● આરાધના દર્શન

ગુજરાતી વિભાગ

રહસ્ય દર્શન ૨૫૩-૨૮૮

● ભકતામર મંત્ર ? સ્તોત્ર ? ● પ્રભાવ કથા ● ગાથા રહસ્યાર્થ
● ગાથા સંખ્યા રહસ્ય ● પાઠાંતર રહસ્ય

આરાધના દર્શન ૨૮૯-૩૨૦

● આરાધ્યની આસ્થા ● આરાધનાના પ્રકારો ● જપ-ધ્યાન-સ્તોત્ર
● આરાધના ક્યારે ? કેવી રીતે કરવી ? ● મંત્રારંભનું ફળ
● સૂચના તથા ૨૮ મુદ્રા ● લક્ષ્મીપ્રાપ્તિનું માર્ગદર્શન
● સમૂહપાઠનું મહત્ત્વ/પાઠ ઉચ્ચારણ ● સિદ્ધિ સંકલ્પ
● સ્તોત્ર સંવેદન દર્શન (ગાથા ભાવાર્થ)

ઇંગ્લીશ વિભાગ ૩૨૧-૩૮૦

● રહસ્ય દર્શન ● આરાધના દર્શન

● દાતાઓની નામાવલી ૩૮૧-૩૮૪

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

CONTENTS

PAGES

OPENING SECTION

- Co-workers • Salient Features of the Present Edition
- Sri Labdhi Suri Gurukula • Sri Vikrama Suri – Lifesketch
- Sri Rajayash Suri – Lifesketch • Sri Rajayash Suri Gurukula
- Names of Donors • Sri Namaskar Mahamantra
- Sponsoring Sanghas • Preface • Foreword

BHAKTAMARA TEXT & ILLUSTRATIONS
(Chitra & Gatha Darshan) 1-98

- Sri Adisvara • Sri Manatunga Suri • Goddess Cakresvari
- Goddess Padmavati • Vasantatilaka Metre • Story of Bhaktamara
સમજી લેવાની જરૂર છે કે મંત્રો એ મહાન શક્તિશાળી શબ્દો હોય છે. આ મંત્ર માટે ઘણું ઘણું જાણવા જેવું છે. જિન શાસનમાં પણ શાસનની સ્થાપનાની સાથે મંત્રનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. નવપદોની નવકારની ગદ્ય-પદ્ય રચનાને શ્રી નવકાર સૂત્રને તો શ્રી નવકાર મંત્ર જ ગણવામાં આવ્યો છે. આ શ્રી નવકાર મંત્ર બધાં જ મંગલોમાં પ્રથમ મંગલ છે. પાંચ પરમેષ્ઠિની વંદના છે. "**नमस्कार समो मंत्रो न भूतो न भविष्यति**" એમ પણ કહેવાય છે. જૈન જીવનમાં જન્મથી મરણ સુધીના દરેક પ્રસંગોએ શ્રી નવકાર મંત્ર વણાઈ ગયો છે. આમ, જૈન જીવનમાં નવકાર મંત્ર ઓતપ્રોત છે-તે કહેવું ખોટું નથી. શ્રી ભક્તામર સ્તોત્ર પણ અનેક મંત્રોથી પરિપૂર્ણ છે. તેને જિન-ભક્તિનું મહાન કાવ્ય-મહાન સ્તવન-અદ્વિતીય સ્તોત્ર લેખવામાં આવે છે. છતાંય શ્રી ભક્તામરની પ્રસિદ્ધિ સ્તોત્ર તરીકે છે. મંત્ર શાસ્ત્રની દૃષ્ટિએ નમસ્કાર સૂત્ર અને ભક્તામર સ્તોત્ર બન્ને ય રચનાઓને "માલામંત્ર" કહી શકાય છે. શ્રી નવકાર મહામંત્ર પંચ પરમેષ્ઠિને નમસ્કાર રૂપ હોવાથી જિન શાસનના જિનભક્તિ વિષયક તમામ સ્તોત્રો શ્રી નવકાર મંત્રના વિસ્તાર રૂપે જ હોય છે; કારણ કે તેમાં અરિહંત ભગવાનની સ્તુતિ મુખ્ય હોય છે. આમ, **શ્રી ભક્તામર સ્તોત્ર એ નવકાર મંત્રના વિસ્તાર રૂપે છે, એમ સામાન્યથી કહી શકાય અને "નમો અરિહંતાણં" પદનો વિસ્તાર છે એમ વિશેષથી કહી શકાય છે.**

શ્રી નવકાર મંત્રમાં પણ પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર સર્વ પાપોનું (સર્વવિઘ્નોનું) સર્વ દોષોનું નિવારણ કરનારો મનાયો છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ રૂપ કહેવાયો છે. તેવી રીતે ભક્તામર પણ અરિહંતના વિસ્તૃત નમસ્કાર રૂપે છે અને આઠ મહાભય આદિથી દૂર કરીને બાહ્ય અને અભ્યંતર લક્ષ્મીને આપનાર પરમ મંગલમય મનાય છે.

- **આમ, શ્રી ભક્તામર સ્તોત્ર પણ મંગલમય છે અને નવકાર મંત્રના જ વિસ્તાર રૂપે છે એ આપે જણાવ્યું તેમ છતાંય મંત્રોનું જિન-શાસનમાં ક્યારથી અને કેટલું સ્થાન-મહત્ત્વ છે ?**

- **મંત્ર જેવો જ બીજો શબ્દ વિદ્યા પણ છે. તો મંત્ર અને વિદ્યામાં શું ફરક છે ? આ મંત્રો તથા વિદ્યા કેવી રીતે કાર્ય કરી શકે છે તેનું રહસ્ય વૈજ્ઞાનિક તથા તાર્કિક રીતે જણાવો ?**

માત્ર મંત્રનો જ મહિમા દર્શાવવા સ્વતંત્ર ગ્રંથો લખવાં પડે. જ્યારે શ્રી નવકાર સૂત્રને જ આપણે નવકાર મંત્ર રૂપે માન્યો છે ત્યારે **મંત્રો જૈન શાસનમાં અનાદિ-અનંત કાળથી સ્થાન પામેલ છે-એ સ્પષ્ટ જણાય છે. "મંત્ર"** જેવો જ બીજો શબ્દ આપણે ત્યાં પ્રસિદ્ધ છે-"વિદ્યા". જૈન અનુશ્રુતિઓ પ્રમાણે શ્રી ઋષભદેવ પ્રભુની સેવામાં રહેલ નમિ અને વિનમિ નામના વિદ્યાધરોને નાગરાજે (ધરણેંદ્રએ) ખુશ થઈને હજારો વિદ્યાઓ આપી હતી. આ બધી વિદ્યાઓની સાધના દ્વારા નમિ-વિનમિના વંશજો અનેક ચમત્કારિક કાર્યો પૂરા પાડી પોતાના જીવનને સફળ કરતાં હતા. આ બધી વિદ્યાઓની સાધના અને સિદ્ધિ એમના જીવનમાં એટલાં વ્યાપ્ત થઈ ગયા હતા કે તેઓ "વિદ્યાધરો" કહેવાતા હતા. વંશ પરંપરામાં તેઓ વિદ્યાઓ આપતાં હતા અને પરંપરામાં આવેલી વિદ્યાને સિદ્ધ કરતાં હતા. એક એવો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે "**ससाधना विद्या**"-"**पाठ सिद्धो मंत्र**"-જેને ફળદાયી બનાવવા માટે તપ વિગેરેથી સાધના કરવી પડે તે "વિદ્યા" અને માત્ર પાઠથી જ સિદ્ધ થઈ જાય-એ "મંત્ર" પણ આવી વ્યાખ્યા કોઈક વિશેષ લક્ષ્યને લઈને પ્રવર્તતી હશે અથવા અમુક કાળમાં એ વિભાગ બરાબર જળવાઈ રહ્યો હશે. પણ પછીના કાળમાં એ વાત રહી નથી. જેમ જૈન આચાર્ય ભગવંતના પરમ શક્તિ સ્રોત "સૂરિમંત્ર"ને મંત્ર કહેવાનો રિવાજ છે અને ગણિમંત્ર જે પંન્યાસ કે ઉપાધ્યાયોનો શક્તિ સર્જક સ્રોત છે તેને "વર્ધમાન વિદ્યા" જણાવવામાં આવી છે. પણ, શાસ્ત્રમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બન્નેયની સાધના જણાવવામાં આવી છે અને સાધના બાદ જ વર્ધમાન વિદ્યા અને સૂરિમંત્ર ફળદાયી થતાં જોવામાં આવ્યા છે માટે મંત્ર માત્ર પાઠ સિદ્ધ જ છે તેવું નથી. વળી મંત્ર-શાસ્ત્રમાં જ કેટલાંક મંત્રોને પાઠ સિદ્ધ મંત્રો છે તેમ જણાવવામાં આવ્યું છે. તેથી પાઠ સિદ્ધ સિવાયના બીજા મંત્રો પણ, સાધના વિગેરેથી સિદ્ધ થતાં મંત્રો છે; એમ સ્પષ્ટ જણાય છે. આ પ્રમાણે જૈન શાસ્ત્રોમાં "મંત્ર" અને "વિદ્યા" બંને ય શબ્દો પ્રસિદ્ધ છે. આચાર્ય ભગવંતના મંત્રને સૂરિમંત્ર કહેવાય છે તેમ ગણધર વિદ્યા પણ કહેવાય છે. વિદ્યા અને મંત્રો બંને ય પ્રભાવિક શબ્દો છે. એ વિદ્યા અને મંત્રનો પાઠ કરવાથી સામાન્ય રીતે અશક્ય લાગતાં કાર્યો પૂર્ણ થાય છે. પાઠ કરનારને મંત્ર સ્મરણ કરનારને તે કાર્ય ચમત્કારથી થયું હોય તેવું લાગે છે. આમ, મંત્ર અને વિદ્યા દ્વારા આવા ચમત્કારિક કાર્યો થવાનું દુનિયાના લગભગ તમામ ઈતિહાસકારો અને દરેક ધર્મના અનુયાયીઓ માને જ છે. ખ્રીસ્તીઓ અને મુસલમાનોનું પણ મંત્ર શાસ્ત્ર છે. આદિવાસી લોકોમાં પણ મંત્ર-પરંપરા છે. મંત્રમાં એટલે એક જાતની શાબ્દિક રચનાઓમાં ચમત્કારિક શક્તિઓ બે રીતે હોવાનું મનાયું છે. પ્રત્યેક આત્મામાં અનંત-શક્તિ ભરી છે તેવું શાસ્ત્ર-વચન છે. આ અનંત-શક્તિની અભિવ્યક્તિ આત્મા મન-વચન (શબ્દ) અને કાયા (શરીર) દ્વારા કરે છે. જૈન પરંપરાની એક મહાન દેન છે કે તેઓ મનને-વચનને (શબ્દને) અને એનાથી પણ આગળ વધીને કહીએ તો આત્માને લાગેલાં કર્મને સંપૂર્ણ ભૌતિક માને છે. એટલે મનના-વચનના અને કર્મોના પરમાણુઓને સમસ્ત વિશ્વમાં સર્વત્ર રહેનારા, પહોંચી જનારા અને ફેલાય જનારા માને છે. આ પુદ્ગલોની **અચિંત્ય શક્તિથી પણ ચમત્કારિક** કહેવાય તેવા કાર્યો થાય છે. આજે ટેલીફોન અને ટેલીવીઝન દ્વારા થતા કાર્યો એક વખત માત્ર માંત્રિક સિદ્ધિથી જ સાધ્ય થઈ શકતા હતા પણ ભૌતિક વિજ્ઞાને આ શક્તિઓને આજે સર્વ સાધારણ મનુષ્યને પણ, સરળતાથી પ્રાપ્ત કરાવી છે. શબ્દને લાખો માઈલ દૂર સુધી પહોંચાડ્યો છે અને દૃશ્યને પણ ઘટના સ્થળેથી હજારો માઈલો દૂર લઈ જઈ તેને પોતાના અનુકૂળ સ્થાનમાં જોવાની સગવડ કરી આપી છે. ભૌતિક વિજ્ઞાનની આ સિદ્ધિ નિર્વિવાદ મહાન છે. પણ, તેમાંય નિયમ તો પદાર્થ વિજ્ઞાનનો જ છે.

છેલ્લા વર્ષોમાં રીમોટ કંટ્રોલથી કાર્યો થવા માંડ્યા છે. કોઈ પણ અભિભાવુક કાર્ય સ્થળથી દૂર રહીને સમસ્ત ક્રિયાનું નિયંત્રણ કરી ક્રિયાને ફલવાન બનાવે છે. આ બધાં વિજ્ઞાનમાં અનેક સ્થૂળ સાધનોની આવશ્યકતા પડે છે. આ બધા સાધનોનો દુરુપયોગ પણ થાય છે અને દુરુપયોગ થતો હોય તો તેને રોકી શકવાનો કોઈ માર્ગ હોતો નથી. મંત્ર વિજ્ઞાન પણ આવી જ શક્તિ ધરાવતું એક શાસ્ત્ર છે. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં દેવોને જાણે રીમોટ કંટ્રોલ *(Remote Control)* દ્વારા જ સ્વર્ગથી પૃથ્વી પર લાવવાની શક્તિ હતી. પણ, તેનો દુરુપયોગ થવાથી પૂ. આચાર્ય ભદ્રબાહુ સૂ.મ.સા.એ તુરંત જ તે શક્તિને સંહરી લીધી હતી. આમ, મંત્ર વિજ્ઞાનની કાર્ય-કારિતામાં આજના વિજ્ઞાન યુગમાં તો અપાર શ્રદ્ધા જાગે તેવું છે. આધુનિક વિજ્ઞાને આસ્તિક નહીં, પણ નાસ્તિકો માટે પણ મંત્રનો અર્થ પ્રગટ કરી દીધો છે. વિજ્ઞાન પોતાની ધૂન મુજબ હજી પણ આવા કાર્યો ભૌતિક વિજ્ઞાન દ્વારા કરે જ જશે એમ લાગે છે અને જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરતું થશે તેમ-તેમ મંત્રનો અર્થ સ્પષ્ટ થતો જશે અને મંત્રની, મનની-શબ્દની-પુદ્ગલોની અનંત શક્તિની જન સામાન્યને સમજ પડશે. આમ, પુદ્ગલોની અનંત શક્તિ-સંકલ્પની મહાન શક્તિ અને આત્માની અનંત શક્તિ એક ધારામાં ગોઠવાય છે ત્યારે મંત્રો અગમ્ય અને અશક્ય કાર્ય કરી શકે છે.

આ સાથેની એક બીજી પરંપરા પણ એ છે કે મંત્ર દ્વારા દેવોની દુનિયામાં ચોક્કસ રીતે સંદેશો પહોંચે છે. આ સંદેશાઓ દ્વારા જ્યારે કોઈ દેવલોકનો દેવ સંદેશો મોકલનાર એટલે કે **મંત્ર-તંત્ર કે યંત્ર** તેમ જ સ્તોત્રના આરાધક પર પ્રસન્ન થાય છે ત્યારે તે દેવ પોતાની અલૌકિક શક્તિ દ્વારા આરાધકના-સાધકના અપેક્ષિત કાર્યોને પૂર્ણ કરે છે. આમ, ઘણા મંત્રોને આપણે દેવોના કોડ વર્ડ *(Code Word)* સાથે સરખાવી શકીએ છીએ. આથી એવો પણ વિચાર આવે છે કે **જે શબ્દો અને પદો; આરાધકની શક્તિ, શબ્દ અને મનના પુદ્ગલોની શક્તિથી કાર્ય કરે છે તે મંત્ર હોઈ શકે અને જે શબ્દ-પદો દેવોને આકર્ષી દેવો દ્વારા કાર્ય પૂર્ણ કરે છે તે વિદ્યા હોઈ શકે છે;** એ ગમે તે હોય, પણ આ પ્રક્રિયાઓ દ્વારા અસાધ્ય અને અશક્ય લાગતા કાર્યો સિદ્ધ થાય છે. એ વાત નિર્વિવાદ છે. આ મંત્ર કહો કે વિદ્યા કહો. પણ, દૂર રહેલી વ્યક્તિ કે ચીજોને પ્રાપ્ત કરવાની મહાન શક્તિનું એ અનોખું સાધન મંત્ર અને વિદ્યા છે. આનું ગમે તેટલું રહસ્ય પ્રકાશિત થશે, છતાં ય પ્રકાશિત કરતાં અપ્રકાશિત રહસ્ય વધુ રહેશે. એ એક હકીકત જેવું લાગે છે.

મંત્રો કે વિદ્યા માત્ર ભૌતિક લાભો જ આપે છે તેવું નથી, આત્મ-શક્તિને પ્રગટાવી આત્માને ભૌતિક આકર્ષણોથી દૂર કરી વિરાગી અને વીતરાગી બનાવી મોક્ષ પણ આપે છે. મોક્ષ ન મળે ત્યાં સુધી સાધકને પરમ પ્રસન્નતા અને આનંદનો ઉદધિ પ્રગટ કરીને આપે છે. જ્યારે મંત્રોથી ધ્યાનમયી સાધનામાં આગળ વધતાં અનાહતનાદનું અનુસંધાન થાય છે; ત્યારે સાધક ગમે તેવી ઠંડી અને ગરમીની અસરથી પર થઈ જાય છે. પોતાની ઈચ્છા મુજબ પર્વત કે સમુદ્રને ભેદીને ક્યાંય પણ વિહરી શકે છે અને સાધકને આત્મ સાક્ષાત્કાર થઈ જાય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આમ, આગળ જતાં મંત્રનું, વિદ્યાનું, યોગ સાધનાનું અને આત્મ-સાધનાનું ફળ એક રૂપ થઈ જાય છે. માટે મંત્રો તેમજ મંત્રના શાસ્ત્રો પરમ શ્રદ્ધાને યોગ્ય છે, આદરણીય છે અને આચરણીય છે. જૈન શાસનમાં મંત્રો અને વિદ્યાનું અનાદિકાલથી પ્રચલન છે. મંત્રો ભુક્તિ અને મુક્તિ, પ્રેય અને શ્રેયની સાધના-આરાધના કરી આપનારા હોવાથી જૈન શાસનમાં અત્યંત ગૌરવ ભર્યું સ્થાન પામ્યા છે.

આગળ જ જણાવ્યું છે કે નવકાર સૂત્ર એ આપણે ત્યાં નવકાર મંત્ર રૂપે જ કહેવાયો છે. વળી આપણા આગમ સૂત્રોમાં ચૌદ પૂર્વો છે. મહાન શાસ્ત્ર ગ્રંથો છે. તેમાં વિદ્યા પ્રવાદ નામનું પૂર્વ છે. આ પૂર્વમાં પણ અનેક વિદ્યાઓ અને મંત્રો હોવાનું મનાયું જ છે. અસ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય ન કરવાના કારણોમાં એક કારણ એ પણ બતાવાયું છે કે આગમમાં કેટલાક પ્રભાવિક પાઠો હોય છે. આ પાઠથી જતાં આવતાં દેવોની ગતિ રોકાય જાય છે. આમ, દેવોની ગતિને નિયંત્રણ કરનારા સૂત્રો પણ મનાયા છે. ઉક્કાણ સૂત્ર અને સમુક્કાણ સૂત્રના પાઠ માટે તો એવું કહેવામાં આવતું હતું કે એ સૂત્રનો પાઠ કરવા માત્રથી આખુંય નગર હાલી ઉઠે. માટે મંત્રો એ જૈનાગમોની નવી વાત નથી. જૈનાગમો જ મંત્રમય છે અને શ્રી નવકારમંત્ર જેવા મંત્ર એ પણ આગમ જેવું ગૌરવપૂર્ણ સ્થાન ગ્રહણ કર્યું છે !

● **જૈન ધર્મ તો કર્મવાદી છે. તે મંત્રવાદી કેવી રીતે થઈ શકે ?**

જૈન ધર્મમાં કર્મની માન્યતા છે. કર્મનું બલવાનપણું પણ ક્યાંક મનાયું છે. પણ એકાંતે માની લેવું કે કર્મમાં હશે તે જ થશે. અથવા જેવા કર્મો બાંધ્યા છે તેવો ઉદય ભોગવવો જ પડે છે. તો તે જૈન સિદ્ધાંત નથી. ટુંકમાં જૈન ધર્મ અનેકાંતી છે. કર્મવાદી નથી. શાસ્ત્રોમાં તો સ્પષ્ટ જણાવાયું છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ પાંચને લઈ ને જ કર્મનો બંધ અને ઉદય વિગેરે પ્રવર્તે છે કેટલાંક લોકો તો એમ પણ કહે છે કે કર્મ સારા હોય તો જ સારી બુદ્ધિ સુઝે પણ એવો એકાંત નથી. આ માટે પંચસમવાયી કારણનું જ્ઞાન હોવું જરૂરી છે અને પંચસમવાયી કારણોમાં તો સ્પષ્ટ કહેવાયું છે કે "ક્યાંક કર્મો બળવાન છે તો ક્યાંક આત્માનો પુરૂષાર્થ બળવાન છે." માટે તો મહાપુરૂષો કહે છે કે આત્મા પોતાના પુરૂષાર્થથી ક્ષપક શ્રેણીમાં ચઢી જાય છે ત્યારે નિકાચિત કર્મોનો પણ ક્ષય થઈ જાય છે. આમ, પુરૂષાર્થ પણ પ્રબળ જ કારણ છે. મંત્ર પણ કર્મના ઉદયમાંથી દૂર થવા માટેનો પુરૂષાર્થ છે. બીજા બધા પુરૂષાર્થ કરતાં ઘણીવાર મંત્ર પુરૂષાર્થ શ્રેષ્ઠ પુરવાર થાય છે અને કર્મના આવેલા ઉદયો તેથી નિષ્ફળ પણ થાય છે નહિવત્ બની જાય છે અને તેથી જ જૈન શાસ્ત્રોમાં પણ સ્થાને સ્થાને આવી માંત્રિક શક્તિઓ તથા માંત્રિક શક્તિઓના પ્રયોગો બતાવ્યા છે. સૂરિમંત્રને પૂજ્ય મુનિસુંદરસૂરિ મહારાજે તીર્થસ્વરૂપ અને સાક્ષાત્ તીર્થંકર રૂપ કહેલ છે. સૂરિમંત્રની આરાધનાનું ફળ મોક્ષ પ્રાપ્તિ પણ બતાવ્યું છે. માટે મંત્રો જિન શાસનને માન્ય જ છે.

● **મંત્ર આરાધના એ પુરૂષાર્થ છે તો મંત્ર આરાધના અને મંત્ર સિદ્ધિથી કેટલા અને કેવા કાર્યો થયા છે અને થાય છે તેનો ખ્યાલ આપો ?**

૧. મન સમાધિનું સંરક્ષણ...
૨. ચિત્ત પ્રસન્નતાની પ્રાપ્તિ...
૩. ચિત્ત પ્રસન્નતા અને મન સમાધિ દ્વારા શાંતિ પ્રાપ્તિ...
૪. મંત્ર દ્વારા અધિષ્ઠાયકોનું સાક્ષાત્ સાનિધ્ય...
૫. મંત્ર દ્વારા અધિષ્ઠાયકોની પરોક્ષ સહાય...
૬. મંત્રના અધિષ્ઠાયકો દ્વારા શાસનના પોતાના સમુદાયના ઉત્તરાધિકારીનો નિર્ણય...
૭. મંત્રના અધિષ્ઠાયકો દ્વારા આગમના પ્રશ્નોનું નિરાકરણ તથા શાસ્ત્રોનું સંરક્ષણ...
૮. મંત્ર સાધના દ્વારા સરસ્વતીની કે શ્રુતદેવતા જેવા દેવોની સહાય અને સહાય દ્વારા વાદ-વિજય અનેક ગ્રંથોની રચના... તેમજ રાજાને પ્રતિબોધ અને તે દ્વારા શાસન પ્રભાવના...
૯. મંત્રોની સાધના દ્વારા અન્ય મંત્રવાદિઓએ કરેલા પ્રયોગની વિફળતા...
૧૦. મંત્ર સાધના દ્વારા દેવોનું પ્રત્યક્ષીકરણ અને તેજ દેવોને ધર્મ અને સમ્યક્ત્વનું પ્રદાન... અને જિન શાસનના અનુરાગી બનાવવાનો ઉપક્રમ...
૧૧. મંત્રોની સાધના દ્વારા ભાવી જાણીને ભાવી માટેના શક્ય નુકશાનનું નિવારણ...
૧૨ કોઈક એવા પ્રસંગોએ મંત્ર સાધના દ્વારા પ્રતિષ્ઠા આદિમાં અન્ન પાનની અછત ન રહે તેવા પ્રયોગો...
૧૩. જે શ્રાવકોએ મહાન શાસન પ્રભાવના કરી છે અથવા જે શ્રાવકો મહાન શાસન પ્રભાવના કરી શકે તેમ હોય તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય...
૧૪. મંત્રોની સાધનાથી વાસિત કરેલ વાસક્ષેપ દ્વારા પોતાના અનુયાયીઓના મોક્ષપ્રાપ્તિ સાપેક્ષ પ્રત્યેક કાર્યોની સફળતા માટે આશિષ...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫. જિનાલયો, તીર્થો કે શાસનના સ્થાનોના નવ નિર્માણ કે જીર્ણોદ્ધાર અટકી ગયા હોય તો દુષ્ટ દેવોને મંત્ર સાધના દ્વારા દૂર કરીને શાસનના કાર્યોની સફળતા પૂર્વક પૂર્ણાહુતિ...

૧૬. પોતાના આયુષ્ય વિગેરે જાણીને સમાધિ માટેની તૈયારી...

૧૭. અન્ય ધર્મ અને ધર્માંધ વ્યક્તિઓ દ્વારા ધર્મ પર આક્રમણ થાય ત્યારે મંત્ર સાધના દ્વારા સ્વધર્મનો બચાવ...

...આવા કેટલા કાર્યો મંત્ર શક્તિથી થયા છે અને થાય છે...

● શું આપને લાગે છે કે આવા વિજ્ઞાનના વિકાસકાળમાં પણ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ ન થઈ શકતા મંત્ર-તંત્ર-યંત્રનો કોઈ ઉપયોગ કરશે ?

વિજ્ઞાનનો વિકાસ ખૂબ ઝડપથી થઈ રહ્યો છે તે વાત સ્વીકાર્ય છે. લોકોનું બૌદ્ધિક સ્તર પણ ઊંચું થતું ગયું છે તે સ્વીકારવું જોઈએ. પણ આ સાથે લોકોની શ્રદ્ધા આવા મંત્ર-તંત્ર-યંત્રમાં પ્રબળતાથી વધી રહી છે એ પણ એટલી જ સત્ય હકીકત છે.

સાચા ધર્મના નામે અને સાચા ચમત્કારોના ઓઠા નીચે પણ ખૂબ ખૂબ ધતીંગ ચાલતા હોય છે. તેવી રીતે વિજ્ઞાનના નામે પણ ઘણો અવૈજ્ઞાનિક પ્રચાર થતો હોય છે. તેથી જ સાચો વૈજ્ઞાનિક અભિગમ શું છે ? તે સમજવાની જરૂર છે. **જેમ વિજ્ઞાન કોઈપણ વાતને પ્રમાણ વિના-સાબીતિ વિના માનવાની ના કહે છે. તેમ વિજ્ઞાન જેની સાબીતિ નથી મળતી એટલા માત્રથી કોઈ પણ વાતનો ઈન્કાર કરતું નથી.**

વિજ્ઞાન આજે કહી શકે છે કે અમને જીવના સ્વતંત્ર અસ્તિત્વની ખાતરી થતી નથી પણ વિજ્ઞાન એમ કહી ન શકે કે જીવના સ્વતંત્ર અસ્તિત્વનું પ્રમાણ ન હોવાથી જીવ નથી. આમ વિશુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને વિશુદ્ધ ધાર્મિક દૃષ્ટિકોણની આગળ જતાં એકતા થઈ જવાનો સંપૂર્ણ સંભવ છે.

વાત બાકી રહી મંત્ર-તંત્ર અને યંત્રની. આજના યુગમાં ઉપયોગીતાની તે અંગે એવું લાગે છે કે વૈજ્ઞાનિક કાળમાં હજી સુધી બધાંને જીવન વ્હાલું છે. હજી કોઈ વ્યક્તિએ પોતે માત્ર રસાયણિક પ્રક્રિયા છે એમ સમજીને જીવનને સમાપ્ત કર્યું નથી. નાસ્તિક પણ જીવનને ચાહે છે, આસ્તિક પણ જીવનને ચાહે છે. જીવન એટલે સુખની સતત શોધ અને દુઃખથી દૂર દૂર જવાની પ્રક્રિયા છે.

જેને જીવમાં સ્વતંત્ર રૂપે અસ્તિત્વની શ્રદ્ધા નથી તેને પણ જીવનમાં શ્રદ્ધા છે. મંત્ર જીવનને સફળ રૂપે સાંત્વના પુરૂં પાડતું મહાન તંત્ર છે. નાસ્તિકમાં નાસ્તિક વ્યક્તિને પૂછો કે તારા દૂર રહેલાં સ્વજનો જો કોઈ મુસીબતમાં ફસાયા હોય તો શું કરે ? ગમે તેવો પાષાણ હૃદયી માનવ પણ જેના પર પ્રેમ હોય છે તેનું સ્વાસ્થ્ય સારું રહે, તેને દુઃખ ન થાય, તેનું જીવન કાયમી રહે તેવી પ્રાર્થના કરે જ છે. માટે આવા કાળમાં પણ લોકોને મંત્રની જરૂર છે. કદાચ પૂર્વના કાળ કરતાં પણ વધારે... કારણ કે આજના યુગે અનિશ્ચિતતા વધારી છે. શહેરમાં રહેલો માણસ સમયસર ઘરે ન આવે તો અકસ્માતની આશંકાથી સ્વજનોનું મન ઘેરાઈ જાય છે. આવા વખતે મહાન શક્તિના સર્જક એવા મંત્રોને; દેવોને અને ભગવાનને તમે યાદ ન કરો તો પણ તમને યાદ આવી જાય છે.

છેલ્લા વર્ષોમાં રોગોની દવા શોધાઈ છે. ટી.બી., કેન્સર જેવા જીવલેણ રોગોમાંથી માનવની મુક્તિ થઈ છે તેવું જણાય છે પણ કેન્સર, વાઈરસ, ઈન્ફેક્સન અને એઈડ્સ જેવા નવા રોગોએ જીવનના સંગ્રામને એટલા જ નવા પ્રશ્નાર્થોથી ઘેર્યો છે. આવી પરિસ્થિતિમાં માનવને કોઈ મહાશક્તિના સહારાની જરૂર નથી પડતી એમ માનવું અતાર્કિક છે. માનવ મન સ્વાર્થપૂર્ણ છે, વિલાસી છે એટલે માનવી માંદગીમાં ખોરાક સંબંધી ચરી પાળે છે. પણ રોગ સારો થઈ જતાં પાછો એવી રીતે વર્તે છે કે જાણે સ્વાસ્થ્યના નિયમોમાં કદીય માનતો ન હતો. આમ માનવ પોતાની સ્વાર્થવૃત્તિ કે સ્વરછંદવૃત્તિને નાસ્તિકતા ગણાવી દે એ વાત જુદી છે. વસ્તુતઃ તો જીવનની ઝંખના એ પણ આસ્તિકતાનો મુખ્ય પાયો છે. **જે જીવનને ચાહે છે, જેને જીવવું ગમે છે તે બધાં જ આસ્તિક છે. પણ આસ્તિકતામાં આવ્યા બાદ ધર્મોના વિવિધ નિયમોને માનવાની પંચાતમાં પડવું તે કરતાં નાસ્તિક થઈને રહેવું એવી વૃત્તિ માનવમાં સહજ પેદા થાય છે. આમ બાહ્ય આચારોમાં પોતાની નાસ્તિકતાને સિદ્ધ કરતો માનવ અંતરમાં કંઈકને કંઈક ઝંખે છે, મહા શક્તિનો આશ્રય ઝંખે છે. પોતાનું મન માન્યું, મન ગમતું થઈ શકે, કરી શકાય તેવી તેવી ઈચ્છા માટે તે સતત સંશોધનશીલ હોય છે.**

... આવી ચેતના માટે મંત્ર શક્તિ એ મહાન ઉપાય છે. જે લોકો જાહેરમાં મંત્ર શક્તિનો કે દિવ્ય ઈશ્વર શક્તિનો ઈન્કાર કરતા હોય છે તેઓ અંદરખાનેથી એવી શક્તિ મેળવવા માટે સતત ઝંખતા હોય છે. ઘણા ટોચના વૈજ્ઞાનિકો પણ પોતાની રીતે ઈશ્વરમાં શ્રદ્ધા રાખતા હોય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ અર્થમાં નાસ્તિક રહેવું અને શુદ્ધ અર્થમાં આસ્તિક રહેવું અશક્ય છે, દુઃશક્ય છે, મહાન સાધના છે. શુદ્ધ નાસ્તિકને મંત્રની જરૂર ન હોય તે અમે સ્વીકારીએ છીએ. શુદ્ધ આસ્તિક પોતે જ મંત્ર સિદ્ધિથી પાર પામી ગયો છે. માટે મંત્ર સિદ્ધિ એની પાછળ ફરે છે. આ બંને વ્યક્તિઓ દુનિયામાં એક ટકાના એક લાખમાં ભાગના પણ નથી. તેથી બાકીના લોકોને મંત્રની જરૂર છે જ. પણ સરળ લોકો પોતાની વાતને નમ્ર પણે કબુલે છે. વક્ર પ્રકૃતિના લોકો પ્રચ્છન્ન પણે મંત્ર શક્તિઓ માટે ફાંફાં મારતા હોય છે.

- **જો મંત્ર શક્તિથી જ બધું થઈ જતું હોત તો ભૂતકાળમાં મહામંત્ર સિદ્ધ આચાર્ય ભગવંતો હતા તેઓએ પણ શા માટે પોતાના તમામ કાર્યો મંત્રથી ન કર્યા ?**

એક સાધારણ વાતનો જવાબ આપશો તમે કોઈવાર માંદા નથી પડ્યા ? જરૂર પડ્યા છો. તમે દવા નથી લીધી ? જરૂર લીધી છે. તમને દવાથી સારૂં નથી થયું ? જરૂર થયું છે. હવે હું તમને કહું જો દવાથી તમને અને તમારા જેવા સહુને સારૂં થાય છે. તો દુનિયામાં બધાને બધી વખતે અને તમને પણ બધી જ વખતે કેમ સારૂં થતું નથી ? બસ, આ પ્રશ્નનો ઉત્તર વિચારશો એટલે સમજી શકશો કે મંત્રથી ફાયદો થાય, ઉપયોગી કાર્ય થાય, અનેક વખતે સફળતા મળે છતાંય કોઈવાર સફળતા ન મળે તેવું પણ બને છે. કારણ ક્યારેક કર્મો બાહ્ય નિમિત્તથી હટી જાય છે તો ક્યારેક હઠીલા બનેલા નિકાચીત બનેલા કર્મો કોઈપણ ઉપાયથી દૂર થતા નથી. માટે જ હજારોને આશીર્વાદ આપનાર મહામંત્ર વેત્તા મહાપુરૂષોએ પોતાના કર્મનો ઉદય ભોગવવો જ પડે છે. જેના નામસ્મરણથી પણ રોગો દૂર થઈ જતાં હોય છે તેઓને પણ રોગની ભયંકર યાતના સહન કરવી પડે છે. બસ, સહજ નિઃસ્પૃહ દશામાં આવી ગયેલ સનતકુમાર રાજર્ષિ જેવા મહાત્માઓ તો પોતાના થુંકથી પણ પોતાના દેહનો રોગ દૂર કરી શકે તેવા હોવા છતાંય રોગની વેદના સમતાપૂર્વક સહન કરતા હતા. આમ જેઓ મંત્રસિદ્ધ હોય તેને પોતાના દુઃખ મંત્રથી દૂર કરવા તેમજ જેઓને લબ્ધિ પ્રાપ્ત થઈ છે તેઓએ લબ્ધિનો ઉપયોગ હંમેશા કરવો જ એવું જરૂરી નથી. આપણી સામે તીર્થંકરોના ચરિત્રો છે. પ્રભુ મહાવીરનું ચરિત્ર છે. ઉપસર્ગો એમણે પણ સહન કર્યા છે. છતાં તેમના શાસનમાં મંત્ર અને તંત્ર સિદ્ધિની વાતો સતત ચાલી આવી છે એ જ બતાવે છે કે મંત્રની ઉપયોગીતા માટે પણ અનેકાંતથી જ વિચાર કરવો જોઈએ...

... અપ્રમત્ત દશામાં મંત્ર વિદ્યા કે લબ્ધિના પ્રયોગોનો નિષેધ છે. પ્રમત્ત અવસ્થામાં મંત્ર વિદ્યા કે લબ્ધિનો પ્રયોગ થાય છે. પ્રમત્ત અવસ્થામાં પણ શાસનની, ધર્મની કે ચતુર્વિધ સંઘના કોઈપણ અંગની કે તીર્થ, જિનાલયાદિની રક્ષા માટે મંત્ર વિધાનનો આદેશ છે. આવા વિશિષ્ટ શાસન કાર્યોના આલંબન વિના પોતાના અંગત કાર્ય માટે પણ પરંપરાએ મોક્ષ લક્ષિતાથી મંત્ર આરાધન થાય તો તે માટે મંત્ર વિધાન છે. પણ મોક્ષ પ્રાપ્તિથી તદ્દન નિર્પેક્ષ ભાવથી આરાધન થાય તો તે માટે નિષેધ છે. આમ કોણે ક્યારે મંત્રનો ઉપયોગ કરવો કે ન કરવો તે પ્રશ્નો વ્યક્તિગત આત્મ ઉત્થાનની અને મનોબળની ભૂમિકા પર નિર્ભર છે. પણ મંત્રનો ઉપયોગ શાસનમાં નથી તેવું કહેવાય નહીં.

- **આ બધી વાત માની લઈએ તો પણ આજકાલના સાધુ ભગવંતો અને આચાર્ય ભગવંતો મંત્ર સિદ્ધિથી આવા ચમત્કારો કેમ કરતા નથી ?**

તમારો પ્રશ્ન ગંભીરતાથી વિચારવા જેવો છે. મંત્ર વિદ્યા, યોગ વિદ્યા કે શાસ્ત્રોનું જ્ઞાન આ ત્રણેય ચીજોમાં પરંપરા પણ ખૂબ જ અગત્યની છે. સ્વરશાસ્ત્રના રચયિતા શ્રી ચિદાનંદવિજયજી વિગેરે છેલ્લી શતાબ્દિમાં થયેલા મહાત્માઓ વડે પણ ખૂબ જ મોટા ચમત્કારો થયાનું જાણવામાં આવે છે. આમ જ્યાં સુધી મંત્ર સિદ્ધિની સમ્યક્ પરંપરા ચાલતી હતી ત્યાં સુધી મંત્ર સિદ્ધિ અને તેના ચમત્કારો થયાં જ કરતા હતા. પણ એ કાળમાં યતિ પરંપરા ઉત્તરોતર શીથિલ થઈ જતી હોવાથી સંવેગી સાધુઓને વિકૃત થયેલી એ પરંપરાથી અલગ થવાની ફરજ પડી. પરિણામે ચાલી આવેલી પરંપરાના મંત્રો અને તેની સિદ્ધિઓનો માર્ગ લગભગ બંધ જેવો જ થઈ ગયો.

શું આ માર્ગ પુનઃ શરૂ ન જ થઈ શકે ? કોઈ પણ ચીજ એકાંતે અશક્ય હોય તેવું માની લેવું ન જોઈએ. આ કાળમાં પણ કેટલાક પરિશ્રમી અને આત્માર્થી આત્માઓ આ માટે પ્રયત્નશીલ છે. સાથે આવા આત્માર્થી આત્માને મળતી સિદ્ધિ અને પ્રસિદ્ધિથી આકર્ષાઈને કેટલાક લોકોને મંત્ર સિદ્ધિનો મિથ્યા ડોળ કરવાનું પણ મન થાય છે. જે ખૂબજ ખતરનાક બાબત છે. બાકી, આજે પણ સંનિષ્ઠ પ્રયત્નો થાય તો મંત્ર સાધના પરંપરાને પ્રાણવાન બનાવી શકાય છે.

- **શું આવી મંત્ર સાધનાથી સંયમથી, પતિત ન થઈ જવાય અને સંયમથી પતિત થવાનું ભયસ્થાન હોય તો શા માટે મંત્ર સાધનાને મહત્ત્વ આપવું જોઈએ ?**

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ ગુરુ આજ્ઞા વિના અને સમ્યક્ આત્મ જાગૃતિ વિના આવી આરાધનામાં લાગી જાય તો પતનનો પણ સંભવ છે. પણ પતન માટેના ભયને આગળ કરીને આરાધના જ ન કરવી એ તો સંયમથી પતિત થવાના ભયથી દીક્ષા જ ન લેવી તેના જેવું થાય. માત્ર મંત્ર સાધના જ પતનનો હેતુ નથી. કોઈપણ જાતની વધુ પડતી પ્રસિદ્ધિ, વધુ પડતા માન-સન્માન અને ભાવભક્તિ પણ પતનનું કારણ બની શકે છે. પણ એવા ભયને આગળ કરીને ભક્તિમાર્ગને બંધ નથી કરી શકાતો. તેવી રીતે મંત્ર સાધનાના દૂષણોને જરૂર દૂર કરવા જોઈએ. મંત્ર પરંપરાની પુનઃ સ્થાપના કરવી જોઈએ અને પરંપરાથી પ્રાપ્ત થયું હોય તેને જાળવી રાખવું જોઈએ. શાસ્ત્રમાં શાસનના આઠ પ્રભાવકોમાં એક પ્રભાવકની કોટીમાં મંત્રવાદિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. માટે મંત્ર સાધનાને મહત્ત્વ આપવું જ જોઈએ. આજના કાળમાં પણ મંત્રસિદ્ધિ દ્વારા શાસનની પ્રભાવનાના સમુજ્જવલ યોગો છે.

સહકારની ભાવનાથી જો પરસ્પર મહામુનિઓ મંત્ર સાધના અને તેના રહસ્યોનો વિનિમય કરે તો મંત્ર સાધનાની કેટલી પરંપરાઓ પુનઃ જાગૃત થઈ શકે તેમ છે.

- **શું એવું લાગે છે કે મંત્રની પરંપરાઓનું અનુસંધાન થાય તો પહેલાના કાળ જેવો મંત્ર યુગ આવે અને અદ્‌ભુત શાસન પ્રભાવના થાય ?**

ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષ પૂર્ણ થતાં શાસનનો ઉદિત ઉદિત પૂજા સત્કાર થશે એમ શાસ્ત્રોમાં કહેવાયું છે. આચાર્ય જિનપ્રભસૂરીશ્વરજી પણ લખે છે કે સારો કાળ આવશે અને મંત્ર તંત્ર વિગેરેની સિદ્ધિઓ થશે, દેવોના સાનિધ્ય થશે તેથી જરૂર એવો વિશ્વાસ રાખી શકાય કે **મંત્રસિદ્ધિનો યુગ પુનઃ આવી શકે.** અવસર્પિણી કાળ હીયમાન ઉતરતો કાળ હોવાથી કદાચિત્ થોડું ઘણું ફળ ઓછું દેખાય તો પણ **મંત્ર સિદ્ધિના ફળો સ્પષ્ટ પણે અનુભવી શકાય. અત્યારે પણ પ્રયત્નના અને પુણ્યાઈના પ્રમાણે મંત્ર સિદ્ધિ થતી દેખાય છે. આશા રાખીએ કે અધિષ્ઠાયક દેવોને જાગૃત રાખવાનો આપણો પ્રયત્ન સફળ થાય.** અધિષ્ઠાયક દેવો પણ જાગૃતિ પૂર્વક શાસન પ્રભાવનામાં ઉજમાળ બને અને મિથ્યાત્વી આત્માઓને સમ્યક્ દર્શન તરફ લઈ જાય. સમ્યક્ દર્શનની આત્માઓને સમ્યક્ દર્શનની ધારણા કરવામાં મજબૂત બનાવે. સમ્યક્ દર્શનને મજબૂત રીતે ધારણા કરેલ આત્માને સંયમ પ્રાપ્તિની અનુકૂળતાઓ વધે. સંયમ પ્રાપ્તિની અનુકૂળતાવાળા આત્માઓ શીઘ્ર સંયમને પ્રાપ્ત કરે. સંયમને પ્રાપ્ત આત્માઓ અપ્રમત્ત ચારિત્રધારી બની નિકટ ભવી બને. **સ્વ અને પરનું નિષ્કામ ભાવે હિત સાધે. "જૈનં જયતિ શાસનમ્"નો ભવ્ય નાદ જગાવે.**

- **શું સાધુ ભગવંતો મંત્ર સિદ્ધિ કરી શકે તેમ શ્રાવકો પણ મંત્ર સિદ્ધિ કરીને શાસન પ્રભાવના કરી શકે ?**

પ્રસ્તુત ભક્તામરની ૨૮ કથાઓને વિચારશો તો તમને સમજાશે કે શ્રાવકોએ પણ કેવી સુંદર રીતે મંત્ર સિદ્ધિ કરી છે. અને કેવી સુંદર રીતે શાસન પ્રભાવનામાં સહાયક થયા છે. જેઓને તેવી તીવ્ર તમન્ના હોય તેવા શ્રાવકો પણ ગુરુભગવંતોના માર્ગદર્શન નીચે આવી મહાન મંત્રસિદ્ધિ કરી શકે છે.

- **શું આવી મંત્ર સિદ્ધિઓ થશે તો સમસ્ત દુનિયા જૈન બની જશે ? લોકો બધાં જ સુંદર થઈ જશે ?**

તમારો પ્રશ્ન થોડો આક્ષેપાત્મક છે. આપણે જાણીએ છીએ કે ૧૭૦ તીર્થંકરો જ્યારે એક જ સાથે અઢી દ્વીપમાં વિચરતા અને વિહરતા હોય છે. ત્યારે પણ બધાં જ જૈન નથી બનતા. તો આજના જમાનામાં મંત્ર સિદ્ધિથી જૈન કેવી રીતે બને ? અને જો બધાં જ લોકો જૈનો ન બનતા હોય તો અને બધાં જ સાધુ ન બનતા હોય તો આવા પરિશ્રમની જરૂર શી ? એ વાત પૂછવી અસ્થાને છે. સંસાર શાશ્વત છે. તેમાં સુખ અને દુઃખ, દિવસ અને રાત સાથે જ છે. તેવી રીતે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ પણ સાથે રહેવાનું છે. આપણો પ્રયત્ન એ હોવો જોઈએ કે જેને સમ્યક્ પથ પર આવવું હોય તેને સુલભતાથી માર્ગ મળી જાય અને મંત્ર સિદ્ધિ તે કાર્ય અવશ્ય કરી શકે છે. કારણ કે ધર્મકથામાં પણ પહેલાં આક્ષેપિણી કથા કહીને પછી જ વિક્ષેપિણી કથા કરવાનું ફરમાન પ્રાપ્ત થાય છે. આમ મંત્રો અને મંત્રોના પ્રભાવથી સામાન્ય રીતે લોકો જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ પામે છે બાદમાં તેમને પરમાર્થ બતાવી પરમપદ સાથે જોડી શકાય છે.

- **મંત્રથી આકર્ષિત થયેલો આત્મા ધર્મ પામે તો તો સારી જ વાત છે. પણ જો તેનું ચમત્કાર તરફ જ અને ભૌતિક ઈચ્છા તરફ જ મન ઢળતું જાય તો શું કરવું ?**

એટલા જ માટે મંત્ર સાધકને પ્રબળ ગુરુગમની જરૂર છે. અર્થી આત્મામાંથી કોણ મોક્ષ માર્ગ પર આવી શકે તેમ છે અને કોણ મોક્ષ માર્ગથી દૂર ભાગે તેવા છે તેની પરખ હોવી જ જોઈએ. અને મંત્ર પ્રયોકતાનો પણ આંતરિક ખ્યાલ જીવને મોક્ષમાર્ગમાં જોડવાનો રહેવો જોઈએ. માત્ર પોતાના માન, સન્માનની ઈચ્છાથી જ મંત્ર સાધના થાય તો ખોટું જ થાય છે. જો મંત્ર સાધક નૈષ્ઠિક હોય તો યોગ્ય આત્માને માર્ગ પર જરૂર લાવી શકે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મંત્ર સાધકે પણ અર્થી આત્માની યોગ્યતા જોઈને જ તેને મંત્રફળથી લાભાન્વિત કરવો જોઈએ. મંત્ર સાધના અને મંત્ર સાધનાના ફળો પ્રદાન કરતાં પહેલા જ અર્થી આત્માને વ્રત; નિયમ ગ્રહણ માટે ઉત્સાહિત કરવો જોઈએ. જે જરા પણ વ્રત નિયમ પાળવા તૈયાર ન હોય તે આત્માને મંત્ર માર્ગ ન જ બતાવવો જોઈએ. અને તેને મંત્ર સિદ્ધિના ફળોનો લાભ ન આપવો જોઈએ.

● **નવકારમંત્રને જ ચૌદ પૂર્વનો સાર ગણવામાં આવ્યો છે. અને તે જ મહામંત્ર છે તો બીજા મંત્રોની જરૂર શી ? અને તેની આરાધના શા માટે કરવી ?**

નવકારમંત્ર એ મહામંત્ર છે. આપણો પ્રાણ મંત્ર છે. એટલું જ નહીં આ નવકારમંત્ર આધારિત બીજા મંત્રો પણ છે. છતાંય અનેક રૂચિ વાળો સમાજ છે. માટે બીજા મંત્રો પણ રચાય છે. નવકારમંત્ર પણ અનેક ચમત્કારિક સાધના કરે છે. પણ તેનો સીધો સંબંધ પરમેષ્ઠિ ગુણોની ઉપાસના સાથે છે. આત્માને પરમેષ્ઠિમય બનાવવા માટે છે. માટે તેને મહામંત્ર ગણવામાં આવ્યો છે. જ્યારે બીજા કેટલાંક મંત્રો સમ્યક્ દૃષ્ટિ દેવોને જ ઉદ્દેશીને પ્રવર્તે છે. તે મંત્ર તેઓનું શીઘ્ર આરાધન અને સહાયક પણું પ્રાપ્ત કરવા માટે છે. અને જે મંત્રોમાં પંચ પરમેષ્ઠિ કે કોઈ એકાદ પરમેષ્ઠિને ઉદ્દેશીને મંત્ર પ્રવર્તે છે. તે નવકાર મંત્રનો જ વિસ્તાર છે. માટે તે નવકારમંત્ર સ્વરૂપ જ છે.ક્યારેક રાજા મહારાજાના નિમંત્રણ સાથે મંત્રીઓ સ્વયં આવી જાય છે. છતાંય તેવા કોઈ કાર્ય વખતે જેમ મંત્રીઓને સ્વતંત્ર નિમંત્રિત કરવા પડે છે તેવી રીતે ક્યારેક તે તે દેવોને પણ સ્વતંત્ર રીતે નિમંત્રિત કરવા પડે છે. આમ અન્ય મંત્રોનો પ્રધાન ભાવ હોવા છતાંય તેનો સંબંધ શાસનના પંચ પરમેષ્ઠિ સાથે હોય જ છે. તેમજ અત્રે આરાધના દર્શન અને રહસ્ય દર્શનમાં વારંવાર નવકાર મંત્રની આરાધના પર ભાર મૂક્યો છે. દરેક મંત્રની માળા ગણતાં નવકાર મંત્રની માળા તો અવશ્ય ગણવી જ જોઈએ. તેમ વારંવાર જણાવ્યું છે. પણ જેમ રોટલીથી પેટ ભરાતું હોવા છતાંય લોકો રોટલા પણ ખાતા હોય છે તેમ રૂચિના ભેદથી અનેક મંત્ર આરાધકો હોય તે માટે અનેક મંત્રો પ્રવર્તિત થયા છે અને થશે. માટે તે તે દેવોને લાગુ પડતા મંત્રોની આવશ્યકતા છે અને અનેક નાના-મોટા કાર્યો અન્ય મંત્રોથી પણ સિદ્ધ થઈ શકે છે. શાસન હંમેશા સાપેક્ષ ભાવે પ્રવર્તિત થાય છે અને સાપેક્ષમાં વૈવિધ્ય હોય છે. જિન શાસનમાં વિવિધ પ્રકારની રૂચિવાળા સર્વ જીવોને સમાવેશ કરવાની સંપૂર્ણ કોશિષ હોય છે.

● **આ બધી વાત તો ઠીક છે; પણ કેટલાંક મંત્રો અને તંત્રો માત્ર અર્થ અને કામની સિદ્ધિ માટે જ હોય છે. તેમાં સ્પષ્ટપણે અર્થ અને કામની માંગણી હોય છે. તો તેવા મંત્રોની આરાધના કેમ કરી શકાય ?**

વાત તદ્દન સાચી છે. કેટલાય મંત્રોમાં સ્પષ્ટ પણે અર્થ અને કામની માંગણી છે. પણ જેનો આરાધક ભાવ જાગૃત થયો છે તે જરૂર પડે જ આવા મંત્રની આરાધના કરે છે. ખાસ કરીને સંપત્તિની વૃદ્ધિ કરતા આફતના નિવારણ પ્રત્યે આરાધકનું વધુ ધ્યાન હોય છે. આરાધના જય વીયરાયની ઈષ્ટ ફળ સિદ્ધિની માંગણી જેવી જ છે. જેમાં ભવનિવેદને અને માર્ગાનુસારિતાને ટકાવી રાખવા માટે અર્થ અને કામની તેમજ અર્થ અને કામના સાધનોની માંગ હોય છે. જો મોક્ષાર્થીને સાપેક્ષ ભાવ સહિત પણ ઈષ્ટ સિદ્ધિની માંગણીનો નિષેધ કરવામાં આવે તો આરાધક આત્મા પણ દંભી બને છે. અને વીતરાગ દેવને છોડીને મિથ્યા દેવોના શરણમાં જાય છે. માટે **ઔચિત્ય અને વિવેક એ સર્વ શાસ્ત્રનું શાસ્ત્ર છે.** તેવા ઔચિત્ય અને વિવેકને આગળ રાખીને જ ઈષ્ટ ફળની સિદ્ધિ માટે પ્રયાસ કરવો.

● **ભલે, આપ ગમે તે સમજાવો પણ અમારા મગજમાં એ વાત બેસતી જ નથી કે મંત્ર સાધના કરવી.**

સારી વાત છે; મારો કે કોઈ પણ ગુરુનો પ્રયત્ન સંશય દૂર કરવાનો હોય છે. સંશય દૂર કરવા માટે જ પ્રમાણિક વાત મેં જણાવી દીધી છે. શાસનની સ્થાપનાના ઈતિહાસથી આજ સુધીના આચાર્યની વાત તમારા મગજમાં ન બેસે તો તમારે પોતે જ એ વિચાર કરવો જોઈએ કે આમ શા માટે થાય છે ? બાકી અમે તો સમજીએ છીએ કે **કોઈનો પણ સંશય કોઈ જ્ઞાનથી દૂર કરી શકે પણ દુરાગ્રહને તો કોઈપણ દૂર ન જ કરી શકે.** જેવો આ વિષયનો દૂરાગ્રહ જશે કે તમને તુરત જ મંત્ર સિદ્ધિના માર્ગની મહત્તા સમજાશે.

● **સમજો કે મને મંત્ર સિદ્ધિના માર્ગની મહત્તા સમજાઈ ગઈ તો શું મારે મંત્ર સિદ્ધિ કરવી જ જોઈએ ? માડું મન ન માનતું હોય તો પણ મારે નવકાર સિવાય કોઈ મંત્ર ગણવો જ જોઈએ ?**

ના, તમને એકવાર મંત્ર સિદ્ધિની મહત્તા સમજાઈ ગઈ, પ્રત્યેક મંત્રોનું પોત-પોતાનું આગવું મહત્ત્વ છે એ વાત સાપેક્ષ ભાવથી સમજી ગયા પછી; તમે કોઈપણ મંત્રની આરાધના ન કરો તોય કશો વાંધો નથી. પણ મંત્રો અને યંત્રોની સિદ્ધિનો માર્ગ શાસન માન્ય જ છે.

● **શ્રી ભક્તામર સ્તોત્રનો નવકારમંત્ર સિવાય બીજા કયા મહાન મંત્ર સાથે સંબંધ છે તે દર્શાવો ! તથા ભક્તામરમાં આવેલી આઠ મહાવિદ્યાઓનું પણ રહસ્ય સમજાવો !**

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નવકાર મંત્રના વિસ્તાર રૂપે રહેલું આ શ્રી ભક્તામર સ્તોત્ર જિન શાસનના પ્રસિદ્ધ રહસ્ય અને શક્તિશાળી મંત્ર "સૂરિમંત્ર" સાથે પણ સંકળાયેલું છે. જિન શાસનના તમામ આચાર્યો સૂરિમંત્રની નિત્ય આરાધના-સાધના અને જાપ કરતાં જ હોય છે. આ સૂરિમંત્રની મહાન શક્તિનો સમાવેશ ભક્તામરની ગાથા નંબર ૧૨ થી ૧૯ અને ૨૧ થી ૨૬ સુધીમાં પણ છે. અર્થાત્ મહાન કારુણિક પૂ. આચાર્ય ભગવંત માનતુંગસૂરીશ્વરજી મહારાજાએ સૂરિમંત્ર જે માત્ર પૂ. આચાર્ય ભગવંતો દ્વારા જ સાધી શકાય છે. તે સૂરિમંત્ર જેવું ફલ પ્રાપ્ત થઈ શકે તેવી ઘણી શક્તિઓ ભક્તામર શ્લોકમાં ગુંથી છે. આવા અનુપમ અનુગ્રહના કારણે એક સામાન્ય-શ્રાવક પણ સૂરિમંત્રનો પ્રસાદ પામી શકે છે અને સૂરિમંત્રની આરાધનાથી મેળવાતાં ફળો પ્રાપ્ત કરી શકે છે.

● **ભક્તામરની ૧૨ (બાર) થી ૨૦ (વીસ) નવ ગાથાઓમાં સૂરિમંત્ર કેવી રીતે સમાયો છે તેનું રહસ્ય સમજાવો !**

શ્રીભક્તામર સ્તોત્રની બારમી (૧૨ મી) ગાથાથી (૨૦ મી) વીસમી ગાથા સુધી મહાવિદ્યાઓ હોવાનું સ્પષ્ટપણે શ્રી સૂરિમંત્ર કલ્પમાં લખવામાં આવ્યું છે...

આચાર્ય પ્રવર પૂજ્ય સિંહતિલકસૂરિ વિરચિત મંત્રરાજ રહસ્યની ગાથા (૧૩) તેરથી (૩૯) ઓગણચાલીસ ગાથા સુધીમાં આઠ મહા વિદ્યાઓની સાધના-વિધિ બતાવાઈ છે.

પૂ. આચાર્યદેવ સિંહતિલકસૂરિજી મ.સા. આઠ વિદ્યાઓ નીચેના અનુક્રમથી આપી છે. ૧). બંધ મોક્ષિણી વિદ્યા, ૨) પરવિદ્યા છેદિની, ૩) સારસ્વત વિદ્યા, ૪) રોગાપહારી વિદ્યા, ૫) સ્થાવર વિષાપહારી તેમજ સર્વોપસર્ગહારી, ૬) અક્ષીણ કોષ (શ્રી સંપાદિની), ૭) દોષ નિર્નાશિની, ૮) સકલ અશિવોપશની વિદ્યા; આમ આઠ વિદ્યા બતાવી છે.

જ્યારે શ્રી ભક્તામર સ્તોત્રના કલ્પ પ્રમાણે પૂ. ગુણરત્નસૂરિજીએ આઠ વિદ્યાઓનો નીચે પ્રમાણે ક્રમ બતાવ્યો છે... અને નીચે પ્રમાણે ભક્તામરની ગાથા જોડી છે.

૧) ગાથા ૧૨મી શ્રી સારસ્વત વિદ્યા
૨) ગાથા ૧૩મી શ્રી રોગાપહારી વિદ્યા
૩) ગાથા ૧૪મી શ્રી વિષાપહારી વિદ્યા
૪) ગાથા ૧૫મી શ્રી બંધમોક્ષિણી વિદ્યા
૫) ગાથા ૧૬મી શ્રી સંપાદિની વિદ્યા
૬) ગાથા ૧૭મી શ્રી પરવિદ્યા ઉચ્છેદિની વિદ્યા...
૭) ગાથા ૧૮મી શ્રી દોષ નિર્નાશિની વિદ્યા...
૮) ગાથા ૧૯મી શ્રી અશિવોપશમની વિદ્યા...

ગૌમુખ યક્ષ

આ જ ક્રમ પૂ. આચાર્ય જિનપ્રભસૂરિ કૃત બૃહત્ શ્રી સૂરિમંત્ર કલ્પના વિવરણ સાથે મેળ ખાય છે.

એ છતાંય ત્રણેય મહાપુરૂષોએ બતાવેલ લબ્ધિ પદોમાં ખાસ કોઈ ફરક નથી. જે ફરક છે તે નીચે બતાવ્યો છે.

શ્રી સંપાદિની અને દોષનિર્નાશીની આ બંને વિદ્યાઓમાં ગુણાકરસૂરિજી અને સિંહતિલકસૂરિજી કરતા જિનપ્રભસૂરિજી એક એક વૃદ્ધિપદ ઓછું આપે છે. જ્યારે અશિવોપશમની વિદ્યામાં સિંહતિલકસૂરિજી નવ ઋદ્ધિપદો આપે છે. ગુણાકરસૂરિજી આઠ ઋદ્ધિપદો આપે છે અને જિનપ્રભસૂરિજીએ પાંચ પદો આપેલા છે. (સૂરિમંત્ર કલ્પ પૃષ્ઠ ૮૩) પણ જિનપ્રભસૂરિજીને પણ આઠ પદો સંમત હશે તેવું લાગે છે કારણ તેઓ જણાવે છે કે અશિવોપશમનીની પ્રત્યેક વિદ્યાનો સંબંધ પ્રાતિહાર્યો સાથે કરવો ! પ્રાતિહાર્યો તો આઠ છે એ પ્રસિદ્ધ જ છે.

૧) ભક્તામર ટીકામાં માત્ર શ્રી સંપાદિની વિદ્યામાં એક ઋધ્ધિ પદ વધારે છે...
૨) અને દોષ નિર્નાશિની વિદ્યામાં પણ એક પદ જિનપ્રભસૂરિજી મ.સા. બતાવેલ તેનાં કરતા વધારે છે...
૩) તેમજ, અશિવોપશમની વિદ્યામાં ત્રણ પદ વધારે છે.

આચાર્ય જિનપ્રભસૂરિજી મ. સાહેબે ૩૨ પદની પણ અશિવોપશમની વિદ્યા બતાવી છે !

શ્રી સૂરિમંત્રના મહાન અને સમર્થ બીજા પણ કલ્પકારોએ આ જ પ્રમાણે આઠ મહાવિદ્યાઓનો ક્રમ આપ્યો છે...

આચાર્ય પ્રવર પૂ. રાજશેખરસૂરિજી જે પાઠ આપે છે. તેનું શબ્દશઃ અહીં ભાષાંતર આપવામાં આવ્યું છે...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

''આ રીતે વિદ્યા અને ઉપવિદ્યામાં હોમ કરવો, પરંતુ આહુતિ અને હોમ, મંત્રથી કરવા, દેવતાનું નામ યથાયોગ્ય લેવું... આ રીતે તપ-જપ અને હોમ વડે (સૂરિમંત્રની) પ્રથમ પીઠ આચાર્ય ભગવંત આરાધે છે. (સિધ્ધ કરે છે) ત્યારે સારસ્વત-રોગાપહારિણી-વિષાપહારિણી-બંધમોક્ષિણી-શ્રીસંપાદિની-પરવિદ્યાઉચ્છેદિની-દોષ નિર્નાશિની-અશિવોપશમની-આ આઠ મહાવિદ્યાઓ સ્વ અને પર માટે સાધી શકે છે; શું અર્થ થયો ?

ઉત્તર–જ્યારે પોતાને કે પરને માટે સારસ્વત (બુદ્ધિ વર્ધન) કરવાની ઈચ્છા થાય,
–પોતાના કે પરના રોગને હરવાની ઈચ્છા થાય...
–પોતાના કે પરના લાગેલા ઝેરને દૂર કરવાની ઈચ્છા થાય...
–પોતાના કે પરના બંધનને છોડાવવાની ઈચ્છા થાય...
–પોતાના કે પરને સમૃદ્ધ બનાવવાની ઈચ્છા થાય...
–પોતાના કે પરના કાર્મણાદિ દોષને છેદવા માટે ઈચ્છા થાય... જ્યારે મરકી આદિ દોષને ઉપશમન કરવાની ઈચ્છા થાય... ત્યારે પ્રથમ પીઠનું સ્મરણ કરવું... થોડું જ સ્મરણ કરવાથી સિદ્ધ થાય છે. શ્રીમાન્ માનતુંગસૂરીશ્વરજી મ.સા. "યૈઃ શાંતરાગઃ રુચિભિઃ" ઈત્યાદિથી "જલભાર નમ્રૈઃ" અંત સુધીની અગિયારથી ઓગણીસ ગાથા સુધીની આઠ ગાથાઓ આઠ મહાવિદ્યાથી ગર્ભિત કાવ્ય રૂપે રચી છે. આ આઠ ગાથા "જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં" એ નવમા કાવ્ય સહિત જે રોજ પ્રાતઃ વેળામાં ભણશે, સ્મરણ કરશે તે સ્વયં સારસ્વતાદિ પૂર્વોક્ત આઠ સિદ્ધિ પ્રાપ્ત કરશે અને બીજાને પણ આઠ સિદ્ધિઓ પમાડી શકશે.

આવો જ ઉલ્લેખ અંચલગચ્છીય મેરૂતુંગાચાર્યએ પણ કરેલ છે. શ્રી ભગવતી પદ્માવતી માતાની કૃપાનું મહાન વરદાન પામેલ ખરતરગચ્છના પ્રસિદ્ધ આચાર્ય જિનપ્રભસૂરિજીએ પણ ભક્તામરની આઠ ગાથાનો આવો જ મહિમા ગાયો છે.

''अथवा यैः शांतराग रुचिभिः इत्यादिकं ज्ञानं यथा त्वयि विभाति एतावदन्तः स्तवो नित्यं भणनीयः । सर्वेषाम् (परेषाम्) आत्मनः सदा शान्तिकम् । अयमेव श्री पुण्डरिकादेशो अति स्पष्टः गणधर विद्या गर्भितं वृत्ताष्टकम् इदं प्रातरेव भणनीयम् नान्यवेलायाम्''

તેઓ સ્પષ્ટ જણાવે છે કે "આ આઠ ગાથા સ્પષ્ટ રૂપે પુંડરિકાદેશ છે. શ્રી સૂરિમંત્રથી ગર્ભિત છે. આથી આ ગાથાઓ સવારે જ ગણવી. બીજા કોઈ કાળમાં ન ગણવી." આમ સૂરિમંત્રના ચાર-ચાર કલ્પોમાં આ આઠ કે નવ ગાથાઓનું અનુપમ મહત્ત્વ ગવાયું છે. તેથી ગાથા (૧૨ થી ૨૦) બાર થી વીસનું ખૂબ જ મહત્ત્વ છે. તે ધ્યાનમાં રાખવું.

શ્રી સોમસુંદર ગણિના શિષ્ય મહોપાધ્યાય હેમહંસગણિએ પણ આ નવ ગાથાનું મહત્ત્વ સ્થાપિત કર્યું છે. તેઓએ આ નવ શ્લોકના છત્રીસ પાદોની પાદ પૂર્તિ કરીને કુલ આડત્રીસ શ્લોકનું સાધારણ જિન-સ્તવન બનાવ્યું છે... પોતે જણાવે છે..

भक्तामर मध्य गतानि यानि, वृत्तानि सन्ति नव सातिशयान्यतीव ।
एकैक तच्चरणरूप-समस्ययाऽहं, स्वस्याश्रय-स्थिति-जुषैव नुवामि ॥
(जैन स्तोत्र संचय तृतीय विभाग पृ. ७३.)

આ ગાથાઓ "પુંડરિકાદેશ" વાળી હોવાથી અત્યંત રહસ્યમયી છે... આ ગાથાઓના મંત્રોના રહસ્યો આચાર્ય ભગવંતો પણ સુયોગ્ય શિષ્યને જ આપતાં હોય છે... માટે અહીં એ વિષે આનાથી વધુ કશું જ ન લખી શકાય. યોગ્યતા આવ્યા વિના રહસ્યો જાણવાની ઉત્કંઠા અવળા માર્ગે પણ લઈ જઈ શકે છે... અને શાસ્ત્રોના રહસ્યો ગમે ત્યાં ખોલી દેવાની વૃત્તિથી પણ દોષિત બનવું પડે છે...

પરંતુ સંપૂર્ણ ભક્તામરનો પાઠ જેઓ ન કરી શકે તેમ હોય તેઓએ તથા સૂરિમંત્રની આરાધના કરનાર પ્રત્યેક આચાર્ય ભગવંતોએ આ નવ ગાથાનો પાઠ અવશ્ય કરવો. માત્ર આ નવ ગાથાઓનો જ પાઠ કરનારે સવારે બાર વાગ્યા પહેલા જ આ પાઠ કરી લેવો જોઈએ ! બીજા કોઈ સમયમાં ન જ કરવો. પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં આ નવ જ ગાથાનું લઘુ-છતાં મહાપ્રભાવિક પૂજનનું સંકલન થયેલું છે... આ પૂજન પણ સવારના બાર વાગ્યા પહેલાં જ પૂર્ણ કરી દેવું પડે છે...



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાવ કથા-રહસ્ય દર્શન

● શ્રી ભક્તામર-સ્તોત્રની સૌથી પ્રાચીન ટીકા વિ.સં. ૧૪૨૬ માં શ્રી ભક્તામર રહસ્યના મહાન જાણકાર પૂ.આ.દેવ ગુણાકરસૂરીશ્વરજી મ.સા.એ બનાવી છે. તેમાં તેઓએ પોતાની પૂર્વે થઈ ગયેલાં બહુશ્રુતોના મુખથી સાંભળેલી અદ્‌ભુત અને મહત્ત્વપૂર્ણ પ્રભાવ કથાઓ દર્શાવી છે... શું આ પ્રભાવ કથાઓ પણ આઠ મહાવિદ્યાના રહસ્યની જેમ ભક્તામર સ્તોત્રના અન્ય રહસ્યોને સમજાવી શકે છે ?

પ્રસ્તુત શ્રી ભક્તામર-સ્તોત્રના આરાધનથી અનેક આત્માને થયેલાં લાભોનું વર્ણન પૂ. ગુણાકરસૂરીશ્વરજી મહારાજે પોતાની પ્રભાવ કથાઓમાં કર્યું છે. આ કથાઓનું પૃથક્‌કરણ કરતા સાધના અને આરાધનાના અનેક રહસ્યો આપણને પ્રાપ્ત થઈ શકે. તેથી અહીં અત્યંત સંક્ષેપમાં કથાનો સાર આપી તેના રહસ્યોને સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

★ "જલ-અભિમંત્રણ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧ :** શ્રી હેમ શ્રેષ્ઠિની આ કથા છે. તેમને માલવાના રાજા ભોજના સમયના માનવામાં આવે છે. તેઓએ ભક્તામરની પહેલી તથા બીજી ગાથાની આરાધના કરી; ચક્રેશ્વરી દેવી પ્રગટ થયા અને દેવી પાસેથી તેમને વરદાન મેળવ્યું. દેવી વરદાનથી ભક્તામરના બે શ્લોકથી તેમણે પાણી અભિમંત્રિત કરી રાજાને દૈવી પાશથી મુક્ત કર્યો હતો... આ કથામાં બતાવેલ પાણીની અભિમંત્રિત કરવાની વાત એક અપૂર્વ વાત છે. ભક્તામરથી કે અન્ય મંત્રોથી જલ અભિમંત્રિત થઈ શકે છે પણ અભિમંત્રણનો વિધિ ગૂઢ હોય છે. આવી ગૂઢતાની કંઈક સ્પષ્ટતા માટે સૂરિમંત્ર કલ્પ પૃ.૨૨ પર કોઈક સ્થાનેથી માહિતી આપવામાં આવી છે....'' જે આચાર્ય ભગવંતે સૂરિમંત્ર સિધ્ધ કર્યો હોય તે કવોષ્ણ જલ (થોડુ ગરમ) મંગાવી તેમાં પોતાના સહસ્રાર ચક્રની પાસેના ચંદ્રમંડલના અમૃતનો જલ-પાન અમૃત ધ્યાન વડે પ્રક્ષેપ કરે તો તે જલ અમૃતના (દાયાદ) ભાઈ જેવું થઈ જાય છે... પછી તેને સૂરિમંત્રથી અભિમંત્રિત કરે''-આમ જલ અભિમંત્રણમાં શક્તિનું સંચારણ કરવાનું ગૂઢ તત્ત્વ છે. આ તત્ત્વ વિભિન્ન મહાત્માઓ વિભિન્ન રીતે પ્રગટ કરી શકે છે. શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં ગવાયેલી પંક્તિ "**પાનીયમપ્યમૃતં**" ઈતિ પંક્તિઓ પણ ધ્યાનમાં રાખવા જેવી છે. પોતે શક્તિશાળી દેવો હોવા છતાં ય ચમત્કારિકતાની અંતિમ ફળદાયકતા માટે જલઅભિમંત્રણ જેવા ઉપાયો બતાવતા હોય છે-તે ધ્યાનમાં રાખવું અને આવા ઉપાયો જ મંત્રને તંત્ર રૂપે સહકારી બનતા હોય છે...

★ "જાપ-સમય રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨ :** સુમતિ નામના શ્રાવકને કોઈક ગુરુ મહારાજ દ્વારા ભક્તામર સ્તોત્રની પ્રાપ્તિ થાય છે... સુમતિ શ્રાવક પ્રતિદિન ત્રિકાળ-નિયમપૂર્વક ભક્તામરનો જાપ કરે છે અને સમુદ્રના તોફાનમાં પણ ભક્તામર સ્તોત્ર ગણતાં ચોથા શ્લોક વખતે શ્રી ચક્રેશ્વરી દેવી પ્રગટ થઈને તેને પાંચ રત્નો આપે છે... આ કથા દ્વારા આરાધ્ય ભક્તામર સ્તોત્રની ત્રણેય વખતના જાપની વાત સ્પષ્ટ થાય છે. સંધ્યા વખતનું આરાધના માટે ખૂબ જ મહત્ત્વ છે... ચિંતકો જણાવે છે કે સંધ્યા એ ધ્યાન આરાધનાને જપ-જાપ માટે એટલો બધો ઉપયુક્ત સમય છે કે તે વખતે સ્વલ્પ પ્રયત્નથી કરવામાં આવેલી સાધના પણ ફળદાયક બને છે... કદાચિત્ મંત્ર જાપનો અને ધ્યાન-સ્મરણ વિગેરેનો એવો પવિત્ર સમય છે કે એ સમયે સ્વાધ્યાય શાસ્ત્રોનો પાઠ કરવાની પણ મનાઈ ફરમાવવામાં આવી છે. પ્રસન્ન થયેલ દેવ તત્ત્વો પણ એવી જ ચીજો આપી જાય છે કે જેનો સ્વતંત્ર રીતે પણ પ્રભાવ હોય...

★ "ચમત્કાર રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૩ :** પ્રસ્તુત કથામાં પાટલી પુત્રનો સુધન નામનો દૃઢ શ્રાવક ત્યાંના રાજા ભીમને દૃઢ શ્રાવક બનાવે છે અને ધુલિપા નામના એક યોગીએ કરેલ ઉપદ્રવને ભક્તામરની સાતમી ગાથાના જાપથી પ્રગટ થયેલ ચક્રેશ્વરી દેવી દ્વારા દૂર કરાવે છે. યોગીને શિક્ષા મળે માટે ચક્રેશ્વરી દેવી અન્ય મંદિર પર ધૂલિ વરસાવે છે અને તેને દૂર કરે છે... આખરે અનેક લોકો ભક્તામર સ્તોત્રના પ્રભાવથી સ્તોત્રનો પાઠ રોજ કરવામાં જોડાય છે.

ચમત્કારને નમસ્કાર વાળી વાત લોકોમાં માન્ય છે... એક વાર ચમત્કાર જોયાં બાદ લોકો ધર્મ માર્ગે વળે છે. પછી તેઓને ચમત્કારના વ્યામોહમાંથી છોડીને આત્મિક સાધનાના માર્ગે લાવી શકાય છે... એટલે જ આવા સ્તોત્રની ચમત્કારિતા પ્રત્યે અનાદર કરવા જેવો નથી...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

★ "યમ-નિયમ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૪ :** ભક્તામરના શ્લોક આઠમા અને નવમાના મહિમાને બતાવનારી આ કથા છે. આ કથાના મુખ્યપાત્રે જીવદયાનો બોધ સાંભળી જીવોની હત્યા ન કરવાનો નિયમ લીધો અને ભક્તામર સ્તવનનો પાઠ કરવાનું ચાલુ રાખ્યું, આખરે સિંહના, યોગીના અને મિષ્ઠાન્નઘારીના ભયમાંથી મુક્ત થઈ તૃષાતુર થયેલ, ત્યારે ચક્રેશ્વરી દેવીએ આવીને જળથી જીંદગી બચાવી અને રત્નો આપ્યા... લોકોને પ્રભાવિત કરવા એક જ દિવસમાં શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર શ્રી ચક્રેશ્વરી દેવી પાસે બનાવરાવ્યું હતું. પણ, શ્રી ભક્તામર સ્તવનના પાઠ માટે નિયમ ગ્રહણ કર્યો તે, ખૂબજ અગત્યની ચીજ છે. યમ-નિયમનું પાલન સંકલ્પ બળને વધારે છે અને પુણ્યાઈમાં વૃધ્ધિ કરે છે. યમ અને નિયમ વિના કોઈ પણ મંત્ર ન ફળે તે ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવું છે. સમજદાર આત્માઓ માટે તો યમ નિયમ-; સંકલ્પ બળની વૃધ્ધિ કરનાર હોવાની સાથે પ્રભુની આજ્ઞાના પાલન રૂપ હોય છે... માટે જરૂરથી જીવનમાં ભક્તામરના આરાધકે પોતાના જીવનને યમ-નિયમવાળું બનાવવું જોઈએ. ભક્તામરની વિશેષ આરાધના વખતે ઓછામાં ઓછું એકાસણ કરવું જોઈએ...

★ "વિદ્યા રહસ્ય" ★

■ શ્રી ભક્તામર સ્તોત્રના આ દસમાં શ્લોકમાં ભક્તામર આધારિત કથા આપવામાં નથી આવી, છતાં ય તેમાં બતાવેલ અર્થના પ્રમાણે નમિ-વિનમિ વિદ્યાધરોનું થોડોક વૃત્તાંત આપવામાં આવેલ છે... આગળ અમે જે વાત વિદ્યાધરોની વિદ્યાની કરી છે, તે વાત અહીં છે. ધરણેંદ્રએ શ્રી ઋષભદેવ ભગવાનનું રૂપ વિકુર્વીને નમિ અને વિનમિની શાંતિ માટે અડતાલીસ હજાર (૪૮,૦૦૦) મંત્રો આપ્યા... અને રોહિણી પ્રમુખ વિદ્યાદેવીઓ સમાન દેવીઓને પ્રત્યક્ષ કરીને આપી... આખરે વિદ્યાધર કુલ સ્થપાયું અને નમિ-વિનમિ બે ક્રોડ મુનિ સહિત શત્રુંજય તીર્થ પર મોક્ષે ગયા અને શ્રી ઋષભદેવ ભગવાન સમાન સિધ્ધિપદ પામ્યા. અહીં પણ વિદ્યા અને મંત્રોને એક જ ગણી લેવામાં આવ્યા છે... વિદ્યાધરોમાં પણ સોળ વિદ્યાદેવીઓને આમ્નાય પ્રમાણે વિધિ કરીને પ્રત્યક્ષ કરવાનો વિધિ હતો તેવું જણાય છે.

★ "વીણા-વાદન રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૫ :** પ્રસ્તુત ૫ મી કથા કપર્દી શ્રાવકની છે. આ કપર્દી શ્રાવક શ્રી ભક્તામર સ્તોત્ર એકાગ્ર મનથી શુધ્ધિપૂર્વક વીણા સાથે ગાતો હતો... એકવાર અગ્યારમી ગાથા ગાતી વખતે શ્રી ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઈને વરદાન આપ્યું... સાંજે કામધેનુ ગાય એના ઘરે આવશે-તેમ જણાવ્યું... તે પ્રમાણે કામધેનુએ આવીને ૩૧ ઘડા દૂધથી ભરી દીધાં જે સોનાના થઈ ગયા. પણ કપર્દી શ્રાવકે દેવીને કામધેનુ ગાયના દૂધની ખીરથી રાજા વિગેરે સહુને જમાડવાનો મનોરથ જણાવ્યો. દેવીએ એ મનોરથ પણ પૂર્ણ કર્યો અને રાજા વિગેરેને તે ખીર આપી તથા પૂ. આચાર્ય મહારાજને પણ ખીર વહોરાવી સહુને આશ્ચર્યચકિત કરી દીધા...

પૂ. આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.એ કાવ્યાનુશાસન ગ્રંથમાં ''यैः शांतराग रुचिभिः'' વાળો ભક્તામર સ્તોત્રનો બારમો શ્લોક ઉદાહરણ રૂપે ટાંકયો છે. તેઓ નિર્વિવાદ ઐતિહાસિક મહાત્મા છે... તેમની આ ભક્તામર સ્તોત્ર પ્રત્યેની ભક્તિ હોવી એ સ્વાભાવિક છે. શ્રી ચક્રેશ્વરી દેવીએ જ કામધેનુનું રૂપ લીધું હોય તેવું આ કથા વાંચવાથી લાગે છે. તેમ છતાંય જૈન પરંપરામાં કામધેનુ નું શું સ્વરૂપ છે તે શોધવા જેવું છે અને તેના દુધની ખીર બનેલી, સહુએ ખાધી તે વાત પણ વિચારવા જેવી છે. આમ, આ કથા સંશોધન માટે પણ દિશા-સૂચન કહે છે...

★ ભાવના રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૬ :** આ ૧૨ મા શ્લોકની મહિમા કથામાં અંગદેશ-ચંપાપુરીના રાજા કર્ણના મંત્રી સુબુદ્ધિનો ઉલ્લેખ છે. આ મંત્રી જૈન ધર્મમાં રત હતો અને ભક્તામર સ્તવમાં આસક્ત હતો. ધર્મમાં દૃઢ શ્રદ્ધાળુ અને પાઠમાં કોઈ પણ ભોગે નિયમિત આરાધક જો કાળ બળ સારૂં હોય તો દેવ-દેવીઓને અવશ્ય પ્રત્યક્ષ કરે છે. પ્રત્યક્ષ થયેલી ચક્રેશ્વરીએ જાદુગર-કિમિયાગાર જેવા ચેટકને શિક્ષા પણ કરી છે.

આ કથાની સમાપ્તિમાં લખ્યું છે કે "सर्वे परम दैवतमिव स्तोत्रं पेठुः" આવા ચમત્કાર બાદ, બધાં લોકો પરમ દેવતા હોય તેમ આ સ્તોત્ર ભણવા માંડ્યા, ગણવા માંડ્યા... અહીં આ સ્તોત્રની મંત્ર સાથે જ સરખામણી થઈ છે અને સ્તોત્ર તરફ કેવો ભાવ દર્શાવવો જોઈએ તે સ્પષ્ટ બતાવ્યું છે.

ક્યાંક કહ્યું છે કે–"यादृशी भावना यस्य सिद्धिः भवति तस्य तादृशी" જેવી જેની ભાવના હોય છે, તેવી જ તેને સિદ્ધિ થાય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

★ "ત્રિભુવન સ્વામિની રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૭ :** આચાર્ય પ્રવર ગુણાકરસૂરિજી મ.સા. આ ગાથાનો બે વિદ્યાઓ સાથે સંબંધ જોડે છે. એક તો અષ્ટ વિદ્યા અંતર્ગત–વિષાપહારિણી વિદ્યા અને બીજી ત્રિભુવન સ્વામિની વિદ્યા... આમ તો ગાથાઓમાંથી વિદ્યાની સૂચના શોધવી મુશ્કેલ છે. પણ, "ત્રિભુવન" શબ્દ આ ચૌદમી ગાથાના બીજા પદમાં છે; તે ધ્યાનમાં લેવા જેવું છે. પ્રસ્તુત કથામાં પાટણથી પરણીને ભરૂચમાં આવી રહેલ ડાહી બેનની કથા છે. ડાહીબેન પૂ. હેમચંદ્રાચાર્ય મ.સા.ને પરમ ગુરુ માને છે. આ ડાહીબેનને શ્રી ચક્રેશ્વરી દેવી તરફથી વિષઘ્નહાર, દિવ્ય કુસુમમાળા, પૂ. હેમચંદ્રાચાર્ય મ.સા.ની પાદુકા મળે છે. આ ગાથા પણ મહા વિદ્યા તરીકે વિષાપહારી છે અને દેવી આ ગાથાથી વિષહર હાર આપે છે. આ બંન્નેનો એક જ સાથે મેળ કરવો જોઈએ. વળી, ગ્રંથકાર કહે છે–જિનાઃ તુલ્ય ગુણાઃ, તુલ્ય ફલદાઃ સર્વે"–બધાં જ જિનેશ્વર ભગવંતો તુલ્ય ગુણવાળા હોય છે અને તુલ્ય જ ફળ આપવાવાળા હોય છે. વળી, ડાહીબેનની ભક્તિથી પ્રસન્ન શ્રી ચક્રેશ્વરી દેવી જે હાર આપે છે તેના મધ્ય મણિમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું બિંબ હતું. આ દિવ્ય માળા ડાહીબેને શ્રી મુનિસુવ્રતસ્વામીના કંઠે આરોપિત કરી અને માળા તેવી જ રીતે ત્યાં રહી ગઈ. એ પણ નોંધ કરવા યોગ્ય છે. આ ડાહીબેન પણ શ્રી ભક્તામર સ્તોત્રનો પાઠ રોજ ત્રિસંધ્યાએ કરતી હતી. શ્રી ભરૂચ તીર્થના ઈતિહાસમાં પણ આ કથા પોતાનું આગવું મહત્ત્વ પૂરું પાડે છે.

★ "ચરણોદક રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૮ :** આ કથા ભક્તામરના પ્રભાવની સાથે મહામુનિ મલ્લર્ષિના ચરણોના પ્રક્ષાલનો મહિમા બતાવે છે. શ્રી ભકતામર સ્તોત્રનો પ્રારંભ પણ પરમાત્માના બે ચરણોમાં નમસ્કારથી થયો છે. શ્રી મલ્લર્ષિના ચરણ જળથી કોશલના રાજા સજ્જનનો દુષ્ટ યોગીનીનો દોષ સમી ગયો હતો. પૂ. ગુણસેનસૂરિજી મ.સા.ને પંદરમા શ્લોકનો પાઠ કરતાં કોઈક દેવીએ આવીને મલ્લર્ષિ મુનિનો પ્રભાવ જણાવ્યો. મલ્લર્ષિ મુનિને શ્રી ચક્રેશ્વરી દેવી આદિ ઘણાં દેવ-દેવીઓની સહાય હતી. ધ્યાનમાં રહે કે મહામુનિના પાદજળથી પણ ઘણાં દેવ-દેવીઓ પ્રભાવિત થતાં હોય છે. શ્રી ચક્રેશ્વરી દેવી પણ માત્ર ભક્તામર સ્તોત્રની જ અધિષ્ઠાયિકા રૂપે નહીં, પણ તપોનિષ્ઠ સાધુ ભગવંતની અધિષ્ઠાયિકા રૂપે મહાન શાસન સેવા કરે છે. આ ગાથામાં પણ બંધમોક્ષિણી વિદ્યા અને સ્વપ્ન-વિદ્યા બે વિદ્યાઓ છે.

★ "પ્રતિબોધ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૯ :** સોળમી તથા સત્તરમી ગાથામાં અનુક્રમે શ્રી સંપાદિની અને પર વિદ્યાઉચ્છેદિની વિદ્યા છે. પણ, આ કથા તો જિન શાસનના મહાન કારુણિક મહાપુરુષોનો ઈતિહાસ છે. પરમ શ્રાવક સત્યસંગરના પુત્રને પ્રતિબોધવા આચાર્ય ધર્મદેવસૂરિએ ઘણાં પ્રયત્ન કર્યા અંતે આ બે ગાથાનું ધ્યાન ધરતાં ચક્રેશ્વરી દેવી પ્રત્યક્ષ થઈ. ધર્મદેવસૂરિએ નાસ્તિક જેવા પુત્રને સાક્ષાત્ નરકનું દર્શન કરાવવાનું કહ્યું અને ધર્મદેવસૂરિજી તથા રાજપુત્રને ચક્રેશ્વરી દેવીએ સાક્ષાત્ નરકનું દર્શન કરાવી રાજપુત્રને ધર્મમાં સ્થિર કર્યો. આ કથા ભવ્ય જનના બોધ માટે મહાપુરુષોના પરિશ્રમને બિરદાવનારી છે.

★ "ભરૂચતીર્થ જીર્ણોદ્ધાર રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૦ :** પરમાર્હત્ મહારાજા કુમારપાલ જેની શક્તિ પર ગૌરવ અનુભવતા હતા તે મહામંત્રી અંબડની આ વાત છે. આ મહાન મંત્રી અનેક રાજ્યકાર્યોમાં પણ નિયમિત ભક્તામરનો પાઠ કરતા હતા. બનવા જોગ છે કે કલિકાલ સર્વજ્ઞ જેવા ગુરુ ભગવંત પાસેથી જ આવા મહાન સ્તોત્રના કે અઢારમી ગાથાના રહસ્યને પામ્યાં હોય, ગમે તેમ હોય, પણ આ ગાથાની આરાધનાનો પ્રભાવ આખરે ભરૂચના શકુનિકા વિહાર તીર્થના જિર્ણોદ્ધાર સુધી પહોંચ્યો. મહામંત્રીએ માતાની પ્રેરણાથી આ મહાન કાર્ય કર્યું. આ કથાના વિવિધ પાઠાંતરો કે રૂપાંતરો મળે છે. પણ શ્રી ચક્રેશ્વરી દેવીએ ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા મંત્રીને આપી-તે ઉલ્લેખ મહત્ત્વ પૂર્ણ છે. એક ઠેકાણે જણાવ્યું છે કે અંબડની માતાએ આપત્તિમાં આવી ગયેલ સમસ્ત સંઘને એક સાથે સમૂહમાં અઢારમી ગાથાનો જાપ કરવાનું જણાવ્યું અને અંબડ મંત્રીએ પણ અઢારમી ગાથાનું ધ્યાન ધર્યું. આ ગાથાના ધ્યાનથી શાસનદેવ પ્રત્યક્ષ થયા હોવાનું જણાવ્યું છે. પણ દેવનું નામ નથી જણાવાયું. શ્રી ઋષભદેવ ભગવાનના યક્ષ તરીકે ગોમુખ યક્ષની પણ કલ્પના કરી શકાય છે. આ ગાથામાં દોષ નિર્નાશિની મહાવિદ્યા છે. અંબડ મંત્રીએ રાત્રિમાં જ ભય આવતાં આ ગાથાનું રાત્રે ધ્યાન કર્યું છે; તેવો પણ ઉલ્લેખ છે.

★ "શિવ-શાલિની રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૧ :** પ્રસ્તુત કથા લક્ષ્મણ શ્રેષ્ઠિની છે. આ શ્રેષ્ઠિએ પોતાના ગુરુ પાસેથી આમ્નાય સહિત શ્રી ભક્તામર સ્તોત્ર શીખેલ છે. શ્રી દેવી ચક્રેશ્વરીએ એને એવો મણિ આપે છે કે જેને આકાશમાં ઉછાળવામાં આવે તો તે સ્થિર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

થાય અને ચંદ્ર જેવો જ પ્રકાશ આપે. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ આવા ઉલ્લેખોથી સુંદર માર્ગદર્શન પામી શકે છે. આવા મણિની સહાયથી લક્ષ્મણ શ્રેષ્ઠિએ પોતાના રાજાને રાત્રે પ્રકાશ કરી આપ્યો અને રાજાને જિતાડ્યો. સ્તોત્રને કે મંત્રને આમ્નાય સહિત ગુરુ દ્વારા જ મેળવવું બહુ જ અગત્યનું હોય છે. એ વાત બરાબર ખ્યાલમાં રાખવી. આ ગાથાના એક રૂપાંતરમાં જણાવ્યું છે કે આકાશમાં રાત્રે રહેલા મણિને પાછો ખેંચવા પણ શ્રેષ્ઠિએ આ જ ૧૯ મા શ્લોકનું પાછું ધ્યાન કર્યું. આમ, પુનઃ આકર્ષણની શક્તિ પણ આ શ્લોકમાં માનવામાં આવી છે.

આ ગાથાને અશિવોપશમની વિદ્યાથી યુક્ત જણાવી છે. ધ્યાનમાં રાખવા જેવું છે કે આ ગાથાના સાતમા-ચોત્રીશમા-છત્રીશમા અને સાડત્રીશમા-આડત્રીસમાં અક્ષરને એક સાથે વાંચવામાં આવે તો "શિવશાલિનિ" એવું વાંચી શકાય છે. જેનો અર્થ અશિવને દૂર કરનાર એવો જ થાય છે.

★ "રાત્રિ પાઠ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૨ :** આ કથા નાગપુર નગરના રાજા મહિપતિની છે. આ રાજાના પ્રશ્નોનો સાચો જવાબ પૂ. વિજયસેનસૂરિજી મહારાજે જણાવ્યો હતો. આ. સેનસૂરિજી મહારાજ રોજ રાત્રે શ્રી ભક્તામર સ્તોત્રનો પાઠ કરતા હતા. તેઓને ૨૧ મી ગાથા ગણતી વખતે શ્રી ચક્રેશ્વરી દેવીએ બધાં જ પ્રશ્નો જાણવાની વિદ્યા આપી. દેવી તત્ત્વો પ્રસન્ન થઈને શું શું કરી શકે; શું શું આપી શકે છે; તે નોંધવા જેવું છે.

★ "શ્રી ચંદ્રપ્રભસ્વામી આરાધના રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૩ :** આ કથા પરકાય પ્રવેશ વિદ્યાના જાણકાર શ્રી જીવદેવસૂરિજી મહારાજની છે. તેઓએ ભક્તામર સ્તોત્રની આ એક જ ગાથાનો આમ્નાય સહિત જાપ કરીને સર્વે દેવોને પ્રગટ કરવાની વિદ્યા મેળવી અને એ વિદ્યાથી શિવ-બ્રહ્મા-વિષ્ણુ-સૂર્ય-ગણેશ-સ્કન્દ વિગેરેને પ્રગટ કર્યા હતા. આ ગાથામાં પણ શ્રી ચંદ્રપ્રભસ્વામીનો ઉલ્લેખ થયો છે. શ્રી ચંદ્રપ્રભસ્વામીનો પણ અચિંત્ય પ્રભાવ મનાયો છે, તે ધ્યાનમાં રાખવું.

★ "સૂરિમંત્ર-સિદ્ધિ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૪ :** શ્રી ભક્તામર-સ્તોત્રની મહિમા કથાની આ ચૌદમી કથા મહાન વિદ્યા-સિદ્ધ આર્ય ખપુટાચાર્યની કથા છે. **આ આચાર્ય ભગવંતનું પુણ્યનામ ગ્રહણ પણ મહાન સિદ્ધિને આપનારું મનાયું છે.** આ ગાથાઓનો આરાધ્ય મંત્ર સૂરિમંત્ર જ કહેવાયો છે. આર્ય ખપુટાચાર્યે પણ સૂરિમંત્ર સિદ્ધ કરેલ મહાત્મા છે. એમને પણ ભક્તામરના આ શ્લોકની સાધના કરી તેવો ઉલ્લેખ આપણને ખૂબ જ ભાવના પ્રેરે તેવો છે. આ આચાર્ય ભગવંતે પોતાની આ મહાન સાધનાથી **ગુડ શસ્ત્ર પત્તન** મંદિરના યક્ષની મૂર્તિને અને બે મહાન કુંડીઓને પણ પાછળ ચલાવી હતી. મંત્ર-ચમત્કાર દ્વારા જિન શાસનનો મહાન પ્રભાવ કર્યો હતો.

★ "દેવ-દુનિયા રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૫ :** આ કથા પણ આર્ય ખપુટાચાર્યની મહાન મંત્ર સિદ્ધિની જય ગાથા છે. શ્રી ભક્તામર-સ્તોત્રની ત્રેવીશમી ગાથાની સાધના કરી તેમણે શ્રીચક્રેશ્વરી દેવીની પાસેથી દુષ્ટ વ્યંતરને કબ્જે કરવાનું વરદાન મેળવ્યું હતું. દુષ્ટ અને હિંસા પ્રિય ચંડિકા દેવીએ આચાર્ય ભગવંતના ગળામાં સાક્ષાત્ નખ માર્યો તો પણ દિવ્ય સાધનાના પ્રભાવે અને ચક્રેશ્વરી દેવીના વરદાનના પ્રભાવે એ નખનો પ્રહાર ચંડિકા દેવીના પોતાનાજ કપાળમાં થયો. આવી મહાન સાધના અને આવો પ્રભાવ ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવો છે. **આવાં પ્રકારના વર્ણનો દેવી-દુનિયાની વાતો સ્પષ્ટ કરતાં હોય છે.** જૈનાચાર્યની મહાનતા હોય છે કે તેઓ દેવોને પણ પોતાની સાધનાના અને ઉપદેશના પ્રભાવથી અહિંસક બનાવે છે. ચંડિકા દેવીને અહિંસક બનાવી આર્ય ખપુટાચાર્યએ ''જૈનં જયતિ શાસનમ્'' નો જયનાદ કર્યો છે.

★ "ચિંતામણિ મંત્ર રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૬ :** શૌર્યપુર નગરના જિતશત્રુ રાજાની આ વાત છે. તેમની તમામ રાણીઓને લાગેલો વળગાડ આચાર્ય શ્રી શાંતિસૂરિના અભિમંત્રિત જળથી દૂર થયો હતો. રાણીઓએ આ જળને આંખે લગાવેલ અને તેનું પાન કરેલ. અભિમંત્રિત જલપાનની વાત તો આપણે કરી છે, પણ અભિમંત્રિત જલને ભગવાનના પ્રક્ષાલની જેમ આંખે લગાડવાનો વિધિ ધ્યાનમાં લેવા જેવો છે. કથામાં એ પણ જણાવાયું છે કે આચાર્ય શાંતિસૂરિ મહારાજે આ કાર્ય કરીને તે દ્વારા મહાન શાસન પ્રભાવના કરવા અવધૂતનો વેશ લીધો હતો. જેમ કેટલાંક આચાર્ય ભગવંતો ગાથા ૨૦ થી ૨૫, છ ગાથાઓનો આરાધ્ય મંત્ર-સૂરિમંત્ર માને છે. તેમ કેટલાંક આચાર્ય ભગવંતો આ છ ગાથાના આરાધ્ય મંત્ર તરીકે ચિંતામણી મંત્રને માને છે. આચાર્ય

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંત માનતુંગસૂરીશ્વરજી મ.સા. ની અન્ય કૃતિ **ભયહર** સ્તોત્ર-**નમિઊણ** સ્તોત્રમાં આ જ ચિંતામણી મંત્રનો મહિમા છે. ચિંતામણી મંત્ર જૈન શાસનનો મહાન મંત્ર છે. સ્પષ્ટ રીતે આ મંત્ર શ્રી પાર્શ્વનાથ ભગવાન ને ઉદ્દેશીને રચાયેલો મંત્ર છે. આ ગાથાઓનો પ્રભાવ વિશેષ છે. એમ જરૂર માનવું રહ્યું.

શ્રી નમિઊણ સ્તોત્રમાં તો ક્રમથી ગોપવેલો આ મંત્ર મળી આવે છે. તેમ આ ચિંતામણી મંત્ર ભક્તામરની ગાથા ૨૧ અને ૨૨ માં સૂચના રૂપ પ્રાપ્ત થતો લાગે છે. ૨૧ મી ગાથાનો ત્રીજો - છવ્વીસમો - સુડતાલીસમો અક્ષર અનુક્રમે ''વ-ષ-હ'' છે. પ્રાકૃતમાં બધા ''સ'' એક જ હોવાથી તેને **''વસહ''** રૂપે વાંચી શકાય છે. અને આટલાં અક્ષરોથી ચિંતામણી મંત્રનું સૂચન જરૂર સમજી શકાય. આ જ રીતે આ જ ગાથા ૨૧ ના આડત્રીસ-છવ્વીસ-સુડતાલીસ અને અડતાલીસ અક્ષરોમાંથી **''વિષહર''** પણ વાંચી શકાય છે. તે જ રીતે ગાથા બાવીસમીના તેતાલીસમાં અને આડત્રીસ અક્ષરોને વાંચતાં ''પ્રાસ'' એટલે લગભગ **''પાસ''** શબ્દનું સૂચન માની શકાય છે. હવે થોડી જ અક્ષરોમાં તોડ-મરોડ થાય તો આ જ બાવીસમી ગાથામાંથી **''સ્ફુલિંગ''** શબ્દ પણ બેસાડી શકાય તેમ છે. અને "**નમિઊણ**" શબ્દ પણ બેસાડી શકાય તેમ છે. આમ, આ ગાથાઓ પરની કથાઓનું અનુપમ મહત્ત્વ છે.. તે ધ્યાન રાખવા જેવું છે.

★ "ગુરૂ આદેશ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૭ :** ગુજરાતના રાજા વૃધ્ધ ભીમદેવના વખતની વાત છે. અણહિલપુર પાટણમાં બનેલી ઘટના છે. ચણા વેંચીને જીવન પૂર્ણ કરનાર ચણિક શ્રાવકનું જીવન ૨૬ મી ગાથાની આરાધનાથી સંપત્તિમય બની ગયું.. ત્રણ કોઠી ભરેલાં ચણા સોનાના બની ગયા.. આ માટે ગુરુ મહારાજાએ આપેલાં આદેશો મંત્ર-સાધકો માટે વિશેષ ઉપયોગી છે.. ચણિકની આરાધનામાં ''(૧) તુભ્યં નમો'' શ્લોક (૨) ૧૦૮ નવકાર મંત્ર (૩) બ્રહ્મચર્યનું દૃઢ પાલન (૪) પંચાસરા શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી આદીશ્વર ભગવાનની ભક્તિ (૫) શ્રી મહાલક્ષ્મીની પ્રતિમાની આરાધના... આ મહાન સહાયક સાધના હતી..

શ્રી ભક્તામરના કોઈ પણ જાપની આરાધના કરવા વાળાએ રોજ એક માળા તો નવકાર મંત્રની અવશ્ય ગણવી જ જોઈએ.. તથા દારિદ્રયને દૂર કરવા માટે શ્રી મહાલક્ષ્મીની ઉપાસના કરવી- આ બે સૂચનો ખૂબ જ ધ્યાન આપવા જેવાં છે. શ્રી મહાલક્ષ્મી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવીની સખી દેવી છે.. શ્રી ચક્રેશ્વરી માતા ભક્તામરથી પ્રસન્ન થાય છે અને પ્રસન્ન થયેલી ચક્રેશ્વરી દેવી દારિદ્રય દૂર કરવા માટે મહાલક્ષ્મીને સૂચના કરી શકે છે. ચણિકે પણ આખરે શ્રી ચક્રેશ્વરી દેવી સહિતનું શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર નવું બનાવ્યું તથા શ્રી મહાલક્ષ્મી દેવીના મંદિરનો પણ જિર્ણોધ્ધાર કરાવ્યો હતો..

આ શ્લોકમાં ચાર વાર ''તુભ્યં'' શબ્દ આવતાં ચારવાર ''યં'' અક્ષર આવ્યો.. માત્ર ''યકાર'' માટે જ કહેવાયું છે કે યકાર (૧) મિત્ર મિલન, (૨) ઈષ્ટ પ્રાપ્તિ (૩) ધ્યાન-સાધના અને સાત્ત્વિકતાની જાગૃતિ માટે ઉપયોગી બીજાક્ષર છે.. અત્રે લક્ષ્મી પ્રાપ્તિનો અર્થ કોઈ પણ જાતની ઈષ્ટ પ્રાપ્તિ એવો કરવો.. આમ કરવાથી આ ગાથા અને ગાથાના પ્રભાવનો મેળ મળી જાય છે.

★ "અઠ્ઠમ આરાધના રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૮ :** ગોદાવરી નદીના કિનારે આવેલ પ્રતિષ્ઠાનપુરના રાજા હાલની આ કથા છે.. હાલને પુત્ર નથી.. પુત્ર માટે અનેક સાધના કરી.. નિષ્ફળ થયો.. આખરે કોઈ ત્યાગી મુનિવરે કૃપા કરીને તેને શ્રી ભક્તામર સ્તોત્રનો જાપ બતાવ્યો.. આ જાપના પ્રભાવથી ત્રણ દિવસમાં શ્રી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થઈ. દેવીએ એક અપૂર્વ પુષ્પમાળા શ્રી હાલ નૃપતિને આપી.. અને પુષ્પમાળા રાણીના કંઠમાં પહેરાવવા કહ્યું.. આ માળાના પ્રભાવથી રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. તે પુત્રનું નામ ચક્રાદાસ રાખવામાં આવ્યું. આ કથામાં આરાધનાની વધુ વિગત મળતી નથી.. પણ સમસ્ત શ્રી ભક્તામર સ્તોત્રનો ત્રણ દિવસ અઠ્ઠમ પૂર્વક અખંડ જાપ શ્રી હાલ નૃપતિએ કર્યો હશે. તેવું લાગે છે. ત્રણ દિવસ આમેય મંત્ર સાધના માટે અગત્યનો સમય છે. શ્રી ભક્તામર સ્તોત્રનો ત્રણ દિવસનો અખંડ જાપ અવશ્ય કરવા જેવો છે.

★ "ત્રિસંધ્યા જાપ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૧૯ :** શ્લોક ૨૮, ૨૯, ૩૦ માં શ્લોકમાં કોઈ પણ કથા આપવામાં આવી નથી. શ્લોક ૩૧ની ટીકામાં ગોપાલક (રબારી) ની વાત આપવામાં આવી છે. ભદ્ર પ્રકૃતિના ગોપાલને ગુરુ મહારાજે શ્રી ભક્તામર સ્તોત્ર અને શ્રી નવકાર મંત્ર ભણાવ્યો.. ગોપાલે લાંબા સમય સુધી રોજ નવકાર મંત્ર અને શ્રી ભક્તામર સ્તોત્ર નો પાઠ કર્યો. અને જૈનાચારનું પાલન કર્યું. એકવાર પ્રાતિહાર્ય સહિતની મૂર્તિના સ્વપ્નમાં દર્શન થયા. બીજે જ દિવસે ગોચર ભૂમિમાં જિનબિંબ પ્રકટ થયેલું મલ્યું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગોપાલે આ પ્રતિમાની સુંદર સ્થાપના કરીને છ માસ સુધી શ્રી ભક્તામર-સ્તોત્રનો ત્રણેય સંધ્યાએ જાપ કર્યો. એના જાપથી પ્રસન્ન થઈને શ્રી ચક્રેશ્વરી દેવીએ ગોપાલને રાજ્યનું વરદાન આપ્યું.. ગોપાલ રાજા પણ બન્યો અને યુધ્ધમાં પણ શ્રી ચક્રેશ્વરી દેવીની સહાયથી અપરાજિત જ રહ્યો..

છ માસ સુધી ત્રિકાળ શ્રી ભક્તામર સ્તોત્રના જાપનો પ્રયોગ આરાધકે અવશ્ય કરવા જેવો છે...

★ "मंत्र आम्नाय रहस्य" ★

■ **પ્રભાવ કથા-૨૦** : ગુજરાતના ભીમરાજના સેનાધિપતિ જિણહાકની જૈન વીરતાની આ કથા છે. આ કથા અન્યત્ર પણ પ્રસિધ્ધ છે. મહાન દણ્ડાધિપતિએ ધવલકપુરા (ધોળકા) ના સમસ્ત ક્ષેત્રને ચોરોથી મુક્ત કર્યું હતું. આ મહાન શ્રાવકની ઉપર નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ કૃપા કરી હતી. મુશ્કેલીથી જીવન નિર્વાહ ચલાવતા આ શ્રાવકને ચક્રેશ્વરી દેવીની પ્રતિમા, શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા આપી.. શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનના મંત્રનો આમ્નાય આપ્યો.. આ કલિકુંડ મંત્રને જ આ ગાથાનો મંત્ર ગણાવ્યો છે. અને આ મંત્ર સાથે શ્રી ભક્તામર સ્તવ રોજ ગણવાની સલાહ આપી..

જિણહાક રોજ આ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની પૂજા કરીને ત્રણેય કાળ ભક્તામર ગણતો હતો.. આ આરાધનાથી તુષ્ટ થયેલ શ્રી ચક્રેશ્વરી દેવીએ પોતાની સેવિકા દેવી દ્વારા એક રત્ન જિણહાકને મોકલાવ્યું.. આ રત્નને ભુજા પર બાંધી રાખવાનું પણ દેવી દ્વારા સૂચન થયું. આ રત્ન બાંધવા દ્વારા જ જિણહાક મહાન દંડાધિપતિ પદને પામ્યા હતા. ઉપકારની યાદમાં જિણહાકે કસોટીના પાષાણમાંથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા બનાવી, મહાન જિનાલયમાં પૂ.આ.દેવ અભયદેવસૂરીશ્વરજી **મ.સા.** ના હાથે પ્રતિષ્ઠા કરાવી.. આ શ્રાવકની કથા અવશ્ય વાંચવા જેવી પણ છે. ઘણીવાર મુખ્ય આરાધ્યદેવી પોતાની સહાયિકા દેવી દ્વારા પણ કાર્ય કરે છે તે વાત નોંધવા જેવી અને સમજવા જેવી છે.

★ "स्वानुभव रहस्य" ★

■ **પ્રભાવ કથા-૨૧** : પ્રસ્તુત કથામાં શ્રી સોમરાજા રાજવીની વાત છે. આ રાજવીને આચાર્ય વર્ધમાન સૂરિનો ઉપદેશ મળ્યો.. જૈન ધર્મનો સ્વીકાર કર્યો. અને નવકાર મંત્ર તેમજ શ્રી ભક્તામર સ્તોત્રનો રોજ પાઠ કરવાનું ચાલુ રાખ્યું. રાજકન્યા મનોરમા પર આવી પડેલા ઉપસર્ગ વખતે સોમરાજે ૩૪મી ગાથાનું સ્મરણ કર્યું. અને શ્રી ચક્રેશ્વરી દેવીના સાનિધ્યથી હાથીને વશમાં લઈ રાજકુમારીને છોડાવી.. સોમરાજ રાજ્ય તેમ જ રાજકન્યાનો ભોક્તા થયો..

ભય નિવારણના વર્ણનવાળી આ ગાથાના મંત્રો અંગે શ્રી ગુણાકરસૂરીશ્વરજી મહારાજ સ્પષ્ટ જણાવે છે કે–

" एषु वृत्तेषु वक्ष्यमाणाः तत् तत् भीहरवृत्तवर्णा एव मंत्रा पुनः पुनः स्मर्तव्याः अतो नापर मंत्र निवेदनम् ॥"

ઉપરોક્ત ઉલ્લેખનો સ્પષ્ટ અર્થ થાય છે કે ગાથા ૩૪ **મી** થી ગાથા ૪૨ સુધીની ગાથામાં અનુક્રમે

૧. હાથીનો ભય દૂર કરનાર ૨. સિંહનો ભય દૂર કરનાર ૩. અગ્નિનો ભય દૂર કરનાર ૪. સર્પનો ભય દૂર કરનાર ૫. યુદ્ધનો ભય દૂર કરનાર ૬. યુદ્ધનો ભય દૂર કરનાર ૭. જલનો ભય દૂર કરનાર ૮. વ્યાધિ-રોગનો ભય દૂર કરનાર ૯. બંધનનો ભય દૂર કરનાર શબ્દોનો ઉલ્લેખ છે. આ શબ્દો-આ વર્ણો-આ અક્ષરો જ મંત્ર છે. માટે બીજા કોઈ મંત્રોની આ ગાથાના આરાધ્ય મંત્ર રૂપે જરૂર નથી, તેમ છતાંય પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે પોતાની ટીકામાં અન્ય મંત્રો આ ગાથા માટે સંબંધિત બતાવ્યા છે.

આ અંગે વિદ્વાનોએ ઉહાપોહ કરી સમાધાન કરવા જેવું છે. અમે તો એવું સમાધાન સૂચવી શકીએ છીએ કે જેમ આ ગાથાઓ પોતે મંત્ર છે, તેમ અપર મંત્રો પણ આ ગાથા સંબંધી માનવા અને જેમ પંદરમી ગાથામાં પણ સ્વપ્ન વિદ્યા અને બંધમોક્ષિણી વિદ્યા છે તેમ આ ગાથામાં પણ ગાથા રૂપ મંત્ર છે-તે ભયના નિવારણ માટે છે અને બીજા પણ અપર મંત્રો પણ તેવા ફળ આપવાવાળા છે; તેમ સ્વીકારવું.

શ્રી ભક્તામર સ્તોત્રની ગાથાના અન્ય પ્રભાવો તો વાંચવામાં આવે છે. પણ, આ ગાથાના પ્રભાવનો તો અમને ખુદને જ અનુભવ છે. ઊટીના હાથીના વિકરાળ જંગલમાં મેં આ ગાથાના ચમત્કારનો પણ અનુભવ કરેલો છે. અમારી તથા મુનિરાજ નંદિયશવિજયની પાછળ હાથી દોડીને આવ્યો હતો. હાથીની ભયંકર દોડથી અમને આશ્ચર્ય થયું હતું. આખરે અંતિમ સમય સમજી રસ્તાની એક બાજુમાં ગયા. ત્યાં નવકાર મંત્ર, અમારો ઈષ્ટ મંત્ર અને આ ભક્તામરની ગાથાનો પાઠ કરતાં જ હાથી શાંત થઈ ગયો હતો. તેણે અમારા ચરણનો સૂંઢથી બે-ત્રણ વાર સ્પર્શ કર્યો હતો અને ખૂબ જ આનંદપૂર્વકની ગર્જના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરી હાથી પસાર થઈ ગયો હતો. ઉપરોક્ત પ્રસંગ આજથી દશ વર્ષ પૂર્વે બન્યો છે. આજે પણ એ પ્રસંગ યાદ આવતાં રોમાંચ ખડાં થઈ જાય છે. ભક્તામર-ભક્તામર જ છે. માત્ર શ્રી ચક્રેશ્વરી માતા જ નહીં, પણ પદ્માવતી માતા પણ આ સ્તોત્રની અધિષ્ઠાયિકા રૂપે કાર્ય કરતી અનુભવાય છે.

★ "નિત્યસ્મરણ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૨ :** દેવરાજ એક નિર્ધન શ્રાવક છે... છતાંય મનથી સમૃદ્ધ છે... ભક્તામરની પરમ આરાધના એના અંતરને અમીર બનાવી રહી છે... ભક્તામરનો પાઠ રોજ ચાલુ જ છે... દશા બદલાવાની હોય ત્યારે દિશા પણ સ્વયં બદલાય જતી હોય છે... દેવરાજ વ્યાપાર માટે વિદેશ ઉપડ્યો... સાથે ઘણાં વ્યાપારીઓ પણ હતાં... જંગલમાં થઈને રસ્તો પસાર થાય છે... જંગલ ભયાનક હતું અને ત્યાં જ રાત્રિ વીતાવવાની હતી. થોડીવારમાં ગર્જના કરતો એક સિંહ આવ્યો... ગભરાયેલાં સાથીઓ બધાં દેવરાજની નજીક પહોંચ્યા... દેવરાજે અંતરની પરમ શ્રદ્ધાથી પાંત્રીસમાં શ્લોકનું સ્મરણ કર્યું... સિંહ વશમાં આવી ગયો... નમ્ર બની ગયો... હુમલો કરવાનું તો દૂર રહ્યું, પણ દેવરાજના ચરણમાં વંદન કરતો હોય તેમ બેસી ગયો... પોતાના પંજામાંથી ત્રણ કિંમતી રત્ન દેવરાજની આગળ ધર્યા... વ્યાપારીઓ સમજી ગયા કે કરામત દેવરાજની છે... દેવરાજે પણ વ્યાપારીઓને ધર્મ પમાડ્યો. કિંમતી મોતીના પ્રભાવથી દેવરાજ સુખી બની ગયો.

માત્ર ભય વખતે જ સ્તોત્ર સ્મરણ કરવું, એવો ભાવ ન રાખતાં નિત્ય અનન્ય ભાવે સ્મરણ કરવું... આ વાત પણ ધ્યાનમાં રાખવી. કેટલીક વખતે જે મંત્રનું નિત્ય ઉપયોગપૂર્વક સ્મરણ થતું નથી, તે ખરી વખતે જ યાદ આવતો નથી. ઉપયોગપૂર્વક નિત્ય-સ્મરણ કરવું એ મંત્ર-સાધનાનો સોનેરી સિદ્ધાંત છે...

★ "જલ-સિંચન રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૩ :** પ્રતિષ્ઠાનપુરના લક્ષ્મીધર શેઠને જૈન ધર્મ પ્રત્યે અપાર શ્રદ્ધા છે... તેઓશ્રી ભક્તામર-સ્તોત્રનું રોજ ધ્યાન કરે છે... શેઠ એકવાર સાથીઓ સાથે જંગલમાં ગયા હતા... ત્યાં જ દાવાનલ પ્રગટ્યો... એકાએક આગ લાગી... શેઠ ભક્તામરનું ધ્યાન કર્યું... દેવી ચક્રા પ્રગટ થઈ... દેવી ચક્રાએ જ ભક્તામરની છત્રીસમી ગાથાથી અભિમંત્રિત જલથી આગને સિંચવાનું જણાવ્યું... થોડું જ પાણી આગ પર છાંટવામાં આવ્યું અને અગ્નિ શાંત થઈ ગયો... લોકો આશ્ચર્ય પામ્યા... અત્રે દેવી પોતાની જ હાજરીમાં આ ગાથાની પ્રભાવકતાને સ્થાપિત કરે છે... જલ અભિમંત્રણ જૈન શાસ્ત્રોનું માન્ય તંત્ર છે... **''शांतिपानीयं मस्तके दातव्यमिति''** શાંતિથી અભિમંત્રિત જલ મસ્તક પર છાંટવું જોઈએ. આ વાત બૃહત્ (મોટી) શાંતિમાં છે... જન-સામાન્યમાં આ રિવાજ પ્રચલિત છે. શ્રદ્ધા અને આસ્થા જરૂર સફળ બનાવે છે...

★ "દેવી-કૃપા રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૪ :** મહેભ્ય શ્રેષ્ઠિની દ્રઢવ્રતા પુત્રીની આ કથા છે. શ્રી ભક્તામર સ્તોત્રના પ્રભાવથી દ્રઢવ્રતાએ પોતાના સંકટને દૂર કરી મહાન પ્રભાવ ફેલાવ્યો હતો. શોક પત્નીના ચઢાવવાથી પોતાના પતિ કર્મણે ઘડાની અંદર સાપ રાખી દ્રઢવ્રતાને મારવાનું કાવત્રું કર્યું. પણ સાપ પુષ્પ માળા બની ગઈ. ચક્રેશ્વરીદેવી ભક્તામર સ્તોત્રથી પ્રસન્ન થઈ અને ધર્મનો મહિમા ફેલાયો.

★ "ગુરુ-સાધના રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૫ :** ગુણવર્માને શ્રી ભક્તામરની મહાન સાધનાએ રાજ્ય અપાવ્યું હતું. પોતાના બંધુ રણકેતુ એ ગુફામાં ગુણવર્માને સૈન્યથી ઘેરી લીધો હોવા છતાં રણકેતુ આ ગાથાના પ્રભાવથી જ વિજયી બનેલ છે. ગાથા નં.૩૮ અને ૩૯ બંનેય ગાથા યુદ્ધ ભયના વિજય માટે હોવા છતાંય ભક્તામરની ૩૯મી ગાથા વખતે જ ચક્રેશ્વરી દેવી એ પ્રગટ થઈને ગુણવર્માને વરદાન આપ્યું હતું એ નોંધ પાત્ર છે. પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મહારાજે કેસરવાડી તીર્થમાં સમૂહમાં ભક્તામરનો પ્રારંભ કર્યો હતો તે પહેલાં પણ મદ્રાસના વિવાદમય ચાતુર્માસમાં વિવાદથી વિજય મેળવી સુંદર ધર્મ પ્રભાવના કરવા આ ગાથાનો જાપ વિશેષ કર્યો હતો તેમજ ભક્તામરના પાઠ દરમ્યાન પૂ. ગુરુદેવ આ ગાથાનું ઉચ્ચારણ અત્યંત ઉચ્ચ સ્વરથી તેમજ બધી ગાથાઓ કરતા અલગ રીતે જ કરતા હતા. શ્રદ્ધા સદૈવ ફલવતી બનતી જ હોય છે. આ ગાથાની આરાધના અમોઘ ફલ દેનારી છે.

★ "વ્રત-પાલન રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૬ :** તામ્રલિપ્ત નગરના ધનવાહ શેઠ જિનેશ્વરસૂરીનો ઉપદેશ પામી જૈન બન્યા . અહિંસાવ્રતને ધારણ કર્યું. હૃદયમાં કરુણા સ્થાપી. ભક્તામર સ્તોત્રનો રોજ પાઠ કરવાનું શ્રદ્ધા પૂર્વક ચાલુ કર્યું. સિંહલદ્વીપની દરિયાઈ મુસાફરી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં વિકટાક્ષીદેવીએ ઉપદ્રવ શરૂ કર્યો. હિંસકદેવીએ બલિદાન માંગ્યું પણ ધનવાહ શેઠે દેવીની વાત ગણકારી નહીં. શ્રી ભકતામર સ્તોત્રનો પાઠ શરૂ કર્યો. માત્ર એ સ્તોત્રના ૪૦ મા શ્લોકના પાઠથી જ વિકટાક્ષીના બધા ઉપદ્રવો નિષ્ફળ ગયા, દેવી પણ ધનવાહ શેઠના વ્રત પાલનથી ખુશ થઈ અને પોતે પણ શેઠના વચનથી હંમેશા જીવ હત્યા છોડી દીધી. શેઠે પણ ચક્રેશ્વરીદેવી સહિત આદીશ્વર ભગવાનનું મંદિર બનાવ્યું.

★ "રોગ-નિવારણ રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૭ :** ઉજજયિની નગરીના રાજશેખર રાજાના પુત્ર રાજહંસની આ રમણીય કથા છે. દ્રઢ ધર્મ શ્રદ્ધાળુ-કર્મ વિપાકને સમજનારી, માનગિરીના રાજાની પુત્રી કલાવતીની મહાન્ શ્રદ્ધાની આ કથા છે. પિતાની દુર્બુદ્ધિના કારણે કલાવતીના લગ્ન રાજહંસ સાથે થયા. રાજહંસને પણ પોતાની અપરમાતાએ મહાન રોગ થાય તેવું ભોજન કરાવી દીધું હતું. પણ કલાવતીએ ૪૧ મા શ્લોકનો પાઠ કર્યો ચક્રેશ્વરીદેવીએ ચમત્કાર કરી રોગ-નિવારણનો ઉપાય બતાવ્યો. રોગ દૂર થયો. ધનની પણ પ્રાપ્તિ થઈ અને કલાવતીની મહાન્ ધર્મ શ્રદ્ધાનો વિજય થયો. અત્રે દેવી એ પોતે રોગ દૂર ન કરતાં રોગ દૂર કરવાનો ઉપાય સૂચવ્યો એ પણ ધ્યાન રાખવા જેવું છે આ ગાથાનો પાઠ કરવાથી રોગ મટી જાય એનો અર્થ ત્યાં સુધી પણ સમજી શકાય છે કે યોગ્ય ઔષધ પણ અનાયાસે પ્રાપ્ત થઈ જાય અને રોગ જતો રહે.

★ "જાપ-સંખ્યા રહસ્ય" ★

■ **પ્રભાવ કથા-૨૮ :** દિલ્હી પર જલ્લાલુદ્દીનનું રાજ્ય ચાલતું હતું તે વખતની આ વાત છે. અજમેર દુર્ગ પાસેના નાના ગામના રાજપુત્ર રણપાલને અજમેરના મીરે ગુન્હામાં લીધો. રણપાલને પોતાના પુત્ર સહિત પકડીને દિલ્હી મોકલી દીધો. દિલ્હીના કારાગૃહમાં પિતા-પુત્ર ફસાઈ ગયા. પણ રણપાલ સરલ પરિણામી હતો. જૈન સાધુઓના સત્સંગમાં આવ્યો હતો. નવકાર મંત્ર અને ભકતામર સ્તોત્ર પર તેની અટલ શ્રદ્ધા હતી. કેદમાં પણ તેને આ ૪૨ મી ગાથાનો જાપ ચાલુ રાખ્યો. તન્મય થઈને જાપ કરતાં રણપાલ દસ હજાર જાપ સુધી પહોંચ્યો. તુરત જ કોઈક દેવી પ્રત્યક્ષ થઈ. આવા સમયમાં દેવીને જોઈ રણપાલ આશ્ચર્ય ચકિત થયો. રણપાલે દેવીને પોતાનું સ્વરૂપ કહેવા વિનંતી કરી. દેવીએ ભકતામર સ્તવનું સ્મરણ કરનારનું રક્ષણ કરનારી તથા આદીશ્વર જિનની ભકતા ચક્રેશ્વરીદેવીની સેવિકા દેવી હોવાનું જણાવ્યું. રણપાલ પ્રસન્ન થયો અને દેવીની સૂચના વડે બંધન મુક્ત થયો. અજમેર છોડીને ચિત્રકૂટમાં પોતાના પરિવાર સાથે આવીને આનંદથી રહ્યો.

ગરૂડવાહના દેવી ચક્રેશ્વરી આ સ્તોત્રની મહાન અધિષ્ઠાયિકા છે અને આજે પણ પોતાની સેવિકા દેવીઓ દ્વારા ચમત્કાર સર્જે છે. ભકતામર સ્તોત્રના અનેકાનેક ચમત્કારિક અનુભવો કરી મહાનુભાવો શ્રદ્ધાળુ આત્માઓ પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યાં છે.

આમ ભકતામર સ્તોત્રની ૨૮ કથાથી આપણે દૈવી દુનિયા અને દૈવી પ્રભાવ વિષે ઘણું ઘણું સમજી શકીએ તેમ છીએ. આ છેલ્લી કથામાં ૪૨ મી ગાથાના પાઠની સંખ્યા ૧૦,૦૦૦ હજારને ધ્યાનમાં રાખવા જેવી છે. આરાધના માટે જાપની સંખ્યાની પૂર્તિ થવી તે પણ જરૂરી છે શ્રદ્ધા - ભકિત અને એકાગ્રતાથી આ ભકતામર સ્તોત્ર સહુને પ્રેયની પ્રાપ્તિ કરાવીને પણ શ્રેય અર્પવાની મહાન ક્ષમતા ધરાવે છે.

અઠ્ઠાવીસ - અઠ્ઠાવીસ મહાન પ્રભાવ કથાઓના રહસ્યનું અહીં દર્શન કરાવવામાં આવ્યું. આ કથાઓ આપણા રોમાંચ ખડા કરી દે છે. આજ દિવસ સુધી પણ શ્રી ભકતામર સ્તોત્રના આવા અદ્‌ભુત ચમત્કારો થયા જ કરે છે. આમ, ભકતામર સ્તોત્રમાં મંત્રો અને વિદ્યાઓના તેમજ યંત્રો અને તંત્રોના અનેક રહસ્યો છે. પૂ. આચાર્ય ગુણાકરસૂરિજી મહારાજે પોતાની ટીકામાં આવા ઘણા રહસ્યો બતાવ્યા છે. તે જ રીતે જેઓને પદ્માવતી માતાની કૃપાથી સ્વપ્નમાં વીશાયંત્રનો ભાસ થયેલ છે તેવા અનેક મહાન મંત્ર શાસ્ત્રના વેત્તા શ્રી મેઘવિજયજી ઉપાધ્યાય શ્રી ભકતામર સ્તોત્રની પહેલી અને છેલ્લી ગાથામાં સ્તોત્ર અધિષ્ઠાયિકા ચક્રેશ્વરીદેવીના બીજાક્ષર ''આં''નું રહસ્ય ખોલે છે... જે ગુરૂગમથી જાણી લેવું...



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથા રહસ્યાર્થ

શ્રી ભક્તામર સ્તોત્ર; મંત્ર રહસ્ય-વિદ્યા રહસ્યની સાથે સાહિત્યના પણ અનેક રહસ્યોનો ખજાનો છે. આ ખજાના પ્રત્યે પણ પૂ. મેઘવિજયજી ઉપાધ્યાયે સ્થળે સ્થળે ઈશારો કરેલ છે... આ ગ્રંથમાં આવા બધાંય સાહિત્ય રહસ્યો અને ચિંતન રહસ્યોને પ્રગટ કરી શકાય તેમ નથી. છતાંય ''**जिनपाद युगं**'' - ''**सम्यक् प्रणम्य**'' - ''**भवजल**'' - ''**प्रथमं जिनेंद्रं**'' - ''**चितहरै उदारै**'' - ''**विगत त्रपोडहं**'' અને ''**स्तोत्र स्रजं**'' જેવા ચિંતન પદોનું થોડું રહસ્ય અત્રે સ્પષ્ટ કરવામાં આવ્યું છે...

★ "जिनपादयुगम्" ★

શ્રી ભક્તામર સ્તોત્રના આ પ્રથમ શ્લોકમાં મહામના પૂ. માનતુંગસૂરિજી મહારાજ જિનેશ્વર ભગવાનના ચરણ-યુગલને નમસ્કાર કરે છે... ભારતીય સંસ્કૃતિની પાસે અનેરો સંસ્કાર વૈભવ છે... આ સંસ્કૃતિને બ્રાહ્મણોએ તથા શ્રમણોએ વેદની ઋચાઓથી અને આગમના આલાપકોથી સીંચી છે... પુલકિત કરી છે અને ફળદ્રુપ બનાવી છે... આ સંસ્કૃતિમાં પૂજ્ય પુરુષોના ધ્યાન માટે ''ચરણયુગલ'' જ મહાન શક્તિ સંસ્થાન-શક્તિ પીઠ મનાયું છે. લક્ષ્મણે કહેલ વાત સ્વાભાવિક યાદ આવી જાય છે... ''**नूपुरे तु अभिजानामि-नित्यं पादाब्जवंदनात्**'' હે રામ ! હું ન કેયુર જાણું... ન તો કુંડલ જાણું... હું તો માતા સીતાના નૂપુરોને જ ઓળખું છું. કારણ, મારૂં કાર્ય માતા સીતાના રૂપને નિરખવાનું નથી... મારાં નયનો આભૂષણોથી અંજાતા નથી... મારે તો શક્તિ સ્વરૂપા જગદંબા સીતાની સેવા જ કરવી છે... એ માટે જોઈએ ચરણ-યુગલની સેવા... એ માટે જ મારે ઓળખાણ થઈ છે આ નૂપુરોની... આ ઝમઝમ થતાં ઝાંઝરોની... આ ભારત ભૂમિમાં મર્યાદા પુરુષોત્તમ રામ હતા... તો મર્યાદાના મહારથી લક્ષ્મણ જેવા દિયરો પણ હતા... આવી જ કોઈ સંસ્કૃતિ મર્યાદા અહીં શોભી રહી છે... કોઈ મહાન સાધના પથનું રહસ્ય ઉદ્‌ઘાટન અહીં ''**जिनपादयुगम्**''ના નમસ્કારમાં થઈ રહ્યું છે...

પ્રભુના મુખડાંનું વર્ણન કવિવર પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજ સાહેબ ધરાઈને કર્યું છે... પ્રભુના પ્રાતિહાર્યોની સુષમાને કવિએ ચાર-ચાર શ્લોકથી વર્ણવી છે... પણ, એ બધાં વર્ણનો આગળના શ્લોકોમાં છે... અહીં તો આંતર શક્તિઓને ઉજાગર કરતું ધ્યાન છે - ''જિનપાદ યુગનું'' પૂછો. આ મર્યાદાના મહારથી ભરતને... એમણે ચૌદ વર્ષ રાજ કર્યું... કેવી રીતે ? રામની પાદુકાઓને સિંહાસન પર સ્થાપીને. આપણે પણ મોક્ષનું મહાસામ્રાજ્ય મેળવવાનું છે, બરાબર આ જ રીતે... ભરતની જ રીતે... હૃદયના સિંહાસન પર શ્રી આદિનાથ દાદાની ચરણ-પાદુકાઓ બિરાજમાન કરીને જ...

●●● આજે પણ શ્રી સિદ્ધાચલ પર્વત પર શ્રી આદીશ્વર દાદાની ચરણ-પાદુકાઓનો અનેરો મહિમા છે. પૂ. આચાર્યદેવ ગુણાકર સૂ.મ.સા. તથા પૂ. મેઘવિજયજી ઉપાધ્યાયજી મ.સાહેબે તો પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સાહેબે પણ આ જ ચરણ-પાદુકાનું ધ્યાન ધર્યું છે... એવી સંભાવના દર્શાવી છે, આજે પ્રાચીન તીર્થ શ્રી સિદ્ધાચલજી અને શિખરજીમાં પણ ભગવાનની ચરણ-પાદુકાઓની સ્થાપના છે. ચરણ-પાદુકાઓની પૂજા-અર્ચના અને ધ્યાનનું અનેરૂં મહત્ત્વ છે...

ઉપાધ્યાય શ્રી મેઘવિજયજી મ.સા. તો પ્રભુજીના આ ચરણ કમલો પૂજવા માટે જૂના વખતમાં થયેલી પાદપીઠોની પણ યાદી આપે છે... તક્ષશિલામાં પ્રભુના વિરહથી સંતપ્ત સમર્થ રાજવી બાહુબલીએ પણ શ્રી આદિનાથ દાદાની પાદપીઠની રચના કરી છે... મહાદાનવીર શ્રેયાંસ કુમારે પણ હસ્તિનાપુરમાં પ્રભુની પાદપીઠની રચના કરી છે... ભરત મહારાજાએ જિનબિંબનું નિર્માણ તો બાદમાં કર્યું... પણ, આદિ જિનની પાદપીઠ તો તે પૂર્વે જ પૂજાવી શરૂ થઈ ગઈ... એ જ પાદપીઠનું મહત્ત્વ છે... ચરણ-કમલોનું પણ મહત્ત્વ છે... આ ચરણો જ્યાં પડે તે ભૂમિને પણ હેમચંદ્રાચાર્ય મહારાજે પૂજ્ય માની છે...

●●● માનવનું શરીર એક છે... પણ પાદ (પગ) બે છે... દ્વૈતમાં અદ્વૈતને સમજવાનું આ કેવું કાવ્યમય સૂચન છે... વળી બંનેય ચરણો સ્વતંત્ર હોવા છતાંય બંનેની વચમાં નિયંત્રણતા છે... સ્વતંત્રતામાંથી જ્યારે પરસ્પરના સહકારની ભાવના ભૂલાઈ જાય છે ત્યારે દુઃખ-દર્દ અને દારિદ્રય જ બાકી રહે છે. માનવે સંસ્કૃત રહેવું હોય અને વિકૃત ન બનવું હોય તો સહકાર-સહયોગ અને સમસંવેદનની વાતો સ્વીકારવી જ પડશે...

●●● આમ તો પ્રભુના એક અંગૂઠાનું ધ્યાન પણ જીવનને ધન્ય બનાવી દે છે... છતાંય સમસ્ત ચરણ અને ચરણ-યુગલનું સાથે જ ધ્યાન ધરવાનું આગવું મહત્ત્વ છે... ધન અને ઋણ, પોઝેટીવ અને નેગેટીવની જેમ જ જમણા અને ડાબાનું જોડાણ જરૂરી છે... પ્રભુનું જમણું અંગ જમણો પાદ સાધકની અનાદિની આસક્તિને શોષે છે... પ્રભુનો ડાબો ચરણ અનંત કાળ સુધી ટકે તેવી શાશ્વત્ શક્તિના બીજને સીંચે છે...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

● પાપનું શોષણ - પુણ્યનું પોષણ,

● આશ્રવનું શોષણ - સંવરનું પોષણ,

● પરભાવનું શોષણ - સ્વભાવનું પોષણ... આ ચરણ-યુગલથી જ થાય છે... ચરણ-યુગલમાં શોભી રહેલ દશ આંગળીઓ દશવિધ યતિધર્મનું મર્મપૂર્ણ સૂચન છે... આંગળીઓ પર ચમકી રહેલ દશ નખ -દશ દિશામાં સાધકના - ભક્તના અમર યશને પ્રસારવાનું સ્વાભાવિક વરદાન આપે છે...

●●● ગ્રંથકાર-મહામના પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજે પ્રભુના ચરણ-યુગલને **पाप** અને **तमो** ના **वितान**ને દળી નાંખનાર કહ્યાં છે... વિદ્વાન્ ત્રણેય ટીકાકારોએ પાપ રૂપ અંધકાર એવો અર્થ કર્યો છે... છતાંય એ પૂજ્યોના ચરણમાં વંદન કરી મારું મન ''પાપ અને અંધકાર'' - એ બંનેના સમૂહને દૂર કરનાર એવો અર્થ કરવા લલચાઈ રહ્યું છે... પાપ ઘણીવાર તો અંધકાર રૂપ હોય છે, પણ કોઈક વાર પ્રકાશ માટે - આત્મશક્તિના આવિર્ભાવ માટે એક છીંડુ - એક બાકોરું પણ આપે છે... પુણ્યાનુબંધી પાપનો એક એવો પ્રકાર છે, જે પાપ રૂપ હોવા છતાંય પુણ્ય તરફ જવાનો માર્ગ કરી આપે છે, પણ, અંધકાર તો કદીય માર્ગ સૂઝવા જ ન દે... અઘાતી કર્મની પાપ પ્રકૃતિઓ અશુભ નામ - અશાતા વેદનીય અને નીચ ગોત્રની પ્રકૃતિઓ કોઈક વાર દુઃખ આપીને જીવનને પરમાત્માની પાસે પણ લઈ જાય છે... પણ, ઘાતી કર્મનો ઉદય અંધકાર છે... આત્મ ગુણોને એવા દબાવી દે છે કે પ્રકાશની એક પાતળી રેખા પણ પ્રકટિત ન થવા દે... પ્રભુના ચરણો, પાપ અને અંધકાર, ઘાતી અને અઘાતી બંનેય કર્મોનો ચૂરો કરનાર છે... પાપ અને અજ્ઞાનની આ જોડીનો નાશ કરવા પ્રભુના ચરણ-યુગલને જ પકડવા પડશે...

★ "सम्यक् प्रणम्य" ★

●●● મહાન તાર્કિક પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજા ભક્તામર સ્તોત્ર કંઈ સૂત્ર રૂપે નથી બનાવતાં, છતાંય જરૂર પડે ત્યારે સૂત્ર શૈલીનો આશ્રય કરતાં દેખાય છે. દરેક પદનું તાર્કિક સમાધાન થાય તેવી રીતનાં જ શબ્દ વાપરે છે... તેઓ નત્વા કરી શકત પણ... **''जिन पाद युगं''** પાસે નત્વા નહીં ચાલે... ઘરવાળી જ્યારે ગુસ્સે ભરાઈ હશે તો પણ, હે ! સંસારી તું નમીશ તો ખરો જ... નત્વા કરીશ તો ખરો જ... અને ઈન્કમટેક્ષવાળો આવી ધબકશે... ત્યાં સર્વેને તું નત્વા (નમન) તો કરીશ, પણ પ્રભુની પાસે શરણાગતિ સ્વીકારવી છે ને ? પ્રભુના ચરણ-યુગલનો આશ્રય કરવાનો છે ને ? હવે 'નત્વા' માત્ર નમસ્કાર નહીં ચાલે... હવે તારે **''प्रणम्य''** જ કરવું પડશે... ''પ્રચંડ પ્રયત્ન'' - એ ''પ્ર'' નો અર્થ છે... નમસ્કાર તો પંદર પ્રકારના હોય છે... પણ, ''પ્રણામ'' તો માત્ર એક મુમુક્ષુભાવનો હોવો જોઈએ... અનાદિની અવળી ચાલને સવળી કરવા માટે માત્ર નમસ્કાર નહીં ચાલે... પ્રણામ કરવો પડશે... આંતર શત્રુને ભગાડવાના છે... એને માટે હાલરડાં ગાવાના ન હોય... એના માટે તો હાકોટો કાઢવાનો હોય; પ્રકૃષ્ટ પ્રયત્ન વિના અનાદિની વાસના સાફ થતી નથી... કચરો વાળવા જેવું કામ હોય તો નત્વાથી ચાલે નમસ્કારથી ચાલે... પણ, ઉકરડો સાફ કરવો હોય તો ''પ્રણામ'' જ જોઈએ...

આ પ્રણામ કરતાં કરતાં ય વિધિને જાળવવાની છે... અતિ ઉત્સાહમાં આવી જઈને વિધિ રહિત થઈને ધમાલ નથી કરવાની. પ્રણામ પણ સમ્યક્ રીતે જ કરવાનો છે... દીક્ષા લીધા વિના - મહાવ્રત ગ્રહણ કર્યા વિના મોક્ષ ન જ થાય તે વાત સાચી... પણ, આંતરવૃત્તિ જો દેશવિરતિની ન હોય - શ્રાવકના વ્રતો પાળવાની પણ ભૂમિકા ન આવી હોય તો સાધુનો વેશ પહેરવાનો પ્રચંડ પ્રયત્ન પ્રગતિ ન કરાવે... પછડાટ જ ખવડાવે...

''**पाप**'' શબ્દથી **''सव्वपावप्पणासणो''** યાદ આવે... એ પદ યાદ આવે એટલે ''શ્રી નવકાર મહામંત્ર''ની સ્મૃતિ થાય... નવકાર એટલે ચૌદ પૂર્વનો સાર - એની સ્મૃતિ મંગલ નહીં, મહામંગલ છે...

પેલો **सम्यक्** શબ્દ ''શ્રી તત્ત્વાર્થ સૂત્ર''ની યાદી આપે છે...

''सम्यक् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः'' એ એક જ સૂત્ર ને દ્વાદશાંગીના ઉપનિષદ્ રૂપ ગણાવાયું છે...

સમ્યક્ પ્રણામ પણ પાદયુગને જ છે ને... દર્શન અને જ્ઞાન એક જ છે... એક પાદ (પગ) સમાન છે અને ચારિત્ર બીજા પાદ સમાન છે... જેમ શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં કહેવાયું છે કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય ભેગાં મળીને જ એક મોક્ષમાર્ગ છે... તેમ અહીં પણ શ્રુત અને ચારિત્ર રૂપ બંનેયના યુગલથી-જોડીથી જ મોક્ષનો માર્ગ થાય છે... માટે જ જરૂર છે... -''સમ્યક્ પ્રણામ''ની...

મહાકવિ શ્રી માનતુંગસૂરિજીની મહા તાર્કિક શૈલી મનને મુગ્ધ કરે તેવી છે... આ ''સમ્યક્''પદ તો બે ઓરડાના ઉંમરા ઉપર મુકેલા દીપક જેવું છે... વચમાં રહીને બંનેય ઓરડાંને પ્રકાશિત કરે છે...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

''**भक्तामर प्रणत मौलि मणि प्रभाणाम् सम्यक् उद्योतकम्**'' - ત્યાં પણ ''સમ્યક્'' જોડાઈ શકે છે... અને ''**युगादौ सम्यक् आलम्बनं**''માં પણ ''સમ્યક્'' પદ જોડાઈ શકે છે...

એક વિદ્વાન ચિંતકે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું ભકતદેવોના મુગટની મણિની પ્રભાને ઉદ્યોત કરવામાં જ પ્રભુની મહત્તા છે ! ખરેખર, તો એક પ્રકાશ વધારે હોય તો બીજો પ્રકાશ અભિભૂત થઈ જાય... મોટાં પ્રકાશમાં નાનો પ્રકાશ જુદો જાણી શકાતો નથી, તો ભગવાનના નખની કિરણાઓ દેવના મુગટના મણિની કિરણાઓને ચમકાવી કેવી રીતે શકે ? દેવોના મુગટની મણિની કિરણાઓ તો ઝાંખી પડી જાય... પ્રકાશિત કરવાની વાત જ કયાંથી આવે ? માટે જ વિચારવાનું છે કે **मौलि** - એ ભકતના મસ્તકમાં રહેલું જાજ્વલ્યમાન સહસ્રાર ચક્ર છે અને તેનો ''મણિ'' સમાન મધ્ય ભાગ કેંદ્ર બિંદુ જ મણિ છે... આવા મણિનું સમ્યક્ ઉદ્યોતકપણું પ્રભુના ચરણથી થાય છે... કહેવાય છે કે ગણધર ભગવંતો પ્રભુની પાસે દીક્ષા લે છે... અને તુરંત જ મનઃપર્યવ જ્ઞાન પ્રગટ થઈ જાય છે... પ્રભુના ચરણોની શરણાગતિ આવે તો જરૂર કુંડલીની સુષુપ્ત શકિત મૂલાધારમાંથી સળવળીને સહસ્રાર ચકમાં પોતાના મુખને સવળું કરે... યોગીઓ કહે છે કે કુંડલીની જાગૃત થાય, પણ જો અધોમુખીમાંથી ઉર્ધ્વ મુખી બનાવતાં ન આવડે તો શકિત તો જાગે, પણ પતન પામીને વિનિપાત જ થાય... માટે જ જરૂર છે કુંડલીની શકિતને ઉર્ધ્વમુખી કરવાની. આવી ઉર્ધ્વમુખી શકિત આવે છે ત્યારે જ સમ્યક્ ઉદ્યોતકમ્ રૂપમાં પ્રભુની કૃપા ફળે છે... કુંડલીની શકિત જાગૃત કરનાર ઘણાં છે, પણ સમ્યક્ જાગરણ કરનાર તો પ્રભુ આદિનાથ ! તું જ છે... તારા ચરણ-યુગલ છે... કષાયની ક્રૂરતા અને વિષયોની વિષમતાને વિલીન કરનાર આ ''પાદ યુગં''ને પુનઃ સમ્યક્ પ્રણામ... કષાય અને વિષયની જોડી જ છે... વિષયો કષાય માટે મોકળું મેદાન છે... તો ઉદયમાં આવતાં કષાયો વિષય માટે મહાન લોહચુંબક છે... તેથી જ પાદ-યુગની આ જોડીને કષાય હન્તા અને વિષય હન્તાના રૂપમાં તારવી તેને ''સમ્યક્ પ્રણામ'' કરવાનો છે...

ભવ જલધિમાં પડતાં જીવોના માટે આ ચરણ યુગલો માત્ર આલંબન નથી-સમ્યક્ આલંબન છે... આ વાતનો ભાવ કવિએ-

''**नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पंथाः**''માં સ્પષ્ટ કર્યો છે...

''હે ભગવાન ! તારો મોક્ષ માર્ગ શિવરૂપ છે... મંગલરૂપ છે... માટે જ માત્ર આલંબન નથી... પણ, સમ્યક્ આલંબન છે... તમે ગાડીના છાપરાં ઉપર બેસો કે સળિયા પકડીને લટકી રહો તો પણ તમારાં ગંતવ્ય સ્થાને તો પહોંચી શકો... પણ, તમને ગાડીમાં જગ્યા મળી, એમ તો ના જ કહેવાય. મંઝિલે પહોંચ્યા તો ખરા, પણ મુસીબતે... મહા પીડાએ... મહા વ્યથાએ...

પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજ સાહેબ તો કહેવા મથે છે કે જે તારાં ચરણ-યુગલને સમ્યક્ પ્રણામ કરી ચૂકયો છે તેના માટે તારો મોક્ષમાર્ગ સમ્યક્ આલંબન છે. મોક્ષ મળે; તે પણ અન્ય ખટપટ અને લટપટ વિનાનો... તેમાં વ્યથા ન હોય, વિષમતા ન હોય, વિવાદ ન હોય - વળી જે તારાં ચરણના શરણમાં આવીને મોક્ષ પામ્યો હોય તેનું આલંબન જો કોઈ સાધારણ જન પણ લે, તો પણ એ સીધો જ પહોંચે... ન એને અટકવું પડે... ન એને ભટકવું પડે... અને ન રઝળવું પડે... ન રખડવું પડે... માટે સમ્યક્ શબ્દનો ભાવ ત્રણેય ઠેકાણે જોડવો...

★ "ભવજલે" ★

●●● મન કયારેય પ્રશ્ન કરી ઉઠે છે કે આવા મોટાં કવિએ ''**भव जलधि पततां**'' - એવો પ્રયોગ કરવો જોઈતો હતો... ''જલ'' શબ્દ તો સમુદ્ર વાચી નથી... ''જલ'' શબ્દ તો માત્ર પાણીનો જ વાચક છે... તો શા માટે જલધિ જેવાં શબ્દનું ગ્રહણ ન કર્યું... ભાઈ ! આગળ ''ભવ'' શબ્દ વાપરીને ''જલ'' શબ્દ વપરાયો છે... જો **भवजल** છે તો ''ભવ-જલધિ'' પણ છે જ... ''જલધિ''નું એક બિંદું પણ જલ કહેવાય છે... અમારા પૂ. માનતુંગસૂરિજી મહારાજે તો ભવરૂપ જલધિમાં પણ ડુબતાં સહુને રોકયા છે અને જલધિના એક બિંદુ રૂપે મળતાં જલમાંથી પણ રોકયા છે... વિષય-કષાયનો સમૂળગો નાશ તો કરવો જ છે... પણ, એ જ્યાં સુધી સાધ્ય ન બને ત્યાં સુધી ભવ જલ લવમાં કે ભવ જલબિંદુમાં પણ કોઈને ડૂબવા દેવા નથી... જન્મ-મરણ રૂપ સંસાર ચકમાંથી પણ સહુને તરવાનું આહ્વાન છે... તો પ્રતિક્ષણ પેદા થતી વિષય અને કષાયના લવથી-ભવના જલથી પણ દૂર રહેવાનો આદેશ છે... કારણ, બહાર રહેલ જળ અને જલધિમાં રહેલ જળમાં જલત્વ જાતિ-જલપણું સમાન જ છે. પૂ. માનતુંગસૂરિ મ.સા.ને કહેવું છે કે ભલે બહાર રહેલું જળ કોઈ પ્રશસ્ત કષાય તને ડુબાડી નહીં શકે, પણ એની જાતિ ડુબાડનારી જ છે... જાતિભાઈમાં જાતિ દોષ આવ્યા વિના નહીં રહે...

અહો ! પૂ. માનતુંગસૂરિ મ.સા.ની મહામતિનું જેટલું અવગાહન કરીએ તેટલું ઓછું છે... આ ગ્રંથમાં આવી રીતે રહસ્યાર્થ રત્નો છે... સદ્‌ગુરુઓના અને અભ્યાસના ઉમંગે જરૂર તમે આ રહસ્યાર્થો ભણી જીવનને ધન્ય બનાવી શકશો...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

★ "प्रथमं जिनेन्द्रं" ★

●●● કેટલાયને પ્રશ્ન થાય છે કે શ્રી સિદ્ધાચલના દરબારમાં શ્રી આદિનાથ દાદાની સામે શ્રી ભક્તામર સ્તોત્ર તો બોલાય; શ્રી આદિનાથ ભગવાન બિરાજમાન છે. એવા શ્રી કુલ્પાક તીર્થમાં કે સોલારોડ પર નવા થયેલાં જિનાલયમાં શ્રી આદિનાથ ભગવાન છે ત્યાં તો શ્રી ભક્તામર સ્તોત્ર બોલાય... અરે, કોઈ પણ શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા સામે ભક્તામર-સ્તોત્ર બોલાય... પણ, શ્રી ઉવસગ્ગહરં તીર્થમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સામે કેવી રીતે બોલાય ? શ્રી શંખેશ્વર દાદાની સામે શ્રી શંખેશ્વર તીર્થમાં કેવી રીતે ભક્તામર બોલી શકાય ? જન્માદિ કલ્યાણક ભૂમિ બનારસમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સન્મુખ કેવી રીતે ભક્તામર બોલી શકાય ? શ્રી મુનિસુવ્રતસ્વામીના રૂડાં તીર્થ શકુનિકા વિહારમાં કેવી રીતે ભક્તામર-સ્તોત્ર બોલી શકાય ? આ બધા જ પ્રશ્નોનું નિવારણ છે; પૂ. ગુણાકર સૂ.મ.સા.ના સમાધાનમાં "**प्रथमं जिनेन्द्रं**"—આ પદના રહસ્યાર્થમાં શ્રી ભક્તામર-સ્તોત્ર એ સર્વ જિનેન્દ્ર ભગવંતો સમક્ષ થઈ શકે તેવી આ સર્વ વ્યાપી સ્તુતિ છે... જિન વિશેષથી નહીં... જિન સામાન્યની સ્તુતિ છે. સામાન્ય સંવાદી છે... વિશેષ વિવાદી છે... આપણે તો હૃદયના ભાવોનો સંવાદ પરમાત્માની સાથે કરવો છે... માટે જ "પ્રથમં જિનેંદ્રં"નો અર્થ સમજવો છે...

વાદીઓ તો એમ પણ કહેશે અમે જે ભગવાનને માનીએ છીએ તે જ ભગવાન જિનેંદ્ર છે. પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. તો અનેકાંતી છે... એ તો જગત્ તત્ત્વના લવાદી છે. એમણે વાદીઓને કહ્યું —"ભલે તમે કોઈ પણ દેવને જિનેન્દ્ર કહો... અમારે ત્યાં જૈન દર્શનમાં નિક્ષેપોની રચના છે... દ્રવ્ય જિનેન્દ્રો કોઈપણ હોઈ શકે છે... દુનિયાના દરેક દેવોને તમે દ્રવ્ય જિનેન્દ્ર કહેશો તો પણ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને કશો જ વાંધો નથી... દ્રવ્યથી તો ઘણાં ય તીર્થ નાયકો હોય શકે છે. પણ, અહીં જરૂર છે; ભાવ જિનેન્દ્રની એટલે જ તો મહાકવિએ "જિનેંદ્ર" એટલો જ શબ્દ વાપર્યો છે. "ઋષભ" એ શબ્દ પણ વાપર્યો નથી.. તેમણે તો "જિનેંદ્ર" શબ્દને આગળ કર્યો છે... વિશેષ નામ નહીં... સર્વનામ જ પાડ્યું છે... પણ, આ નામને-જિનેન્દ્ર શબ્દને "પ્રથમં" વિશેષણ આપી અદ્‌ભુત કૌશલ્ય વાપર્યું છે... "પ્રથમં" શબ્દ મર્મ કહી જનારો શબ્દ છે.

પ્રથમ જિનેંદ્ર = એટલે પહેલાં ભગવાન... આ અર્થ તો છે જ... પણ, "**प्रथम एटले मुख्य, प्रथम एटले उत्तम... प्रथम एटले प्राचीन**" આવા પણ અર્થો છે.

પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. દ્રવ્ય જિનેંદ્રની નહીં... ભાવ જિનેન્દ્રની સ્તુતિ કરે છે. ચારે ય નિક્ષેપોમાં મુખ્ય નિક્ષેપ ભાવ-નિક્ષેપ જ છે અને તેથી જ "પ્રથમં જિનેંદ્રં" - એટલે ભાવ જિનેંદ્ર અર્થ કરવાનો... મને લાગે છે કે ઘણાં ઘણાં સ્તવનો બન્યા હશે... ઘણી સ્તુતિઓ બની હશે... પણ, માત્ર "પ્રથમં જિનેંદ્રં"- એટલું જ કહીને આખા સ્તવનમાં-સંપૂર્ણ સ્તોત્રમાં કોનું સ્તવન છે; એનો જરાય અણસાર ન થવા દે તેવું તો આ જ સ્તોત્ર હશે... ટીકાકાર ગુણાકરસૂરીશ્વરજી મ.સા. એટલે જ લખે છે. **प्रथमं-प्रसिद्धं-आद्यौवा सामान्य तीर्थंकरम्.** જિનેન્દ્ર શબ્દ પણ અહીં સામાન્ય શબ્દ છે... તો પ્રથમ શબ્દ પણ સામાન્ય જેવો જ લાગે છે. દાર્શનિકો કહે છે – "દર્શન" તો સામાન્ય છે. નિરાકાર-નિર્વિકલ્પ જ્ઞાન છે... તેમાં વિવાદ હોતો નથી. મિથ્યાની છાંટ હોય છે સવિકલ્પ જ્ઞાનમાં-વિશેષ જ્ઞાનમાં. માટે જ મિથ્યાની છાંટને ઓળંગી જનાર પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.એ "પ્રથમં જિનેંદ્રં" એ બંને ય શબ્દો વ્યાપક અને સામાન્ય વાચી જ લીધાં છે. હરિહર-બ્રહ્મા-વિષ્ણુ-પયગમ્બર-ઓલિયા કે ખ્રીસ્ત કોઈ પણ જિનેંદ્ર હોય તો પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને ના નથી કહેવી... ભલે એ દ્રવ્ય જિનેંદ્ર હોય... અહીં તો સ્તુતિ કરવાની છે. ભાવ જિનેંદ્રની-શું માત્ર ઋષભદેવની જ... ? ના...

"જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે"...

નમુત્થુ ણં સૂત્રના અંતે બોલાતો આ પાઠ અહીંયા સૂચિત છે... પૂજ્ય માનતુંગસૂરીશ્વરજી મ.સા.નું આ સ્તોત્ર ભાવ જિનેંદ્રની સ્તુતિ છે... માત્ર ઋષભદેવ ભગવાનની નહીં... અતીતના અનંત અને અનાગતના અનંતની સાથે વર્તમાનમાં વર્તી રહેલ તમામ જિનેંદ્રની સ્તુતિ છે. જે જિનેંદ્ર મુખ્ય છે. જે જિનેંદ્ર ઉત્તમ છે, તેમની સ્તુતિ છે... પ્રથમ શબ્દના "પહેલો" અને પ્રાચીન (પૂર્વે થઈ ગયેલાં) એવા બે અર્થો તરફ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.નો એટલો ઝોક નથી... જેટલો ઝોક છે – પ્રથમ એટલે મુખ્ય અને પ્રથમ એટલે ઉત્તમ... આ પ્રથમ શબ્દના કાલાતીત અને વિવાદાતીત અર્થમાં પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. રમમાણ છે... આપણે પણ આવાં જ જિનેંદ્રના ચરણોમાં વંદન કરવાનું છે.

★ "चित्तहरैः उदारैः" ★

આવા જિનેંદ્રની સ્તુતિ સુરેન્દ્રોએ કરી છે. ચોસઠ ઈંદ્રોએ કરી છે. આપણી પાસે સુરેન્દ્રો દ્વારા જિનેન્દ્રની થયેલી સ્તુતિઓનો પ્રચૂર સંગ્રહ તો નથી, પણ એક સ્તુતિ તો સુરેન્દ્ર સ્તુતિના રૂપે આપણને અવશ્ય મળે છે... આપણે એ સ્તુતિને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સુરેન્દ્ર સ્તુતિને શકસ્તવ રૂપે ગણીએ છીએ. શક એટલે ઈંદ્ર. આવા સુરલોક નાથે કરેલી સ્તુતિ "નમુત્થુણં સ્તોત્ર" કહેવાય છે. પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના લક્ષ્યમાં આવી ઘણી ઘણી સ્તુતિ છે... આ બધી જ સ્તુતિઓ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના "ચિત્તહર"-"મનોહર" લાગી છે. "ઉદાર" એટલે ભવ્ય લાગી છે... તેથી જ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.એ આ સ્તોત્રને શ્રી ભક્તામર સ્તોત્રને પણ "ચિત્તહર" બનાવ્યું છે. અને "ઉદાર" બનાવ્યું છે. સુરલોક નાથ શબ્દ પણ જાણે સહેતુક જ વપરાયો લાગે છે. દેવલોક નાથ શબ્દ હોત તો માત્ર ઈંદ્રોની જ વાત આવત... પણ, સુરલોક નાથ શબ્દ છે... "સુર" એટલે દેવો તો ખરા જ... પણ, તમામ પંડિતો-મહાકવિઓ એ પણ "સુર" શબ્દની પરિધિમાં આવી જાય છે. પંડિતોના સમુદાયના નાથ જેવા મહાપંડિતો દ્વારા પણ પરમાત્માની સ્તવના થઈ છે દેવોના નાથ ઈંદ્રોએ પણ પ્રભુની સ્તુતિ કરી છે, તો બૌદ્ધિક જગતના ઈંદ્રોએ પણ પરમાત્માની સ્તુતિ કરી છે... તેથી કાવ્ય શાસ્ત્રના પ્રાણ સમા "શબ્દ" અને "અર્થ"ની મનોહરતાનો અહીં ઈશારો થઈ ગયો છે... અહીં ભક્તામર સ્તોત્રમાં શબ્દ તો ચિત્તને હરણ કરનાર છે.. મનોહર છે... અને અર્થ "ઉદાર" છે... **કાવ્ય શાસ્ત્ર શું છે ? શબ્દના સૌંદર્યની સાથે અર્થના ચાતુર્યનું આયોજન છે...** શબ્દો તો ઘણાં હોય છે... અર્થો પણ ઘણાં હોય છે... પરંતુ "ચિત્તહર" શબ્દથી ઉદાર અર્થોને કહે તેવા શબ્દો જોઈએ.

"મણિ" અને "રત્ન" બંને ય શબ્દો છે... અર્થો તો બંનેયના વ્યાપક છે... ઉદાર છે... પણ મણિ શબ્દ ચિત્તહર છે. માટે ઉદાર અર્થને પણ ચિત્તહર શબ્દ દ્વારા કરવો એ જ કાવ્યકારની ખૂબી છે. અરે, આ "ચિત્તહર" શબ્દના બદલે ચિત્તાકર્ષક પણ કહી શકાય. પરંતુ "ચિત્તહર"**માં** જે મનોહરતા છે, તે ચિત્તાકર્ષક શબ્દમાં નથી. સહજરૂપે બોલી શકાય... સહજરૂપે સમજી શકાય અને અર્થનો ભ્રમ પેદા ન કરે તેવા શબ્દોમાંનો "ચિત્તહર" એક શબ્દ છે... શ્રી ભક્તામર-સ્તોત્રમાં વપરાયેલ શબ્દે-શબ્દને ખુંદી વળનારને સમજાશે કે અહીં "ચિત્તહર" શબ્દનો જ પ્રાધાન્યથી ઉપયોગ કરવામાં આવ્યો છે. "સર્વ" શબ્દ કરતાં "સકલ" શબ્દ વધુ "ચિત્તહર" છે... "સુરવિશ્વ" કે "ઘુનાથવિશ્વ" કરતાં "સુરલોક" શબ્દ વધુ મનોહર છે, રળિયામણો છે... આમ, ઉદાર અર્થને ચિત્તહર શબ્દથી કહેવાની કળા એ માત્ર કાવ્ય કળા જ છે તેમ નથી... જીવન કળા પણ છે...

કેટલાંય મહાનુભાવોનો આશય ખૂબ સારી વાત કરવાનો હોય છે... પણ, શબ્દની પસંદગીમાં માર ખાઈ જાય છે... આવા માણસોની ફરિયાદ છે... "અમે સાચું કહીએ છીએ, છતાંય કોઈ સાંભળતું નથી..." **પણ, શબ્દકોષોનું સર્જન શા માટે છે ? સાચું પણ સારી રીતે કહી શકાય માટે જ તો શબ્દકોષ છે...** જે વાત ન સમજાય તેને અધરી છે એમ કહેવી એ ચિત્તહર શબ્દની રજૂઆત છે... પણ, એ જ વાતને માથાં ફોડનારી વાત કહીએ તો ચિત્તહરના બદલે ચિત્તનાશક બની જાય છે... માટે જ જીવનમાં ચિત્તહર શબ્દનો સંચય કરો... ગુજરાતીમાં તો કહેવાય જ છે ને ''બોલતાં ન આવડે તે જરૂર બોળે''... ચિત્તહર શબ્દ નહીં હોય અને તમે બોલવા જશો તો બોલીને બાફશો... એક જ્યોતિષશાસ્ત્રના પંડિતે ભવિષ્ય ભાખીને કહ્યું - ''તમારી નજર સામે જ તમારાં બધાં સજ્જનો મરી જશે... તમે સ્વજન વિયોગથી પીડાશો...'' બીજાં જ્યોતિષે એજ ભવિષ્યવાણીને કહી - ''તમારાં સમસ્ત પરિવારમાં તમારાં જેવું દીર્ઘજીવી કોઈ નથી. બધાં જ તમારાં આશિષ સાથે જ પરલોકમાં સીધાવશે''. બંનેય પાસે અર્થ તો એક જ છે... પણ, એક "ચિત્તહર" રીતે વાત કરે છે, ત્યારે બીજો ચિત્તને ચીરી નાંખે છે... પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની શિખામણ છે કે પરમાત્માને તો ચિત્તહર શબ્દ અને ઉદાર અર્થવાળા સ્તોત્રથી જ સ્તવજો... પણ જીવાત્માને-દરેક નાનાં મોટાં જીવોને... અરે પાપી અને અપરાધીઓને પણ ચિત્તહર શબ્દોથી બોલાવજો.... પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની ચિત્તહર શબ્દ અને ઉદાર અર્થની વાતનું ઉંડાણ ઘણું છે... શબ્દો પણ ચિત્તહર હોવાં જોઈએ... શબ્દનું આયોજન પણ ચિત્તહર હોવું જોઈએ... અને શબ્દ આયોજન પાછળનો આશય પણ ચિત્તહર હોવો જોઈએ.... શોકમય-અશુભ સમાચાર આપતાં કેટલાંયનો આશય આપણાં શોકને સાંકડો કરવાનો હોય છે. તો કેટલાંકનો આશય આ શોકમય સમાચાર આપણાં હૃદયને ઊંડો ઉઝરડો ભરે તેવો હોય છે. તેઓના આશય પ્રમાણે જ શબ્દ સંયોજન થાય છે. જ્યાં સુધી હૃદયમાં જીવ માત્ર પ્રત્યેનો સન્માન ભાવ *(Reverance of Life)* ન જાગે, ત્યાં સુધી ચિત્તહરપણું શબ્દોમાં કે વાતોમાં, વિચારો કે ઉચ્ચારોમાં ન જાગે... અને તેથી જ લોકોનાં ચિત્તહરણનું સર્જન કરવા માંગતા માનવે પોતે ઉદારમના બનવાની જરૂર છે... કાવ્ય-શાસ્ત્રમાં "ઉદાર"નો અર્થ વિશાળ-વ્યાપક જેવો ભલે થતો હોય, પણ જીવન શાસ્ત્રમાં ઉદારનો અર્થ છે. "સ્વાર્થનો સંહાર"... જ્યાં સુધી સ્વાર્થનું સર્જન છે, ત્યાં સુધી ઉદારતાની કલ્પના શક્ય નથી... જ્યાં સુધી "મેં" અને "મારાં" નો તેમજ "હું" અને "મારૂં"નો વળગાડ છે, ત્યાં સુધી ઉદારતા આવે નહીં. સંસ્કૃતના કવિઓએ તો કહ્યું છે કે "**अयं निजः परो वेति, गणना लघु चेतसाम्, उदार चरितानां तु, वसुधैव कुटुम्बकम्**"-

આ મારો અને પેલો પારકો એવી ગણત્રી તો સાંકડા મનવાળાની છે. જ્યાં સ્વાર્થ છે... ત્યાં સડો છે.. પણ, જો ઉદારતા આવી જશે... "હું" અને "મારૂં" ચાલી જશે તો આ સમસ્ત વસુધા-સમસ્ત પૃથ્વી તારૂં કુટુંબ થઈ જશે... જ્યાં સર્વ સ્વજન હોય ત્યાં પરજન કોણ ? ઉદારતા માત્ર ધન આપવાથી નથી આવતી... ધન આપવાથી, વાપરી નાંખવાથી, અરે દાનમાં પણ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આપી દેવાથી દાનવીરતા આવે, પણ ઉદારતા તો મોંઘી છે. દાન લેનાર માનવીને કદીયે કોઈનું દાન લેવું ન પડે... એવા વિશુદ્ધ ભાવોનો ઉછાળો દાન આપતી વખતે આવે તો ઉદારતા... "આજે હું તને દાન આપું છું... પણ, કાલે તું સમસ્ત વિશ્વને દાન આપનારો બનજે".-એવી ઉદાત્ત અને ભવ્ય ભાવના આવે તો જ ઉદારતા.

પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. કાવ્ય વિજ્ઞાનની સાથે જીવન સાફલ્ય વિજ્ઞાનનો ઈશારો કરે છે... કારણ, તેઓ તો ઉદાર છે... એમની વાત પણ આપણને સ્પર્શે છે. અપીલ કરે છે. કારણ કે એમનાં શબ્દો-એમના શબ્દનું આયોજન ખરેખર "ચિત્તહર" છે... - એમના ભાવો-એમના આશયો ખરેખર ઉદાર છે.

★ "વિગત ત્રપોડહં" ★

●●● ગુજરાતી ભાષા પણ કમનીય છે... મનોહર છે... ખૂબ જ નાનપણમાં સાંભળ્યું હતું-"શરમાય તે કરમાય" શરમમાં રહેનારો કદીયે પોતાની વાત રજૂ કરી શકતો નથી... કદીયે જીવનના ક્ષેત્રમાં ફાવી શકતો નથી... એનું જીવન પુષ્પના પાંદડાની જેમ માત્ર ગરમીથી કરમાઈને શુષ્ક બની જતું હોય છે. જેને કરમાવું ન હોય... જેને જીવનમાં રસિકતા કેળવવી હોય... જેને જીવનના જંગમાં ફાવી જવું હોય તેને શરમ છોડવી જ પડશે...

પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. અહીં "વિગત ત્રપો" શબ્દનો ઉપયોગ કરે છે... આપણે ત્યાં પણ "લાજ-શરમ" એવા શબ્દો વપરાય છે. "લાજવું અને શરમાવું"- એ બે જુદી ચીજ છે. પોતાનો ગુનો હોય, પોતે ખોટો હોય તો માનવ લાજ અનુભવે છે... પણ, જ્યારે એને "મને કોઈ શું કહેશે"-એવો વિચાર પેદા થાય છે... એટલે શરમ આવે છે... સભામાં ઊઠીને પોતાના માટે કોઈ ચીજ માંગવી હોય તો માણસને લાજનો અનુભવ થાય, પણ કોઈકને બે શબ્દ સારાં કહેવા છે... છતાંય કહી શકતો નથી, કારણ કે એને શરમ આવે છે... આવી શરમ આત્મ-વિશ્વાસનો અભાવ છે. પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના "**વિગત ત્રપોડહં**"ના ઘોષમાં; હું આત્મ-વિશ્વાસનો રણકાર સાંભળી રહ્યો છું... પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. માનવ માત્રને આ સ્તોત્ર દ્વારા આત્મ-વિશ્વાસનું અમૃત પાન કરાવે છે. "શાને ડરો છો જગતથી ?" આટલો બધો ક્ષોભ કેમ અનુભવો છો ? આટલી બધી શરમ શાને રાખો છો ?-તૈયાર થઈ જાવ જગતના સંગ્રામમાં... અહીં સફળતા મળશે... આત્મ-વિશ્વાસુઓને. એકવાર તમારી શરમને તમે ઓળંગી જશો એટલે જીવનના જંગમાં સફળ થઈ જવાના. તમે પૃથ્વી જગતને-વનસ્પતિ જગતને જોયું નથી... અહીં હજારો વર્ષના વૃક્ષો પોતાનાં તોતિંગ થડોને લઈને જડ જમાવીને બેઠાં છે... છતાંય પેલાં નવા ઉગતાં અંકુરાને જરાય ક્ષોભ છે; ખરો ? ભલે, પેલાં મહાકવિઓ સ્તોત્ર બનાવીને જામી ગયા હોય, પણ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. ફરમાવે છે કે મારા હૃદયમાં જો કાવ્યનો અંકુરો ફૂટી નીકળતો હોય તો મારે તો તે અંકુરાને શા માટે દબાવવો જોઈએ ? શા માટે એવા તોતિંગ વૃક્ષોથી લાજવું જોઈએ ? અને એટલે જ આ **ભક્તામર પ્રચંડ આત્મ-વિશ્વાસથી રચાયેલી-ગવાયેલી કવિતા છે...** જેની પાસે પૂર્વ તૈયારી પૂર્ણ છે... તેને ક્ષોભની... ડરવાની... શરમાવાની જરૂર નથી... માનવી કહેતો હોય છે કે એને લોકોનો ડર લાગે છે... મને લોકોની શરમ આવે છે... પણ, ખરેખર તો તે પોતાની આવડતની અધુરાશથી જ ડરતો હોય છે. આત્મ-વિશ્વાસનો અભાવ જ; તેને ભરખી જતો હોય છે... શાને જીવનમાં આત્મ-વિશ્વાસ વિહીન બનીને જીવવું ? **પહેલાં જ પ્રયત્નથી કોઈ પૂર્ણ બન્યો નથી...** તીર્થંકરો માટે પણ નિયમ છે કે તેઓ જે ભવમાં સમ્યક્ત્વ પામે છે, તે જ ભવમાં મોક્ષ જતાં નથી... મોક્ષે જવાના ત્રણ ભવ પૂર્વેથી તીર્થંકર નામકર્મ નિકાચતાં સમ્યક્ત્વ પામીને. એ જ ભવમાં ભલે ઘણાં આત્મા મોક્ષે જતાં હોય, પણ, તીર્થંકરો તો સમ્યક્ત્વ પામે એ જ ભવમાં મોક્ષમાં જતાં નથી... ક્ષોભ શાનો છે ? ગતિ છે; તો મંઝિલ મળવાની જ છે... પેલાં મહાન ચિંતકને કોઈકે તેમની સફળતાનું રહસ્ય પૂછયું... એમનો જવાબ હતો... "મારી દરેક નિષ્ફળતાથી મારો આત્મ-વિશ્વાસ વધ્યો છે" દરેક નિષ્ફળતાને મેં સફળતા ન માની પણ, સફળતાની સીડી માટે પગથીયાં તરીકે ઉપયોગ કર્યો છે... **શરમને જીતી જનારમાં, ક્ષોભને ઓળંગી જનારામાં નિષ્ફળતાને નિષ્ફળ કરવાની શક્તિ પ્રગટે છે...**" મહાન કવિ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના આ ભાવો સ્પષ્ટ કરવા પૂ. મેઘવિજયજી ઉપાધ્યાય પોતાની ટીકામાં ખુલાસો કરે છે.

''अत्रायं हेतुहेतुमद् भावः, यतोऽहं विगतत्रपो अतः बुध्या बिनाऽपि स्तोतुं समुद्यतमतिरस्मि''

હું બુદ્ધિ વગરનો હોવા છતાં પણ સ્તવના કરવા માટે ઉદ્યત થયો છું... માટે શરમાઉં છું.. એવો અર્થ નથી કરવો, "શરમ" એ કાર્ય છે અને બુદ્ધિ વિનાની સ્તુતિનો પ્રારંભ એ કારણ છે... એમ નથી સમજવાનું... પણ, બુદ્ધિ વિના પણ સ્તવના એ કાર્ય છે... અને મારામાં જરાય ભય નથી... ક્ષોભ નથી... શરમ નથી... હું "**વિગત ત્રપ**" છું એ કારણ છે... જો મારામાં ક્ષોભ હોત-મારામાં આત્મ-વિશ્વાસનો અભાવ હોત તો હું કદી આ કાવ્ય બનાવી ન શક્યો હોત. પૂ. મેઘવિજયજી ઉપાધ્યાયે માત્ર ભક્તામરની ટીકાનો અર્થ નથી પ્રગટ કર્યો... પણ, માનતુંગી મહાસિદ્ધિનો મહામંત્ર પણ રજૂ કર્યો છે. એકવાર નહીં...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હજારવાર નોંધી રાખો-"શરમાશો તો કરમાશો" પણ, આવો આત્મ-વિશ્વાસ આપણને કેમ નથી આવતો આ જ પ્રશ્ન છે... આવો આત્મ-વિશ્વાસ કેળવવો હોય તો શું કરવું એ આપણો પ્રશ્ન છે... આત્મ-વિશ્વાસનું રહસ્ય છે અવંચકતા... કદીયે આત્માને છેતરશો નહીં... જે આત્મવંચક છે, જે પોતાની જાતને જ ઠગનારો છે, તેનામાં જ આત્મ-વિશ્વાસ નથી હોતો... આત્માને છેતરનારાઓના હાકોટા મોટાં હોય છે. પણ, એમનામાં "હામ" નથી હોતી... હામ-હિંમત-આત્મ-વિશ્વાસ તો આત્મ-સન્માન કરનારાઓમાંથી જ પ્રગટે... આત્માનો અવાજ જેને સાચી વાત કહેતો હોય, તે જ વાત પ્રમાણે વર્તનારામાં આત્મ-વિશ્વાસ પ્રગટે છે... ખૂબ જ પ્રયત્ન કરો-"આત્મ-વિશ્વાસમાં આગળ વધવાનો"... **જગતને છેતરનારાં એક દિવસ પકડાઈ જાય છે.. પણ, જાતને છેતરનારા તો સર્વદા પટકાઈ જાય છે...** માટે જ જાતને કદી પણ છેતરશો નહીં... જાતને છેતરનારા પાસે આત્મ-વિશ્વાસ નહીં જ આવે. આત્મ-વિશ્વાસ વિના કદી સફળ નહીં જ થવાય. પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. સફળ કવિ છે. શ્રી ભક્તામર સ્તોત્ર એ એમની સફળ કૃતિ છે. કારણ કે, પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.માં પ્રચંડ આત્મ-વિશ્વાસ છે... એમનું શ્રી ભક્તામર સ્તોત્રનું સર્જન અખંડ આત્મ-વિશ્વાસ સાથે થયું છે... રાજાના દરબારમાં ક્ષોભ થયો હોત કે "હું આ બેડીઓને કેવી રીતે તોડી શકું?" અરે, આ તો દેવ છે... હું પરમાત્માનું સ્મરણ કરીશ ને દેવો પ્રમાદ વશ થઈને નહીં આવે તો શું થશે? "બસ આવા કાયર વિચારો હોત તો આત્મ-વિશ્વાસ ન આવત અને આવા મહાન સ્તોત્રનું સર્જન... આવી મહાન શાસન પ્રભાવનાનું સર્જન કદીય શક્ય ન બન્યું હોત.

"વિગત ત્રપોડહં"-એટલે લજ્જા વિનાનો એવો અર્થ નહીં કરવાનો... કોઈ ધીઠા ગૂનેગાર જેવો અર્થ નહીં કરવાનો... પણ, "વિગત ત્રપોડહં" એટલે ક્ષોભ અને શરમને ફગાવી દઈને, "**હું પ્રચંડ આત્મ-વિશ્વાસનો સ્વામી છું**" તેવો અર્થ કરવાનો...

★ સ્તોત્ર સ્રજં ★

શ્રી ભક્તામર સ્તોત્ર કાલંજયી કૃતિ તરીકે કંડરાયેલું છે... કેટલાંક ચિંતન-બીજોનો ખ્યાલ ગાથા-રહસ્યાર્થ રૂપે આપ્યો. આ ગ્રંથની તો મર્યાદા પણ ઓછી છે અને સમય પણ ઓછો છે. છતાંય આખરી શ્લોકના ચિંતન બીજનું આલેખન કર્યા વિના જાણે અભરખો અધુરો રહી જતો હોય તેવું લાગે છે. હૃદયની ઉર્મિઓને જયાં જયાં વાચા મળે છે, ત્યાં ત્યાં શાશ્વત્ સર્જન થયા જ કરે છે. આ અંતિમ શ્લોકનો પ્રથમ શબ્દ છે **''સ્તોત્ર સ્રજં''.**

''સ્તોત્ર સ્રજં'' અને ''લક્ષ્મીઃ'' એ બે શબ્દો પર તો ભક્તામરના ટીકાકારો આવરી ગયા છે. પૂ. ગુણાકરસૂરીશ્વરજી મ.સા. ની પૂર્વે કોઈ પણ ભક્તામરની ટીકા હશે તેવું લાગતું નથી અને કદાચ કોઈકે તે પૂર્વે પણ ટીકા રચી હશે તો તેઓની સમક્ષ તો કોઈ ટીકા હતી જ નહીં, એવું લાગે છે. આમ, છતાંય એમણે આખરીની ગાથામાં જે રસ વૈવિધ્ય વહાવ્યું છે. એ માત્ર તેમની વિદ્વતાનો નહીં, એમની વિશેષ પ્રજ્ઞાનો પૂરાવો છે. ગાયેલું ગાવું - એમાં વિશેષતાની આવશ્યકતા નથી હોતી. પણ, એવું ''ગાવું'' કે પાછળવાળા સહુને - જમાનાના જમાનાઓને એ ગાયેલું ગાવું પડે. આવી રચના વિશેષ જ્ઞાન વિના થઈ શક્તી નથી.

ટીકાકાર પૂ. ગુણાકરસૂરીશ્વરજી મ.સા. એ આ ગાથાના છ (૬) અર્થો કર્યા છે. એમને પણ કોઈ બીજાં કાર્યની ઉતાવળ હશે. ફકત છ (૬) જ અર્થ કરીને અટકી જાય, એવી એમની પ્રજ્ઞા નથી, પણ મર્યાદા છે. છતાંય આ મર્યાદામાં રહીને પણ વિદ્વાન્ વાંચકોને ઈશારો કરે છે. ''**अन्योऽपि शुभोऽर्थः सुधीभिः स्वधिया व्याख्ये**'' હે સુધી ! હે ! બુદ્ધિના બાદશાહો ! આમ, તો મેં છ (૬) અર્થ કર્યા છે. તમારે તમારી બુદ્ધિને વિકસાવીને બીજાં પણ અર્થો કરવા. ખાસ, જે અર્થ કરો તે શુભ અર્થ કરજો. ગ્રંથકારનું હાર્દ જળવાય. ગ્રંથકારનું ગૌરવ વધે અને વાંચકનું પણ ગૌરવ વિકસિત બને. **'' વાંચકની દિશા બદલાય અને દશા સુધરે... એનું જ નામ શુભ અર્થ''.** આવાં અર્થનું સૂચન કરી પૂ. ગુણાકરસૂરિજી મ.સા. આપણને માત્ર એક જ ગાથા માટે નહીં. પણ, સમસ્ત શ્રી ભક્તામર સ્તોત્ર માટે એ દિશા આપી છે. સમસ્ત શ્રી ભક્તામર સ્તોત્ર માટે જ એમ કેમ માનવું? સમસ્ત શાસ્ત્રો માટે આ જ વાત સમજવાની છે. અને

''**एगस्स सुत्तस्स अणंत अत्थो**'' એક સૂત્રના અનંત અર્થ થાય છે તે વાતને પ્રત્યક્ષ કરવાની છે.

ચાલો. તો. સહુ પ્રથમ ''**स्तोत्र स्रजं**'' પદનો આસ્વાદ કરીએ ''**भक्तामर**'' એ માત્ર સ્તોત્ર નથી. સ્તોત્ર માલા છે. માળા ભલે એક દોરામાં-એક ગુણમાં બંધાયેલી છે. દોરો તો એક જ હોય છે, પણ, પુષ્પો અનેક હોય છે. વળી, કોઈ પ્રશ્નકાર હોય તે એમ પણ કહે-એવું કોણે કહયું કે એક જ જાતનાં - એક જ વર્ણના પુષ્પોની માળા ન હોય? મોગરાના ફુલની પણ માળા હોય અને સંપૂર્ણ માલતીના ફુલની માળા પણ હોય. પણ, પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. સ્પષ્ટ કરે છે **''આ ભક્તામર સ્તોત્ર રૂપ પુષ્પમાલા''** વિચિત્ર અનેક જાતનાં પુષ્પોની બનેલી છે. ઓ વાંચક ! વચમાં ઉભો રહી જા થોડીક બીજી વાત કરી લઈએ.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતી ભાષામાં ''વિચિત્ર'' શબ્દનો અર્થ સંસ્કૃત જેવો નથી રહયો. શબ્દના ઉચ્ચારણનો પણ અપભ્રંશ થાય છે. પરિવર્તન થાય છે. એમ અર્થનું પણ અપભ્રંશ થઈને પરિવર્તન થતું હોય છે. ''વિચિત્ર'' નો અત્યારે ગુજરાતીમાં ન ગમે તેવું અથવા ન સમજ પડે તેવું - કંઈક સુગ ચઢે તેવું'' અર્થ થાય છે.

પણ, સંસ્કૃત ભાષામાં ''વિચિત્ર'' શબ્દ વૈવિધ્યવાળી-વિવિધતાવાળી ચીજો માટે વપરાતો લાગે છે. આ ભક્તામર સ્તોત્ર અનેક જાતનાં સુંદર પુષ્પોની માળા છે.

કોઈક શ્લોકમાં મનોહર ઉપમા છે. તો કોઈક શ્લોકમાં સુંદર પ્રાસ છે. કોઈક શ્લોકમાં અર્થાન્તરન્યાસ રૂપ અલંકાર-આભૂષણ છે. તો કોઈક શ્લોક દૃષ્ટાંત અલંકારથી દેદીપ્યમાન છે. અને કદાચ આ જ વાત પરથી પાછળના પગેરૂ ટીકાકારોએ પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના પગલાં શોધી કાઢયાં છે. આ વિચિત્ર-પુષ્પામ્ થી જ કદાચ ભક્તામર-સ્તોત્રના પ્રત્યેક શ્લોકનો વિભિન્ન-વિવિધ પ્રભાવ છે - એવું સૂચન થઈ ગયું છે અને ટીકાકારોએ જાણે એ રહસ્યને પામીને દરેક શ્લોકનો જુદો જુદો પ્રભાવ પણ દર્શાવ્યો છે.

આ સ્તોત્ર-માલા આમ, અનેકવિધ વિવિધ પુષ્પોવાળી છે. પણ, આ પુષ્પોમાં પણ આગળ વાત થઈ એવો એક વર્ણ નથી. અનેક વર્ણો છે. પ્રશ્ન કરનાર તો એમ પણ પૂછશે કે વિવિધ-પુષ્પોનો અર્થ તો ''અનેક જાતના પુષ્પો'' એમ અર્થ કર્યો. પણ ''વિવિધ વર્ણો'' અર્થ કેવી રીતે કર્યો ? ત્યાં તો રુચિર વર્ણ પદ છે આ વાત સાચી છે. પણ, ''રુચિર'' એટલે શું લોકોની રુચિ પ્રમાણેનું. ''રુચિર'' એટલે પ્રત્યેકના મનને ગમી જાય તેવું. શું લોકોની રુચિ કદી એક સરખી હોય ? કોઈને લાલ રંગ જોઈને ભડકો સળગી રહ્યો હોય તેવું લાગે તો કોઈને લાલ વિના બધું ફીક્કું જ લાગે ગ્રંથકાર પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને લોક રુચિનું મહત્ત્વ છે.. આપણને પોતાને ગમે તેવું આપણને બીજાને આપવાનું મન થાય છે પણ બીજાને તમારી ચીજ માત્ર તમારી રુચિથી ઠોકી ન દેવાય. ધર્મ પણ કોઈના ઉપર થોપી ન શકાય. સત્ય પણ કોઈના ઉપર લાદી ન શકાય. લોકોની સત્ય માટે-ધર્મ માટે-પ્રત્યેક કાર્ય માટે રુચિ જગાવવી જોઈએ.. પૂ. માનતુંગ સૂ.મ.સા.એ લોક રુચિને એવી તો જગાવી છે કે જૈન-જૈનેતર જે કોઈપણ એકવાર આ કાવ્યનો સ્વાદ લે છે તે આ કાવ્યને ભૂલી શક્તો નથી.

ભોગાર્થી - ભૌતિકાર્થી કે વિરાગાર્થી - વીતરાગાર્થી - મોહાર્થી કે મોક્ષાર્થી કોઈને પણ ભક્તામર ન ગમે તેવું છે નહીં... કારણકે એ કાવ્ય લોકરુચિને સમજનારા પૂ. માનતુંગ સૂ.મ.સા. બનાવ્યું છે... છતાં યે તેઓ લોકાનુગામી નથી.. એ લોકોની રુચિને લોકોત્તર માર્ગે વાળે છે... દૈહિક અને ભૌતિક, ભોગીને ભોગની પ્રાપ્તિ આ સ્તોત્રથી થશે.. એવી વાતની પૂ. માનતુંગ સૂ.મ.સા.એ ના નથી કહી. પણ હળવેથી પૂછયું છે કે શું મળશે તને દેહના ભોગમાંથી ?

અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રના આ સ્વાદને તેં ઓળખ્યો નથી જગતના તમામ ભોગોપભોગ ભોગાંતરાયના ક્ષયોપશમથી મળે છે, પણ સ્વભાવનો ભોગ સ્વભાવની સૌંદર્યતાનો ઉપભોગ તો આ કર્મના ક્ષયથી જ થશે. આ સ્તોત્ર માળામાં રુચિર વર્ણો છે.. વર્ણોનો અર્થ (અ થી ક્ષ) ''અ'' થી ''ક્ષ'' સુધીના અક્ષરો છે

એક છોકરાને એની માએ પ્રાર્થના કરવા ઉભો રાખ્યો.. થોડીવારમાં તેણે ધ્યાન પૂર્ણ થયું હોય તેવી રીતે મા ને કહ્યું. ''મા, મેં ભગવાનને સુંદરમાં સુંદર પ્રાર્થના કરી..'' મા આશ્ચર્યથી કહે છે- ''બેટા ! તને તો એક પણ પ્રાર્થના નથી આવડતી.. તેં કેવી રીતે પ્રાર્થના કરી ?'' છોકરાએ સ્વાભાવિક રીતે જ કહ્યું. ''મા, સારામાં સારી પ્રાર્થના પણ બાવન અક્ષરોમાંથી જ બને છે.. માટે હું ભગવાનની પાસે પૂરો કક્કો બોલી ગયો છું.. હવે એમાંથી એ પોતે જ સારામાં સારી કવિતા બનાવી લે'' એમ મેં કહી દીધું છે, કારણકે, સારામાં સારી કવિતા પણ કક્કામાંથી જ બને છે..'' આમ જોઈએ તો વર્ણોમાં વળી ''રુચિર'' શું ?.. દરેક વર્ણો સારા પણ છે અને ખરાબ પણ છે... રુચિને જગાડે છે.. અને રુચિને ભગાડે પણ છે.. સારામાં સારી કવિતા જો બાવન અક્ષરોમાંથી બને તો ખરાબમાં ખરાબ ગાળ પણ બાવન અક્ષરની બહારથી થોડી બને છે... ''રુચિરતા'' વર્ણમાં નહીં.. પણ વર્ણના સંયોજનમાં છે. આપણા કવિ પૂ. માનતુંગસૂ. મ.સા. કહે છે વર્ણો તો બધાંની પાસે હોય જ છે.. પણ સંયોજન એ જ ખૂબી છે.. તેથી અહીં આ ''રુચિર વર્ણ'' એટલે સ્વાભાવિક રીતે ''વર્ણોનું'' - ''શબ્દોનું'' અને આખરે ''પદનું'' પણ સંયોજન થયું છે.. અને તેથી જ આ સ્તોત્રની માળા રુચિર વર્ણવાળા વિવિધ પુષ્પોની બનેલી છે.. પણ, આવી માળા એક દિવસ પહેરી અને એક દિવસ ન પહેરી.. આવું નહીં ચાલે.. આવી માળા તો તારે તારા કંઠમાં સદૈવ લટકતી રાખવી પડશે.. "ડર હતો-ભય આવ્યો-ઉપસર્ગ થયો-મુશ્કેલી હતી ત્યારે શ્રી ભક્તામર-સ્તોત્ર ગણ્યું.. હવે આ સ્તોત્રનું ગણવાનું બંધ છે." ગામમાં પૂજ્ય સાધુ મહારાજ ચાતુર્માસ આવ્યા ત્યારે ભક્તામર રોજ બોલતો હતો.. હમણાં બંધ છે. પૂ. માનતુંગસૂ. મ.સા. કહે છે - આ બધું ન ચાલે.. જો સ્તોત્ર સ્વજં છે.. તો તે અજસ્રં નિરંતર પહેરવી જોઈએ.. પ્રતિદિન આ સ્તોત્રનો પાઠ થવો જોઈએ. શ્રી ભક્તામર સ્તોત્ર રોજ ગણવું જોઈએ.. આનો આનાથી મોટો નિર્દેશ કયો હોઈ શકે ?

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. માનતુંગસૂ. મ. સા. કહે છે કે જો તારે માનથી ઉત્તુંગ બનવું હોય તો આ સ્તોત્રનો પાઠ નિરંતર કરવો જ જોઈએ.. કારણકે મેં (માનતુંગસૂરિ) આ જ સ્તોત્રમાં પડકાર કરતા કહ્યું છે કે **''भूत्याश्रितं य इह नात्मसमं करोति''** ''શું આ મારો આદિદેવ આશ્રિતને પોતાના જેવો નથી બનાવતો ?'' જુઓને એ જ વાત યાદ ન અપાવી હોત તો... તે પદમાં પણ ''य ईह'' શબ્દ અને ગાથામાં પણ **''धत्तो जनो य इह कंठगता मजस्रं''** - અહીં પણ **''य इह''** શબ્દનો ઉપયોગ શા માટે આવા કાવ્યમાં કર્યો. **''य इह''** શબ્દની આવૃત્તિ આ બે ઠેકાણે જ છે.. વાંચક ચિંતન કરે કે મહાપુરુષો પોતાના રહસ્યો કાલંજયી કૃતિમાં ફેલાવતા જ હોય છે.. આપણે એ રહસ્યોને શોધવાના હોય છે.. એ રહસ્યોને પામવાના હોય છે. પૂ. માનતુંગસૂરિ મહારાજે આ આઠ ભય બતાવ્યાં છે. છતાંય ''ઓ મૂર્ખ ! તું એમ કહે છે કે હું તો ભય આવે ત્યારે ભગવાનને ભજીશ.. રોજ મને સમય નથી.. રોજ મને કયો ભય ખાઈ જતો હોય છે કે હું ભક્તામર ગણું ?'' જરા રહસ્યને પામ.. શા માટે પૂ. માનતુંગસૂરિ મહારાજે આઠ ભયોનું વર્ણન કર્યું ?''

આ આઠ ભયને શું તે નથી ઓળખ્યા ? હવે ઓળખ.. આ આઠેય કર્મો એ આઠ ભય છે. પ્રતિપળે તું ચાર ઘાતીકર્મોના ઉદયથી ત્રસ્ત છે, પ્રતિપળે તું ચાર અઘાતી કર્મોના ઉદયથી ધ્વસ્ત છે.. ભયથી ભીંસાઈ ગયેલો - ભયથી ભરમાઈ ગયેલો ઓ માનવી ! ક્ષણ માટે અંતર-આત્માના વિકાસનો વિચાર કરજે. તું જરૂર સમજી શકીશ કે **શ્રી ભક્તામર-સ્તોત્રનો** પાઠ તો દરરોજ નહીં, હરક્ષણે કરવા જેવો છે.. જ્યાં સુધી તને ભગવાનના ગુણોથી ગૂંથાયેલ માળાનો ખ્યાલ નહીં આવે, ત્યાં સુધી તારૂં જીવન ચમકી નહીં ઉઠે.. માટે જ ટીકાકાર **''जिनेन्द्र !''** સંબોધન કરીને **''गुणै र्निबध्धां''** - એ પદનો ગુણો વડે ગુંથાયેલી એવા અર્થથી સંતોષ નથી કર્યો.. બીજો અર્થ એ પણ કર્યો છે કે **''जिनेन्द्रगुणै र्निबध्धां''** - આ રુચિર વર્ણવાળા-વિવિધ પુષ્પોવાળી માળા લૌકિક પુરુષોની ખુશામત નથી... આ તો જિનેન્દ્ર-ગુણોથી ગુંથાયેલી માળા છે.. આવી જિનેન્દ્રના ગુણોવાળી રુચિર વર્ણ અને વિવિધ પુષ્પોની માળાને જે અજસ્રં - નિરંતર **''कंठगताम्''** સ્મૃતિ પથમાં રાખે છે, તે **''मानतुंग''** બને જ છે...

અમદાવાદમાં જૈન નગર સોસાયટીમાં ચાતુર્માસ હતું. એક વિદ્વાન બ્રાહ્મણ પ્રોફેસર મળ્યા.. તેઓ કહેવા લાગ્યા - ''આપના પૂ. ગુરુ મહારાજ અને આપ બધાં તો આ રીતે સમૂહમાં ભક્તામર-સ્તોત્રનો પાઠ કરો છો.. હું પણ રોજ શ્રી ભક્તામર સ્તોત્રનો પાઠ કરું છું..'' મેં પૂછયું ''કેમ તમને ભક્તામર સ્તોત્ર ગમી ગયું ?'' પ્રોફેસર સાહેબે જણાવ્યું - ''જરૂરથી ગમે છે.. આ ભક્તામર પણ ગમે છે અને જિન શાસનનો નિયમ પણ ગમે છે... અહીં ભગવાન બનવું એ કોઈની *(Monopoly)* મોનોપોલી નથી. બધાં જ આત્મા-પરમાત્મા બની શકે છે.''

''જિન ધર્મ એટલે પામર આત્માને પરમ + આત્મા = પરમાત્મા બનાવવાનો પથ છે.'' - આ વાત સમજાઈ જાય તેવી છે.. અહીં વીતરાગ બનવું - એ કોઈની મોનોપોલી નથી. એકાધિકારથી અહીં કશું જ ધરાયેલું નથી. જિન શાસનતો ગુણાધિકાર પર રચાયેલું છે... જો શ્રી આદીશ્વર પરમાત્મા તીર્થંકર બનવું એ મોનોપોલી નથી, તો પોતે જ **''मानतुंग''** બનવું એવી માનોમોલી પૂ. માનતુંગ સૂરિ શા માટે રાખે ?

પૂ. ગુણાકર સૂરીશ્વજી મ. સાહેબે ''માનતુંગ'' ના છ અર્થો કરી બતાવ્યા... એ અર્થો કરતા વ્યક્તિ ગૌણ બની... પૂ. માનતુંગ સૂ. મહારાજને ગૌણ બનાવ્યા... પણ, વ્યક્તિત્વ ઊભરાઈ આવ્યું.. ચાલો, જોઈ લઈએ ''માનતુંગ'' ના છ અર્થો..

''માન'' એટલે ''ચિત્તની ઉન્નતિ'', અને તુંગ એટલે ''ઊંચા''....

(૧) ''માનતુંગ'' એટલે ચિત્તની ઉન્નતિથી ઊંચા..
(૨) ''માનતુંગ'' એટલે પ્રતિષ્ઠાની પ્રાપ્તિથી ઊંચા..
(૩) ''માનતુંગ'' એટલે અભિમાની પુરુષોત્તમ (કૃષ્ણ)..
(૪) ''માનતુંગ'' એટલે અહંકાર સહિત આજે જેને સ્વાભિમાની કહેવાય તેવાં..
(૫) શરીરના અપ્રમાણતાથી શ્રેષ્ઠ પુરુષોની ગણનામાં મોખરે એ જ **''मानतुंग''**

આવાં માનતુંગ બનવાની માત્ર સ્તોત્રકાર સૂરિજીએ મોનોપોલી નથી રાખી.. તમે પણ શ્રી ભક્તામર સ્તોત્ર ગણજો.. અને **''मानतुंग''** બનજો.. પુરુષ ગણનામાં ગણાતા પણ થાવ અને પુરુષોત્તમ પણ બનો.

આવા જ તમે માનતુંગ બનશો એટલે,

પેલી લક્ષ્મી તમારી પાસે અવશ થઈને આવશે વિવશ બનીને આવી જશે.. પૂ. ગુણાકરસૂરિજીએ આ લક્ષ્મીને પણ છ અર્થના સંદર્ભોમાં વર્ણવી છે... પૂ. માનતુંગસૂરિજી મહારાજે સ્તોત્ર રચ્યું અને એ માનતુંગસૂરિજી મહારાજને રાજ્ય-સન્માન,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર્ગ અને હવે મળશે અપવર્ગ-મોક્ષ... આ ત્રણેય રૂપ લક્ષ્મી પૂ. માનતુંગ સૂ. મ.સા.ને મળી છે. તો જેવી રીતે ''અ:'' એટલે ''કૃષ્ણ'' અને ''વશા'' એટલે તેની ''પત્ની'', જેવી રીતે તે માનતુંગ રૂપ પુરુષોત્તમ - કૃષ્ણના ગળામાં વરમાળા આરોપણ કરે છે.. તેવી રીતે આ સ્તોત્રના પાઠ કરનારા ભક્તોનો ગળામાં પણ લક્ષ્મી માળા અર્પણ કરે છે.

પૂ. માનતુંગસૂરિજી મ.સા. એ તો આ સ્તવન જિનેન્દ્રને સંબોધીને જ શરૂ કર્યું છે... સ્તોત્ર પૂર્ણ થતાં પણ જિનેન્દ્રને જ સંબોધે છે તે જ **''प्रथमं जिनेन्द्रं''** શ્રેષ્ઠ જિનેંદ્રને અહીં પણ લલકારે છે. ટીકાકાર કહે છે કે ''જિન'' તો ''વિષ્ણુ''નો પણ પર્યાયવાચી શબ્દ છે.. અને ઈંદ્ર એટલે જ સુરેન્દ્ર. આ વિષ્ણુ અને સુરેંદ્રના શૌર્ય - ઐશ્વર્ય ગુણોથી ગુંથાયેલ માળાને જે કંઠમાં ધારણ કરે છે તે માનતુંગને લક્ષ્મી સહજભાવે સામે આવીને મળે છે...

પાંચમો અર્થ તો સ્તોત્ર માળાની સુષમા આપે તેવી પુષ્પમાળાના પ્રભાવની પ્રશસ્તિ છે.. જે મનુષ્ય પોતાના કંઠમાં પુષ્પની માળા ધારણ કરે છે, તે અવશ્ય લક્ષ્મીવાન બને છે.. પુરુષોની પંક્તિમાં પ્રથમતયા બિરાજમાન થાય છે.. ટીકાકાર એવો પણ શ્લોક ટીકામાં શોધીને મૂકે છે જે પુષ્પમાળા ધારણ કરે છે તે ગરીબ - દરિદ્ર માનવ લક્ષ્મીવાન બને છે..

છઠ્ઠો અર્થ કરતાં ટીકાકાર કહે છે કે જે રીતે સ્વયંવરમાં કોઈ પુરુષના ગળામાં કોઈ સ્ત્રીએ સોનાની માળા પહેરાવી હોય અને તે પુરુષ એ માળાને જાણે ધારણ કરતો હોય તેવી રીતે આ સ્તોત્ર - માળાને જે ધારણ કરશે તેને લક્ષ્મી પોતે જ જાણે કામથી વિહ્વળ બની હોય તેવી રીતે તે માનતુંગને પોતાના વિશાળ માનથી શોભતા સર્વ લક્ષણ સંપૂર્ણ શરીરવાળાને દૂરથી પણ આવીને મળશે.. ભેટશે..

આમ, પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની આ રુચિરવર્ણવાળી - વિવિધ પુષ્પોવાળી માળાને આપણે સહુ કંઠમાં ધારણ કરીએ.. અને જીવનને ધન્ય બનાવીએ.. બસ, જો આવું થશે તો આપણે ''માનતુંગ'' બનીશું.. એવા માનતુંગ બની શકીશું કે સર્વજ્ઞ અને વીતરાગ એ જ આપણા દેવ હોય તેવું આપણું **માન**-ધર્મ ગૌરવ જળવાઈ રહે... એવા માન થી આપણે **તુંગ** બનીએ-ઉચ્ચ બનીએ !

પાંચ મહાવ્રતને ધારણ કરનાર ગુરૂ જ આપણા જીવનના પથ પ્રદર્શક બને એવું આપણું **માન**-નિયમ-મર્યાદા જળવાઈ રહે... એવા જ **તુંગ** બનીએ.

રોજ હું ભક્તામર-સ્તોત્ર ગણીશ જ.. રોજ ભક્તામર ગણીને જ હું પાણી પીશ... રોજ જિનપૂજા તથા એક નવકારવાળી ગણીશ... આવા નિયમો હું કોઈ પણ ભોગે તોડીશ નહીં... એમાં કાંઈ પણ બાંધ-છોડ કરીશ નહિ... આવું **''માન''** - આવી ટેક રાખીને આપણે **''તુંગ''** એટલે ઉચ્ચ બનવાનું છે...

આ ભક્તામરનો અજસ્રં - નિત્ય પાઠ કરનારને ભલે ગમે તેવું **''માન''** મળે છતાં પણ તે પોતાની શ્રદ્ધા - પોતાની ટેકમાં **''તુંગ''** ઉચ્ચ રહે તો પલ-પલ પ્રસન્નતાથી - પ્રશાંતિની - મનઃશાંતિની વીતરાગીતાની લક્ષ્મી એને જરૂર મળશે.

પૂ. માનતુંગસૂરિજી મ.સા. ભક્તામરની કૃતિ અજમાવો.. અને સફળ થાવ.. અહીં *Luck by chance* નથી... અહીં તો *"Turn your luck and be god"*.. **''તમારું ભાગ્ય બદલો અને ભગવાન બનો''** - **''એવી વિક્રમી હાકલ છે.. એવો જ જિનરાજનો સનાતન યશ-નિનાદ છે..''** આવા યશનિનાદને અમલમાં મુકી આત્માથી પરમાત્મા બનો !

ગાથા સંખ્યા રહસ્ય

- "શ્રી ભક્તામર સ્તોત્ર" કેટલી ગાથાનું છે ?

ભક્તામર-સ્તોત્રની કેટલી ગાથા છે આ પ્રશ્ન આજે બધાંને મૂંઝવણમાં મૂકે છે. પણ, પૂજ્ય માનતુંગસૂરીશ્વરજી મહારાજે આ સ્તોત્રની ચુમ્માળીશ (૪૪) જ ગાથા રચી છે. **જો ચુમ્માળીશ (૪૪) જ ગાથા પૂ.માનતુંગસૂરીશ્વરજી મહારાજે રચી હોય તો અત્યારે અડતાલીસ ગાથાનું ભક્તામર શા માટે મળે છે ?** અડતાલીસ ગાથાવાળા ભક્તામર સ્તોત્રમાં ગાથા નંબર (૩૨,૩૩,૩૪,૩૫) બત્રીસ, તેત્રીસ, ચોત્રીસ અને પાંત્રીસ પૂ.માનતુંગસૂરિ મહારાજે રચેલી નથી. એટલે વધારાની ગાથા છે. સાહિત્યમાં આવી ગાથાને પ્રક્ષિપ્ત ગાથાઓ કહેવાય છે...

- **સારું થયું આપે વધારાની ગાથાના નંબર-ક્રમાંક અમને જણાવ્યા, નહીં તો અમે એમ જ માનતા હતાં કે પીસ્તાલીસ-છેતાલીસ-સુડતાલીસ અને અડતાલીસ ગાથા (છેલ્લી ચાર ગાથા) જ વધારાની છે. ભલે એમ હોય, પણ આ ચાર ગાથા પૂ. માનતુંગસૂરિશ્વરજી મહારાજાની બનાવેલી નથી, એવું કેવી રીતે કહેવાય ?**

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ભક્તામર સ્તોત્રના મહત્ત્વને સમજાવતી સંસ્કૃતમાં ટીકા (વિવરણો) છે. તેમાં સૌથી જૂની ટીકા પૂ. આચાર્ય ગુણાકરસૂરિજી મહારાજાની છે. વિ.સં. ૧૪૨૬ ની જે તેઓએ આજથી (૬૨૭) છસો સત્તાવીસ વર્ષ પૂર્વે રચી છે. તેમાં ચુમ્માળીશ (૪૪) જ ગાથાનું વિવરણ છે. અને તેમણે બીજી કોઈ ચાર ગાથાઓ છે, તેની નોંધ પણ નથી લીધી.

- **એવી કલ્પના ન કરી શકાય કે આ સ્તોત્રની મૂળ ગાથા તો અડતાલીસ (૪૮) જ હતી. પૂ. ગુણાકરસૂરિજી મહારાજે આ ચાર ગાથાઓ કાઢી નાંખી. અથવા તેમના સમય પહેલાં જ કોઈએ આ ચાર ગાથા કાઢી નાંખી હોય ?**

આ વાત એટલા માટે શક્ય નથી કે આ ચાર ગાથામાં કોઈપણ વાત પૂ. ગુણાકરસૂરિજી મહારાજ સાહેબના કે કોઈપણ જૈન સંપ્રદાયના મતનું ખંડન કરતી નથી. એટલે પૂ. ગુણાકરસૂરિજી મ.સા. કે એમના પૂર્વના આચાર્યોએ અડતાલીસ ગાથામાંથી ચાર ગાથા કાઢી નાંખી. તે વાત અસંભવિત છે.

- **જો, કોઈ પૂ. આચાર્ય ભગવંતોએ ચાર ગાથા કાઢી નથી નાંખી, તેવું માનીએ તો આ ચાર ગાથા કોઈએ એમાં ઉમેરી એવું પણ કેવી રીતે મનાય ?**

આ ગાથાઓ ઉમેરેલી છે એ વાત સ્પષ્ટ છે. કારણકે પૂ. માનતુંગસૂરિ મહારાજની તો ચુમ્માળીશ જ ગાથા છે. આ ગાથાઓ ઉમેરેલી છે એ વાત એટલા માટે શક્ય છે કે શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં ભગવાનના આઠ પ્રાતિહાર્યોનું વર્ણન છે જ્યારે શ્રી ભક્તામર સ્તોત્રમાં માત્ર ચાર જ પ્રાતિહાર્યનું વર્ણન છે. કોઈક વિદ્વાન આચાર્ય કે સાધકે આ ચાર પ્રાતિહાર્યનું વર્ણન કરતી ચાર ગાથા પોતે બનાવી છે.

- **શું આવી રીતે ગ્રંથમાં ગાથાનો વધારો કરવો સારો છે ? આવો વધારો કેમ થતો હશે ?**

જૂના વખતમાં હસ્ત લિખિત પ્રતોનો રિવાજ હતો. મોટાં ભાગે પ્રતોની કોપીઓ લહિઆઓ કરતા હતાં. (તેમના અક્ષરો સારાં હતાં) પણ, તેમને સંસ્કૃતનું ખાસ ઊંડું જ્ઞાન રહેતું નહીં. આ તરફ વિદ્વાન સાધુઓ પોતાની પ્રતમાં ઘણીવાર એક જ વિષયને વધારતાં-પુષ્ટ કરતાં કે સમર્થન કરતાં શ્લોકો પોતે બનાવીને કે બીજાંના બનાવેલા પ્રતના હાંસિયામાં લખી રાખતાં હતા. લહિયાઓ બીજીવાર કોપી કરતાં અને એ શ્લોકને પણ ભેગાં કરી દેતાં. આમ, આપણે ત્યાં ઘણાં ઘણાં ગ્રંથોમાં શ્લોકો ઉમેરાઈ ગયા છે અને ગ્રંથો મોટાં થઈ ગયાં છે. બીજા ધર્મના ગ્રંથોમાં પણ આવું ખૂબ બન્યું છે. મહાભારતના મૂળ શ્લોક માત્ર પંચોતેર હજાર છે. તેમાં એક લાખ શ્લોક નવા ઉમેરાયા છે. આમ, શ્લોકો ઉમેરવાની પદ્ધતિ તો આપણે ત્યાં ખૂબ જૂના કાળથી ચાલે છે, પણ, શ્લોકો કાઢી નાંખવાની પદ્ધતિ પ્રાચીન કાળમાં ન હતી.

- **બત્રીસથી પાંત્રીસ આ ચાર શ્લોકો વધારવામાં આવ્યા છે, તેની બીજી સાબિતી શું ?**

આવાં ચાર શ્લોકોના ચાર જોડકા મળે છે. ગાથા બત્રીસમાં વર્ણવાતાં પ્રાતિહાર્ય દુદુંભિ - સુર પુષ્પ વૃષ્ટિ - ભામંડલ અને દિવ્ય ધ્વનિ - આ ચાર પ્રાતિહાર્યનું વર્ણન કરતા ચાર જોડકાઓ છે. એટલે કુલ સોળ શ્લોકો છે. આ શ્લોકોને મદ્રાસમાં વર્ષ પૂર્વે અમને પંડિતજી શ્રી કુંવરજીભાઈએ આપેલ એક પુસ્તકમાં વાંચેલ. અત્યારે પણ આવું એક બીજું જોડકું શ્રી હીરાલાલ રસિકલાલએ સંપાદન કરેલ ગ્રંથમાં મળે છે. આમ, જો ચાર જોડકાના બધાં જ શ્લોકોને ભક્તામર સ્તોત્રમાં ઉમેરી દઈએ તો ચુમ્માળીશ + સોળ (૪૪+૧૬) = સાંઈઠ (૬૦) શ્લોક થાય છે.

- **અહો ! તો પછી તો કોઈ એમ પણ કહે કે શ્રી ભક્તામર સ્તોત્રના સાંઈઠ (૬૦) શ્લોકોમાંથી સોળ શ્લોકો કેમ કાંઢી નાંખ્યા ?**

જરૂર, એમ જ વાત થાત. પણ, સદ્‌ભાગ્યે ચાર કુલકોમાંથી એક જ કુલકના શ્લોકો ભક્તામર સાથે જોડાયા એટલે માત્ર ચુમ્માળીશના અડતાલીસ ગણાયા.

- **બત્રીસ થી પાંત્રીસ સુધીના શ્લોકો પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના ન હોવા છતાંય બીજાં કવિના આ ચાર શ્લોક સહિત શ્રી ભક્તામર સ્તોત્ર અડતાલીસ ગાથાનું કોણ કોણ માને છે ?**

શ્રી ભક્તામર સ્તોત્ર તમામ જૈનોને માન્ય છે. તેમાંથી બધાંજ દિગંબર બંધુઓ ભક્તામર સ્તોત્રના અડતાલીસ શ્લોક માને છે. શ્વેતામ્બરોમાં પણ સ્થાનકવાસી અને તેરાપંથી ભાઈઓ અડતાલીસ શ્લોકો માને છે. પણ, મૂર્તિપૂજક સંપ્રદાયમાં ભક્તામર સ્તોત્રના ચુમ્માળીશ જ શ્લોકનો પાઠ થાય છે.

- **મૂર્તિપૂજક સંપ્રદાયમાં જ ચુમ્માળીશ શ્લોકની માન્યતા કેમ રહી ?**

મૂર્તિપૂજક સંપ્રદાયમાં વિદ્વાન સાધુઓની સંખ્યા વધારે છે. તેઓની પાસે પ્રાચીન જ્ઞાનભંડારો પણ વ્યવસ્થિત અને સુરક્ષિત છે.

- **ભંડારો વ્યવસ્થિત અને સુરક્ષિત હોવાનો શું ફાયદો ?**

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આજ ફાયદો છે કે પ્રાચીન ગ્રંથોમાં શું છે તે સમજ પડે. પાટણના તાડપત્રીય ભંડારમાં જે સૌથી પ્રાચીન એટલે વિ.સં.૧૩૮૮માં શ્રી ભક્તામર-સ્તોત્રની લખાયેલી પ્રત મળે છે. તેમાં પણ ચુમ્માળીશ જ શ્લોક છે. અર્થાત્ આજથી (૬૬૫) છસોપાંસઠ વર્ષ પૂર્વે પણ શ્રી ભક્તામર સ્તોત્રની ચુમ્માળીશ ગાથાની જ માન્યતા હતી...

● **શું શ્વેતામ્બર મૂર્તિપૂજક ગ્રંથોના ભંડારોમાં ક્યાંય અડતાલીસ ગાથાની વાત નથી ?**

છે. હીર સૌભાગ્ય નામના ગ્રંથમાં શ્રી ભક્તામર-સ્તોત્રની અડતાલીસ ગાથાનો ઉલ્લેખ છે. અને ભક્તામર પર યંત્રો-મંત્રો અને આરાધનાના વિધાન બનાવનાર પૂ. આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. (પ્રાચીન પૂ. હરિભદ્ર સૂ. નહીં) તેઓએ પણ અડતાલીસ ગાથાના યંત્રો-મંત્રો વિ. બનાવ્યા છે.

● **તો, પછી મૂર્તિપૂજક સંપ્રદાય અડતાલીસ ગાથા વાળા ભક્તામર સ્તોત્રનો પાઠ કેમ નથી કરતા ?**

શ્રી ભક્તામર સ્તોત્રની અડતાલીસ ગાથા હોવી તે વાત જુદી છે. અને અડતાલીસ ગાથા પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજની રચેલી માનવી તે વાત જુદી છે. જૈન શ્વેતામ્બર વિદ્વાન આચાર્યોનું તથા અમારા પોતાનું મંતવ્ય એજ છે ચાર ગાથા કે પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજની બનાવેલી નથી. છતાં તેનો પાઠ પણ કરવો હોય તો વચમાં ન કરતાં. સ્તોત્ર પૂરું થાય પછી કરવો. માટે જ અમે આ ચાર ગાથાને આ ગ્રંથમાં પરિશિષ્ટ રૂપે રાખી છે.

● **શું આ ચાર ગાથા પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજની બનાવેલી નથી એવું જૈનેતર વિદ્વાન પંડિતો પણ નિષ્પક્ષપાતરૂપે કહે છે ?**

હા નિર્ણય સાગર પ્રેસ તરફથી વર્ષો પૂર્વ ''કાવ્ય માળા''નો સપ્તમ ભાગ પ્રગટિત થયો છે. અને એમાં જૈનેતર પંડિતે પણ જણાવ્યું છે કે પૂજ્ય માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની શ્રી ભક્તામર સ્તોત્રની રચનામાં કોઈએ આ ચાર શ્લોક જોડી દીધાં છે, પણ, મણિની માળામાં જેમ કાચના ટુકડાઓ શોભતાં નથી, તેમ આ ચાર ગાથાઓ પણ વચમાં આવે છે, તે શોભતી જ નથી.

● **તો, આપ એમ જ માનો છો કે ચાર ગાથા કોઈ અન્ય વિદ્વાન પંડિતે બનાવી છે છતાંય તેના તંત્રો-મંત્રો અને યંત્રો છે. આ ગાથાઓ પણ પ્રભાવિક છે. છતાંય તે પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની બનાવેલી નથી ?**

લાગે છે કે આ ગાથામાં પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજ જેવી પ્રાસાદિકતા નથી. આખાય કાવ્યમાં ક્યાંય જોવા ન મળે તેવા પ્રાસોનું આયોજન કરવામાં આવ્યું છે. તેથી તે ગાથા બનાવનાર વિદ્વાન હશે અને તે ગાથાઓ પણ પ્રભાવિક હશે, તેની અમે ના નથી કહેતા.

માત્ર પૂ. માનતુંગસૂરીશ્વરજી મહારાજે આ ગાથા બનાવેલી નથી, માટે જેઓને પૂ. આચાર્ય માનતુંગસૂરીશ્વરજી મહારાજની રસમય અને પ્રભાવિક કૃતિનો આગ્રહ હોય, તેમણે તો આ ગાથાઓનો પાઠ વચમાં તો ન જ કરવો જોઈએ. પૂ. આચાર્ય માનતુંગસૂરીશ્વરજી મહારાજે તો ચુમ્માલીશ ગાથાનું જ ભક્તામર બનાવ્યું છે !

શ્રી ભક્તામરની મૂળ ૪૪ ગાથામાં બીજી ચાર ગાથાઓ ઉમેરાયેલી લાગે છે. એનો કોઈ બીજો પૂરાવો પણ મળે છે. આ ગાથાઓ ઉમેરાયેલી છે અને તે ઉમેરાયેલી હોવાથી તેની વૃદ્ધિનું આયોજન કરવામાં ભૂલ થયેલી છે તે સ્પષ્ટ દેખાય આવે છે. કારણ કે ૪૮ ગાથાના હિસાબે

૩૩ મી ગાથાની ઋદ્ધિ

ૐ ह्रीं अर्हं **नमो सव्वोसहिपत्ताणं** છે.

૩૪ મી ગાથાની ઋદ્ધિ

ૐ ह्रीं अर्हं **नमो खेलोसहिपत्ताणं** છે.

૩૫ મી ગાથાની ઋદ્ધિ

ૐ ह्रीं अर्हं **नमो जल्लोसहिपत्ताणं** છે.

૩૬ મી ગાથાની ઋદ્ધિ

ૐ ह्रीं अर्हं **नमो विप्पोसहिपत्ताणं** છે.

૩૭ મી ગાથાની ઋદ્ધિ

ૐ ह्रीं अर्हं **नमो सव्वोसहिपत्ताणं** છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આમ ૪૮ ગાથા માનીને ઋદ્ધિનું આયોજન કરનારથી એક એવી મોટી ભૂલ થઈ ગઈ છે કે ૩૩ મી અને ૩૭ મી ગાથાની એક જ ઋદ્ધિ લખાઈ ગઈ છે. દરેક શ્લોકમાં ઋદ્ધિઓ જુદી જ છે. તો ૩૩ મી અને ૩૭ મી એક જ ઋદ્ધિ હોવાનું કોઈ કારણ નથી. આ માત્ર નવી ગાથાઓ ઉમેરનારની જ ભૂલ છે.

ભલે, એ વાતને અમે કબુલ કરીએ છીએ કે ૩૩ મી અને ૩૭ મી ગાથાની ઋદ્ધિ એક જ આવી જાય છે તે દોષ છે. પણ તમે આ ચાર ગાથા નથી માનતા તો તમારા મતે ચાર નહીં તો પણ ત્રણ ઋદ્ધિ ઓછી થઈ તે દોષ તો આવશે ને !

એ દોષ નથી કારણ કે ૪૮ જ લબ્ધિપદ છે. એવું કોઈ પ્રમાણ નથી. સૂરિમંત્ર કલ્પમાં કુલ ૫૦ લબ્ધિપદો આપવામાં આવ્યા છે. આ ગ્રંથ શ્વેતામ્બરાચાર્યો લખાયેલો છે. જ્યારે ષટ્‌ખંડાગમની ધવલા ટીકામાં દિગમ્બર આચાર્યના બતાવેલા છે. તેમાં ૪૪ જ લબ્ધિપદો આપેલા છે. માટે ૪૪ લબ્ધિપદો ભક્તામરમાં આપવામાં આવે તો લબ્ધિપદો ઓછા કર્યા છે તેવં કહી ન શકાય. વળી ''**सव्वो सहि पत्ताणं**''નો ૪૪ ગાથામાં સમાવેશ થાય છે અને ''**खेलोसहिपत्ताणं, जल्लोसहिपत्ताणं, અને विप्पोसहिपत्ताणं**'' આ ત્રણ પદનો સમાવેશ થતો નથી, પણ અર્થનો વિમર્શ કરનાર સમજી શકે છે. કે ''**सव्वोसहि पत्ताणं**''ના અર્થથી ત્રણેય લબ્ધિપદ આવી શકે છે. આમ આ ચાર ગાથાઓ પાછળથી જોડાય છે. તે સમજાવતું આ પણ એક પ્રમાણ છે. ચાર ગાથાઓ ઉમેરતી વખતે ભૂલ થઈ ગઈ તેવું માનીએ તો આપણા સંશોધન પ્રમાણે એ ભૂલ કઈ રીતે સુધરી શકે.

અમારા સંશોધન પ્રમાણે ૪૮ ગાથા માનનાર ૩૩ મી ગાથા જે મન્દાર દામથી શરૂ થાય છે તે ગાથાની ઋદ્ધિમાં ''ॐ ह्रीँ अर्हं **नमो सव्वोसहिपत्ताणं**''ની જગાએ અહીં ''**नमो आमोसहिपत्ताणं**'' પદ આયોજિત કરવું જોઈએ.

પાઠાંતર-રહસ્ય

●●● નદી વહેતી જાય છે.. અને એના રૂપો બદલાતાં જાય છે. તેમ સ્તુતિ-સ્તોત્ર કે આગમો બોલતા જાય છે, તેમ પાઠના પાઠાંતરો થતાં જાય છે.. આવા પાઠાંતરો જ્યાં સુધી એક જ સરખો ભાવ જાળવી રાખે છે, ત્યાં સુધી તો વાંધો નથી આવતો.. પણ ક્યારેક ભાવાંતર સર્જે છે.. તો ક્યારેક મૂળગ્રંથ કર્તાના આશયને દૂર કરી દે છે... માટે આવાં પાઠાંતરોને વધવા ન જ દેવા જોઈએ.. ઘણીવાર આવા પાઠાંતરો સંપ્રદાય ભેદને પણ પહોળો કરે છે.. વધારે છે.. માટે પાઠાંતરો પર કાબુ રાખવો જાઈએ... અહીં શ્રી ભક્તામર-સ્તોત્રના પણ પાઠાંતરો તરફ વિદ્વાન પાઠકોનું ધ્યાન આપવું ઉચિત સમજી પ્રસિદ્ધ પાઠાંતરોની નોંધ અને એનું રહસ્ય સમજવાની કોશિશ કરવામાં આવી છે.. ગાથા-સંખ્યા રહસ્યમાં આપણે જોયું કે ચાર ગાથાઓ ભક્તામરમાં વધી અને નિર્વિવાદ આરાધતો આ ભક્તામર ગ્રંથ વિવાદથી ઘેરાયો.. ભવિષ્યમાં પણ પ્રસિદ્ધ પાઠોના પાઠાંતરોથી ગ્રંથો ઘેરાઈ ન જાય માટે જાગૃત રહેવું જોઈએ..

● ગાથા પાંચમીની ત્રીજી પંક્તિમાં પાઠ છે-

''**प्रीत्यात्मवीर्यं मविचार्य मृगो मृगेन्द्रं**'' - આના ઠેકાણે
''**प्रीयात्मवीर्यं मविचार्य मृगी मृगेन्द्रं**'' - આ પાઠ પણ પ્રચલિત થયો છે..

શ્રી ભકતામર સ્તોત્રના પ્રસિદ્ધ ટીકાકાર પૂ. ગુણાકરસૂરિજી મ.સા. પૂ. કનક કુશલ ગણિ, પૂ. મેઘ વિજયજી ઉપાધ્યાય, પૂ. સિદ્ધિચંદ્ર ગણિ - કોઈની પણ સમક્ષ આ પાઠની ચર્ચા ચાલી નથી.. આ પાઠ પણ માટે ભાગે દિગમ્બર પરંપરામાં આવ્યો છે.. અહીં આ ''**मृगी**'' એવો પાઠ આપનારનો આશય હોઈ શકે છે કે પોતાના બચ્ચાં - મૃગલાંને જેટલાં વ્હાલા હોય તેના કરતા મૃગલીને વધારે વ્હાલાં હોય છે.. અને તેથી જ મૃગલી-હિરણી પોતાના બચાવ માટે સિંહની સામે છલાંગ મારે તો વધારે આશ્ચર્ય કહેવાય ? પણ, આવાં જ અર્થનો આગ્રહ રાખનારને કોઈ પૂછે કે મૃગલી હાજર હોય તો મૃગ હાજર ન હોય.. અને મૃગ હાજર હોય ત્યાં મૃગલી છલાંગ મારે તો શું મૃગ જોયાં કરે ? આવું બને નહીં... મૃગ પુરૂષ છે. પહેલાં એ જ છલાંગ મારે એ સ્વાભાવિક છે. માટે ''મૃગ'' શબ્દથી મૃગ પણ સમજવો અને મૃગલી પણ સમજવી હોય તો સમજી શકાય.. ''મૃગ'' શબ્દ પુલિંગ હોવાની સાથે સામાન્યથી સમસ્ત મૃગ જાતિનો વાચક છે.. અસ્તુ. ''મૃગ'' પાઠ પ્રાચીન છે - એ પ્રમાણે પાઠ બોલનારે કોઈ પાઠ પરિવર્તન કરવાની જરૂર નથી..

● આ જ રીતે છઠ્ઠી ગાથામાં ચોથી પંક્તિમાં પાઠ છે -

''**तच्चारू चूत कलिकानिकरैक हेतुः** ॥'' અહીં કેટલાકોએ
''**तच्चारू चाम्र कलिकानिकरैक हेतुः** - એવો પાઠ કર્યો છે...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આ ફરક બહુ દોઢ ડાહ્યા માણસે કર્યો હોય, તેવું લાગે છે... એ માટે જ કો'ક ઠેકાણે કારણ આપ્યું છે, તે પણ અહીં લખવા યોગ્ય નથી. આમ તો ''આમ્ર'' અને ''ચૂત'' બંનેયનો અર્થ આંબાનું વૃક્ષ જ થાય છે... પણ આવો પાઠ-ભેદ કરવો ન જોઈએ. ''ચકાર'' ના પ્રાસને છોડીને ''ચામ્ર'' જેવા ક્લિષ્ટ ઉચ્ચારણમાં જવાનો કોઈ ફાયદો પણ નથી.

દક્ષિણ ભારતમાં પણ હજી ''**चारू चूत**'' પાઠ ચાલી રહેલો જણાય છે... આ જ રીતે ગાથા આઠમાં બીજી લાઈનમાં- ''**मारभ्यते तनुधियापि तव प्रभावात्**'' - આને ઠેકાણે ''**मारभ्यते तनुधियापि तव प्रसादात्**'' પાઠ પણ વાંચવામાં આવ્યો છે.

ઉપરોક્ત ચારમાંથી કોઈ પણ ટીકાઓમાં આવા પાઠ સ્વીકારવામાં નથી આવ્યો. પણ હીંદી સચિત્ર ભક્તામર-રહસ્યના સંપાદક શ્રી રતનલાલજી, ''**प्रसादात्**'' એ પાઠાંતર છે-એમ નોંધ કરે છે... અને મદ્રાસ કોલેજ A.M. Jain College તરફથી પ્રકાશિત તથા પ્રોફેસર એ. રામદાસ તરફથી સંપાદિત પુસ્તિકામાં તો ''**तव प्रसादात्**'' જ પાઠ મૂળ શ્લોકમાં લીધો છે. છતાં તેના ઈંગ્લીશ ભાષાંતરમાં ''**प्रभावात्**'' પાઠ પણ લીધો છે... આમ, તો આ વાત નાની લાગે છે... પણ, જિનેશ્વરનો **પ્રભાવ** એ જૈન તત્ત્વજ્ઞાન છે... શ્રમણ સંસ્કૃતિ છે અને જિનેશ્વરનો **પ્રસાદ** માનવો... એ વૈદિક સંસ્કૃતિ છે. ઈશ્વર કર્તૃત્વ સંસ્કૃતિ છે. માટે ''**प्रभावात्**'' પાઠનો જ આદર કરવો...

આ જ રીતે ગાથા વીસમીની પંક્તિ (૩) ત્રીજી -

''**तेजः स्फुरन् मणिषु याति यथा महत्त्वं**'' - પાઠ છે... એ સ્થાને કોઈએ જાણે ''મકાર''નો પ્રાસ બેસાડવા...

''**तेजः महामणिषु याति यथा महत्त्वं**''- એવો પાઠ કર્યો છે... આ પાઠ પણ આદરવા જેવો નથી... મહામાંગલિક સ્તોત્રમાં આ ''**स्फुरन्**'' પાઠનો ''**स्फु**'' ચિંતામણી મંત્રના બીજાક્ષરનો પ્રતિનિધિ છે... માટે મહામણિ જેવો પાઠ સ્વીકારવો નહીં...

અહીં પૂ. ગુણાકરસૂરિજી મ.સા. પોતાની ટીકામાં એક અદ્‌ભુત વાત નોંધે છે. તેઓ ''**तेजः स्फुरन् मणिषु**'' બે પદોમાં એક વચન-બહુ વચન-વચનોનો દોષ આવે છે, છતાંય તેને દોષ ન માનતાં વચન વ્યભિચાર રૂપ અલંકાર માને છે. કોઈક તો બે પંક્તિઓ જુદી જ હોવાનું પણ નોંધે છે. આ પંક્તિઓ છે-

''**तेजो यथा जात्यमणौ महत्त्वं, नैवं तु काचशकलेषु रूचाकुलेषु**'' આવી બે પંક્તિઓ તેઓ નોંધે છે.

વળી પૂ. મેઘવિજયજી ઉપાધ્યાય પણ આ બે પંક્તિના ઠેકાણે નીચે પ્રમાણે બે પંક્તિ આપે છે.

''**तेजो मणौ समुपयाति यथा महत्त्वं, नैवं तथा काचशकलेषु रूचाकरेषु**'' અહીં જોઈ શકાય છે કે જો મૂળ પાઠના ઠેકાણે થોડો પણ ફેરફાર કરવા જઈએ છીએ તો પાર વિનાના ફેરફારો થતાં જ જાય છે. માટે એક જ ધ્યાન રાખવું ''**सिद्धस्य गति र्चिंतनीया**''-જે પૂર્વ પરંપરાથી ચાલ્યું આવે છે, તે જ પરંપરાને અનુસરવું.

જે પાઠ સિદ્ધ છે, તેનો જ અર્થ પ્રમાણ અને વ્યાકરણની સિદ્ધિ-સમજુતિથી કરવો. પણ, પાઠ બદલવા ઉતાવળા ન થઈ જવું.

●●● ગાથા એકવીસમી (૨૧) બાદ મહત્ત્વનો પાઠાંતર ઉપલબ્ધ થાય છે. ગાથા છત્રીસમીમાં પંક્તિ બીજીમાં.

''**दावानलं ज्वलित मुज्जवलमुत्स्फुलिंगम्**''

અત્યારે ઘણાં પુસ્તકોમાં માત્ર ''ફુલિંગમ્'' પાઠ છે. આ પાઠ કોઈક પ્રતિઓમાંથી શ્રી સિદ્ધચંદ્ર ઉપાધ્યાયની સમક્ષ પણ આવ્યો હોવો જોઈએ... તેઓ પોતાની ટીકામાં લખે છે કે-

''**यद्यप्यत्र फुलिंग इति पाठः प्रामादिक एव प्रतिभाति सकारादित्वेन फुलिंगशब्दस्य नामकौशादो प्रतीतत्वात् । तथापि महाकवि प्रयुक्तप्रयोगत्वात् अस्य स्तोत्रस्य मंत्राक्षरमयत्वाच्च पठ्यमान (फुलिंग) एव पाठः प्रामाणिक इति पश्यामः । क्वचित् तु स्फुलिंगम् इति दंत्यसकार संयुक्तोऽपि पाठो दृश्यते । तदंगीकारे तु न चाशंका नचोत्तरम् इति अवसेयं ॥**''

જો કે ''ફુલિંગ'' એ શબ્દ વ્યાકરણ અને કોષથી સિદ્ધ નથી. છતાંય ચિંતામણી મંત્ર જેવા મંત્રમાં આ શબ્દ આવતો હોવાથી કદાચિત્ સૂત્રકારે સ્ફુલિંગ જ શબ્દ વાપર્યો હોય તો તે અંગે શંકા કરવા જેવી નથી. પણ જ્યારે આપણે તેઓની પૂર્વની ત્રણેય ટીકામાં ''સ્ફુલિંગ'' શબ્દ જ જોઈએ છીએ. અને તે પ્રમાણે જ વ્યાખ્યાઓ થયેલી જોઈએ છીએ. ત્યારે મંત્રાક્ષર હોવાથી ''ફુલિંગ'' જ શબ્દ હશે કે પૂ. માનતુંગસૂરિ મહારાજે ''ફુલિંગ'' શબ્દ જ પ્રયોગ કર્યો હશે તેવી શંકા કરવાની જરૂર નથી. અત્રે ''સ્ફુલિંગ'' શબ્દ જ સ્વીકારી લેવા જેવો છે. અને જેઓ ''ફુલિંગ'' બોલતા હોય તેમણે પોતાની આ ભૂલ સુધારી લેવા જેવી છે. આમ, પાઠાંતરોની વાત અહીં પૂર્ણ થાય છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જિજ્ઞાસા અને સમાધાન

● **માનતુંગસૂરીશ્વરજી ક્યા સમયમાં થઈ ગયા ?**

પટ્ટાવલિ સમુચ્ચય આદિ ગ્રંથોમાં શ્રી માનતુંગસૂરીશ્વરજીને વિ.સં.ની ત્રીજી શતાબ્દિમાં થઈ ગયેલાં જણાવ્યા છે. છતાંય તેમના વિષે લખેલી કથાઓ પરથી તેમનો સમય વિ.સં.ની ૭ મી-૮ મી શતાબ્દિનો એટલે આજથી લગભગ ૧૨૦૦ થી ૧૩૦૦ વર્ષ પૂર્વનો ઈતિહાસકારો જણાવે છે.

ડૉ. હર્મન જેકોબી-શ્રી હીરાલાલ રસિકલાલ કાપડીયા, પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી ઈતિહાસવેત્તા પંડિત કલ્યાણવિજયજી મહારાજ બધાં જ તેમનો સમય વિક્રમની સાત શતાબ્દિનો માને છે. તેમ છતાંય જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ જેવા દિગંબર પ્રકાશનો શ્રી માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને ૧૧ મી શતાબ્દિના જણાવેલ છે-તે આશ્ચર્ય જ નહીં-પણ ભ્રાંતિ પણ છે. અમારાં પોતાનું પરિશીલન એમ જણાવે છે કે પૂ. આચાર્ય ભગવંત માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને વિક્રમની તૃતીય શતાબ્દિના માનવા અને તેઓને ભગવાન મહાવીરની ૧૯ મી પાટે થયેલ શ્રી માનદેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય માનવા જોઈએ.

● **શું શ્રી ભક્તામર સ્તોત્રના કર્તા સિવાય અન્ય માનતુંગસૂરીશ્વરજી મ.સા.ના નામના આચાર્ય થઈ ગયાં છે ?**

પ્રમુખપણે ભારતીય ઈતિહાસ અને કંઈક અંશે સમસ્ત જગતના ઈતિહાસમાં દેખાય છે કે એકવાર ખૂબ જ પ્રખ્યાત થયેલ નામો તેમના પછીના કાળમાં ખૂબ જ વપરાય છે. આવી રીતે નામ રાખવાથી મહાપુરુષોની યાદ કાયમ રહે છે. તેમના પ્રત્યે શ્રદ્ધા અને બહુમાન પ્રગટ થાય છે. જીવનમાં આદર્શની સ્થાપના થાય છે, પણ ઈતિહાસમાં ખૂબ જ ગોટાળો સર્જાતો હોય છે.

આચાર્ય ભદ્રબાહુસૂરીશ્વરજી મ.સા. નામના બે પ્રખ્યાત આચાર્ય ભગવંતો થઈ ગયા છે. ભોજ નામના અનેક રાજાઓ થઈ ગયા છે. ચંદ્રગુપ્ત નામના અનેક રાજાઓ ભારતના ઈતિહાસમાં થઈ ગયા છે. પરદેશમાં પણ ચાર્લ્સ; જ્યોર્જ વિ. નામના ઘણાં રાજાઓ થઈ ગયા છે. કોઈવાર એક જ પરંપરામાં એક નામ ઘણીવાર ચાલતું હોવાથી પાછાં તેવા પ્રસિદ્ધ પુરુષોની પાછળ આંકડાં જોડવા પડે છે. "જ્યોર્જ"-નામ ઈંગ્લેન્ડના ઈતિહાસકારોને એવું ગમી ગયું છે કે પાંચ વંશ સુધી એક જ નામ ચાલ્યું અને એક-બે-ત્રણ-ચાર-પાંચ એવા અનુક્રમો અપાયા. આમ, શ્રી માનતુંગસૂરીશ્વરજીના નામના પણ અનેક આચાર્ય ભગવંતો થઈ ગયા છે. પણ, શ્રી ભક્તામર સ્તોત્રના કર્તા પૂર્વે કોઈ માનતુંગસૂરીશ્વરજી મ.સા. થયા હોય તેવું દેખાતું નથી.

●●● શ્રી ભક્તામર સ્તોત્રના રચયિતા આચાર્ય પ્રવર માનતુંગસૂરીશ્વરજી મહારાજા છે. તેઓ મહાન શાસન પ્રભાવક શ્રી લઘુ-શાંતિ સ્તવનના રચયિતા શ્રી માનદેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય મનાય છે. તેઓએ પોતાના નામની સૂચના શ્રી ભક્તામર-સ્તોત્રની અંતિમ ગાથામાં કરી છે-"તં માનતુંગ મવશા સમુપૈતિ લક્ષ્મીઃ"–

● **આવી રીતે પોતાની કૃતિમાં પોતાના નામની સૂચના કરવી એ શું નામની કામના નથી ?**

નામની કામના અને ઈતિહાસનું આલેખન બંન્નેની દૃષ્ટિ જુદી છે. ઈતિહાસના આલેખનની દૃષ્ટિએ ગ્રંથકારે પોતાના નામનો ઉલ્લેખ પોતાની ગુરુ-પરંપરાના ખ્યાલ સાથે અને સંવત વિ.ની સાથે રાખવો જોઈએ. પોતે ગ્રંથની રચના કરી છે તેમાં પણ કેટલાં શ્લોક છે–તેનું નિદર્શન કરવું જોઈએ. પોતે ગ્રંથની રચના કરી છે તેમાં પણ કેટલીક પરંપરાને આપણે ઉચિત ગૌરવથી નિહાળવી જોઈએ !

● **શું પોતાની કૃતિમાં આવી નામોલ્લેખની પરંપરા ચાલી આવે છે ?**

હા, આવી નામોલ્લેખની રચના "શ્રી તત્ત્વાર્થ સૂત્રની કારિકાઓ"માં છે.–જેમાં પૂ. ઉમાસ્વાતિ મ.સા. પોતાના નામ વિ.નો ઉલ્લેખ કર્યો છે. શ્રી ઉપદેશમાળા નામના ગ્રંથમાં શ્રી ધર્મદાસગણિએ

धंतमणिदामससिगयणिहिपयपढमक्खराभिहाणेणं ।
उवएसमालपगरणमिणमो रइअं हिअट्ठाए ॥ गाथा नं. ५३७

ગાથામાં પોતાના નામને અક્ષરના આદિ વર્ણથી જણાવ્યું છે. કેટલાંય ગ્રંથકારો જુદી "પ્રશસ્તિ" રૂપે ગ્રંથનો અને પોતાના ઈતિહાસનો ઉલ્લેખ આપતાં હોય છે, તો કોઈક ગ્રંથકાર પ્રત્યેક ગ્રંથના અંતે પોતાનું નામ સૂચિત કરે છે. આ પરંપરા છેક અત્યારના કાળ સુધી ચાલી આવી છે. તમે સહુ પણ "ભવિ ભાવે દેરાસર આવો"–"જનારૂં જાય છે જીવન"–જેવા સ્તવનોમાં આખરે આ પંકિતઓ વાંચો છો-તેનાં અંતે સ્તવનકાર અમારાં પૂ. દાદા ગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના નામની અને તેમના ગુરુ પૂ. કમલસૂરીશ્વરજી મ.સા. અને તેમના પૂ. ગુરુ મ.સા. આત્મારામજી મ.સા.ના નામની સૂચના છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

● **પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને જ્યારે બધા જ સાતમી શતાબ્દિમાં થયેલા માને છે, ત્યારે આપ ત્રીજી શતાબ્દિના માનો છો, તેનું કારણ શું ?**

જે વિદ્વાનો પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને સાતમી શતાબ્દિના હોવાનું ગણાવે છે, તેઓનો મુખ્ય આધાર બાણ અને મયૂર અને પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની સમકાલીનતા છે. બાણ અને મયૂર સાતમી શતાબ્દિમાં થઈ ગયા છે. એવું પ્રમાણ વિદ્વાનોને મળે છે. માટે પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. પણ સાતમી શતાબ્દિના હોવા જોઈએ તેવું તારવણ કરવામાં આવે છે. પણ "બાણ" અને "મયૂર" સાથે પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની સમકાલીનતા માનવી એ જરૂરી નથી. પ્રભાવક ચરિત્ર અને પ્રબંધ ચિંતામણી જેવા અને તેના આધાર પર ચાલેલ પૂ. ગુણાકર સૂ.મ.સા.ની ટીકાના ઉલ્લેખને બીજી રીતે પણ સમજી શકાય છે. આ ત્રણેય મહાકવિઓ ચમત્કારિક સ્તોત્રો સર્જવાની શક્તિ ધરાવતા હતા અને ત્રણેય મહાકવિઓએ મહાન સ્તોત્રો બનાવ્યા છે. એટલી જ વાત આ દૃષ્ટાંતથી સમજવી જોઈએ. પણ ત્રણેયની સમકાલીનતા માનવી જરૂરી નથી એ પણ શક્યતા છે કે લઘુશાંતિના કર્તા પૂ. માનદેવ સૂ.મ. સાહેબે લઘુશાંતિ નામના પ્રભાવક સ્તોત્રની રચના કરી શાકંભરીમાં શાંતિ કરી તો તેમના જ "માન" એવા આદિ શબ્દથી શરૂ થતાં નામ વાળા શિષ્ય; માનતુંગસૂરિજીએ પણ સંસ્કૃત ભાષામાં ચમત્કારિક એવા ભક્તામર સ્તોત્રની રચના કરી હોય તે એકદમ સંગત લાગે છે.

બીજું વિદેશી વિદ્વાન ક્વેકનબોઝ તો પૂ. માનતુંગસૂરિજી મ.સા.ને ત્રીજી શતાબ્દિના જ માને છે. અને હર્મન જેકોબી પણ પૂ. માનતુંગ સૂ.મ.સા.ને ત્રીજી શતાબ્દિના હોવાની શક્યતાને નકારી શકતા નથી. માત્ર એમની માંગ એટલી જ છે કે કોઈ પ્રાચીન ટીકા કે ચૂર્ણિમાં કે નિર્યુક્તિમાં ભક્તામરના શ્લોકનો ઉલ્લેખ મળી જાય તો પૂ. માનતુંગ સૂ.મ.સા.ને ત્રીજી શતાબ્દિના માની શકાય. આમ, તેઓ પણ પૂ. માનતુંગ સૂ.મ.સા.નો સમય ત્રીજી શતાબ્દિ હોય તો નકારી શકતા નથી.

પાશ્ચિમાત્ય ઈતિહાસકારો અને એની છાયામાં ઉછરેલા બીજા ભારતીય ઈતિહાસકારોમાં એક ગ્રંથી બંધાઈ ગયેલી લાગે છે કે કોઈપણ ગ્રંથકારને બને એટલા પાછળના કાળના માનવા આવી ગ્રંથીથી ઘણા ગોટાળા સર્જાયા છે... માટે સંપ્રદાયની કે પરંપરાની વાતોને અવગણવી ન જોઈએ...

ઈતિહાસ તરફ દૃષ્ટિ નાખતા લાગે છે કે પ્રાયઃ જે નામના આચાર્ય મહાન અને પ્રસિદ્ધ થાય છે તે જ સૌથી પ્રાચીન હોય છે, જેમ કે ૧૪૪૪ ગ્રંથોના રચયિતા પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મ.સા.ના પહેલાના કોઈ આચાર્યનું નામ હરિભદ્રસૂરિ સાંભળવામાં નથી આવતું. કુમારપાળ પ્રતિબોધક પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજા પહેલાના કોઈ આચાર્ય મહારાજાનું હેમચંદ્ર નામ પ્રસિદ્ધ નથી. આમ, અત્યંત પ્રભાવિક આચાર્યનું નામ જ સૌથી પ્રાચીન હોય છે. આથી પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. જે સૌથી પ્રાચીન છે, તેઓને જ ભક્તામર જેવા પ્રભાવિક સ્તોત્રના કર્તા માનવા જોઈએ.

છતાંય તત્ત્વ તો કેવલિ ગમ્ય હોય છે માટે અમારો કશો જ અસદ આગ્રહ નથી, પણ જો પુષ્ટ પ્રમાણોના અભાવમાં માત્ર કલ્પનાથી જ દોડવાનું હોય તો પરંપરાગત અને સંપ્રદાયમાં માન્ય સત્યને જ પ્રાથમિકતા આપવી જોઈએ. એવું અમારું મંતવ્ય છે. ઈતિહાસ લેખકોએ પણ આ અભિગમ અપનાવવા જેવો છે. આનાથી ભવિષ્યમાં ફાયદો થાય છે માટે જ્યાં સુધી કાળ નિર્ણય માટે બલિષ્ઠ હેતુ ન મળે ત્યાં સુધી પૂ. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ને ત્રીજી શતાબ્દિમાં જ થયેલા માનવા, તેવો અમારો અભિગમ છે અને એ રીતે સહુ વિચારે એવો નમ્ર અનુરોધ છે.

● **પૂ. માનતુંગસૂરીશ્વરજી જેવા બીજા મંત્ર સિદ્ધ આચાર્ય ભગવંતોના તથા સ્તોત્રના નામો લખો.**

મંત્ર-સિદ્ધિના અર્થને વ્યાપક માની લઈ અને અનેક ચમત્કારિક શક્તિની પ્રાપ્તિ અને પ્રયોગ સુધીની વાત કરીએ તો ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામી ખુદ જ મંત્ર-શક્તિના પ્રયોક્તા છે. એમના જીવનમાં પંદરસો તાપસને એક જ ખીરના ભાજનમાંથી ખીર ખવડાવવાની તથા સૂર્યના કિરણોનું આલંબન પામીને તેના પર ગતિ કરીને અષ્ટાપદ પર્વત ઉપર પહોંચવાની વાત પ્રસિદ્ધ છે. ગોશાલક ઉપર તેજોલેશ્યા આવી પડી ત્યારે ભગવાન મહાવીરે પોતે જ શીતલેશ્યાથી ગોશાલકનો બચાવ કરેલ તે પરમાત્માના શાસનથી શરૂ થયેલ લબ્ધિ અને શક્તિના પ્રયોગોની સફળ સાબિતી છે. શાસનના આઠ પ્રભાવકોની ગણત્રીમાં મંત્ર-વિદ્યાસિદ્ધ પ્રભાવકોની ગણત્રી જિન શાસનમાં મંત્ર શાસ્ત્રનું અનિવાર્યપણું અવિભાજ્યપણું અને આદરપણું બતાવે છે.

જેઓએ આવા મંત્રો દ્વારા અને મંત્ર-શક્તિના પ્રયોગો દ્વારા અનેક સફળ ચમત્કારિક પ્રયોગો કર્યા છે. તેઓના નામો છે - આચાર્યપાદલિપ્ત આચાર્ય ખપુટાચાર્ય યશોભદ્રાચાર્ય - આચાર્ય નાગાર્જુનાચાર્ય - આચાર્ય રોહિતાચાર્ય - આચાર્ય ભદ્રબાહુસૂરિજી - આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિજી - આચાર્ય સ્થુલભદ્રસૂરિજી - આચાર્ય વજ્રસ્વામીજી - આચાર્ય માનદેવસૂરિજી આવા અનેક આચાર્ય ભગવંતોએ મંત્ર સિદ્ધ કર્યા છે અને શાસનની પ્રભાવના કરી છે. પણ, ખરી રીતે જોતાં તો પ્રત્યેક જૈનાચાર્ય ભગવંતો મંત્ર-સિદ્ધિ માટે અનુષ્ઠાન કરે છે અને મંત્રના આશ્ચર્યકારક ફળોથી જિન શાસનનો અને અહિંસા-સંયમ અને તપનો મહિમા વધારે છે અને પોતાના ભક્તવર્ગને-ભક્તોના ક્રમાનુસાર આધિ-વ્યાધિથી મુક્ત કરી મંગળમય

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષમાર્ગ તરફ લઈ જાય છે. પોતાનો ઉપદેશ માન્ય કરનાર જનતાને આત્મિક પરમાનંદની અનુભૂતિ થાય તેવા આયોજન કરે છે અત્રે દરેક આચાર્ય ભગવંતોએ પોતાની આત્મ-શક્તિ, લબ્ધિ-વિદ્યા અને મંત્રના પ્રયોગથી કરેલી ચમત્કારોની નોંધ કરવી શક્ય નથી. છતાં ય કેટલાંક ઉલ્લેખનીય કાર્યોની અને આચાર્ય મહારાજાઓની વિગતો અહીં આપવામાં આવી છે.

વરાહ મિહિર નામના મહાન જ્યોતિષી વ્યંતર બનીને જૈન સંઘ પર ઉપદ્રવ કરતા હતા. તેના નિવારણ માટે શ્રી ભદ્રબાહુસૂરિજીએ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર બનાવી સંઘની રક્ષા કરી. આર્ય વજ્રસ્વામીજીએ શ્રી આચારાંગ સૂત્રમાંથી આકાશગામી વિદ્યા સિદ્ધ કરી હતી અને વિમાન દ્વારા પુષ્પો લાવીને બૌદ્ધ ધર્મના રાજાને પ્રભાવિત કરેલ. પૂ. આચાર્ય ભગવંત માનદેવસૂરિજી મહારાજાએ "લઘુ શાંતિ" જેવા પ્રભાવક સ્તોત્રની રચના કરીને મારી રોગનું નિવારણ કર્યું હતું.

પૂ. આચાર્ય રત્નપ્રભસૂરિ મહારાજાએ એક જ મુહૂર્તમાં બે ગામમાં પ્રતિષ્ઠા કરી હતી. પૂ. આચાર્ય ભગવંત પાદલિપ્તસૂરીશ્વરજી મહારાજા ચમત્કારિક શક્તિથી આકાશમાર્ગે જઈ રોજ પાંચ તીર્થોની યાત્રા કરતા હતા. પૂજ્ય આચાર્ય બપ્પભટ્ટસૂરિજી મહારાજાની મંત્ર શક્તિથી સરસ્વતીને વિવશ બનીને પણ ખેંચાઈ આવવું પડતું હતું. પૂજ્ય સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મ.સા.ના સ્તોત્રના પ્રભાવથી શિવલિંગમાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રગટ થઈ હતી. તેઓએ સરસવમાંથી સૈનિકો પેદા કર્યા હતા. પૂ.આ. દેવેન્દ્રસૂરિજી મહારાજ મંત્ર શક્તિ દ્વારા કાંચીવરમ્માંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા શેરિસામાં લાવ્યાનો ઉલ્લેખ છે.

- **કેટલાંક લોકો એવું કહે છે કે મંત્ર સાધનાની વિધિ મંત્ર-તંત્ર-યંત્ર વિગેરે બુદ્ધ ધર્મમાંથી અને હિન્દુધર્મમાંથી જૈનોમાં આવેલુ છે. તો સત્ય શું છે ?**

ઘણા લોકો ઘણું કહે પણ આપણે તેનો નિર્ણય બુદ્ધિથી કરવો જોઈએ. ઈતિહાસકારો પણ ઈતિહાસમાં કાંઈક અનુમાનો કરે છે અને કંઈક અનુમાનો ખોટા ઠરે છે. માટે એ લોકોની ધારણા માત્રથી એમ ન જ માની લેવાય કે બધું બીજા જ ધર્મોમાંથી જૈન ધર્મમાં ઉતરી આવ્યું છે.

- **તો શું આ બધા ઈતિહાસકારોના અનુમાનનો કોઈ જ આધાર નથી ?**

ઈતિહાસકારોની પદ્ધતિ ખૂબજ સાવધાની પૂર્વક સમજમાં લાવવા જેવી છે. અમે આવા કેટલાંય કહેવાતા ઈતિહાસોને અપ્રમાણ સિદ્ધ થતાં જોયા છે. પણ કોઈ એક પરંપરાના જ્ઞાન-ધ્યાન કે ગ્રંથોથી કોઈપણ બીજા ધર્મોની કે ધર્મ ગ્રંથોની પરંપરા પ્રભાવિત થાય જ છે. દેશકાળને લઈને થતાં ફેરફારોને કોઈ જ રોકી શકતું નથી. પણ કોઈ એક કાળમાં કોઈ એક પરંપરામાં કોઈ વસ્તુ પ્રચલિત થાય તેની સામે બીજી પરંપરા પોતાની પરંપરા પ્રમાણેનો પ્રચાર એને પ્રસાર કરે જ છે અર્થાત્ બૌદ્ધ અને હિન્દુઓમાં ચાલતી મંત્ર પરંપરાના પ્રચૂર કાળમાં જૈન ધર્મ તરફથી પણ મંત્રોની સિદ્ધિ પ્રચૂર રીતે રજુ કરવામાં આવેલી હોય તેટલા માત્રથી રીતો, મંત્રો, પદ્ધતિઓ, જૈન પદ્ધતિ નથી તેમ ન કહેવાય. કારણ કે તે વખતના ગીતાર્થ આચાર્ય ભગવંતો જૈન શાસ્ત્રોનું મંથન કરીને જ તેમાં રહેલા સૂચનાબીજોને વિકસ્વર કરતા હોય છે. માટે જૈનોમાં મંત્ર પરંપરા નથી એ કહેવું તે જૈન શાસ્ત્રના અવગાહનનો અભાવ છે. આથી જ સિદ્ધસેનદિવાકર સૂરિજીએ કહેલ છે કે પરતંત્રમાં, પરધર્મમાં પણ જે સૂકિત સંપદા છે, સારી વાતો છે તે જિનેશ્વર ભગવાન રૂપ મહાસમુદ્રમાંથી ઉછળીને ગયેલ જલબિંદુઓ જેવી છે. આમ જૈન ધર્મની વ્યાપકતાની દૃષ્ટિ પર સિદ્ધસેનદિવાકર સૂરિજીએ પાથરેલો પ્રકાશ જોઈશું તો આપણને કોઈ પ્રશ્ન નહીં રહે.

- **મંત્રના અધિષ્ઠાયકો-દેવો જ મોટેભાગે પ્રસન્ન થઈને મહાન ચમત્કારો કરતા હોય છે તો સાધુઓએ શા માટે મંત્ર આરાધના કરવી જોઈએ ? મંત્ર આરાધના એટલે સમ્યગ્ દૃષ્ટિ દેવોની આરાધના એ વાત તો સિદ્ધ જ છે.**

આગળ સમજાવ્યું છે તે પ્રમાણે મંત્રના અધિષ્ઠાયકો દ્વારા પણ કાર્યો થાય છે. એ વાત સાચી જ છે. સાધુ ભગવંતો છઠ્ઠે ગુણસ્થાનકે બિરાજમાન હોય છે અને દેવો તો ચોથે ગુણસ્થાનકે બિરાજતા હોય છે. તે વાત પણ સાચી જ છે. છતાંય સુવિહિત સાધુ ભગવંતો મંત્રોની આરાધના કરે છે એ વાત આગળ જણાવવામાં આવી જ છે. દેવોની આરાધના-દેવોનો વિનય અને દેવોની આશાતનાનો ત્યાગ આ ત્રણેય વિષય સમજવા જેવા છે.

દેવોના આરાધ્ય એટલે (સમ્યગ્ દૃષ્ટિ કે મિથ્યાત્વ દૃષ્ટિ) કોઈપણ દેવો પરમેષ્ઠિ છે અને પરમેષ્ઠિતયા ઉપાસ્ય છે. તેવો અર્થ નથી તેવો અર્થ કરવાનો નથી. માત્ર તેઓના મનનું આવર્જન કરવાનું છે. તેઓએ પોતાની સાધના માટે-કર્તવ્ય માટે જાગૃત રાખવાના છે. મંત્ર સિદ્ધિ કરનારને દેવોની પરમેષ્ઠિરૂપે ઉપાસના કરવાની નથી હોતી પણ દેવો મહાન શક્તિવાળા તથા પરમ પુણ્યોદયનો ઉપભોગ કરતાં આત્મા છે. માટે તેમના પ્રત્યે પણ માનસિક અનુમોદન અને આદરભાવ રાખીને તેની આરાધના સાધુથી ખુશીથી કરી શકાય છે. જો આમ ન જ થતું હોય તો દેવલોકને પામેલ સાધુ ભગવંતોને અત્યારે કઈ રીતે માની કે પૂજી શકાય ! જેઓ દેવલોકમાં ગયેલા ગુરૂઓની અષ્ટપ્રકારી પૂજાઓ કરે અને સમ્યગ્ દૃષ્ટિ દેવોની આરાધના કરવાની ના કહે તેઓએ પુનઃ વિચાર કરવો જરૂરી છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જે સાધુઓને દેવોની આરાધનાના મર્મની જાણકારી નથી તેઓ જ્યાં "દેવાય નમઃ" કે "દૈવ્યૈ નમઃ" પદ આવે છે ત્યાં પોતે વંદન કરતા હોય તેવું આચરણ કરે છે, પોતે વંદન કરી રહ્યા હોય તેવો ભાવ ધારણ કરે છે. આવો દેવોનો વિનય અવશ્ય અયોગ્ય છે. શાસનની મર્યાદાથી વિરૂદ્ધ છે. તેથી જ સાધુ ભગવંત જ્યાં "દેવ કે દેવી"ને નમઃ પદનો પ્રયોગ આવે ત્યાં ઔચિત્ય પૂર્વકનો ધર્મલાભ તેવો અર્થ કરવો અને શ્રાવકોએ પણ સામયિક અને પોષધમાં ઔચિત્ય પૂર્વકની અનુમોદના એવો અર્થ કરવાનો છે.

પરંતુ દેવોની કે દેવીઓની આશાતના કોઈપણ રીતે થઈ જ ન શકે. આરાધના માટે તો સમ્યગ્ દૃષ્ટિ દેવો અથવા શાસનના યોગ્ય સ્થાન પર નિયુક્ત દેવોનો વિષય માન્ય રખાયો છે. પણ આશાતના વર્જન તો મિથ્યાત્વી દેવોનું પણ કરવાનું છે. જેમ જીવ માત્ર પ્રત્યે તિરસ્કાર એ વર્જ્ય છે તેમ દેવો મિથ્યાત્વી હોય અને આપણે તેની આરાધનાની આવશ્યક્તા ન હોય તો પણ તેવા દેવોની આશાતનાનું તો વર્જન અવશ્ય કરવાનું છે.

આમ મંત્રોની સિદ્ધિ સાધુ વર્ગ કરે છે અને શાસન છે ત્યાં સુધી એ આરાધના થતી જ રહેશે.

જેમ અમારી પ્રવર્તન જેવા મહાન કાર્યો માટે કે મહાન જન્મ કલ્યાણક આદિ મહોત્સવ માટે સાધુ ભગવંતો પણ શ્રાવકોને ઔચિત્યપૂર્વક આવર્જિત કરે છે અને શ્રાવકોના શાસનના પ્રભાવક કાર્યોની સાધુ ભગવંતો દ્વારા ઉપબૃંહણા થાય છે. તેમ દેવોની પણ ઔચિત્ય પૂર્વક આવર્જના અને ઉપબૃંહણા સાધુ ભગવંતો કરે છે. સાધુ ભગવંતોનું આવશ્યક કર્તવ્ય છે.

● **ભક્તામરના કલ્પ પ્રમાણે લખાયેલા કેટલાક તંત્રો આપણે કદી પ્રયોગમાં મૂકવા યોગ્ય નથી એમ શા માટે જણાવ્યું છે ?**

તે તે તંત્રો વાંચવાથી ચોક્કસ ખ્યાલ આવી જાય છે કે આ તંત્રો ભલે પૂર્વના આચાર્ય ભગવંતોએ બતાવ્યા હોય તો પણ આચરવા યોગ્ય નથી. કારણ કે મારણ ઉચ્ચાટન આદિ મંત્રનો વિષય છે. પણ મારણ અને ઉચ્ચાટન માટે કોઈ મંત્ર તંત્રનો પ્રયોગ ન કરવો. તેવો પણ મંત્ર શાસ્ત્રમાં ઉલ્લેખ છે. માટે અમે પણ તંત્રોને સત્ય માનવા છતાંય તેનો પ્રયોગ યોગ્ય માનતા નથી. શાસ્ત્રોમાં દેવલોકનું વર્ણન છે તેમ નરકનું પણ વર્ણન છે. પણ શાસ્ત્રમાં વર્ણન હોવા માત્રથી નરકમાં જવા માટે આપણે ક્રિયા કરવાની જરૂર નથી. માટે અત્યંત અનિવાર્ય કારણો સિવાય શાસનના મહાન વિનાશક તત્ત્વોના સામના સિવાય આવા મંત્રોનો ઉપયોગ ન જ કરવો જોઈએ.

● **આ તમામ ચર્ચાનો આખરી નિષ્કર્ષ શું છે ?**

અમુક રીતે તો નિષ્કર્ષ આવી જ ગયો છે. છતાં એક વખત પુનઃ વિચારી લઈએ.

મંત્રોની આરાધના જૈન શાસનની આરાધનાનું મહાન અંગ છે. જેમ સારા વૈદ્યથી અને યોગ્ય દવાથી રોગ દૂર થાય છે તેમ મંત્રથી પણ અનેક પ્રકારની સિદ્ધિ આપણા કર્મોના ક્ષયોપશમ અને ક્ષય દ્વારા થાય છે.

મંત્રોનું અચિન્ત્યફળ મંત્રોના અધિષ્ઠાયક દેવો પણ આપે છે. માટે આ દેવો પણ આદરણીય અને અનુમોદનીય છે, આરાધ્ય છે. આવા દેવો અને મંત્રોની આરાધના મોક્ષાર્થીએ સાપેક્ષ ભાવે કરવી જોઈએ.

જો કે મંત્રોની પરંપરા વિલુપ્ત થઈ ગઈ છે છતાંય મંત્ર પરંપરાને પુનઃ સ્થાપિત કરી શકાય છે.

અત્યારે કાળ, બળ પ્રમાણે મંત્ર સિદ્ધિના ફળો દેખાય છે. છતાંય આમ્નાયને પુષ્ટ કરવામાં આવે તો આનાથી પણ અનેક ઘણી મંત્રફળની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

મંત્રો માત્ર ભૌતિક જ નહીં આધ્યાત્મિક ફળ પણ આપે છે અને મોક્ષ માર્ગની સાધનામાં સહાયક થાય છે.

પ્રત્યેક સાધના પહેલા નવકારમંત્રની આરાધનાનો ખ્યાલ રાખવો જ જોઈએ. નવકારમંત્ર મહામંત્ર હોવા છતાંય અન્ય મંત્રોનું પોત પોતાના વિષયમાં પ્રાધાન્યપણું છે.

ઈતિહાસકારો ગમે તે કહે છતાં જૈનોને પોતાનું મંત્ર શાસ્ત્ર છે. અને તે જાળવવું અને વૃદ્ધિગત કરવું એ જૈન સાધુ તેમજ જૈન શ્રાવકોની પણ ફરજ છે.

મંત્રોની અને તંત્રોની આરાધનામાં જ્યાં કેટલાંક પ્રયોગો કરવા ઉચિત નથી તે ન જ કરવા. પણ દરેક પ્રયોગોનું પોતાનું મહત્ત્વ છે તે સ્વીકારવું.

આજથી લગભગ ૧૭૦૦ વર્ષ પૂર્વે માનતુંગસૂરીશ્વરજી મ.સા. દ્વારા વિરચિત ભક્તામર મહાસ્તોત્ર મહા પ્રભાવિક છે ! અનેક ગૂઢ રહસ્યો તેના પદે પદે અંકિત થયા છે. આ બધાનો પાર પામી ધન્ય બનવું.

આપણો માનવ જન્મ આત્માથી પરમાત્મા બનવા માટે જ છે માટે મંત્ર શાસ્ત્રનો ઉપયોગ સ્વ અને પરમાંથી પરમાત્મા તત્ત્વ પ્રગટે સહુ પરમાત્મ બને "જૈનં જયતિ શાસનમ્"નો જય જયકાર થાય તે રીતે પ્રવર્તન કરવું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

"ચમત્કારને નમસ્કાર"

દુનિયાનો કાયદો છે... "ચમત્કારને નમસ્કાર"
ભક્તામર સ્તોત્ર ચમત્કાર જ છે !

શ્રી આદિદેવને નમસ્કાર થયો અને બેડીઓ તૂટી...
લોખંડની બેડીઓ તૂટે એ ચમત્કાર
પણ
આદતની બેડી અને અકડાઈની બેડી...
અહંકારની બેડી અને મમકારની બેડી તૂટે
અનાદિના કર્મબંધનો તૂટે એ

"મહા ચમત્કાર"

આવા મહા ચમત્કાર સુધી પહોંચવા
અનેક ચમત્કાર શક્તિને સફળતાથી સાધવી પડે...

સાધક-આરાધક આત્મા માટે ચમત્કારથી માંડીને મહા ચમત્કાર
આત્મ સાક્ષાત્કાર અને જગતના સાક્ષાત્કાર સુધી પહોંચાડનારી
આરાધના નું માર્ગદર્શન
અપાયું છે.

વંદના...
રતનલાલ મગનલાલ દેસાઈ પરિવાર-કલકત્તા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ

ૐ પાર્શ્વનાથાય હ્રીં ॥ ૐ ઐં નમઃ ॥ ૐ પદ્માવત્યૈ હ્રીં

આરાધના-દર્શન

શ્રી ભક્તામર સ્તોત્રની આરાધના માટે પ્રાતઃ કાલનો પરમાનંદી સમય ઉત્તમ સમય છે. બ્રાહ્મ મુહૂર્ત પરમાત્માના મિલનનો સમય છે. આવા સમયને સાધે છે તે જરૂર સજ્જન બની શકે છે. સદ્‌ગૃહસ્થ બની શકે છે સાધુ બની શકે છે. જગતના કોઈ પણ ધર્મના સંત-મહંત ઓલિયા-ફકીર-પાદરી-ગોસાઈ કે ગુરુઓ સૂર્યોદય થયા પછી ઉઠે છે તેવું તો ધ્યાનમાં આવ્યું નથી. દરેક ધર્મે પ્રાતઃ કાલની પવિત્રતાની પ્રશંસા પ્રસારી છે. માત્ર ધર્મે નહીં, વિજ્ઞાને પણ પ્રાતઃ કાલની વિશેષતાના વિલક્ષણ વર્ણનો કર્યાં છે. સવારના સમયમાં મગજની ગ્રંથીઓમાંથી અમૃત સમાન રસ ઝરે છે અને તેથી પૂરો દિવસ તાજગીમય જાય છે. બ્રાહ્મમુહૂર્તમાં અમૃત ઝરણની પ્રક્રિયા હવે પ્રયોગ શાળામાં સાબિત થઈ ચૂકેલું સત્ય છે. પ્રભાતે મોટા શહેરોના ચોક્કસ સ્થળોએ તો માનવ મહેરામણ મન મૂકીને દોડતો, યોગાસનો કરતો, હવાખોરી કરતો દેખાય છે. પ્રાતઃ કાલની આરાધનાઓ માટે જેટલું લખાય તેટલું ઓછું છે.

અમે તો સંસારી માતુશ્રીના મોંઢેથી બચપણથી બોલતા શીખ્યા છીએ કે

''સાંજે વહેલા જે સૂએ, વહેલા ઊઠે વીર;
ધન, બુદ્ધિ, ધન બહુ વધે, સુખમાં રહે શરીર.''

શાળામાં અંગ્રેજીમાં પણ એજ ભણાવાતું કે :–

'' Early to bed and early to rise;
That is the way to be; healthy, wealthy and wise".

અમે તો માનીએ છીએ કે પ્રાતઃ કાલની ઉપેક્ષા એટલે જીવનના આનંદની ઉપેક્ષા... જીવનની ઉપેક્ષા એટલે પોતાની જાતની જ ધીમી આત્મહત્યા !

આમ તો ભક્તામરની આરાધનાની સાથે પણ 'ત્રિસંધ્યં' એટલે સવારની, બપોરની અને સાંજની ત્રણ સંધ્યાઓ જોડાયેલી છે. પણ ઉષા કાલની ઉત્તમતા તો અનેરી જ છે. કોઈ પણ માનવે આ સવારની આરાધના કરવાના સમયની, અમૃત વેળાની, ઉપેક્ષા કરવા જેવી નથી. ધ્યાનમાં રાખજો કે જેમ તમારા હાથમાં ઘડિયાળ છે એમ પ્રકૃતિ પણ એક ઘડિયાળ છે. પ્રકૃતિની ઘડિયાળનો પ્રાણવાન સમય પ્રાતઃકાલ છે. આ સમયે દરેક માનવ પોતપોતાના સત્ત્વ; શક્તિ અને સામર્થ્ય પ્રમાણે આરાધના કરે છે, પણ જેને ભક્તામરની આરાધના કરવી હોય જેને નિયમિત ભક્તામર સ્તોત્રનો પાઠ કરવો હોય તેને પણ આ સમયનો લ્હાવો લૂંટી લેવા જેવો છે.

પૂજ્ય ગુરૂદેવ વિક્રમસૂરીશ્વરજી મહારાજને જિનભક્તિનો અમૂલ્ય વારસો મળ્યો હતો. અમે વિ.સં ૨૦૨૫ માં કેસરવાડી મદ્રાસમાં હતા. કેસરવાડી શાંત અને રમ્ય આરાધના ક્ષેત્ર છે. તે વખતે ત્યાં ઉપધાન ચાલતા હતા. પૂરતો સમય હતો. પૂજ્ય ગુરૂદેવ મને કહેતા ''રાજા ! બીજી આરાધના તો થાય એટલી કરીએ, પણ ૧૦૮ સ્તુતિથી પ્રભુની ઉત્કૃષ્ટ સ્તવના થાય છે એવું જાણ્યા પછી અવનવા પ્રાચીન ભાવવાહી સ્તોત્રોથી પ્રભુની પ્રાર્થના કરવાનું મન થયા જ કરે છે.'' આવા ભક્તિના ઉમળકાએ પૂજ્ય ગુરૂદેવની કેસરવાડીમાં અનેક સ્તોત્ર સ્તવનોમાંથી ભક્તામર સ્તોત્ર પર પસંદગી ઉતરી. બસ, પછી તો પૂ.ગુરૂદેવે ભક્તામર પકડયું કે ભક્તામરે પૂ.ગુરૂદેવને પકડયા એ સમજી ન શકાયું. આજે એ વાતને વર્ષો વીતી ગયા છે, છતાં એક પણ દિવસ અમારો એવો નથી ગયો કે પ્રાતઃકાલમાં ભક્તામર સ્તોત્રથી પ્રભુની સ્તવના ન થઈ હોય. પૂજ્ય ગુરૂદેવનું પણ આ આરાધના વ્રત અંત સમય સુધી અખંડ જ રહ્યું હતું. જીવનના અંતિમ દિવસનો આરંભ પણ ભક્તામરની સ્તુતિ વડે જ થયો હતો. આજે તો એ સાર્થક રીતે કહેવાયું છે... ગવાયું છે કે...

પૂ. ગુરુદેવ
શ્રી વિક્રમસૂરિ મ.સા.ની
ચરણ પાદુકા



''ભક્તામર કી ભવ્ય પ્રભાએં
ફૈલાયી હૈં જગમેં સારે
ઐસે ગુરૂવર નયનોં કે તારે.
વિક્રમસૂરીશ્વર પ્રાણોં સે પ્યારે''

પૂ. ગુરુદેવ
શ્રી વિક્રમસૂરિ મ.સા.ની
ચરણ પાદુકા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. ગુરૂદેવની ભક્તામર સ્તોત્રની આરાધના દ્વારા સમસ્ત શ્રી જૈન સંઘમાં ભક્તામરની આરાધનામાં અપૂર્વ વેગ પ્રગટ થયો છે. અનેક ભક્તામર મંડળો અસ્તિત્વમાં આવ્યા છે. અનેક જિનાલયમાં રોજ પ્રાતઃ કાલમાં નિયમ પૂર્વક ભક્તામરનો પાઠ થાય છે. આ બધી આરાધનાઓની પાછળ દરેક વ્યક્તિના કારણો અલગ અલગ હોઈ શકે છે. પણ પૂ.ગુરુદેવની આરાધનાની પાછળનું કારણ જિનભક્તિ જ હતું અને એ જ આદર્શ પ્રયોજન ભક્તામરના પાઠનું ભક્તામર સ્તોત્રમાં જ દર્શાવવામાં આવ્યું છે :-

"त्वत् संस्तवेन भव संतति - सन्निबद्धं
पापं क्षणात्क्षय मुपैति शरीर - भाजाम् ।
आक्रांत लोक मलि - नील - मशेष - माशु
सूर्यांशु - भिन्नमिव शार्वर मंधकारम्" ॥

આત્માને અનેક ભવમાં લાગેલાં કર્મો તથા સંસ્કારોને દૂર કરવામાં ભક્તામરનો પાઠ અર્થાત્ પ્રભુની સ્તવના અમોઘ ઉપાય છે. એમાંય ગ્રંથકારે 'अशेषम् એટલે સમસ્ત અંધકાર' અને 'आशु - એટલે શીઘ્રપણે' એ બે પ્રયોગો બહુ જ મર્મ પૂર્ણ રીતે કરેલ છે. જેઓ નિત્ય આવા સ્તોત્રનો પાઠ કરે છે તેઓને સમજાય છે કે અશેષ એટલે સમસ્ત અંધકારને શીઘ્રપણે પ્રકાશમાં પલટાવી દેવાની આ સ્તોત્રની કેવી મહાન તાકાત છે ! ભવની પરંપરામાં બંધાયેલા કર્મો અંધકાર છે. જ્ઞાનને રોકતું - પ્રકાશને આવરતું જ્ઞાનાવરણીય કર્મ એ પણ અંધકાર છે. 'હું અને મારા'ના તીવ્ર સંસ્કાર એ પણ અંધકાર છે. નિર્વિવેકીતા, નિષ્ફલતા - નિરાશા - નિર્ધનતા પણ અપેક્ષાએ અંધકાર છે. આ બધા અંધકારને ક્ષણવારમાં નાશ કરનાર-નસાડી દેનાર-ભક્તામરની આરાધનાનું અદ્‌ભુત કૌવત છે.

● આરાધ્યની આસ્થા

શ્રી ભક્તામર સ્તોત્રની આરાધના અંગે શાસ્ત્રમાં અનેક માર્ગદર્શનો છે. ટીકાકારોએ - કલ્પકારોએ આવા મહાન સ્તોત્રની આરાધના માટે અનેક સૂચનો કર્યા છે. આરાધના માટે અનિવાર્ય છે આરાધ્યની આસ્થા...

આસ્થા અને શ્રદ્ધા આરાધનાનું અનિવાર્ય અંગ છે. પેલી વાત યાદ છે ને ! પેલા ભક્તો રામ નામથી પત્થર તરાવતા હતા ! એકવાર ખુદ રામને આ વાતનું આશ્ચર્ય થયું. એમનેય કુતૂહલ થયું. ખુદને જ પરીક્ષા કરવાનું મન થયું. એટલે રામે પોતે પત્થર પાણીમાં નાંખ્યો. કહેવાય છે કે એ પત્થર ડૂબી ગયો. રામના શ્રદ્ધાળુ ભક્તોએ રામને કહ્યું, "આપ રામ છો. આપનું નામ રામ છે, પણ આપને રામ નામનું કુતૂહલ છે. રામ નામની શ્રદ્ધા નથી, રામ નામની આસ્થા નથી... રામ નામની આસ્થા અમારામાં છે."

પત્થરો રામથી નહીં, રામની આસ્થાથી તરે છે;

આરાધ્ય આદિનાથની અખંડ આસ્થા ભક્તામરની આરાધનાનું રહસ્ય છે. ભક્તામરનો પાઠ કરનારમાં ''પોતે આત્મા છે''. તેવી પ્રતીતિ અને પોતાને પરમાત્મા બનવું જ છે તેવો મનોરથ-તેવો સંકલ્પ ન હોય તો ભક્તામરની આરાધનાથી મેળવવાનું શું રહ્યું ? હું આત્મા છું એ પ્રતીતિ થી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ ની શ્રદ્ધા ગાઢ થાય છે અને મારે પરમાત્મા બનવું છે એવા મનોરથથી સંવર-નિર્જરા અને મોક્ષના પ્રત્યે પ્રશસ્ત રાગ રૂપ પ્રબળ અભિલાષા રૂપ શ્રદ્ધા પ્રગાઢ બને છે.

આમ નવ તત્ત્વનો નવલો રંગ આત્મામાં જામે ત્યારે જ આરાધના ઉમંગમયી બની શકે છે. સંશય - કુતૂહલ કે પરીક્ષાની ભાવનાથી કોઈ આરાધના કરી શકાય નહીં અને તેવી આરાધના કરવામાં આવે તો તે અફલ જ રહે છે; સફળ થતી નથી. આસ્થા-શ્રદ્ધા એ જ આરાધનાનો આધારસ્તંભ છે. આથી જ આ સ્તોત્રના મહાન કર્તા એ સ્તોત્રમાં જ કહ્યું છે કે :

''सोऽहं तथापि तव भक्तिवशान् मुनीश
कर्तुं स्तवं विगत शक्ति रपि प्रवृत्तः''

ભાવાવેશના પૂર સાથે વહેતી શ્રદ્ધા એજ ભક્તિ છે. શ્રદ્ધા જ્યારે કર્તવ્યમાં... આચરણમાં પ્રગટિત થાય છે, મનની પ્રસન્નતાની સાથે, તનના તરવરાટની સાથે, વચનની દૃઢતા અને મક્કમતાની સાથે શ્રદ્ધા જ્યારે અભિવ્યક્ત

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે ત્યારે ભાગવતી ભક્તિનું મંગલ સ્વરૂપ દૃશ્યમાન થાય છે. જેના હૃદયમાં ભક્તિનો જુવાળ પ્રગટ થયો છે, તેનામાં તો શ્રદ્ધા જાણે શતમુખી થઈને બોલતી હોય એમ લાગે છે. ભક્તિવાળાની શ્રદ્ધા માત્ર શાંત દેવી બનીને બિરાજમાન નથી રહેતી. ભક્તિરૂપે વ્યક્ત થતી શ્રદ્ધા દેવી સહસ્રભુજાવાળી મહાદેવી બને છે. માટે જ શાસ્ત્રકાર કહે છે કે તારી સ્તવના માટે તારી આરાધના માટે મારે ભક્તિને છોડીને બીજી કોઈ શક્તિની અપેક્ષા નથી-''વિગત શક્તિ રપિ પ્રવૃત્તઃ ।'' એ જયઘોષ, ''હું શું કરું...'' ''મારૂં કોઈ નથી...'' એવું રોદણું નથી ''મારામાં કશું નથી.'' ''હમણાં મને નહીં ફાવે'' ''એ બધાની વાત જુદી છે, મારૂં કામ નહીં.'' ''પહેલાંના કાળના લોકોમાં શક્તિ હતી, આજે તો કાળ જ ખરાબ આવ્યો છે, કેવી રીતે આરાધના થાય ?'' આવી બ્હાનાબાજી ભક્તામરનો આ શ્લોક વાંચનાર અને સમજનાર તો ન જ કરી શકે આસ્થાની ઝળહળતી જ્યોતિનું દર્શન એમણે આપેલા દૃષ્ટાંતમાં થાય છે. પેલી મૃગલી ! નિર્દોષ-નિર્લેપ-નિરાધાર મૃગલી ! પણ કેવો ચમત્કાર સર્જે છે !!! એ મારે છે, છલાંગ; સિંહની સામે. જંગલમાં જઈને આવું દૃશ્ય જોવાનો મોકો મળે એ તો ધન્ય થઈ જાય. પણ માનતુંગસૂરિ મહારાજની આ આહલેક પણ ઓછી ઉતરે તેમ નથી. તમે આ શ્લોકના મર્મનો વિચાર કરશો તો હૈયું હિલોળે ચડશે. ઓ આરાધના કરનાર તું કોનાથી ડરે છે ? મોત થી...? અરે, મૂર્ખ ! મોત થી તો... જંગલની એક મૃગલી પણ નથી ડરતી ! ઓ આરાધક ! સમજ, જરાક સમજ... **આત્મવિશ્વાસ વિનાનું અસ્તિત્વ એ જડતાનો- અચૈતન્યનો આવિષ્કાર છે.** જો આરાધક આસ્થાળુ હોય તો મોતથી ડરે જ નહિ, અને મોતથી જેને ડર નથી તેને કોનાથી ડરવાનું છે ? જીવનનો લાલચુ કે આરાધનાઓ છોડીને પણ જીવવા માટે જ વલખાં મારતો માનવી તો આ ભૂમિ માટે ભાર રૂપ છે. બાકી મરણના ડરને જીતી ગયેલો એક મરદ-એક મરણિયો હજાર ને ભારે પડે છે. ગમે તેવા દુષ્કર કાર્ય મરણના ભયને જીતનારો કરી શકે છે. માનતુંગસૂરિજી મહારાજે ભક્તામર સ્તોત્રના બીજા જ શબ્દ રૂપે 'અમર' શબ્દનો પ્રયોગ કર્યો છે. પણ અમરતાનું રહસ્ય આ શ્લોક પાંચમામાં બતાવ્યું છે. **મરણના ડરને મારી નાંખે તે જ અમર.** મરણના ડરથી પર થયેલાને બાકીના છ ભયો કશું જ કરી શકતા નથી. આથી જ સમજવું કે આરાધક આસ્થાળુ હોય છે અર્થાત્ અભય હોય છે, નિર્ભય હોય છે. જીવનમાં આસ્થા-ભક્તિ રૂપે અને ભક્તિ અભય રૂપે પ્રગટે છે ત્યારે આરાધના અમૃતમયી બની જાય છે. ગ્રીસનો સોક્રેટીસ હોય કે રાજસ્થાનની ભક્ત રમણી મીરા હોય-ઝેરના પ્યાલાને ગટગટાવી જવાની અનંત અભયમયતાએ એમની આરાધનાને અમૃતમયી બનાવી છે. અજયપાલના પડકારનો આચાર્ય રામચંદ્રને કયો ભય લાગ્યો હતો ? અને ભોજરાજાના ફરમાન કયાં માનતુંગસૂરિ મ.ને ફફડાવી શક્યા હતા ? **આરાધકમાં રહેલી આસ્થા અભય રૂપે પ્રગટવી જોઈએ.**

જેને કોઈ ડર નથી હોતો તેને કોઈની પરવાહ પણ નથી હોતી. જેને કોઈની પરવાહ નથી હોતી તેને કોઈનું મમત્વ પણ નથી હોતું. આમ આસ્થાનો વિકાસ-ભક્તિ-અભય-અપરવાહ અને અ-મમત્વ રૂપે પ્રગટે છે. આખરે આ જ અ-ભય, અમમત્વ, અન્+અહં સુધી પહોંચાડે છે. અન્+અહં જ અનંતમયી સદા ઊર્ધ્વ સ્થિત ''ર'' ની ઊર્ધ્વ માત્રાનું અહં પર અવતરણ કરાવે છે. અને અહં માં અનાદિ કાળથી અટવાતો આત્મા અનંતકાળ સુધી અર્હં બની જાય છે. આરાધક હવે જરૂર સમજશે કે આરાધ્યમાં આસ્થા એ ક્રમે ક્રમે અનેરી સિદ્ધિઓ હાંસલ કરી શકે છે.

● શ્રી ભક્તામર-એક માન્ય ક્રમ

ભક્તામરના આરાધકે અનંત સિદ્ધિના બીજભૂત આસ્થાની અખંડતાને જાળવી રાખવાની છે. આવી આસ્થાથી ભક્તામરની આરાધના થવી જરૂરી છે. વિચારક પુરૂષોએ ભક્તામર સ્તોત્રની ગણત્રી આપણે ત્યાં નવસ્મરણમાં કરી છે. સામાન્ય રીતે પંચપ્રતિક્રમણના અભ્યાસ પછી નવસ્મરણનો અભ્યાસ થાય છે. એટલે ભક્તામરના આરાધકે પંચપ્રતિક્રમણના સૂત્રોનો પરિચય તથા અર્થ-ભાવાર્થને આત્મસાત્ કરવા જ જોઈએ. નવસ્મરણના ક્રમને પણ ધ્યાનમાં રાખીએ તો ભક્તામરનો ક્રમ સાતમો આવે છે. નવકાર-ઉવસગ્ગહરં-સંતિકરં-તિજયપહુત્ત-નમિઊણ-અજિતશાંતિ-ભક્તામર-કલ્યાણમંદિર અને બૃહદ્ શાંતિ. આમ નવસ્મરણો ગણાય છે. ભાષાની દૃષ્ટિએ પૃથક્કરણ કરીએ તો સમજાય છે કે સંસ્કૃત ભાષાના સ્મરણોમાં ભક્તામર સ્તોત્રનું સ્થાન પ્રથમ છે. તેની પૂર્વેના છ યે સ્મરણો અર્ધમાગધી કે પ્રાકૃતભાષામાં છે. આમ ભક્તામરનો ક્રમપ્રાપ્ત અભ્યાસ કરીને આરાધના કરનારે આગળનો અભ્યાસ કરવો જરૂરી છે. કદાચિત્ આગળના બધા જ સૂત્રો કંઠસ્થ ન થયા હોય કે-ન કરી શકાયા હોય કે કંઠસ્થ કરવા માટેનો સમય ન કાઢી શકાય તેમ હોય તો પણ એ સમસ્ત તરફ આદર રાખી સામાન્યથી તેના ભાવાર્થને અંતરમાં ઉતારવા જોઈએ. આમ એક સંકેત તારવી શકાય છે કે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તામર સ્તોત્રની આરાધના કરનારે પ્રત્યેક વર્ષે પંચપ્રતિક્રમણ તો વિધિપૂર્વક કરવા જોઈએ. પંચપ્રતિક્રમણની આરાધના કરનાર ચૈત્યવંદન અને સામાયિકની આરાધના તો સહજપણે કરવાનો છે. માટે **ભક્તામરનું દૈનિક સ્મરણ તેની** આરાધના ચૈત્યવંદન-પ્રભુ-પૂજા-ગુરુવંદન અને પ્રતિક્રમણ કરવાની અપેક્ષા રાખે છે. આવા માન્ય ક્રમથી આરાધનામાં આગળ વધાય તો આરાધનાનું મૂલ્ય અનેકગણું થઈ શકે છે. આમ **ભક્તામરની આરાધના માત્ર એક પાઠ ક્રિયા નથી, પણ જૈન જીવનનો અમૃતમય આસ્વાદ મેળવવાની ક્રિયા છે.** વર્તમાનકાલમાં કેટલાય આત્માઓ આવો ક્રમ જાળવી શકતા નથી. કેટલાકે તો નવકાર બાદ સીધું જ ભક્તામર કંઠસ્થ કર્યું હોય છે. આવા લોકોનો વ્યવહાર જોઈને પોતાને જ ધર્મનું સર્વસ્વ સમજનાર કેટલાક મહાનુભાવો-મહાત્માઓ આવા આરાધકોનો ઉઘડો લઈ લેતા હોય છે. અમે પોતે પણ એ જ મતના છીએ કે ભક્તામરના આરાધકે આગળની આરાધના કરવી જોઈએ... અવશ્ય કરવી જોઈએ. પણ ભક્તામરને જ પ્રાથમિકતા આપનાર પર તૂટી પડવું એ અમારું કાર્ય નથી. શાસ્ત્રો તો કહે છે કે ''એક પણ જિનવચન આત્માનું ઉત્થાન કરી શકે છે. તેથી જ જિનવચનના સાર થી ગર્ભિત એવા ભક્તામર સ્તોત્રના વિશેષ આદરં વાળાની અમે આશાતના કરી શકતા નથી. પણ ભક્તામરના આરાધકે પોતાની આરાધના ક્રમસર વિકસિત કરવી એવું અમારું સૂચન છે. જેમ ઘણાં આત્માઓ દર વર્ષે ગુરુવંદન કરવા જતા હોય છે પણ બધા તીર્થોની કે કલ્યાણક ભૂમિની યાત્રા તેઓ એ એક વખત પણ કરી નથી હોતી તો તેની પ્રતિવર્ષીય ગુરુવંદનાને અમે નિરર્થક માનતા નથી... આમ ભક્તામરના આરાધક પોતાના જીવનમાં શ્રાવકના અન્ય વ્રત નિયમો અને આરાધનાનો અનુપમ આદર રાખે એ કહેવાનો અમારો ઈરાદો છે.

● આરાધનાના પ્રકારો

ભક્તામર સ્તોત્ર પર લખાયેલું વિશાળ તંત્ર-મંત્ર-યંત્ર સાહિત્ય બતાવે છે કે ભક્તામરની સાથે સંગત માનવામાં આવેલા તંત્ર-મંત્ર અને યંત્ર ની આરાધના એ પણ ભક્તામરની જ આરાધના છે. એટલે ભક્તામરની આરાધનાના માર્ગો અનેક છે, વિવિધ છે...

મહામંત્ર નવકાર એક સ્મરણ રૂપ છે. પરમ આરાધ્ય મંત્ર છે. છતાંય મહાપુરૂષોએ નવકાર મંત્ર આધારિત અનેક અન્ય મંત્રો જણાવ્યા છે. અનેક યંત્રો અને તંત્રો જણાવ્યા છે અને તેની આરાધનાની વિધિઓ બતાવી છે. છતાંય એ મહામંત્ર માટેની આરાધનાના બે ત્રણ ઉલ્લેખો આપણું ધ્યાન ખેંચે તેવા છે :–

''अट्ठेवय अहसया, अट्ठसहस्सं च अट्ठ कोडिओ
जो गुणई अट्ठ लखे, सो तईय भवे लहइ सिद्धिं।''

(નમસ્કાર લઘુકુલક : નમસ્કાર સ્વાધ્યાય-પ્રાકૃત પૃ. ૪૩૮)

જે આત્માઓ ૮ ક્રોડ, આઠ લાખ, આઠ હજાર આઠસોને આઠ નવકાર ગણે છે તે ત્રીજા ભવે મોક્ષે જાય છે. આમ આઠ ક્રોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસોને આઠ નવકારનો જાપ શ્રાવક જીવનની સુંદર આરાધના બને છે. આ જ રીતે બીજો ઉલ્લેખ નમસ્કાર સ્વાધ્યાય-ગુજરાતી વિભાગના **'નમસ્કાર બાલાવબોધ'** પ્રકરણમાં પૃ. ૫૪ ઉપર છે.

નવલાખ નવકાર ગણનાર જો પૂર્વમાં આયુષ્ય બંધાયું ન હોય તો નરક અને પશુગતિમાં જતો નથી. તેમજ ૧ લાખ નવકારનો પુષ્પાદિક થી નિયમિત જાપ કરે તો તીર્થંકર નામકર્મ બાંધે છે. આથી આ ત્રણેય આરાધના નવકાર મંત્રના આરાધક માટે અવશ્ય આદરણીય છે. અમે તો એવું પણ માનીએ છીએ કે ભક્તામરની પણ જો કોઈ સંપૂર્ણ સ્તોત્રની આવી મહિમામય વાત હોય તો પણ પહેલાં પૂર્વ સેવા રૂપે નવકાર મંત્રની આ ત્રણેમાંથી એક આરાધના તો જરૂર કરી લેવી.

આવી ભક્તામરની સમસ્ત આરાધના શું હોય એવી જિજ્ઞાસા અમારા મનમાં ઘણા વખતથી હતી. એક વખત વડાલીનો એક જ્ઞાનભંડાર જોતાં અમારા વાંચવામાં એક પ્રત આવી હતી. આ પ્રતમાં જણાવ્યું છે કે સવા લાખ વાર ભક્તામરનો જાપ કરવામાં આવે તો ભક્તામર જરૂર સિદ્ધ થાય છે. મેં મારા પૂજ્ય ગુરુદેવને આ વાત જણાવી ત્યારે તેઓએ મને કહ્યું હતું કે મારો સવા લાખ ભક્તામરનો જાપ થઈ ગયો છે. આપણે જાણીએ છીએ કે પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. ના જીવનમાં ભક્તામર સિદ્ધ હતું તેના પુરાવા આપતા ઘણા ઘણા દાખલા થઈ ગયા અને ઘણા ઘણા ચમત્કારો ઘણા લોકો અનુભવી શક્યા છે.

આ અંગેની વધુ વાત આપણે રહસ્ય દર્શનમાં જોઈશું. પણ એ વાત નિશ્ચિત છે કે ભક્તામર સ્તોત્રનો સવા લાખ પાઠ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

થવો જરૂરી છે. આ અંગે બીજી કોઈ વિશેષ સૂચના અમે કોઈ ગ્રંથમાં મેળવી શક્યા નથી કે કોઈ એવા બીજા અનુભવી વ્યક્તિને મળી શક્યા નથી. છતાંય સવા લાખ ભક્તામર સ્તોત્રનો પાઠ કરનારે વિશેષ વિધાનોને ધ્યાનમાં રાખવા જેવા છે. મંત્ર શાસ્ત્રના અભ્યાસીઓ જણાવે છે કે જાપ કે પાઠ અતિ ઝડપથી પણ ન કરવો અને ખૂબ વિલંબથી પણ ન કરવો... અનુભવથી સમજાય છે કે ઝડપ અને વિલંબની દરેકની વ્યાખ્યાઓ જુદી જુદી હોય છે...

આથી જ ગ્રંથકારો આવા જાપને પ્રાણ સમ બનાવવાનું કહે છે. આ વાત તમે ચાલવાની રીતની જોડે સરખાવશો તો તુરંત સમજાઈ જશે. જેઓ પોતાની ઝડપથી સ્વાભાવિક વધારે ગતિથી ચાલે છે, તેમને અવશ્ય હાંફ ચઢે છે, તકલીફ થાય છે. પોતાની ગતિ કરતાં જો ખૂબ ધીમે ચાલવું પડે તો પણ, તેમાં પરિશ્રમ વધુ લાગે છે. પણ ચાલનાર જો પોતાની જ ઝડપે ચાલે છે તો પ્રમાણમાં સૌથી ઓછો પરિશ્રમ થાય છે. આમ, જે લોકો ખૂબ જ ઝડપથી બોલવા જાય તેઓનો એક અક્ષર બીજા અક્ષર ઉપર ચઢી જવાનો કે વચ્ચેના અક્ષરો છૂટી જવાનો સંભવ છે. આવી રીતના અક્ષરો સ્પષ્ટ ન સંભળાય તો તેને દ્રુતગતિ કહેવાય છે. ખૂબ જ વિલંબિત કરવાથી વિચારોની નિરંતરતા રહેતી નથી. વચમાં બીજાં વિચારો આવે છે. માટે તે વિલંબિત કે અતિ ધીમી ગતિ કહેવાય છે. પોતાના શ્વાસોશ્વાસની લય સાથે જાપ કે સ્તોત્ર બેસાડવાથી એક અનન્ય આનંદ થાય છે. એટલે આ સ્તોત્રને મધ્યગતિથી ગણવાનું ઉચિત સમજાયું છે. પ્રાણની-શ્વાસની ગતિની સાથે એને તદાકાર કરી દેવાનું છે. આમ મધ્યમગતિથી ગણતાં સાધક જો ૧૨ મિનિટમાં એકવાર ભક્તામર બોલી શકાય તેવી રીતે બોલે તો રોજના ૬ કલાક આ આરાધના કરવી પડે. ત્રણેય સંધ્યા પહેલાના અને પછી ના ૧-૧-કલાક આનો જાપ કરવો જોઈએ. જો મધ્યમ આરાધક હોય તો રોજના ૬૦ વાર ભક્તામર ગણી ૬ વર્ષમાં આટલી આરાધના પૂર્ણ કરવી. અને ઉપાંશુ રૂપે ઝડપથી આરાધના કરવી હોય અને ચાર મિનિટમાં જો એક ભક્તામર પૂર્ણ કરે તો ચાર વર્ષમાં આ આરાધના પૂર્ણ થાય. રોજના ૬ કલાક પણ સમયસર આપવા ગૃહસ્થ માટે અશક્ય છે તો તેથી વધુ કલાકની ગણત્રી કરવાનો સવાલ ભાગ્યે જ આવે, છતાંય કોઈ ઉગ્ર અને સાહસિક આરાધક હોય તો રોજના ૬ કલાકના બદલે રોજના ૧૨ (બાર) કલાક જાપ કરે અને ચાર મિનીટમાં જ એક ભક્તામર પૂર્ણ કરે તો તેની આરાધના બે વર્ષમાં પણ પૂર્ણ થઈ શકે. પણ આ આરાધના દરમ્યાન પાઠનો ક્રમ થોડો વિશિષ્ટ રાખવો જોઈએ. એટલે એકવાર ૧ થી ૪૪ ગાથાનો પાઠ કરવો. બીજીવાર ૪૪ થી ૧ ગાથા સુધીનો પાઠ કરવો અને ત્રીજી વાર ૧ થી ૪૪ મી ગાથા ફરીવાર ગણવી. આમ ત્રણ ત્રણ પાઠનું એક ઝુમખું ગણવું અને રોજ આવા ૨૦ થી ૬૦ ઝુમખાં ગણવાનું નક્કી રાખવું.

ત્રણની સંખ્યાનું પણ આગવું મહત્ત્વ છે. આરાધકોએ વિશ્વતત્ત્વની ગહનતા સમજવા માટે સંખ્યાનું પણ રહસ્ય સમજવા જેવું છે. આપણે ત્યાં એકવાર - બે વાર અને ત્રણ વાર બોલ્યા પછી જ બધી બોલીઓનો આદેશ કરવાનો વ્યાપક રિવાજ છે. દીક્ષા વ્રત વિગેરેનું ઉચ્ચારણ ત્રણ વાર કરવામાં આવે છે. મંગલ કામમાં પણ ત્રણ નવકાર ગણવાનું વિધાન છે. આમ ભક્તામરના પાઠની આરાધનામાં આરાધકે ત્રણની સંખ્યાને આવરી લેવાની જરૂર છે. જો કે આ ત્રણ માટે ઘણું જ વિસ્તારથી લખી શકાય છે, પણ સંક્ષેપમાં કહીએ તો સત્ત્વ-રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોની વ્યાપકતા છે. વાત - પિત્ત અને કફ આ ત્રિદોષની સમસ્ત વૈદ્યક શાસ્ત્રમાં વ્યાપકતા છે. આરાધકે ખ્યાલમાં રાખવાનું છે કે સત્ત્વ, રજસ્, તમસ્ જેવા ગુણોથી કે વાત - પિત્ત - કફના દોષોથી પોતાના આત્મા અને શરીરને મુક્ત રાખવાના છે.

ક્ષાયોપશમિક ગુણોથી ગુણાતીત અને ઔદયિક ભાવના દોષથી અતીત થઈને આત્માએ પોતાના સહજ સ્વભાવમાં સ્થિર થવાનું છે. આવા ભવ્ય લક્ષ્યની અનુપ્રેક્ષાઓ આરાધકે કરવી જોઈએ. આવી અનુપ્રેક્ષાઓ ક્યારેક ગુરુના અનુગ્રહ દ્વારા પ્રગટ થાય છે તો ક્યારેક આવા જ સ્તોત્રની આદરપૂર્વક આરાધના કરવાથી સ્ફુરણા રૂપે પ્રાપ્ત થાય છે. પ્રત્યેક આરાધકે આરાધનાના ક્ષેત્રમાં શાસ્ત્ર, ગુરૂ આમ્નાય અને સ્વાનુભવ ત્રણેયના મર્મ સુધી પહોંચવાનું છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજાએ પોતાના યોગશાસ્ત્રની રચનાને આ ત્રિપદીથી નિર્મિત જણાવી છે. આપણે ભક્તામરમાંથી પણ માનતુંગ સૂ. મ. એ સંકેત કરેલ આરાધનાની-સાધનાની-ત્રિપદીની ઓળખ કરવાની છે.

શાસ્ત્રો આપણને અગમ્ય પ્રદેશમાં વિચરવાનો-વિહરવાનો સાથ આપે છે. સદ્‌ગુરુઓની પરંપરા મહાપુરૂષોના અનુભવનો નીચોડ આપે છે ! તો સ્વાનુભવ એ અગમ્યતાને આત્મસાત્ કરે છે. આમ સૃષ્ટિના રહસ્યો ચૈતન્યમાંથી પ્રગટિત કરવામાં આ સાધના-ત્રિપદીનો અનન્ય ફાળો છે. આ સ્થળે ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાં પૂ. આચાર્યદેવ હેમચંદ્રાચાર્ય મ.એ કરેલું મહામંગલ ધ્યાનમાં રાખવા જેવું છે :—

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

''नामाकृति द्रव्य भावै : पुनत स्त्रिजगत्जनम्
क्षेत्रेकाले च सर्वस्मिन्, अर्हतः समुपास्महे''

આરાધના ચારેય નિક્ષેપથી થવી જોઈએ. ચાર નિક્ષેપમયી થવી જોઈએ. એ વાત આવા ગ્રંથોના દોહનથી સમજાય છે. આમ ભક્તામર સંપૂર્ણ સ્તોત્રની આરાધના કરનારે સવા લાખની સંખ્યાનું લક્ષ્ય રાખીને આગળ દર્શાવ્યા પ્રમાણે આરાધના કરવા ખ્યાલ રાખવો. પરંતુ જેઓ સવા લાખ ભક્તામર ગણીને તેને સિદ્ધ કરવું એવા લક્ષ્યવાળા નથી તેઓએ પણ ભક્તામરની પોતાની નિયત સંખ્યાના જાપ વખતે ભક્તામરની આરાધના અંગે કયા જાપને સ્થાન આપવું, કેવું ધ્યાન ભક્તામર આરાધનાના ધ્યાન તરીકે ગણવું : આ બે પણ નક્કી કરવાં જોઈએ.

● જપ-ધ્યાન અને સ્તોત્ર

આરાધના અંગે શાસ્ત્રમાં કહેવાયું છે કે :–

''जप श्रान्तो विशेद् ध्यानम् ध्यान श्रान्तो विशेद् जपम्
द्वय श्रान्तः पठेत् स्तोत्रम् ईत्थं गुरुभिः स्मृतम् ।''

ભક્તામરની આરાધના માટે પણ જપ-ધ્યાન અને છેવટે આ સ્તોત્રનો પાઠ એ ત્રણેય સાધનાનો ખ્યાલ રાખવો જોઈએ.

આ સાધનો માટે બે વિકલ્પ વિચારી શકાય છે. એક આ જ સમગ્ર સ્તોત્રનો જાપ. આ જ સ્તોત્રના ભાવાર્થથી નિષ્પન્ન ધ્યાન અને છેવટે આ જ સ્તોત્રનું પઠન. બીજા વિકલ્પરૂપે ભક્તામરની કોઈ એક ગાથા અને તે ગાથાનો કલ્પ પ્રમાણે જાપ તેમજ ધ્યાન.

આરાધ્ય શ્રી આદિનાથ ભગવાન-વીતરાગ ભગવાનને કેન્દ્રમાં ગણીએ તો જપ એ પરમાત્માના નામ-નિક્ષેપાની આરાધના છે. ધ્યાન એ સ્થાપના-નિક્ષેપાની આરાધના છે.

ભક્તામરના આરાધ્ય જાપ માટે બે જાપો વિશેષ અનુકૂળ રહેશે :–

''ॐ ह्रीं नमो अरिहंताणं, सिद्धाणं, सूरीणं, उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा''

આથી આ જાપને ભક્તામરનો જાપ સામાન્ય આરાધના માટે માની શકાશે.

આ જાપની સિદ્ધિ માટે તેનો ૩૨૦૦ જાપ ગણવામાં આવ્યો છે. વિશેષ પ્રયોજનમાં વિશેષ સાધનામાં આ જાપ આટલો ગણવો. બાકી નિત્ય સ્મૃતિમાં આ જાપ ૩૨ વાર ગણવો. તેની સાધનાવિધિમાં સવારનો સમય પંચરંગી ધોતીનું પરિધાન, મુંગા (પરવાળા)ની માળા અને માળા વખતે ખાસ અગરનો ધૂપ કરવાનું વિધાન છે. સાધકે તે પણ ખ્યાલ રાખવો. આ મંત્રને સર્વસિદ્ધકર મંત્ર ગણવામાં આવ્યો છે. પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સાહેબે સર્વ પ્રથમ વાર ભક્તામર પૂજનનું સંકલન કરેલ તેમાં પણ આ જ મંત્રનો જાપ દરેક પૂજામાં ૧૨ વખત કરવામાં આવે છે. ગુણાકર વૃત્તિમાં આ મંત્ર ૧ થી ૬ ગાથાનો પૂરક મંત્ર હોય તેમ લાગે છે.

આ સિવાય પણ વિશેષ જાપ કરવો હોય તો ગુરુ મુખથી આદીશ્વર પ્રભુના પ્રાચીન મંત્રો મેળવી લેવા જોઈએ.

શ્રી ઋષભવિદ્યાના મંત્રને પણ સ્થાન આપી શકાય :–

● ઋષભવિદ્યા

મંત્ર :- ॐ नमो जिणाणं, ॐ नमो ओहि जिणाणं, ॐ नमो परमोहि जिणाणं, ॐ नमो सव्वोहि जिणाणं, ॐ नमो अणंतोहि जिणाणं, ॐ नमो केवलि जिणाणं, ॐ नमो भगवओ अरहओ उसभ सामिस्स सिज्झउ मे भगवई महई महाविज्जा. ॐ नमो भगवओ उसभ सामिस्स आईतित्थगरस्स जस्सेयं जलं तं गच्छई चक्कं.

"सव्वत्थ अपराजिअं आयाविणी ओहाविणी मोहणी थंभणी जंभणी हिली हिली किलि किलि चोराणं भंडाणं भोईयाणं अहिणं दाढिणं नहीणं सिंगीणं वेरीणं जकखाणं पिसायाणं मुह बंधणं करेमि ठः ठः स्वाहा".

ભક્તામરનો બીજો જાપ પણ અગત્યનો જાપ છે :–

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ नमो वृषभनाथाय, मृत्युञ्जयाय, सर्वजीवशरणाय परमपुरूषाय चतुर्वेदाननाय अष्टादशदोषरहिताय, अजरामराय सर्वज्ञाय सर्वदर्शिने, सर्वदेवाय अष्टमहाप्रातिहार्य चतुस्त्रिंशदतिशय सहिताय, श्री समवसरणे द्वादशपर्षद्वेष्टिताय ग्रहनाग-भूत-यक्ष-राक्षस वशंकराय, सर्व शांतिकराय मम शिवं कुरू कुरू स्वाहा ।

ધ્યાન માટે તો અશોકવૃક્ષ, સિંહાસન, ચામર અને ત્રણ છત્ર યુક્ત ચાર પ્રતિહાર્યથી યુક્ત એવું જ પરમાત્માનું ધ્યાન કરવું ભક્તામરની આરાધના માટે ઉચિત લાગે છે.

પ્રથમ એક એક પ્રતિહાર્યનું ધ્યાન અને પછી એકસાથે ચારેય પ્રાતિહાર્યનું ધ્યાન ધરવું જોઈએ.

આ સિવાય પણ ઘણાં શ્લોકો એવા છે કે અર્થથી પાઠ કરનારને સ્વાભાવિક ધ્યાનમાં લઈ જાય છે અને હવે જ્યારે આવા સુંદર ચિત્રો તૈયાર થઈ ગયા છે ત્યારે ધ્યાનમાં પ્રવેશ કરનારને ખૂબજ સુગમતા થઈ જશે.

આ સિવાય પણ જો સ્તોત્ર જાપ સાથે જ ધ્યાન ચાલું રાખવું હોય તો ભક્તામરની પ્રત્યેક ગાથા ભગવાનના ચરણમાં સ્થાપિત કરતા જવું અને એક જ લયથી ભક્તામરનો પાઠ કરતા જવો.

આથી પણ આગળ વધવું હોય તો પ્રભુના ગળામાં એક માળાની કલ્પના કરી વચ્ચે મેરૂની કલ્પના કરી બંનેય બાજુ ૨૨-૨૨ કમળોની કલ્પના કરવી. પ્રત્યેક કમળની પાંખડીમાં ગાથાનો પ્રથમ અક્ષરનો ન્યાસ કરતા જવો અને ૪૪ ગાથા સુધીમાં બધાં જ અક્ષરો સ્થાપિત થાય ત્યાર બાદ એ જ માળા આપણા કંઠમાં સ્થાપિત થઈ છે તેવું ધ્યાન કરી પરમાત્માની પરમ કૃપાનો, પરમ પ્રમોદનો, પરમ આનંદનો અનુભવ કરતાં જવો. સંપત્તિ રૂપ, સંસ્કાર રૂપ, સદાચાર રૂપ, સમાધિરૂપ, લક્ષ્મી આપણી પાસે આવી રહી છે, તેવી દૃઢતા પૂર્વકની ભાવના કરી છેવટે પ્રત્યેક આત્મ પ્રદેશોમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત સુખરૂપ સ્વભાવ-લક્ષ્મીની સ્થાપના થઈ રહી છે, એવી ભાવનામાં સ્થિર રહી સ્થિરતા પૂર્ણ થયે ધ્યાન પૂર્ણ કરવું.

શ્રી ભક્તામરના ધ્યાન માટે પણ પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાન આયોજી શકાય છે.

પિંડસ્થ ધ્યાન શરીરમાં પાંચ ધારણાઓ કરવાથી થાય છે. આ ધ્યાન શરીરમાં રહેલાં પાંચ ભૂતોની શુદ્ધિ કરીને સાધકને આગળના ધ્યાનમાં સહાયક થાય છે. પણ, ભક્તામર સ્તોત્રના પાઠમાં ખરેખર તો પદસ્થ ધ્યાન જ જામશે, કારણ, ગ્રંથકારો જણાવે છે કે–

''महामन्त्रे च मन्त्रे च, मालामन्त्रेऽथवा स्तुतौ,
स्वप्नादि लब्ध मंत्रे वा, पदस्थं ध्यान मुच्यते...''

''મહામંત્રમાં, મંત્ર વિષે, માલા મંત્રમાં અથવા સ્તુતિના વિષે તેમ જ સ્વપ્નમાં પણ મંત્ર પ્રાપ્ત થયો હોય તો તેના વિષે પણ પદસ્થ ધ્યાન કહેવાયું છે.''

ભક્તામરમાં તો ખૂબી એ છે કે એમાં ચૌદ (૧૪) અક્ષરો છે. આ પ્રત્યેક અક્ષરની જાણે એક એક રાજલોકમાં સ્થાપના કરી રહયા હોય, તેવી રીતે પણ અક્ષરોનું ધ્યાન થઈ શકે છે !

આત્મા જાણે ક્રમે ક્રમે ચૌદ ગુણ સ્થાનકો પર આરોહણ કરી રહયો છે, તેવી રીતે ચૌદ અક્ષરોને ચૌદ ગુણસ્થાનકમાં સ્થાપી, પંકિત પૂરી થતાં સિદ્ધપદમાં આત્માને સ્થાપિત જોઈએ, તો એ જ પદસ્થ-ધ્યાન રૂપસ્થ બનીને રૂપાતીત ધ્યાન સુધી પણ પહોંચાડે...

શ્રી ભક્તામર સ્તોત્ર પણ વર્ણાત્મક છે... શાસ્ત્રોમાં વર્ણોનું પણ જુદું જુદું સ્વરૂપ અપાયેલું છે. આવા સ્વરૂપનો પણ અભ્યાસ કરી શકાય. દા.ત. ''ભક્તામર'' પ્રથમ અક્ષર "ભ" છે, શાસ્ત્રમાં **''ભ''કારની** શકિતનું નીચે પ્રમાણે સ્વરૂપ બતાવવામાં આવ્યું છે ''**ભકાર** દશ ક્રોડ યોજન ઉંચો છે... પાંચ કોડ યોજન પોહળો છે. **''ભ''કારે** મોતીના આભૂષણો ધારણ કરેલાં છે. યજ્ઞો પવિત-જનોઈ ધારણ કરેલી છે, દિવ્ય આભરણોથી ભૂષિત છે, આઠ ભુજાઓથી યુક્ત છે, જે ભુજાઓમાં શંખ-ચક્ર-ગદા મૂશલ-કોદંડ, શરાસન અને તોમર ને ગ્રહણ કરેલાં છે. હંસ એનું વાહન છે. બોર ના ફળ જેવો સ્વાદ છે. ઘન અવાજ છે. ચંપકના ફુલ જેવી ગંધ છે. વશીકરણ અને આકર્ષણના પ્રસંગો તેને પ્રિય છે અને કુબેર દેવતા છે. એનું લિંગ નપુંસક છે.''

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આમ, પ્રત્યેક અક્ષરોનું ધ્યાન પણ ભક્તામર બોલતાં પહેલાં કરી શકાય અને પછી ધ્યાન સ્થિર થાય ત્યારે, અર્થાત્ સારો અભ્યાસ થાય ત્યારે મધ્યમ ગતિથી પણ પાઠ કરતાં પણ આ બધાં વર્ણ દેવતાની શક્તિનું સ્વાભાવિક ધ્યાન થઈ શકે. એક બીજી રીતે પણ ધ્યાન કરી શકાય છે. ભક્તામરના પ્રત્યેક અક્ષરોને પોતાના મસ્તક પર ધારણ કર્યા હોય તેવા ચિંતવવા અને તે અક્ષરોમાંથી જાણે અમૃતની ધાર વહી રહી છે, તેવું ધ્યાન દૃઢ કરવું. આ ધ્યાન પ્રમાણમાં જલ્દી જામી શકે એવું છે અને અગત્યનું પણ છે, કારણ કે મહાન શક્તિના સ્વામી-મહાન દેવતાઓ અક્ષરો અને વિશ્વનું બધું જ રહસ્ય સાધકને પ્રગટ કરી આપવાની તાકાતવાળા છે માટે આ પદસ્થ ધ્યાન માટે જરૂર ઉદ્યમ કરવો.

ચાર પ્રાતિહાર્યો થી યુક્ત રૂપસ્થ ધ્યાન અને આખરે પદથી ન સમજાવી શકાય તેવું. અને રૂપથી ન કલ્પી શકાય તેવું કોઈ રૂપાતીત ધ્યેય છે તેમાં મન પરોવવું અનક્ષર અને અરૂપ-સ્વરૂપ, રૂપાતીત આત્મ-સ્વરૂપ પ્રગટ થાયે તે જ રૂપાતીત ધ્યાનનું ફલ છે.

આનાથી પણ બીજી અનેક રીતો ધ્યાનની આરાધકોને ક્રમેક્રમે પ્રત્યક્ષ થતી જ જશે.

ભક્તામરથી ધ્યાનનો આનંદ મેળવનારે ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે ભક્તામર સ્તોત્રના પ્રત્યેક શબ્દના અર્થો પ્રત્યેક પદના અર્થો અને પ્રત્યેક શ્લોકોના અર્થ આત્મસાત્ કરી લેવા જોઈએ. જ્યાં સુધી અર્થો આત્મસાત્ થતા નથી ત્યાં સુધી આંતર ચૈતન્ય પ્રગટવું ખૂબજ મુશ્કેલ પડે છે. ધ્યાન એક આનંદની અનુભૂતિ છે એટલે નિરસતાથી કે વિવશતાથી પાઠ થાય તો વિશેષ કશો ફાયદો થતો નથી કેટલાક લોકોને સંસ્કૃત ન સમજાતું હોવાથી અને પાઠમાં રસમયતા ટકે માટે ગુજરાતી-હિન્દી વિગેરે પોત-પોતાની ભાષામાં ભાષાંતર થયેલા ભક્તામરનો પાઠ કરે છે. જેનો અર્થ સમજાય તેમાં રસ પડે એ સ્વાભાવિક છે એટલે એવા પોત-પોતાની ભાષામાં સ્તોત્રો બોલતાં રસ તો આવવાનો જ, પણ મહાપુરૂષોએ જાગૃત કરેલ મંત્ર સંકલ્પ તો તે જ સંસ્કૃત ભાષાનું સ્તોત્ર બોલાય તો જ આવે, રસ પેદા કરવા માટે આપણે આપણી રીતનો ઉપયોગ ન કરતાં, જે રીતે રસ અને પ્રભાવ પેદા કરવા યોગ્ય છે તે જ રીતે કરવો.

મૂળ ભાષામાં આ સ્તોત્ર બોલતાં રચનાકારના મહાન સંકલ્પનો લાભ તો મળે જ છે, પણ તે રચના થયા બાદ જે જે પુરૂષોએ તેનો પાઠ કર્યો હોય, સાધના કરી હોય, આરાધના કરી હોય તે બધાય મહાન આત્માઓના પવિત્ર મન-વચનના પરમાણુઓના આંદોલનો અને પવિત્રતાનો પણ લાભ મળે છે.

આપણા શાસ્ત્રકારો તો ભાષા વર્ગણાના પુદ્ગલોને લોકવ્યાપી અને ચિર કાળ સુધી પણ ટકી રહેવાના સામર્થ્યવાળા માને છે. આવા મહાન વાતાવરણનો લાભ જતો ન જ કરવો જોઈએ. જે પણ આરાધક ભક્તામરના પ્રત્યેક પદોની પવિત્રતાનો ખ્યાલ કરીને પાઠ કરશે તેને આ વાતો કહ્યા વિના પણ સમજાઈ જશે.

... આરાધના માટેની અદ્ભુત સાધના, સ્તોત્ર જાપ, અને ધ્યાન આ ત્રણેયનું મહાન આલંબન ભક્તામર સ્તોત્ર છે. એ નિર્વિવાદ વાત છે.

● ભક્તામર સ્તોત્રના અઠ્ઠમ

તપ જૈન શાસનની મહાનતા છે. જૈન શાસન તપ માટે વિષમકાળમાં પણ પંકાયેલું છે. શાસ્ત્રમાં જણાવાયું છે કે દુરાધ્યમાં દુરાધ્ય ચીજ પણ તપ વડે સિદ્ધ થાય છે. આપણે ત્યાં દરેક સૂત્રને પ્રાપ્ત કરવામાં તપની અનિવાર્યતા ગણવામાં આવે છે. નવકાર મંત્રાદિ સૂત્રો માટે પણ ઉપધાનતપનું આયોજન છે. મુનિ ભગવંતો પણ આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર, આદિ ઘણાં ઘણાં સૂત્રો માટે યોગોદ્વહન રૂપ તપ કરતાં જ હોય છે. પ્રાયઃ કોઈ પણ મંત્રસિદ્ધિ, આરાધનાસિદ્ધિ અને જાપસિદ્ધિ માટે તપ અનિવાર્ય ગણાયો છે. અહિંસા, સંયમનો સમાવેશ સમ્યક્ તપમાં આવી જ જતો હોય છે, એટલે અહિંસા અને સંયમ પછી જ તપનું સ્થાન ગણવામાં આવ્યું છે. એક રીતિએ વિચારીએ તો અહિંસા એ યમ છે. સંયમ એ નિયમ છે અને તપ આસન; પ્રત્યાહાર; ધારણા અને ધ્યાન સ્વરૂપ છે. આમ અહિંસા-સંયમ-તપ એ અષ્ટાંગ યોગ છે. નવી પરિભાષાઓ પ્રમાણે વિચારીએ તો અહિંસા એ બહારનો Cable કેબલ છે. સંયમ એ અંદરનો તાર છે, Wire છે, પણ તપ એ તો અંદર વહેતો Power પાવર છે. વિદ્યુત્ પ્રવાહ છે. આવા પાવર વિના કશું પ્રકાશિત થઈ ન શકે માટે ભક્તામરની સાધના માટે તેનો તપ કરવો ઉચિત જ લાગે છે. ભક્તામરના અઠ્ઠમ તપનું આરાધન પૂ. ગુરુદેવની નિશ્રામાં પણ અનેક વખત થઈ ગયું છે. આરાધના કરનારાઓને પરમ આનંદ થયો છે. અહીં પણ આરાધક મહાનુભાવો માટે અઠ્ઠમની સંકલિત વિધિ આપવામાં આવે છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ દિવસ	:	કાઉ.	ખમા.	સાથિયા
		૧૨ (લો.)	૧૨	૧૨
રોજની ૨૦ માળા	:	ૐ હ્રીં શ્રીં ઋષભજિનેન્દ્રાય નમઃ ।		
દ્વિતીય દિવસ	:	કાઉ.	ખમા.	સાથિયા
		૧૨ (લો.)	૧૨	૧૨
તૃતીય દિવસ	:	કાઉ.	ખમા.	સાથિયા
		૨૦ (લો.)	૨૦	૨૦
રોજની ૧૦ માળા	:	ૐ હ્રીં નમો અરિહંતાણં સિદ્ધાણં, સૂરિણં, ઉવજ્ઝાયાણં, સાહૂણં મમ ઋદ્ધિં વૃદ્ધિં સમીહિતં કુરુ કુરુ સ્વાહા ।		
રોજની એક માળા	:	ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્ર-પદ્માવતી પૂજિતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ		
રોજની એક માળા	:	શ્રી માનતુંગગુરવે નમઃ ।		
કાઉસગ્ગનું પદ	:	શ્રી ભક્તામરસ્તોત્ર પૂજિત શ્રી ઋષભદેવ આરાધનાર્થે કાઉસગ્ગ કરું ?		

■ ખમાસણાનો દુહો

''દુર્લભ પંચમ કાલમાં ભક્તામર બલવાન,
માનતુંગસૂરિ ભાવથી ભજો ઋષભ ભગવાન.''

૧.	શ્રી ભવજલતારકાય	શ્રી ઋષભદેવાય નમઃ			૨૩.	શ્રી અનન્ય શિવપદ નાયકાય	શ્રી ઋષભદેવાય નમઃ		
૨.	શ્રી ભવજલતારકાય	”	”	”	૨૪.	શ્રી સર્વદર્શનગમ્યાય	”	”	”
૩.	શ્રી વિબુધાર્ચિતપાદપીઠાય	”	”	”	૨૫.	શ્રી બુદ્ધ-શંકર-બ્રહ્મા-વિષ્ણુરૂપાય	”	”	”
૪.	શ્રી ગુણસમુદ્રાય	”	”	”	૨૬.	શ્રી ભવોદધિ શોષકાય	”	”	”
૫.	શ્રી સોડહં રૂપાત્મકાય	”	”	”	૨૭.	શ્રી સમસ્ત દોષેક્ષણ રહિતાય	”	”	”
૬.	શ્રી મુખરીકારકાય	”	”	”	૨૮.	શ્રી અશોક વૃક્ષ પરિપૂજિતાય	”	”	”
૭.	શ્રી પાપક્ષાયકાય	”	”	”	૨૯.	શ્રી સિંહાસન પરિપૂજિતાય	”	”	”
૮.	શ્રી નાથસ્વરૂપાય	”	”	”	૩૦.	શ્રી ચામરદ્વય પરિપૂજિતાય	”	”	”
૯.	શ્રી દુરિતનાશકાય	”	”	”	૩૧.	શ્રી ઉન્નિદ્રહેમ નવપંકજ પૂજિતાય	”	”	”
૧૦.	શ્રી ભુવનભૂષણાય	”	”	”	૩૨.	શ્રી છત્રત્રય પરિપૂજિતાય	”	”	”
૧૧.	શ્રી અનિમેષ વિલોકન યોગ્યાય	”	”	”	૩૩.	શ્રી અનન્ય ધર્મોપદેશકારકાય	”	”	”
૧૨.	શ્રી ત્રિભુવનૈક લલામ ભૂતાય	”	”	”	૩૪.	શ્રી ઐરાવતભય નિવારકાય	”	”	”
૧૩.	શ્રી સુર-નર ઉરગનેત્રહારકાય	”	”	”	૩૫.	શ્રી હરિણાધિપભય નિવારકાય	”	”	”
૧૪.	શ્રી ત્રિજગદીશ્વરાય	”	”	”	૩૬.	શ્રી દાવાનલભય નિવારકાય	”	”	”
૧૫.	શ્રી અવિકારમાર્ગનાયકાય	”	”	”	૩૭.	શ્રી ફણિપતિભય નિવારકાય	”	”	”
૧૬.	શ્રી જગત્પ્રકાશકાય	”	”	”	૩૮.	શ્રી યુદ્ધ નિવારકાય	”	”	”
૧૭.	શ્રી મુનીન્દ્રાય	”	”	”	૩૯.	શ્રી જયવિજય કારકાય	”	”	”
૧૮.	શ્રી નિત્યોદયકારકાય	”	”	”	૪૦.	શ્રી સમુદ્રભય નિવારકાય	”	”	”
૧૯.	શ્રી દલિતતમસે	”	”	”	૪૧.	શ્રી જલોદરાદિરોગભય નિવારકાય	”	”	”
૨૦.	શ્રી અનંતજ્ઞાનયુતાય	”	”	”	૪૨.	શ્રી નિગડાદિબંધનભય નિવારકાય	”	”	”
૨૧.	શ્રી હૃદયતોષદાયકાય	”	”	”	૪૩.	શ્રી અષ્ટભય અભયકારકાય	”	”	”
૨૨.	શ્રી મરૂદેવી પુત્રાય	”	”	”	૪૪.	શ્રી માનતુંગશ્રીકારક ભક્તામર સ્તોત્ર પૂજિતાય			

શ્રી ઋષભદેવાય નમઃ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧ ૧૧ એકાસણા, ૨૨ એકાસણા અને ૪૪ એકાસણા કરીને પણ ભક્તામરનો તપ પૂર્ણ કરી શકાય છે. કારણ કે આગળ અમે જે સવા લાખ ભક્તામરના જાપની વાત કરી ગયા હતા તેવી જ એક વાત મુદ્રિત નવસ્મરણના સારાભાઈ નવાબવાળા ગ્રંથમાં ઉલ્લેખિત છે ત્યાં પણ આરાધના દરમ્યાન રોજ એકાસણા કરવાનું જણાવ્યું છે. આમ જેને પણ વિશેષ આરાધના રૂપે ભક્તામર ગણવું હોય તેને એકાસણ તો કરવું જ જોઈએ એમ સમજાય છે.

સાધના દરમ્યાન એક જ વાર સાત્ત્વિક અને પરિમિત આહારનું અને બ્રહ્મચર્યનું સૂચન સર્વત્ર કરવામાં આવે છે. માટે વિશેષ આરાધનાઓ દરમ્યાન તો એક વાર જ ભોજનનો, એકાસણનો ખ્યાલ રાખવો જ રહ્યો.

"युक्ताहार-विहारस्य, युक्त कर्मसु सर्वदा,
युक्तस्वापावबोधस्य, योगो भवति दुःखहा ।"

(શ્રી ભગવદ્‌ગીતા)

આરાધના દરમ્યાન સૂવું, બેસવું આહાર-નિહાર બધું જ પરિમિત હોય તો જ આરાધનાનો રંગ જામે છે.

શ્રી ભક્તામર નિત્ય આરાધના પટ

શ્રી મહાપ્રભાવિક લઘુ ભક્તામર પૂજન



શ્રી ભક્તામર મંદિર
મૂળનાયક આદીશ્વર ભગવાનની
ચરણ પાદુકા ભરૂચ

"श्री भक्तामर स्तोत्र नित्य आराधना मंत्र"
ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरिणं उवज्झायाणं
साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ॥

રોજ ૧૦૮ વાર ગણવા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાન સમયમાં પુસ્તકો સર્વત્ર થઈ ગયા છે. એટલે લોકોને ભક્તામર ક્યારે શરૂ કરવું ને ક્યારે ગણવું એ પ્રશ્ન જાણે અસ્થાને જ લાગે છે. પરંતુ ગમે તેટલા પુસ્તકો હોય કે ગમે તેટલા મંત્ર પ્રસિદ્ધ હોય, પણ મંત્ર કે સ્તોત્ર મન ફાવે ત્યારે શરૂ ન જ કરી શકાય... કેટલાય લોકોને મંત્ર અને સ્તોત્રનું મહત્ત્વ સાંભળીને મંત્ર કે સ્તોત્ર ગણવાની પ્રબળ જિજ્ઞાસા થઈ આવે છે અને ગમે તે રીતે શરૂ કરી દે છે. પછી કોઈ પણ મંત્રની ગંભીરતા કે પૂજયતા મંત્ર કે સ્તોત્ર તરફ રાખી શકતા નથી. આખરે વિશેષ કોઈ પણ ફળની પ્રાપ્તિ થતી નથી એટલે જાહેરાત કરે છે કે ''મેં તો ભલભલા મંત્રો ગણી લીધા, બધાય સ્મરણો ગણી લીધા, મને કશો ફાયદો નથી, આ કાળમાં કશુંય ફળતું નથી,'' એવી જાહેરાતો કરીને મહાન્-મંત્ર-સ્તોત્રોનું ગૌરવ ઓછું કરી દે છે.

ભક્તામર જેવું સ્તોત્ર તો ખૂબજ આદર પૂર્વક ગ્રહણ કરવું જોઈએ. આપણે ત્યાં જેવો મહિમા સંયમ – દીક્ષાનો હોય છે, ઉપધાન તપની માળા વિગેરેનો હોય છે, તેવો મહિમા મંત્ર દીક્ષા અને સ્તોત્ર દીક્ષાનો હોવો જોઈએ. અન્ય પરંપરાઓમાં મહોત્સવ પૂર્વક-વિશિષ્ટ આયોજન પૂર્વક આવા મંત્ર અને સ્તોત્ર ગ્રહણ કરવામાં આવે છે. આરાધકોના ખ્યાલ માટે ચિંતામણી મંત્રની દીક્ષા વિધિનો થોડો ખ્યાલ આપવામાં આવ્યો છે. શિષ્ય ગુરુના પગમાં પડીને - નમસ્કાર કરીને કહે –

''હે ! ભગવન્ ! હું જડતારૂપ સમુદ્રમાં ડુબી રહયો છું. હમણાં આપના ચરણ-કમલમાં આશ્રિત થયો છું. જો મારામાં આપ યોગ્યતા દેખતા હો તો મારા પર મહાન કૃપા કરો અને મંત્રાધિરાજના શ્રેષ્ઠ યંત્રથી યુક્ત એવો મંત્ર મારા જેવા પાત્રમાં આપ સ્થાપો. આ મંત્ર જ મારા માટે ભવસાગરથી તરવા નાવ જેવો થશે.''

(આટલું શિષ્ય કહે તે બાદ ગુરુ...)

''હૃદયમાં, બે જાનુમાં, નાભિમાં, મુખમાં અને મસ્તકમાં પાંચ તત્ત્વાક્ષરો વડે સકલીકરણ કરે... ત્યાર બાદ સારી રીતે પૂજિત કાનમાં ત્રણવાર મંત્ર કહે અને સોનાનું જલ શિષ્યને હાથમાં આપે''...

ત્યાર બાદ શિષ્ય કહે-''હે ! ગુરુ ભગવંત ! સારા ક્ષેત્રમાં વાવેલાં દાણાની જેમ આપની જ કૃપાથી આ મંત્ર સફલતાને વરશે''- આવું કહીને પુનઃ ગુરુના પગમાં પડી શિષ્ય પ્રણામ કરે. કારણ, સર્વત્ર પ્રણામ જ-વિનય જ કાર્યકર બને છે. સફલ બને છે.

(સાગરચંદ્રસૂરિ વિરચિત મંત્રાધિરાજ કલ્પ)

આવી પરંપરાઓ શરૂ કરવી જરૂરી છે. ''મંત્ર દીક્ષા'' એ મહોત્સવના આયોજન પૂર્વક અને મહોત્સવના આયોજનના મધ્યમાં હોય છે તેવું અત્યારે તો સાધુ ભગવંતોને ગણિ પંન્યાસ પદ પ્રદાન વખતે; વર્ધમાન વિદ્યા અને આચાર્યપદ પ્રદાન વખતે સૂરિમંત્ર આપે છે ત્યારે જળવાયું છે. ભક્તામર જેવા સાતિશાયિ સ્તોત્રો અંગે આવા વિધાનની આવશ્યકતા છે. જયાં સુધી આવું વિધાન ન આયોજવામાં આવે ત્યાં સુધી અમુક વિધિ ત્યાં તો આયોજવી જ જોઈએ.

એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે મંત્ર કે સ્તોત્ર એ શબ્દ નથી, એ એક વિશિષ્ટ પ્રાણ શક્તિ છે. માત્ર શબ્દ કે સ્તોત્ર ને મેળવવાથી કશું જ ન થઈ શકે. મહાન પ્રાણ શક્તિના વાહક બનવું જોઈએ.

... આ માટે સુયોગ્ય ગુરુભગવંતની, મહાન સાધકની આવશ્યકતા હોય છે.

સામાન્યતઃ જે મંત્ર કે સ્તોત્ર જેને પોતાના શ્વાચ્છોશ્વાસની જેમ સિદ્ધ કર્યુ હોય, જેને એ મંત્ર પર અડગ વિશ્વાસ હોય, એવા સાધક ગુરુ પાસેથી જ સ્તોત્ર કે મંત્ર ગ્રહણ કરવા વધુ યોગ્ય છે. ગુરુ પણ ચારિત્ર બળ, તપોબળ અને સંકલ્પ બળવાળા હોવા જોઈએ. આવા ગુરુને મેળવવાની હૃદયમાં તીવ્ર ઝંખના જાગે છે ત્યારે ગુરુનો યોગ મળી જ જાય છે. આપણા મહાન પ્રાર્થના સૂત્ર જયવીયરાય સૂત્રમાં **'સુહ ગુરુ જોગો'**ની પ્રાર્થના થયેલ છે. એટલું જ નહીં, પણ એવા સદ્‌ગુરુ ના વચનની સેવા જીવનના અંત સુધી, મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી સેવા કરવાની પ્રાર્થના પણ કરવામાં આવી છે... પૂર્વકાળમાં આરાધક આત્માઓ ધીરજવાળા હતા. સદ્‌ગુરુની શોધમાં વર્ષો વીતાવવા પડે તો પણ વીતાવતાં. એવા સદ્‌ગુરુઓ મંત્રો કે સ્તોત્રો આપવા માટે યોગ્યતા તપાસવા વર્ષો સુધી રાહ પણ જોવડાવતા, તો રાહ પણ જોતા. છેવટે ગુરુને યોગ્ય લાગે ત્યારે જ મંત્ર અને સ્તોત્રો આપવાનો અનુગ્રહ કરતાં હતા. મને તો પેલો શ્લોક પરમ મનનીય લાગે છે :-

''ध्यानमूलं गुरोर्मूर्ति पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोःकृपा ॥''

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુકૃપાની મહત્તા ખૂબજ છે માટે આરાધકે ગુરુનો અનુગ્રહ મેળવવા સદાય જાગૃત રહેવું જોઈએ.

જેઓમાં વિનય-ભક્તિ-સેવા જેવા મહાન ગુણો હોય છે, હૃદયમાં સરલતા, મનમાં નિષ્ઠા અને આત્મામાં પવિત્રતા હોય છે, તેને ઘણી વખત સદ્‌ગુરુઓ સામેથી બોલાવીને પણ અનુગ્રહ રૂપે સ્તોત્ર મંત્ર આપતા જ હોય છે.

ખ્યાલમાં રાખવાનું હોય છે કે **જગત મહાન રહસ્યોની પરંપરા છે.** એકપણ પરમાણુના પુરેપુરા પર્યાયને જાણવાનું આપણામાં સામર્થ્ય નથી. પુદ્‌ગલના સ્થૂલ પરિણામોને સ્થૂલ રૂપે પણ જાણી શકીએ એટલી લાંબી આપણી જીંદગી નથી. **અનંતશક્તિ અને અનંત રહસ્યો વચ્ચે આપણે નિરાધાર રૂપે ભટકી રહયાં છીએ.** આવી પરિસ્થિતિમાં જે મહાન્ શક્તિ આપણું માર્ગદર્શન કરી શકે તે જ શક્તિ ગુરુ છે. ગુરુ શબ્દ નો અર્થ પણ એજ બતાવે છે કે 'ગુ' એટલે અંધકાર, 'રુ' એટલે પ્રકાશ. આ અંધકારમાં પ્રકાશ પાથરે તે ગુરુ. પ્રકાશની પરમ પ્યાસ, જ્ઞાનની પ્રાપ્તિની અનન્ય અભિલાષા ગુરુતત્ત્વનો પ્રકાશ કરે છે. માટે બાહ્ય ગુરુને મેળવીને અભ્યંતર ગુરુની ઉપેક્ષા ન કરવી અને અભ્યંતર ગુરુતત્ત્વની જાગૃતિ માટે બાહ્ય સદ્‌ગુરુની ઉપાસના જરૂરથી કરવી. સાધકોને-ચિંતકોને, આરાધકોને એ અનુભવ થતો હોય જ છે કે જ્યારે કોઈ પણ આરાધના-સાધના માટે માર્ગદર્શનની આવશ્યકતા જાગે છે ત્યારે તેવું માર્ગદર્શન કોઈને કોઈ રૂપમાં ઉપસ્થિત થઈ જાય છે. એકલવ્યે પ્રાપ્ત કરેલી વિદ્યા સિદ્ધિ પ્રાચીનકાળનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, તો દક્ષિણ ભારતના પ્રખ્યાત જ્યોતિષી સી.વી. રામને જ્યોતિષમાં એક નવી જ પધ્ધતિનો આરંભ કર્યો છે એ ગુરુશક્તિના અનુસંધાનના મહાન ઉદાહરણો છે. ગુરુ પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, ગુરુ અભ્યંતર હોય કે બાહ્ય, પણ ગુરુ શક્તિ એટલે પ્રકાશ શક્તિ છે અને તેનું અનુસંધાન આવશ્યક છે.

'अज्ञानतिमिरांधानाम्-ज्ञानांजन शलाकया
नेत्रमुन्मीलितं येन-तस्मै श्री गुरवे नमः ॥

જ્ઞાનની, અંજનશલાકાથી જે નેત્રોને ખોલી નાંખે છે, દૃષ્ટિને ઉઘાડી દે છે, તે જ ગુરુ છે. ''ગુરુ'' ને તમે નામથી નહીં, સર્વનામથી પણ જાણો એ જરૂરી છે. આ પ્રખ્યાત શ્લોક **'येन'**થી ગુરુશક્તિનું અનુસંધાન કરે છે અને **'तस्मै'** પદથી ગુરુશક્તિમાં પોતાના સમર્પણને પહોંચાડે છે.

પ્રસ્તુત ભક્તામરના આરાધકે કોઈ ભક્તામરના મહાસાધકને ગુરુ અવશ્ય બનાવવા જોઈએ. પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મહારાજા પાસેથી ઘણા આત્માઓએ વિધિવત્ ભક્તામરનો પાઠ ગ્રહણ કર્યો છે. પૂ. ગુરૂદેવને ભક્તામર પર અપાર શ્રદ્ધા જામી ગઈ હતી. આવા શ્રદ્ધાના ઘોધ સમા ગુરુ પાસેથી ભક્તામર સ્તોત્ર અંગીકાર કરવું જોઈએ. અને આખરે માનતુંગ સૂરીશ્વરજી મહારાજાને તો ભક્તામર આરાધકે પરમ ગુરુપદે સ્થાપવા જોઈએ. માનતુંગ સૂરીશ્વરજી મહારાજાની અનેરી ભક્તિ આ સ્તોત્રના આરાધકને ખૂબ જ સહાયક થશે.

વિશિષ્ટ ગુરુ ભગવંત પાસેથી જ સંપૂર્ણ ભક્તામર કે ભક્તામરને લગતા કોઈ શ્લોકો કે મંત્રો મેળવવા હોય તો ક્યારે ભક્તામર સ્તોત્રનો પાઠ આપવો, ક્યારે સ્તોત્ર-દીક્ષા કે શિષ્ય દીક્ષા આપવી, તે ગુરુ જ નક્કી કરી લે, પણ ભક્તામરની ટીકાઓમાં થતો ઉલ્લેખ પણ અહીં ભક્તામર સ્તોત્રની આરાધના ક્યારે શરૂ કરવી તે અંગે માર્ગદર્શન આપે છે. એક વાત આ આરાધના દર્શન લખતાં ધ્યાનમાં આવે છે કે જો ભક્તામર સ્તોત્રની રચનાના દિવસે જ ભક્તામર સ્તોત્ર ગ્રહણ કરવામાં આવે તો સુંદર થાય, પણ ભક્તામરના ઉપલબ્ધ સાહિત્યમાંથી ભક્તામરની રચના કઈ તિથિએ થઈ તે જાણવા મળતું નથી. છતાંય એવો અંદાજ મનમાં બેસે છે કે વૈશાખ સુદ-૫ વૈશાખ સુદ-૧૦ કે વૈશાખ સુદ-૧૫નો દિવસ ભક્તામરનો રચના દિવસ હોઈ શકે.

વસંતતિલકા, વસંત માસનું પ્રતિનિધિત્વ કરે છે. વસંત ઋતુમાં ચૈત્ર અને વૈશાખ બે માસ ગણાય છે. ચૈત્ર માસને તો વર્જ્યમાસ ગણાય છે. અને શુક્લ પક્ષ તથા પૂર્ણાતિથિનો ભક્તામરની આરાધનામાં મહાન આદર ગણવામાં આવ્યો છે. તે વૈશાખ સુદ ૧૫નો દિવસ સર્વોત્તમ ગણવો રહ્યો.

સૂરિમંત્રના વિધાનકારો-સૂરિમંત્રના વિશેષ આરાધન માટે શ્રી ઋષભદેવ ભગવાનના, શ્રી ચંદ્રપ્રભ ભગવાનના તથા ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક અથવા કેવલજ્ઞાન કલ્યાણકના દિવસોને આરાધનામાં સુંદર જણાવે છે.

તેથી અહીં પણ દાદા ઋષભદેવ ભગવાનના જન્મ કલ્યાણકના દિવસને ગુજરાતી ફાગણ વદ ૮ ના દિવસને પરમ પવિત્ર દિવસ ગણવો જોઈએ. તથા કેવલજ્ઞાન કલ્યાણકના શુભદિવસ મહાવદ ૧૧ ને પણ પવિત્ર દિવસ ગણવો જોઈએ. તથા અક્ષય તૃતીયા વૈશાખ સુદ ત્રીજના દિવસને પણ પવિત્ર દિવસ ગણવો જોઈએ. ફાગણ વદ ૮ ના દિવસથી તો વર્ષીતપનો મહાન માંગલિક પ્રારંભ છે. આ દિવસ જ ઋષભદેવ ભગવાનના જન્મ કલ્યાણક તેમજ દીક્ષા કલ્યાણકનો દિવસ છે. આવા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદર દિવસો, સિદ્ધાચલ જેવું તીર્થ અને કોઈ મહાન ગુરુભગવંતનો યોગ હોય તો આ સ્તોત્રની આરાધનાનો આનંદ અનેરો આવે. એમાંય ગુરુ પુષ્ય-રવિપુષ્ય, જેવા મહાન યોગો હોય તથા પોતાનો ચંદ્ર અનુકુલ હોય અને જન્મકુંડલીમાં પણ પંચમ સ્થાન પર તથા સૂર્ય જેવા ગ્રહો પર ગુરુ જેવા શુભ ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો ભક્તામર જેવા મહાન સ્તોત્રના આરંભનો અનેરો રંગ જામે.

જ્યોતિષ વગેરેની વાત સામાન્યથી જાણે બધાંજ સમજી શકે તેવી લાગતી હોય છે. પણ તેમાંય અનુભવી ગુરુની જરૂર પડે જ છે. માટે આખરે તો 'ગુરુ શરણ'ને શ્રેષ્ઠ માની તેમની આજ્ઞા પ્રમાણે જ આરાધના કરવી.

''મુહૂર્ત મુક્તાવલિ' જેવા ગ્રંથો - આસોથી ફાગણ માસ સુધીના માસો તેમજ વૈશાખ અને શ્રાવણ મહિનાઓ તથા ૨,૭,૫,૧૦, ૧૫ જેવી તિથિઓ તેમજ રોહિણી, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, ઉત્તરાફાલ્ગુની, જયેષ્ઠા, આર્દ્રા,સ્વાતિ, આમ કાર્તિક, માગસર, મહા, ફાગણ, વૈશાખ, શ્રાવણ અને આસો માસ બધાના મતે શ્રેષ્ઠ માસો છે અને જયેષ્ઠ તથા ચૈત્ર બધાના જ મતે છોડવા યોગ્ય માસો છે.

● દરેક નક્ષત્રમાં મંત્રારંભનું ફળ

આ જ રીતે આ સિવાયના અન્ય ગ્રંથોમાં દરેક નક્ષત્રમાં મંત્રારંભનું ફળ શું શું કહ્યું છે તે પણ જિજ્ઞાસુઓએ જાણી લેવું જોઈએઃ-





૧)	તરંગ એટલે અશ્વીનમાં	:	સુખ પણું ધનાશ્રય પણું.
૨)	ભરણીમાં	:	શીઘ્રમરણ, ધન હાનિ.
૩)	કૃતિકામાં	:	રોગ, શોક.
૪)	રોહિણીમાં	:	ચંદ્ર જેવું ઉજ્જવળ ભાગ્ય.
૫)	મૃગશીર્ષમાં	:	લાભ થાય; પોતાના પરિવાર સહિત રાજાને ઈષ્ટ થાય.
૬)	આર્દ્રામાં	:	રાજ્યપીડા, અર્થહાનિ.
૭)	પુનર્વસુમાં	:	પ્રજાની વૃધ્ધિ થાય - કાર્ય ચિરકાળ ટકે.
૮)	પુષ્યમાં	:	સુખ ભોગવનાર બંને સ્ત્રીઓને પ્રિય બને.
૯)	આશ્લેષા	:	વિનાશ.
૧૦)	મઘામાં	:	અત્યંત ભાગ્યવાન, સદા ધની અને સુખી બને.
૧૧)	પૂર્વા ફાલ્ગુની	:	વિદ્યામાં પારગામી બને.
૧૨)	ઉત્તરા ફાલ્ગુની	:	દાતાર બને (વેદ) વિદ્યાથી યુક્ત બને.
૧૩)	હસ્તમાં	:	વિદ્યા લાભ તથા વૃદ્ધિ.
૧૪)	ચિત્રામાં	:	સુંદર જ્ઞાન પ્રાપ્તિ, લોકપ્રિયતા મળે, વિદ્વાન બને.
૧૫)	સ્વાતિમાં	:	મૃત્યુને વશ થાય.
૧૬)	વિશાખામાં	:	ક્ષય પામે, વધ થાય, બંધન થાય.
૧૭)	અનુરાધા	:	સૂર્ય જેવો તેજસ્વી થાય, શુભ થાય, પ્રિય થાય.
૧૮)	જયેષ્ઠા	:	જયેષ્ઠની હાની તથા ધન હાની થાય.
૧૯)	મૂલ	:	મહાબુદ્ધિમાન, પ્રાજ્ઞ અને પ્રચુર સંતતિવાળો બને.
૨૦)	પૂર્વાષાઢા	:	વિદ્યામાં પારગામી બને.
૨૧)	ઉત્તરાષાઢા	:	દાતાર બને (વેદ) વિદ્યાથી યુક્ત બને.
૨૨)	શ્રવણમાં	:	હીનતા યુક્ત થાય, ધન નાશ થાય.
૨૩)	ધનિષ્ઠા	:	ધનાઢય બને, યુવતિ પ્રિય બને. વિદ્વાન બને.
૨૪)	શતભિષા	:	સત્યવાદી બને, ધન ધાન્યથી પ્રચુર રહે.
૨૫)	પૂર્વા ભાદ્રપદામાં	:	વિદ્યામાં પારગામી બને.
૨૬)	ઉત્તરા ભાદ્રપદા	:	દાતાર બને, (વેદ) વિદ્યાથી યુક્ત બને.
૨૭)	રેવતીમાં	:	દીર્ઘાયુ તથા ધન-ધાન્ય યુક્ત બને.

આમ નક્ષત્રોના ફલનો પણ વિજ્ઞ માણસે વિચાર કરવો. આવી જ રીતે લગ્નના ફળોનો પણ ઈશારો કરવામાં આવ્યો છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

● મંત્રારંભનું લગ્ન પ્રમાણે ફળ

૧	મેષ	:	દુઃખ તથા પીડા
૨	વૃષભ	:	રોગ
૩	મિથુન	:	દીનતા
૪	કર્ક	:	દીનતા
૫	સિંહ	:	કવિકુલાશિનિ-કવિકુલમાં ખ્યાતિ
૬	કન્યામાં	:	સફલતા
૭	તુલા	:	સુખોપભોગ
૮	વૃશ્ચિક	:	નાશ
૯	ધન	:	ધનાઢય
૧૦	મકર	:	શ્રેય પ્રાપ્તિ
૧૧	કુંભ	:	નિર્ધનતા
૧૨	મીન	:	ષડ્કર્મ અભિરુક્તતા (સફળતા) તથા ધની તેમજ વક્તા

આ બધા જ વિષયોનું ધ્યાન રાખવું એ ખૂબજ અનુભવ અને પરિશ્રમ માંગી લે છે. માટે સામાન્ય ગૃહસ્થે તો ગુરૂવાક્ય થી જ આગળ વધવાનું રાખવું.

● આરાધના અંગે સૂચના તથા ૨૮ મુદ્દાઓ

આચાર્ય પ્રવર હરિભદ્રસૂરિજી એ ભક્તામરની વિશેષ આરાધના માટે શુભયોગોનો નિર્દેશ કરીને નીચે પ્રમાણેના સૂચનો કર્યાં છે.

૧ આદિનાથ ભગવાનનું જિનબિંબ સામે રાખવું.
૨ આ જિનબિંબ સપ્તધાતુ, ચાંદી, સુવર્ણનું અથવા અન્ય કોઈ શ્રેષ્ઠ પ્રકારનું હોવું જોઈએ.
૩ આ પ્રતિમાને અષ્ટપ્રકારી પૂજા કરીને સ્થાપિત કરવી.
૪ આરાધકે દેહ પવિત્ર કરી, ચંદનનું વિલેપન કરવું.
૫ પવિત્ર વસ્ત્ર પહેરવાં (ધારણ કરવાં).
૬ એકાસન કરવું.
૭ બ્રહ્મચર્યનું પાલન કરવું.
૮ સદૈવ ? સ્મરણ કરવું.

આગળ જણાવે છે કે...

આજ વિધિથી ઋદ્ધિ-મંત્ર સહિત સવા લાખ સ્મરણ કરવું, જેથી સિદ્ધિ પ્રાપ્ત થાય તથા આજ ટીકાના આગળના ભાગમાં ભક્તામરની ગાથા ૧ થી ૨૨ સુધીનો વિધિ નીચે પ્રમાણે જણાવાયો છે, જે શબ્દશઃ અહીં આપવામાં આવે છે :–

૧ આરાધનાનું સ્થળ એકાંતવાળું લેવું.
૨ આરાધનાનું સ્થાન-ભૂમિ પર ન પડેલા ગાયનું છાણ કુંકુમ મેળવીને લીંપવું.
૩ દેહ શુદ્ધિ કરવી.
૪ પીળા વસ્ત્ર પહેરવા.
૫ ઉત્તર દિશાએ સિંહાસન પર ચક્રેશ્વરીની મૂર્તિની સ્થાપના કરવી.
૬ પંચામૃત થી ભરેલો ઘડો સ્થાપન કરવો, ઘડા પર શ્રીફળ મુકવું.
૭ ચાર લોકપાલની સ્થાપના કરવી.
૮ ઘી નો દીવો કરવો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૯ નવરંગી અથવા દશાંગધૂપ ઉવેખવો.
૧૦ અક્ષતનો સ્વસ્તિક કરવો.
૧૧ સ્વસ્તિક ઉપર સોપારી મુકવી.
૧૨ પંચામૃતના ઘડામાં રૂપા નાણું મુકવું.
૧૩ પંચવર્ણના ૧૦૮ પુષ્પોની માળા કરીને ઘડાના કાંઠલાને પહેરાવવી.
૧૪ પંચામૃતથી ચક્રેશ્વરીનો પ્રક્ષાલ કરવો.
૧૫ અષ્ટગંધથી ચક્રેશ્વરીની પૂજા કરવી.
૧૬ પછી ચક્રેશ્વરીની અષ્ટપ્રકારી પૂજા કરવી.
૧૭ લોકપાલને બલિ-બાકળા-ફળ નૈવેદ્ય-પુષ્પ-ચઢાવવા.
૧૮ રવિપુષ્યમાં તૈયાર કરેલ આંબાના લાકડાની પાટલી અથવા ચાંદીનું પતરું તૈયાર રાખવું.
૧૯ પાટલી અથવા પતરા પર યંત્રનું આલેખન કરવું.
૨૦ યંત્રની પણ ફલ-નૈવેદ્ય થી પૂજા કરવી.
૨૧ યંત્રની આરતી કરવી.
૨૨ આરાધકે અષ્ટગંધથી કપાળમાં તિલક કરવું.
૨૩ ઉત્તરદિશામાં મુખ રાખવું, પીળા આસન પર બેસવું.
૨૪ પીળી માળાથી સૌથી પહેલા કાવ્યના ૧૨૦૦૦ જાપ કરવા.
૨૫ પછી ઋદ્ધિ ના ૧૨૦૦૦ વાર જાપ કરવા.
૨૬ ત્યાર બાદ મંત્રના ૧૨૦૦૦ વાર જાપ કરવા.
૨૭ આ રીતે જાપ કરવાથી મંત્ર (ગાથા) સિદ્ધ થશે.
૨૮ મંત્ર સિદ્ધ થયા પછી પંચાંગ વિધિમાં બતાવેલ સંખ્યા પ્રમાણે જાપ કરવા.

દા. ત. છેલ્લી ગાથાની વિધિમાં જણાવ્યું છે કે નિરંતર ૧૦૮ વાર જાપ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. માટે છેલ્લી ગાથાના કાવ્ય, ઋદ્ધિ તથા મંત્ર રોજ ૧૦૮ વાર ગણવા એવો અર્થ સમજવો.

આજ ગાથાના કલ્પમાં એમ પણ જણાવ્યું છે કે 'કાવ્ય-ઋદ્ધિ-મંત્ર'નો સાડા બાર હજાર અથવા પૂરો એક લાખ જાપ છ મહિનામાં સંપૂર્ણ કરીને મંત્ર સિદ્ધ કરવો.

આનાથી સમજાય છે કે ૧૨,૫૦૦ મંત્ર સિદ્ધિ માટે જઘન્ય સંખ્યા છે અને ઉત્કૃષ્ટ સંખ્યા સવા લાખની છે અને રોજની જાપ સંખ્યા ૧૦૮ ની છે.

બંનેય આરાધના ના કલ્પોને સાથે વિચારવાથી આરાધકને ખૂબજ સુંદર માર્ગદર્શન મળી શકે છે.

● ૨૮ મુદ્દાનું વિહંગાવલોકન અને પૃથક્કરણ

આપણે ઉપરના ૨૮ મુદ્દાનું પુનઃ વિહંગાવલોકન કરીએ. ખ્યાલ રાખીએ કે આ બંનેય કલ્પો વિશેષ આરાધના માટે છે અને વિશેષ સત્ત્વવાળા આરાધકો માટે છે.

૧ આરાધનાનું સ્થળ એકાંત સૂચવવામાં આવ્યું છે. તે ખાસ ખ્યાલ રાખવા જેવું છે. જેઓએ આવી વિશેષ આરાધના કરવી હોય તેઓએ સાતિશાયી તીર્થો, નદી-વિગેરે જ્યાં જલનો સમૂહ પ્રચૂર હોય તેવા રમણીય સ્થળમાં પોતાની આરાધનાનું સ્થળ એકાંતમાં રાખવું. પોતાની દૈનિક આવશ્યક્તાઓની સુલભતા હોય તેનો પણ ખ્યાલ રાખવો.

૨ આરાધનાના સ્થાનમાં લીંપણનું મહત્વ બતાવ્યું છે તે ધ્યાન રાખવા જેવું છે. ગાયના છાણની એક વિશિષ્ટ પ્રતિકારક શક્તિ આજે વિજ્ઞાને પણ સ્વીકારી છે અને સમસ્ત કલ્પના અનુસંધાનથી લાગે છે. જ્યારે સવા લાખ જાપ ૬ માસમાં પૂર્ણ કરવાનો હોય તો રોજના લગભગ ૬૫૦ જાપ તો થવા જ જોઈએ. પણ ૧૨,૫૦૦ નું બધું અનુષ્ઠાન કરવાનું હોય તો પણ ૧૦ દિવસનું અનુષ્ઠાન તો કરવું જ પડે. કોઈકની શક્તિ વિશેષ હોય તો ત્રણ દિવસમાં પાર પાડી શકે. પણ સામાન્ય આરાધક માટે તો ૧૦ દિવસ જ ઉત્તમ સમય કહેવાય.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૩ આરાધકને દેહ-વિશુદ્ધિ માટે જણાવાયું છે અને ચંદનનું વિલેપન આરાધક કરે તેમ કહ્યું છે. તેમાં દેહને શીતલ અને સુગંધિત રાખવાનો હેતુ હોઈ શકે છે. આરાધકે વાતાવરણ-દેહ અને સામગ્રી બધું જ સુગંધિમય રહે તેનો ખ્યાલ રાખવો ! આરાધના સ્થળની આજુ બાજુમાં પણ દુર્ગંધ ન હોય તેનો ખ્યાલ રાખવો ! શાસ્ત્રોમાં એવું પણ વિધાન છે કે માનવની દુર્ગંધ ઘણા યોજનો સુધી આકાશમાં પ્રસરેલી છે માટે માનવ લોકમાં આ કાળમાં દેવોનું આગમન થતું નથી. દિવ્યતાનો અને સુગંધનો સંબંધ સમજવા માટે આટલી વાત પુરતી છે.

૪ પીળા વસ્ત્રો પહેરવા એ સૂચના ધ્યાનમાં રાખવા જેવી છે. લક્ષ્મીની સાધના માટે આ વસ્ત્રોનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. પોતાના વસ્ત્રોની સાથે આરાધના ખંડમાં પણ પીત વર્ણ હોય, વિશાળ પીતવર્ણનાં કપડા પાથર્યા હોય તો આરાધનામાં વધુ સહાયક બને છે.

૫ આ પાંચમા મુદ્દા અને ૨૩ માં મુદ્દાની સાથે વિચારવાથી લાગે છે કે ચક્રેશ્વરીની પ્રતિમાજી દક્ષિણ સન્મુખ સ્થાપવી જેથી આરાધકનું મુખ ઉત્તર સન્મુખ રહે.

૬ પંચામૃતથી ભરેલો ઘડો ૧૦ દિવસ સુધી રાખવો શક્ય લાગતો નથી. માટે રોજ ઘડો ભરવો અને ખાલી કરવો યોગ્ય લાગે છે અથવા માત્ર શુદ્ધ પાણીનો જ ઘડો ભરવો પડે અને તેમાં પણ જીવોત્પત્તિ ન થાય માટે કપૂર-સુખડાદિ દ્રવ્યોનો ઉપયોગ પ્રમાણસર કરવો રહયો.

૭ લોકપાલોની સ્થાપનાની વાત ખૂબજ અગત્યની હોવી જોઈએ. દીક્ષા-પદવી આદિ પ્રસંગે થતી નંદીની ક્રિયામાં જે મહિમાવંત સ્તવન બોલાય છે, તેમાં પણ સોમ-યમ-વરુણ-વેસમણ-વાસવ નામના લોકપાલનો ઉલ્લેખ કર્યો છે. અને દીક્ષા દિને તે અનુષ્ઠાનો તેઓના સમક્ષ તેઓની સાક્ષીએ કરવામાં આવે છે તેવો ભાવ રજૂ કરવામાં આવ્યો છે. ચારેય દિશાઓને ઉદ્દેશીને આ સ્થાપના કરવાની છે તેમ સમજાય છે. આવી સ્થાપના મોટે ભાગે શ્રીફળથી જ કરવાની હોય છે. પણ સોમની સ્થાપના પૂર્વ દિશામાં, યમની દક્ષિણ દિશામાં, વરુણની પશ્ચિમ દિશામાં અને વેસમણ એટલે વૈશ્રમણ-કુબેરની ઉત્તર દિશામાં સ્થાપના કરવી.

૮ ઘીનો દીવો આરાધનાના દિવસો દરમ્યાન અખંડ રાખવો યુક્તિ યુક્ત જણાય છે. એ માટેની દિવેટ અને દિવા વિશેષ જ હોય છે તે બધું ઉત્તમ વિધિકારો પાસેથી જાણી લેવું જોઈએ.

૯ જાપ દરમ્યાન ધૂપ થતો રહે તેનો ખ્યાલ કરવો જોઈએ. દૈવી તત્ત્વની જાગૃતિ માટે ધૂપ અનિવાર્ય અંગ છે.

૧૦ આવી મહાન આરાધના વખતે પૂર્વ તૈયાર કરેલાં અખંડ અક્ષત હોય તો સારૂં.

૧૧ આરાધના તથા સાધનામાં સોપારીનું ખૂબ જ મહત્ત્વ છે, માટે નામથી ઉલ્લેખિત થયેલાં દ્રવ્યો માટે કદી વિકલ્પ શોધવો નહીં. સોપારીથી જ કાર્ય કરવું.

૧૨ પંચામૃતના ઘડામાં રૂપાનાણું ઘડો ભરતી વખતે જ પધરાવી દેવું. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જાણે છે કે વિદ્યુત પ્રવાહની સુંદરમાં સુંદર વાહકતા સોનામાં હોય છે અને ત્યાર બાદની વાહકતા ચાંદીમાં છે.માટે ઋષભદેવ ભગવાનની અને ચક્રેશ્વરીની બંનેયની ચાંદીની પ્રતિમા હોયતો ખૂબ જ ઉત્તમ કહેવાય. આ પ્રતિમાનું પ્રમાણ ૧૧'' ૯'' કે ૭'' ૫'' સુધી હોય તો સારૂં. ભક્તામર આદીશ્વર રૂપે ચાર પ્રતિહાર્ય વાળી એક ચાંદીની અને પંચધાતુની સુંદર પ્રતિમા તૈયાર કરવામાં આવી છે, જેના ફોટાઓ આ ગ્રંથમાં છે. પૂ. ગુરુદેવની નિશ્રામાં સફળ થઈ ગયેલ છ'રી પાલિત સંઘ દરમ્યાન યોગાનુયોગે એક સુંદર પ્રાચીન આદીશ્વર ભગવાનના પંચતીર્થી જેવા પ્રતિમાજી પ્રાપ્ત થઈ ગયા હતા. આ પ્રતિમા સન્મુખ જ રોજ ભક્તામરનો પાઠ થતો હતો અને આ પ્રતિમાજીનો અદ્‌ભુત પ્રભાવ સંઘયાત્રા દરમ્યાન રહ્યો હતો.

૧૩ પંચવર્ણના પુષ્પોનો અવશ્ય ખ્યાલ કરવો ! સત્તરભેદી પૂજાઓમાં પણ ''પંચવરણ કે ફુલોં કી માલા કી'' વાત આવે છે. પુષ્પો ભાવનાની માનસિક અવસ્થાના પ્રબળતમ વાહક છે. જેમ પુષ્પો સૂર્યથી પોષણ મેળવે છે, સૂર્યના પ્રકાશ તરફ સદાય જાગૃત હોય છે, તેમ પુષ્પો પર વાસિત, થયેલી મનોભાવના પણ હજારો ક્રોડો માઈલ દૂર પહોંચવાનું સામર્થ્ય ધરાવતી હોય છે એ સારી રીતે સમજી શકાય તેવી વાત છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪ ઉપરના બંને કલ્પોનું સંદોહન કરતાં ભગવાન આદિનાથ અને માતાજી ચક્રેશ્વરી બંનેયની પ્રતિમા આરાધકે સ્થાપવી તેવું ફલિત થાય છે. તેવું યોગ્ય લાગે છે. છતાંય એવી અનુકૂલતા ન થાય તો કલ્પ પ્રમાણે માત્ર ચક્રેશ્વરી માતાની પ્રતિમા પધરાવવાનો પણ ખ્યાલ રાખવો. કલ્પકારો અને ભક્તામર સંબંધિત ચમત્કાર કથાઓથી તો ચક્રેશ્વરી દેવી આ સ્તોત્રની મહાન્ અધિષ્ઠાયિકા છે એ વાત સિદ્ધ થાય છે.

૧૫ અષ્ટગંધ તરીકે આ દ્રવ્યોના નામો પણ પ્રસિદ્ધ છે : ચંદન, અગરુ, દેવદાર, કોલિંજન, કુસુમ, શૈલજ, જટામાંસી, ગોરોચન—આ દ્રવ્યોથી પૂજા કરવાનો તથા ચક્રેશ્વરી માતાની અષ્ટપ્રકારી પૂજાનો પણ ખ્યાલ કરવો.

૧૬ ચક્રેશ્વરી દેવીના વિશેષ પૂજન કે સામગ્રીના ઉલ્લેખો ઉપલબ્ધ નથી. તેથી સુંદર ફળ-નૈવેદ્ય આદિથી જ અષ્ટપ્રકારી પૂજા કરી લેવી.

૧૭ લોકપાલની (પણ પાંચની ગણત્રી છે. સોમ-યમ-વરુણ-વેસમણ વાસવ પણ ચારની ગણત્રીથી પણ ચાલી શકે તેમ લાગે છે.) તેઓની પણ ફળ-નૈવેદ્યાદિકથી સુંદર પૂજા કરવી જોઈએ.

૧૮+૧૯ આંબાની પાટલી લોઢાની ખીલીથી રહિત બનાવવાની હોય છે. આના બદલે ભોજ પત્રમાં પણ યંત્ર લખી શકાય છે. અષ્ટગંધથી ચાંદીના પતરા પર લખેલા યંત્ર બહુ લાંબો કાળ રહેવાનો સંભવ લાગતો નથી, તેથી આંબાની પાટલી પર યંત્ર રાખવું. પણ આંબાની પાટલી રવિ-પુષ્ય નક્ષત્રમાં જ બનાવેલી હોવી જોઈએ.

૨૦+૨૧ યંત્રને ઉદ્દેશીને ફળ નૈવેદ્ય વિ. ચઢાવવાથી તેમજ તેની આરતી ઉતારવાથી એક વિશિષ્ટ ભાવના નિર્માણ થાય છે, યંત્ર પ્રાણવાન બને છે.

૨૨ આ વિધાન પ્રમાણે આરાધકે અષ્ટગંધથી જ તિલક કરવું જોઈએ અને આજ્ઞા ચક્રમાં જાગૃતિ પેદા કરવા પ્રયત્ન કરવો જોઈએ.

૨૩ પીળી માળા સુતરની પણ ચાલી શકે છે. છતાંય પીળા કેરબાની માળા ખૂબજ ઉત્તમ કહેવાય. અત્યારે નવા કેરબાઓ મળતા ન હોવાથી કોઈએ વાપરેલી માળાઓ આવી જવાનો સંભવ હોવાથી ખાસ સાવધાન રહેવું. ખાસ કરીને ઓસ્ટ્રેલીયામાં કેરબાની માળા સારી મળે છે. ત્યાં પણ લોકો ગરમીથી બચવા આ માળા પહેરીને પોતાનું રક્ષણ કરતાં હોય છે. માળા ન હોય અને ધ્યાન સારી રીતે રાખી શકાય તેમ હોય તો આંગળાના વેઢા પર પણ જાપ ગણી શકાય છે. આ જાપની સંખ્યા પૂરી કરવા માટે સવાર-બપોર-સાંજનું ત્રણેય વખતનું આયોજન કરવું, જાપ દરમ્યાન મૌન જ રહેવાય તો સારૂં અને જાપ સિવાયના સમયમાં ધ્યાનમાં રહ્યા કરવું. જો તે પણ શક્ય ન હોય તો મંત્ર અને આરાધનાના ભક્તામરના મહિમાના પુસ્તકોના જ વાંચન કે મનનમાં રહેવું. આરાધના કરનારમાં ભાવોનો વેગ સતત વહ્યા જ કરતો હશે; તો આવી આરાધનાવિધિ જરૂર સફળ થશે.

૨૪ થી ૨૬ મા મુદ્દા સુધીની વાત તુરંત જ સમજાય જાય તેવી છે. ૨૭ મો મુદ્દો ફલશ્રુતિનો છે ! ૨૮ મા મુદ્દામાં બતાવેલ પંચાગ વિધિ તે તે ગ્રંથમાંથી જાણી લેવી યોગ્ય રહેશે. શ્રી સારાભાઈ નવાબવાળા નવસ્મરણના ચોપડામાં ૪૪ અને ૪ એમ મળીને ૪૮ શ્લોકની પંચાંગ વિધિ આપી છે.

પંચાંગ વિધિ એટલે ભકતામરના પ્રત્યેક શ્લોક સંબંધી (૧) ઋદ્ધિ શ્લોક સંબંધી (૨) મંત્ર એ જ મંત્રને સિદ્ધ કરવાની (૩) વિધિ તંત્ર તે ગાથાના સંદર્ભને અનુલક્ષીને બનાવવામાં આવ્યું છે તે તંત્ર તથા (૫) યંત્ર.

પૂર્વના આચાર્યોએ ગાથાઓ સાથે તેને યંત્રાદિને કેવી રીતે જોડ્યા એ આજે પણ સંશોધનનો જ વિષય છે. જિજ્ઞાસુઓ માટે તો આ આખુંય સાહિત્ય સંશોધન સાહિત્ય અને પ્રયોગ સાહિત્ય છે. (કેટલીક વિધિઓ શાસ્ત્ર તરીકે બતાવી હોવા છતાંય તે કદીય કરવા યોગ્ય નથી.) પણ પંચાંગવિધિમાં જે ગાથાના જેટલા જાપ કરવા જણાવ્યું છે તેટલા જાપ રોજ કરવા. સામાન્યથી જાપ સંખ્યા ૧૦૮ ની સમજવી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

● વીંટીનો કલ્પ

ભક્તામરની ગાથા આધારિત વિશેષ આરાધનામાં **દારિદ્રયનાશક વીંટીનો કલ્પ** પણ ઉલ્લેખનીય છે :–

तार, ताम्र, सुवर्ण च इंदु अर्क षोडशमी ।

पुष्यार्के धटिता मुद्रा दृढ़ दारिद्रनाशिनी ॥ १ ॥

૧. એક રતી સોનું, બાર રતી ચાંદી, સોળ રતી ત્રાંબુ–એ સર્વને ભેગાં કરવાથી ૨૯ ઓગણત્રીસ રતી થાય. તેની વીંટી રવિવારે પુષ્ય નક્ષત્રનો યોગ આવે છે તે પુષ્ય નક્ષત્રનો કાળ વીતી ગયા પહેલાં ઘડાવી પંચામૃતે પખાળી, ધૂપ કરી, પહેલી તર્જની આંગળીમાં પ્રથમ કાવ્ય (ભક્તામરની પ્રથમ ગાથા) ૧૦૮ વખત ગણી જમણા હાથે પહેરીએ તો ગમે તેવા દરિદ્રીના દારિદ્રયનો નાશ કરે, લક્ષ્મીનો લાભ કરે અને તે વીંટીને ભોજન કરતી વખતે ડાબા હાથમાં ઘાલવી (પહેરવી). જમી રહ્યા પછી પાછી જમણા હાથમાં પહેરવી.

(સારાભાઈ મણિલાલ નવાબ સંપાદિત "મહાપ્રભાવિક નવસ્મણ" પૃ. ૪૧૨)

આ રવિ-પુષ્યમાં તૈયાર થયેલી વીંટીને દૃઢ દારિદ્રય નાશિની કહેવામાં આવી છે, તે ધ્યાનમાં રાખવા જેવું છે. વળી રોજ ૧૦૮ વાર પ્રથમ ગાથા ગણવી તેમજ સંબંધિત મંત્ર "ॐ ह्रां ह्रीं श्रीं क्लीं ब्लूं ह्रीं नमः"નો પણ બતાવ્યા પ્રમાણે એક લાખ જાપ પૂર્ણ કરવો જોઈએ.

● બુદ્ધિ પ્રાપ્તિ કલ્પ

બીજું પણ એક સુંદર અનુષ્ઠાન બુદ્ધિપ્રાપ્તિ તથા વિદ્યાવૃદ્ધિ માટે છે.

૧. જેના કલ્પમાં જણાવાયું છે કે આ ૧૪ મી ગાથાના કાવ્યનું, ઋદ્ધિનું અને મંત્રનું સ્મરણ કરવાથી...

૨. યંત્રને મસ્તકે-ભુજાએ અથવા હૃદયે ધારણ કરવાથી સરસ્વતી પ્રસન્ન થાય છે. વળી,

a પવિત્ર થઈને સફેદ વસ્ત્ર પહેરીને, સફેદ જાપ માળાથી, ત્રણે કાળ ૧૦૮ વાર (કાવ્ય, ઋદ્ધિ અને મંત્રનો) જાપ કરી;

b દીપ, ધૂપ, ઘી, ગુગ્ગલ, કસ્તૂર, કેસર, કપૂર, સુખડ, પુષ્પાંજલિ, અગર, શિલારસ, વિગેરેની ઘી-મિશ્રિત ગુટિકા ૧૦૮ કરી હંમેશા હોમ કરવાથી;

c અને ત્રણ કાળ સરસ્વતી દેવીની મૂર્તિની સુગંધી દ્રવ્યથી પૂજા કરવાથી મહામૂર્ખ પણ વિદ્વાન્ થાય છે; સંપૂર્ણ વિદ્યા, ગુણ તથા લક્ષ્મીની વૃદ્ધિ પ્રાપ્ત કરે છે. પ્રસ્તુત કલ્પનું અનુસંધાન કરતાં એમ લાગે છે કે હંમેશા હોમ કરવો એનો મતલબ સવા લાખ જાપ પૂર્ણ થાય ત્યાં સુધી (૧૦૮) એક સો આઠ ગુટિકાના હોમની વિધિ સમજવો. ત્યાર બાદ યંત્રને ધારણ કરીને, ૨૭ થી ૧૦૮ વાર સુધી જાપ કરવાથી જરૂર લાભ થાય. આ સાથે બતાવેલ તંત્ર પણ બુદ્ધિની વૃદ્ધિ માટે ઔષધ રૂપ છે. તેનો પણ પ્રયોગ ફાયદાકારક થાય છે. પુષ્યાર્ક અર્થાત્ "રવિ-પુષ્ય" યોગ થાય ત્યારે વિદ્યા; બ્રાહ્મી, શતાવરી, શંખાવલી, અઘાડો, જાવંત્રી, કેરસી, મલલાકડી, ચિત્રક, અકલગરો અને સાકર સર્વે સમભાગે લઈ સવારમાં ૧૪ વાસા આદુના રસની આદુના રસના બદલે સૂંઠનો ઉપયોગ પણ કરી શકાય છે. સાથે (૨૧) એકવીસ દિવસ ખાવાથી બુદ્ધિની વૃદ્ધિ થાય છે.

● હરિભદ્રસૂરિ કલ્પ

આ કલ્પની સાથે આચાર્ય હરિભદ્રસૂરિકૃત યંત્રોની આરાધનાનો બીજો વિધિ પણ લખ્યો છે. (અહીં આ ગ્રંથમાં હરિભદ્રસૂરિકૃત યંત્રો પરિશિષ્ટ રૂપે એક સાથે આપવામાં આવ્યા છે).

આ. હરિભદ્રસૂરિના આ ૧૪ મી ગાથાના યંત્ર-ને

૧. શુભદ્રવ્યથી

૨. શુભ યોગે ભોજપત્ર પર લખી

૩. રૂપાના માદળિયામાં નાખીને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

માદળિયાને પંચામૃતે પખાળીને ગળાના વિષે ધારણ કરવાથી બુદ્ધિની વૃદ્ધિ થાય છે.

૧. વળી આ યંત્રને રૂપાના પતરાં પર અષ્ટગંધથી નિરંતર લખી...

૨. દીપ-ધૂપ-નૈવેદ્ય તથા ફળથી પૂજા કરી...

૩. સફેદ ચમેલીના ફૂલ હંમેશા ચઢાવવાથી નિશ્ચય કરીને મહાબુદ્ધિમાન થવાય છે. આ વિધિ આમ તો સ્પષ્ટ જ છે. શુભ યોગો-તિથિ-વારના ભક્તામરના પાઠ માટે બતાવ્યાં છે, તે પણ ચાલી શકે... તે સિવાયના પણ સિદ્ધિયોગ-અમૃતસિદ્ધિ યોગ જેવા યોગોનું ગ્રહણ પંચાંગ વિ. માં જોઈને કરી શકાય છે...

ભોજપત્રમાં આલેખન માટે અષ્ટગંધને શુભ દ્રવ્ય ગણી શકાય છે... દાડમના ઝાડની સળીથી મંત્ર ખૂબજ સારી રીતે લખી શકાતો હોય છે... તેમ છતાં તેવા જાણકારોની પાસે બેસીને કરી શકાય. માદળિયામાં મૂક્યા બાદ તેને બંધ કરવાના વિધિમાં થોડી ઘણી ખામી રહી જાય તો આશાતનાનો સંભવ છે, માટે કાળજીપૂર્વક પંચામૃતથી પ્રક્ષાલ કરવો જોઈએ...

નિરંતર ચાંદીના પતરાં પર યંત્ર લખવાનું કહ્યું છે... તે પણ છ માસ માટે સમજવું જોઈએ... અને એ દરમ્યાન પણ કાવ્ય-ઋદ્ધિ-મંત્રનો જાપ ચાલુ રાખવો જ જોઈએ... સવા લાખની ધારી સંખ્યા કરી શકાય તો ખૂબ જ ઉત્તમ થાય. (આરાધના-સ્થાન વિ. માટે આગળ જણાવેલ કલ્પ પ્રમાણે જ કરવું.)

આમ એકાસણ ક્યારેક (છેવટે ન જ બને તો રાત્રિ ભોજન અને અભક્ષ્ય ત્યાગ તો કરવો જ) છ માસ દરમ્યાન ક્યારેક તો ત્રણ એકાસણાં કરીને (૧૨૫૦) બારસો પચાસ જાપ કરી લેવો જોઈએ... જાપ દરમ્યાન પ્રભુ પૂજા... જીવદયાના કર્તવ્યો... સુપાત્ર દાન... સાધુ-સેવા, જ્ઞાનપૂજન, ગુરુપૂજન આદિ સત્કાર્યો કરવાં જોઈએ. ખાસ, તો આ સમય દરમ્યાન કોઈની સાથે તીવ્ર ભાવે વૈર-વિરોધ કે ઝઘડો ન થઈ જાય તેનું ધ્યાન રાખવું... જીવ માત્રની સાથે મૈત્રી-ભાવ પુષ્ટ કરતાં જવું...

લક્ષ્મી પ્રાપ્તિના સુંદર કલ્પનું માર્ગદર્શન

ભક્તામરની ૨૬ મી ગાથા ખૂબ જ પ્રમોદ જનક છે. આ ગાથાનો ભાવ હૃદયની ઊર્મિઓને હેલે ચઢાવે તેવો છે... "तुभ्यं नमः" – "तुभ्यं नमः" બોલતાં જાણે આપણને ભક્તિ વિવેચનમાંથી વચનમાં અને વચનમાંથી નિર્વચનમાં જઈને શાંત થઈ જતી લાગે છે... આ ગાથાનો મંત્ર તો પૂ.આ. ગુણાકરસૂરિજીની વૃત્તિમાં છે. પણ તેનો આમ્નાય કોઈક અન્ય ટીકામાંથી લેવામાં આવ્યો છે. અહીં આ કલ્પ આખો આલેખીને શક્ય તેવું માર્ગદર્શન રજૂ કર્યું છે...

ॐ श्रीं ह्रीं क्लीं महालक्ष्म्यै नमः

–એ મહામંત્ર છે...

● વિધિ

૧. પંચમ નક્ષત્ર (મૃગશીર્ષ) અને ગુરુવાર જે દિવસે હોય તે દિવસે જાપ શરૂ કરવા. ૨. જાપ શરૂ કરતાં પહેલાં જે ઘરમાં અગર જે જગ્યાએ જાપ કરવાં હોય તે જગ્યાની ભીંતોને ધોળાવવી... ૩. જમણી તરફ લક્ષ્મી દેવીની મૂર્તિની સ્થાપના કરવી... ૪. લક્ષ્મીદેવીનું સ્વરૂપ : (a) ચાર હાથ (b) પીળો વર્ણ (c) શરીરના બંને હાથ ઉપર પાણી (મકરંદ) જેમાંથી ટપકતું હોય તેવા કમલના ફૂલ (d) ત્રીજા હાથમાં પાણીનો ભરેલો લોટો, દેવીના ડાબા હાથમાં લોટો... ઉપર શ્રીફળ આદિથી અલંકૃત કળશ જેવો લાગે તેવો (e) ચોથા હાથમાં (નીચેના જમણા હાથમાં) અંકુશ. આ પ્રમાણેના ચાર હાથો બનાવીને (f) જમણી તથા ડાબી બાજુએ હાથીનું રૂપ (g) તે હાથી સૂંઢમાં બે ચામર લઈને (દરેકની સૂંઢમાં એક ચામર) (h) દેવીની આરતી કરતાં હોય તેવી દેવીની સુંદર મૂર્તિ હસતાં મુખવાળી (i) પીળાં વસ્ત્રને જેણે ઓઢેલું છે તેવી રીતની લક્ષ્મીદેવીની મૂર્તિની જમીનથી એક હાથ ઊંચે સ્થાપના કરવી... (૫) તે મૂર્તિની આગળ એક અગ્નિકુંડ કરવો. (૬) તે અગ્નિકુંડની નજીક એક કાંબલ કટાસણું બિછાવીને બેસવું (૭) સ્નાન કરી (૮) પવિત્ર થઈ (૯) ગુરુની આજ્ઞા લઈ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦) ગુરુને રૂપાનાણું એટલે પાવલી-અડધો રૂપૈયો અગર જે કંઈ પોતાની ઈચ્છા હોય તે મુજબ પોતાની શક્તિ અનુસાર આપીને **(અર્થાત્ ગુરુપૂજન કરીને)** (૧૧) હાથમાં કેરબાની જપમાલા લઈને (૧૨) પ્રતિદિન ૧૦૦૮ જાપ કરી (૧૩) ૧૦૦૦૦૦ એક લાખ જાપ કરી (૧૪) ફરી એટલાં જ સોન ચંપાના ફુલથી જાપ જપીને ઉઠતી વખતે બધાં ફૂલોનો અગ્નિમાં હોમ કરવો. (૧૫) આ રીતે જપતાં જપતાં છ મહિનામાં જાપ સંપૂર્ણ કરવો (૧૬) જ્યાં સુધી આ મંત્રનો જાપ સંપૂર્ણ ન થાય ત્યાં સુધી સ્ત્રીસંગ ન કરવો. બ્રહ્મચર્ય પાળવું (૧૭) થોડું ભોજન (૧૮) અલ્પ નિદ્રા-અલ્પ ક્રોધ કરવો (અર્થાત્ ક્રોધ અલ્પ કરી દેવો) (૧૯) આ વિધિથી મંત્રની સાધના કરવાથી લક્ષ્મીદેવી પ્રસન્ન થઈને સાક્ષાત્ દર્શન દઈને વરદાન આપે છે (૨૦) આગમ શાસ્ત્રમાં પણ લક્ષ્મીનો મંત્ર આ પ્રમાણે જ કહ્યો છે.

"आदौ प्रणवः ततः श्रीं च, ह्रीं क्लीं कामाक्षरं ततः ।
महालक्ष्म्यै नम मंत्रो लक्ष्म्या दशाक्षरः ॥

આ કલ્પ અમને અનુભૂત છે... પણ સોન પુષ્પોને અગ્નિમાં હોમ ન કરતાં ફરીવાર એટલો જાપ કરી લેવો...

ગુરુવાર અને મૃગશીર્ષ નક્ષત્ર આ વિધાન અને મંત્રના જાપ માટે ઉત્તમ ગણવામાં આવ્યું હોવા છતાંય પંચાંગોમાં આ યોગને મૃત્યુ યોગ તરીકે ગણવામાં આવે છે, છતાં પણ આ આરાધના માટે આ જ યોગને ઉત્તમ ગણવો જોઈએ..

આ જ રીતે લક્ષ્મી પ્રાપ્તિ માટે શ્રી ભક્તામર સ્તોત્રની ૪૪ મી ગાથાનો પણ એક સુંદર કલ્પ છે. તેમાં પણ આના જેવો જ આરાધન વિધિ છે. તે કલ્પ યંત્ર-આરાધના વિધિ વિભાગમાંથી જોઈ લેવો. આમ આરાધનાની ઘણી ઘણી રીતો છે... આમાંથી કોઈપણ રીતે ભક્તામરની આરાધના કરી શકાય છે.

● સમૂહ-પાઠનું મહત્વ

આજે ભક્તામરનો પાઠ સમૂહમાં કરવાનો રિવાજ ખૂબ જ પ્રચલિત થયો છે. પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા. દરરોજ આવો સમૂહ પાઠ કરાવતા હતા. આવા સમૂહપાઠથી આખા ય ગામ પરની તકલીફો દૂર થયાના પ્રત્યક્ષ અનુભવો થયા છે. "કલૌ સંઘે શક્તિ"—એ વાક્ય કદાચ આવી સમૂહ આરાધના માટે પણ સાચું પડતું દેખાય છે. જરૂર આવા સમૂહ પાઠના આયોજનો કરવાં જ જોઈએ... શ્રી ભક્તામરના અમુક અનુષ્ઠાનો બાદ મોટી શાંતિ બોલવાનું પણ કલ્પોમાં છે. તેથી હમણાં અમે સમૂહ ભક્તામર બાદ બૃહદ્ શાંતિનો પાઠ પણ અચૂક કરીએ છીએ. શ્રી ભક્તામરનો આ આરાધના-પાઠ જ્યારે સંગીત સાથે જામે છે ત્યારે કોઈ અનેરો આનંદ આવે છે.

શ્રી ભક્તામર સ્તોત્રની મહિમા-કથાઓમાં જણાવવામાં આવ્યું છે કે પૂ.આ. હેમચંદ્રાચાર્ય મહારાજના સમયમાં કપર્દિ નામનો એક શ્રાવક ભક્તામર-સ્તવનો વર્ણ-માત્રાથી શુદ્ધ અને એકાગ્ર થઈને વીણાના નાદની સાથે પાઠ કરતો હતો !

વળી કેટલાંક લોકો ભક્તામર સ્તોત્ર ક્યારે ગણવું ? તે માટે ખૂબ જ વિમાસણ અનુભવતાં જોવામાં આવ્યા છે. પણ, પૂ. ગુણાકરસૂરિ પોતાની મહિમા કથાઓમાં સાતમી કથામાં સ્પષ્ટ જણાવે છે કે પૂ. હેમચંદ્રાચાર્ય મ.ના પાટણ નિવાસી શ્રાવક વણિકની પુત્રી ડાહી રોજ પવિત્ર થઈ ત્રિકાળ ત્રણેય સંધ્યામાં ભક્તામરનો પાઠ કરતી હતી. આમ, શ્રી ભક્તામર સ્તોત્ર ત્રિકાળ ગણી શકાય છે... અને જે નિયમિત ત્રિકાળ ગણતાં હોય તેને સવાર-બપોર-સાંજ ક્યારે ય ગણવામાં વાંધો નથી. પણ સવારનો સમય આ સ્તવ માટે પણ ઉત્તમ જ છે તે ધ્યાનમાં રહે. એટલે જેને માત્ર દિવસમાં એક જ વાર ગણવાની અનુકૂળતા હોય તેણે સવારમાં જ આ સ્તોત્ર ગણવાનો આગ્રહ રાખવો જોઈએ... અનુભવી આચાર્યો પ્રાતઃકાળ ૪ થી ૬ (સૂર્યોદય) સુધીનો સમય ઉત્તમોત્તમ ગણે છે અને તે પછી ૬ થી ૯ સુધીનો બીજા સ્થાને ઉત્તમ લેખે છે.

● પાઠ માટે ઉચ્ચારણની શુદ્ધિ

આજના ભૌતિક વિજ્ઞાને એક મહાન સિદ્ધાંત શોધ્યો છે : શક્તિ પરિવર્તનનો સિદ્ધાંત વિજ્ઞાનના મતે એક શક્તિનું બીજી શક્તિમાં રૂપાંતર થાય જ છે. ઊંચા પહાડ પર વરસાદનું પાણી ભેગું કરવામાં આવે છે. ત્યાં તે પાણીમાં "સ્થિતિ" શક્તિ માનવામાં આવે છે. આ પાણીનો ધોધ વહેડાવવામાં આવે છે ત્યારે તે સ્થિતિ શક્તિનું "ગતિ" શક્તિમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પરિવર્તન થયું મનાય છે. આ જ ગતિ-શક્તિથી શક્તિશાળી લોહચુંબકની ચારે બાજુ તાર ઘુમતો હોય છે... ત્યારે તેનું વિદ્યુત શક્તિમાં પરિવર્તન થાય છે. આ જ વિજળી... આ જ વિદ્યુત્‌શક્તિ અનેક પ્રકારનાં કાર્યો સિદ્ધ કરે છે, એ આજના જીવન વ્યવહારની સર્વ સાધારણ વાત બની ગઈ છે. શાસ્ત્રોમાં તો પરમાણુ પરિવર્તનવાદ ખૂબ જ પ્રસિદ્ધ છે. વિજ્ઞાન જેને શક્તિ કહે છે તેને પણ જૈન શાસ્ત્રમાં પુદ્‌ગલ કહી શકાય છે. આ પુદ્‌ગલોમાં પણ શાસ્ત્રોએ વૈસ્રસિક પરિણામ માન્યાં છે. પરમાણુઓમાં પણ વીર્ય મનાયું છે. આ બધી વાતો પરમાણુ શક્તિની વાતની જ પુષ્ટિ કરે છે. "શબ્દ" પણ શક્તિ છે અને પોતે પુદ્‌ગલ હોવાથી શક્તિના વાહક છે, તેમ પણ માનવું જ પડે છે. આપણે ત્યાં સૂત્રો કે સ્તોત્રો ભણાવવામાં આવે છે તેમાં ઉચ્ચારણનો ખ્યાલ ઘણીવાર પાઠ આપનારને પણ નથી હોતો... પરિણામે ઉચ્ચારણની અશુદ્ધિ ચાલી જ આવતી હોય છે. દરેક શાસ્ત્રાભ્યાસીએ ખૂબ જ સારી રીતે ઉચ્ચારણ વિજ્ઞાન જાણી લેવું જોઈએ. આ સ્થાન તે ઉચ્ચારણ-વિજ્ઞાનના પૃથક્કરણનું સ્થાન નથી. છતાંય થોડો ખ્યાલ આપવો જરૂરી છે. ક, ખ, ગ, ઘ, ઙ મૂળાક્ષરોના આ પહેલાં પાંચ અક્ષરોને એક વર્ગ કહેવામાં આવે છે. આ બધાંને કંઠ્ય વ્યંજન કહેવામાં આવે છે. એટલે આ અક્ષરોનું ઉચ્ચારણ સાચું કરવું હોય તો ગળામાંથી કરવું જોઈએ. જેનું આ સ્થાન સારું ન હોય તેના આ અક્ષરોના ઉચ્ચારણો સારાં ન જ થાય. તેમજ જેને આના ઉચ્ચારણો સારી રીતે કરવાં હોય તેને વાયુનો આઘાત કંઠમાં થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ.આમ થાય તો શબ્દના ઉચ્ચારણ શુદ્ધ થવા માંડે. જો કોઈ "ક"નું ઉચ્ચારણ "ખ" કરે તો "કટારો" બોલવા જતાં તેનું ઉચ્ચારણ "ખટારો" જ થાય. કટારો અને ખટારો તે બે માં કેટલો અર્થભેદ થઈ જાય એ તો આપણે સમજીએ જ છીએ. ઈતિહાસમાં પ્રસિદ્ધ છે કે પોતાની ઓરમાન માતાએ એક જ બિંદુ લેખમાં ઉમેરી દીધું અને મહારાજા કુણાલને આખી જીંદગી અંધ રહેવું પડ્યું ! **''चाचा अजमेर गया है''** એના ઠેકાણે માત્ર એક જ માત્રા ઓછી થવાથી **''चाचा अज मर गया है''** – વાક્ય થયું. અશુદ્ધ લેખન, અશુદ્ધ ઉચ્ચારણથી આવા કેટલાંય ગોટાળાઓ સર્જાયા જ કરે છે. તેથી ઉચ્ચારણની શુદ્ધિ બહુ જ અગત્યની છે. તેમાં ય હ્રસ્વ અને દીર્ઘ, ઈકારનું અને ઉકારનું ઉચ્ચારણ કેટલાંય એક જ સરખું કરે છે. "દિન" આમાં હ્રસ્વ "ઈ" છે એટલે એનો અર્થ "દિવસ" થશે... પણ, જો તેનું ઉચ્ચારણ "દીન" દીર્ઘ થઈ જાય તો એનો અર્થ "ગરીબ" થશે...!

"કુલ" માં બતાવ્યાં પ્રમાણે જો હ્રસ્વ ઉચ્ચારણ થાય તો તેનો અર્થ "કુલ કે વંશ" એવો થાય છે... પણ જો "કૂલ" દીર્ઘ ઉચ્ચારણ થાય તો તેનો અર્થ "નદીનો કિનારો" થઈ જાય છે... માટે આપણે ઉચ્ચારણો શુદ્ધ રાખવાં જ જોઈએ... તદુપરાંત જોડાક્ષરોને પણ બરોબર સમજી લેવા જોઈએ... ઘણાં લોકોને "સહસ્ર" શબ્દનું ઉચ્ચારણનું જ્ઞાન નથી... તેઓ સહ પછી "સ" "ત્" અને "ર્" નું ઉચ્ચારણ કરીને "સહસ્ત્ર" બોલે છે અને લખે છે... આખરના શ્લોકમાં "કંઠગતાં અજસ્રં" આવે છે... તેને ઠેકાણે "અજ" ના પછી સ્ ત્ ર્ નો ઉચ્ચારણ કરીને "અજસ્ત્રં" બોલે છે અને લખે છે...

સંસ્કૃત ભાષામાં "સ"-"શ" અને "ષ" એમ ત્રણ સકાર છે. પણ એમના ઉચ્ચારણોમાં ઘણાંય ભેદ સમજતાં નથી. જેને લોકોમાં સગડીનો "સ" કહે છે તે "સ" દંત્ય "સ" છે અર્થાત્ તે "સ" બોલતી વખતે જીભ દાંતને અડકે તો જ "સ" નું દંત્ય ઉચ્ચારણ થાય. "શ" નું તાલવ્ય ઉચ્ચારણ કરવા માટે જીભને તાળવાના ઉપરની ભાગમાં લગાડવી પડે છે... એટલે જીભને જરા ગોળ વાળવી પડે છે. જેઓ જીભ વાળી શકતાં નથી, તેમનાથી એ ઉચ્ચારણ થઈ શકતું નથી. કેટલાંક વળી હમણાં ફેશનપૂર્વક બોલવાના મોહમાં "દંત્ય સ" પણ "તાલવ્ય"શ" તરીકે બોલે છે. "મૂર્ધન્ય ષ" નો ઉચ્ચાર કરનારને ટ,ઠ,ડ,ઢ બોલતી વખતે પોતાની જીભ જ્યાં લાગતી હોય તે સ્થાનને ધારીને જીભ લગાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. તો જ "ષ" નું ઉચ્ચારણ સારૂં થશે.

● આ સિવાય પણ ઉચ્ચારણ વખતે યોગ્ય પદ વિચ્છેદનો ખ્યાલ રાખવો જોઈએ... પુસ્તકો પ્રકાશન કરનારે પણ મોટાં મોટાં સમાસોમાં કયાં કયાં શબ્દો જુદાં પડે છે એની સૂચના-શબ્દો જુદાં પાડીને આપવી જોઈએ... પ્રસ્તુત પુસ્તકમાં એ જ રીતે સૂચના કરી છે... "ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણામ્"

આવી રીતે જો શબ્દોનું છૂટું છૂટું ઉચ્ચારણ થાય તો શુદ્ધ કહેવાય... પણ આ જ પદ"ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણામ્" આવું ભેગું લખાયું હોય તો, અને કોઈ "ભક્તા-મરપ્રણ-તમૌ-લિમણિપ્ર-ભાણામ્" આવી રીતે જુદું બોલે તો અશુદ્ધ ઉચ્ચારણ છે. આખરે આપણે શાસ્ત્રકારની એ વાતનું ધ્યાન રાખવાનું છે કે "વંજણ-અત્થ-તદુભયે" સ્વર-વ્યંજનનો ખોટો ઉચ્ચાર તથા અર્થની ભૂલ કે ઉચ્ચારણ અને અર્થ... બંન્ને ય ખોટાં કરવાં તે જ્ઞાનનો અતિચાર છે... તેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈંગ્લીશ ભાષાના વિદ્વાનો સ્પેલીંગ માટે જે ચીવટ રાખે છે તે હવે આપણે ત્યાં રહી નથી... છેલ્લાં કેટલાંક વર્ષોમાં તો વિદ્વાન્ સાધુ-સાધ્વીજી દ્વારા પણ જોડણીની સરિયામ ઉપેક્ષા થાય છે... શ્રમણ સંઘ એક આદર્શ સંસ્થા છે... જ્ઞાન-ધ્યાનની ગહનતા માટે લોકોને જે શ્રદ્ધા અને આસ્થા છે તે ટકાવી રાખવા માટે જાગૃત રહેવાની જરૂર છે... શ્રી ભક્તામરની આરાધના અંગે આટલી ચર્ચા થઈ.

આરાધક આત્માઓએ આવી ચીવટપૂર્વક અર્થાત્ આરાધ્યની પ્રબળ શ્રદ્ધા રાખીને, પરંપરાએ પણ મોક્ષનું લક્ષ્ય રાખીને, પ્રત્યેક વિધિને કલ્પમાં દર્શાવેલ મંત્ર-તંત્રો સહિત આરાધીને જીવનને પ્રસન્નતામય બનાવી પરમાનંદની પ્રાપ્તિ કરવા પુરુષાર્થ કરવો જોઈએ. શું આ બધી સાવધાની પૂર્વક આ કાળમાં ભક્તામર સ્તોત્ર ગણવામાં આવે તો ચમત્કાર થાય ? શ્રી ભક્તામર સ્તવના કલ્પોમાં જે ફળ લખ્યું છે, તે ફળ મળે ? આ બધાંનો જવાબ હકારમાં જ છે... અત્યાર સુધી ભક્તામર સ્તોત્રનો જે મહિમા ચાલ્યો આવ્યો છે... તેમાં પણ કારણ આ સ્તોત્રની ચમત્કારિતા જ છે... એ વાત નિઃશંક છે કે આ કાળમાં પણ ભક્તામર સ્તોત્રના આ પાઠથી અને એના કલ્પોની આરાધનાથી ધાર્મિક કાર્યો સિદ્ધ થાય છે... શ્રી ભક્તામર સ્તોત્રની આ મહાન સિદ્ધિની પાછળના રહસ્યોનું પૃથક્કરણ "રહસ્ય-દર્શન" વિભાગમાં થશે... પણ, એ વાત નિશ્ચિત્ત જ છે કે શ્રી ભક્તામર સ્તોત્રની કાર્યકારિતા અમોઘ છે...

● સિદ્ધિ સંકલ્પ આધીના

મંત્ર વિશે કહેવાય છે કે "**मननात् त्रायते इति मंत्रः**" - જે મનન કરવાથી રક્ષણ કરે તેનું નામ મંત્ર... મને તો લાગે છે કે જેને મનનને સમજવું હોય તેણે મનને સમજવું જ જોઈએ..."મન" પોતે જ ભવ્યતમ શક્તિના ભંડાર જેવું છે... જેના આત્મામાં પવિત્રતા છે, જેના વચનમાં સત્યતા છે અને જેના વર્તનમાં વિવેક છે, તેનું મન એક મહાન શક્તિ રૂપે કાર્ય કરે છે.

શબ્દ શક્તિને એક ગોળી સાથે સરખાવીએ તો મન રિવોલ્વર-બંદૂક જેવું શસ્ત્ર છે... આત્મા તેનાથી ધાર્યું નિશાન વીંધી શકે છે... મનમાં જો સાચાં વિચારોનું જ આરોપણ (feeding) ફીડીંગ કર્યું હોય તો મન સંકલ્પ પ્રમાણે સિદ્ધિ આપે જ છે... દરેક વ્યકિત સંકલ્પ દ્વારા પોતાની અભીષ્ટ ચીજ પ્રાપ્ત કરી શકે છે. તેથી શ્રી ભક્તામર સ્તોત્રનો આરાધક પણ આ સ્તવ દ્વારા અભીષ્ટ પ્રાપ્ત કરી શકે, તેમાં શંકા જ નથી... મનની આ ધારણા તેમ જ સંકલ્પ શક્તિ વિકાસ કરવાની ચોકકસ પદ્ધતિ છે... જેમ નિશાન તાકનાર વ્યકિત નિરંતર નિશાન તાકવાનો અભ્યાસ કરતાં કરતાં પોતાના લક્ષ્યને-નિશાનને વેધી શકે છે, તેમ સંકલ્પ કરવાની વિધિ પણ નિત્ય સંકલ્પ કરનાર આત્માને હસ્તગત થતી જાય છે અને સંકલ્પ પ્રમાણે લક્ષ્ય પ્રાપ્તિ થાય છે...

શ્રી જયવીયરાય સૂત્રના બે નામો આપણે ત્યાં પ્રસિદ્ધ છે... (૧) શ્રી પ્રાર્થના સૂત્ર (૨) શ્રી પ્રણિધાન સૂત્ર... પ્રાર્થના કયારે ફળે, એ વાત પ્રણિધાનનો અર્થ સમજનારને તુરત જ સમજાઈ જાય છે... જ્યાં સુધી મન એક મહાન નિધાન છે, તેવી પ્રકૃષ્ટ ભાવના પ્રગટતી નથી ત્યાં સુધી મનમાં રહેલું નિધાન-મનનો અખૂટ ભંડાર પણ પ્રગટતો નથી... જે પ્રણિધાનની આ વિધિ સમજશે તેના માટે સંકલ્પ-સિદ્ધિ અશકય નથી... અત્રે એ સંકલ્પ શક્તિને વિકસાવવાના માર્ગનું વિવેચન કરવાનો અવકાશ નથી... પણ, એક નાના દુહામાં કહ્યું છે તે સમજશે તો વધુ સમજાશે :

"પ્રભુ નામની ઔષધિ... ખરા ભાવથી ખાય,
રોગ-પીડા વ્યાપે નહિ, સબ સંકટ મીટ જાય.

અહીં બતાવેલો "ખરો ભાવ" એ જ સંકલ્પ-સિદ્ધિનો માર્ગ છે... શ્રી ભક્તામર સ્તોત્રની પ્રાર્થના, આરંભ જ સંકલ્પ-સિદ્ધિથી થયો છે. તેથી અવશ્ય આપણને પણ સંકલ્પ બક્ષે છે... મન પણ પદાર્થ છે... શક્તિ છે અને શક્તિનું શક્તિમાં રૂપાંતર જરૂર થઈ શકે છે. કોઈપણ એક નિયત કાળના ગાળામાં જો તમે તમારા સંકલ્પ સિવાયનું બીજું કશું જ ન વિચારો તો, તમારો સંકલ્પ સિદ્ધ થયા વિના ન રહે... આરાધ્ય પ્રત્યેની અશ્રદ્ધા, સિદ્ધિ પ્રત્યેનો સંદેહ અને સંકલ્પાંતરનું ચિંતન સંકલ્પ-શક્તિનો નાશ કરે છે માટે સંકલ્પની સિદ્ધિ ઈચ્છનારે ઉપરોકત સૂચનાનું ધ્યાન રાખી પાઠ કરવાનું નિશ્ચય કર્યો હોય તો જરૂર તેને સંકલ્પ પ્રમાણે સિદ્ધિ મળે છે... જેમ કોઈ પણ શક્તિનો વિકાસ ક્રમિક થાય છે અને દરેક વ્યકિત કોઈ એક નિશ્ચિત હદ સુધી જ આગળ વધી શકે છે... તેમ આ સંકલ્પ-શક્તિનો ધીમે ધીમે વિકાસ સાધવો પડે છે... અને પાત્રતા હોય

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં સુધી વિકાસ શકય બને છે... જયારે આરાધકને પોતાની સિદ્ધિ અંગે કુતૂહલ ઉત્પન્ન થાય છે અને તેને પોતાની સિદ્ધિ કોઈને બતાવી દેવાની ઈચ્છા થાય છે - પ્રદર્શન વૃત્તિ વધતી જાય છે કે તરત જ સિદ્ધિ ઘટતી જાય છે... કોઈક વખત તો પ્રાપ્ત થયેલી તમામ શક્તિઓ નાશ પામી જાય છે. પણ, જો સમ્યક્ વિધિનો ખ્યાલ રહે તો શ્રી ભકતામર સ્તોત્ર પણ શ્રાપ અને અનુગ્રહના સામર્થ્યવાળું તેમ જ અભીષ્ટ સિદ્ધિ પ્રદાન કરવામાં કલ્પવૃક્ષ જેવું છે... જે આરાધકોને પોતાની સંકલ્પ શકિત વિકસાવવી હોય તેને ભકતામર સ્તોત્રના પ્રયોગો જરૂરથી કરવા જેવા છે... પણ, એક વાતનું પુનઃ પુનઃ ધ્યાન રાખવા જેવું છે કે આપણો માનવ-જન્મ આત્માથી પરમાત્મા થવા માટે છે. માટે કોઈ પણ પ્રકારના કષાયોના મૂળ આત્મામાં ઊંડા ન ઉતરી જાય તેનું ધ્યાન રાખવું.

● આત્માથી પરમાત્મા બનીએ

સાધકોએ-આરાધકોએ સાધન-વ્યામોહ ન રાખવો. કેટલાંયના મનમાં એક સ્તોત્ર કે એક મંત્રની આરાધના ચાલતી હોય ત્યારે બીજાં સ્તોત્ર કે મંત્ર માટે વ્યામોહ જાગે છે. વારંવાર પોતાના આરાધ્ય સ્તોત્રોને બદલતાં જાય છે. એક જ સાથે અનેક સ્તોત્ર અને મંત્રની આરાધના કરે છે. આથી તેનામાં ચાંચલ્ય જન્મે છે અને સંકલ્પ-સિદ્ધિની શક્તિ નાશ પામે છે. માટે જ રોજ સ્મરણ તરીકે તમે ગમે તેટલાં સ્તોત્રો ગણો, પણ આરાધના-સાધના માટે આરાધ્ય તો એક જ સ્તોત્ર બનાવવું જોઈએ. ક્યું સ્તોત્ર વધારે શક્તિવાળું છે ? એવો પ્રશ્ન આરાધકે કરવો તેના બદલે ક્યા સ્તોત્રમાં આરાધકનો આત્મા સહજ રૂપે એકાકાર થઈ જાય છે, તે જ આરાધકે વિચારવું... અનેક સ્તોત્રો છે. અનેક રૂચિના પ્રકારો છે. પણ, તેથી કોઈ સ્તોત્રમાં ઓછી કે વધારે શક્તિ છે. તેવો વ્યામોહ ન પ્રગટવા દેવો... શાસ્ત્રમાં તો જણાવાયું છે કે **''श्रूयन्ते चानंताः, सामायिक मात्रपद सिद्धाः''**—સંભળાય છે કે અનેક આત્માઓ માત્ર સામાયિક એ પદથી જ સિદ્ધ થયા છે. પદ એ પ્રાપ્તિ અને પદાર્થ સુધી પહોંચવાનો પથ છે. પદ એ મંઝિલ નથી, પણ પદ એ મંઝિલ સુધી પહોંચવાનો માર્ગ છે... કયા રસ્તેથી મંઝિલે પહોંચાશે તે અગત્યની વાત નથી. પણ પદ એ મંઝિલ સુધી પહોંચવાની મક્કમતા એ મુખ્ય મુદ્દો છે. શ્રી ભક્તામર સ્તોત્રના આરાધકો કોઈપણ જાતના પ્રેય અને શ્રેય આ સ્તવના દ્વારા મેળવી શકે છે, તેમાં શંકા નથી. અંતમાં શ્રી ભકતામર સ્તોત્ર માટે જાણી લઈએ કે શ્રી ભક્તામર સ્તોત્ર પણ મંત્ર-વિદ્યાથી : સાધ્ય (૧) શાંતિક પૌષ્ટિક (૨) વશીકરણ (૩) સ્તંભન (૪) સર્વભયહરણ (૫) ઉચ્ચારણ-મારણ કરવાનું મહાન સામર્થ્ય ધરાવતું એક મહાન સ્તોત્ર છે અને આપણે મુક્તિની પ્રાપ્તિનું મુખ્ય લક્ષ્ય રાખી-મુખ્ય આશય રાખી આત્મ-સ્વરૂપની શુદ્ધિ સાધી સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

- સમભાવનું અને સ્વભાવનું વશીકરણ કરવાનું છે.
- દોષોનું-આશ્રવોનું સ્તંભન કરવાનું છે.
- સંકલ્પ-વિકલ્પોની શાંતિ કરવાની છે.
- વિશ્વશાંતિની પુષ્ટિ કરવાની છે.
- મલિન સંસ્કારોનું ઉચ્ચાટન અને મારણ કરવાનું છે.

આમ કરવાથી આધ્યાત્મિક ષડ્કર્મને સિદ્ધ કરીને શ્રી ભક્તામર સ્તોત્રથી અવશ એટલે વિવશ (આપણી પાસે દોડી આવવા ઉત્સુક બનેલી) દ્રવ્ય-ભાવ લક્ષ્મીને ગ્રહણ કરીને આપણે ખરા અર્થમાં **"માનતુંગ"** બનવાનું છે. આ આરાધના કરીને પ્રત્યેક વ્યક્તિએ **આત્માથી પરમાત્મા** બનવાનું છે. પ્રત્યેક સંઘે જૈનં જયતિ શાસનમ્નો જયનાદ ગુંજાવવાનો છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તોત્ર સંવેદન દર્શન

(ગાથા ભાવાર્થ)

● ગાથા-૧

અહો ! આ અગાધ સંસાર સમુદ્રમાં પ્રાણીઓ નિરાધાર થઈ ડુબી રહ્યા છે, એને ડૂબતા રોકવા આલંબન કોણ ? અજ્ઞાન રૂપ અંધકારના જથ્થાઓથી માનવ ઘેરાઈ ગયો છે... તો તે અંધકારને દૂર કરનાર કોણ ? ભક્તિથી ઘેલા બનેલા દેવો પણ એવા વિનયથી ઝૂકી જાય છે કે ચોમેર તેમના મુગટના મણિની પ્રભા પથરાઈ જાય પણ... પણ પ્રભાને ય ડૂબાડી દે એવી પ્રભા રેલાવનાર કોણ ? આ ત્રણેયનો એક જ જવાબ **''જિનપાદયુગં''** પ્રથમ જિનેશ્વર ઋષભદેવના ચરણકમલો આવા પવિત્ર છે, આ પવિત્ર ચરણકમલનાં ભાવ વંદન કરીને કવિ મહામંગલ આચરી રહ્યા છે.

● ગાથા-૨

અહો ! અહો ! અહો ! આ યુગની આદિમાં થયેલ પ્રભુ ઋષભદેવ-પ્રથમ જિનેન્દ્રની હું પણ મુક્ત કંઠે સ્તુતિ કરીશ જ. અરે ! આ મારા પ્રભુની કેવા કેવા દેવાએ સ્તુતિ કરી છે ? પેલા સકલ શાસ્ત્રના ગૂઢ રહસ્યોને પામીને કુશાગ્ર બુદ્ધિવાળા બનેલા ઈન્દ્રો છે ને ? દેવલોકના માલિકો છે ને ? હા... તે ઈન્દ્રોએ પણ જાણે મનભરીને મનોહર સ્તોત્રથી મારા પ્રભુની સ્તુતિ કરી છે. સ્તોત્રને માત્ર કાવ્ય રચનાથી મનોહર ન જાણતા સ્તોત્રમાં તો શબ્દની ઉદારતા છે અને અર્થની ભવ્ય ગંભીરતા ભરી છે.

● ગાથા-૩

હે પ્રભુ ! આપના ચરણ કમલોને પેલા દેવોએ મસ્તકો ઘસી ઘસીને પૂજ્યા છે. અરે ! આપ આવા મોટા, પ્રભુ ! મારે આપની સ્તુતિ કરવી જ છે. મારી બુદ્ધિ તો પ્રભુ આપ જાણો જ છો... શૂન્ય, છતાંય સ્તુતિ કરવાનો... તન મનથી માણી લેવાનો આ તલસાટ અનેરો છે અને તેથી મને શરમ તો લવલેશ ન આવે. હે પ્રભુ ! હું તો આપનું બાળક. બાળકને કંઈ શરમ આવે ? પેલો મઝાનો પૂનમની રાતનો ચાંદામામો આકાશમાં હોય અને કોઈ સરોવરે પોતાના હૈયામાં ઝીલ્યો હોય, કેવો સુંદર દેખાય ? એને લેવા શું બાળક ના તડપે ? હા મોટા માનવીને મોટાભા થઈને શરમ આવે ! મારા જેવા બાળકને વળી શી શરમ ?

● ગાથા-૪

સ્તવન કરવામાં તે બુદ્ધિની વાત શાની કરવાની હોય ? જોયા મોટા બુદ્ધિવાળા દેવના ય ગુરૂને... એવા દેવના મોટા ગુરૂ પણ તારા, ચંદ્રને શરમાવે એવા પવિત્ર અને પુનિત ગુણોને ગાઈ શકવા સમર્થ નથી... તો મારા જેવા તારા ગુણ ગાવામાં સમર્થ ન હોય તો શરમાવાનું શું ? હા...હા...હા... જુઓ પેલો દરિયો... હવે લોકના પાપ પોકાર્યા એટલે ખરાબ કાલની નિશાની બતાવતો ગાંડો બન્યો છે... આ પર્વત જેવા ઊંચા મોઝાવાળો તોફાની પવન દરિયામાં પેદા થયો; અને ચારે ય તરફ દરિયામાં પેલા અત્યાર સુધી શાંતિથી બેઠેલા ભયાનક મગરો હવે જીભ લપલપાવતા આ દરિયાને ભયંકર બનાવી રહ્યાં છે. અરે બાપ ! આવા દરિયાને કોઈ બે હાથે તરીને પેલે પાર જવાનું કહે તો ? કોણ જઈ શકે ? પ્રભુ ! પ્રભુ ! તારા ગુણ અપાર એને કોણ પામે પાર ?

● ગાથા-૫

મહામુનિઓના સંઘોના નાયક ! ભલે ને તમારા ગુણો અપાર હોય અને તેને ગાવાની મારામાં બુદ્ધિ ન હોય... ભલે ને મને કોઈ 'બુદ્ધુ' કહે. પણ સોડહું બુદ્ધિ વગરનો પણ હું તારા અપાર ગુણ સમુદ્રને ગાવા તૈયાર છું... તૈયાર છું...તૈયાર થયો છું તારા સ્તવન કરવાના કાજે. શક્તિ ના હોય તો શું થઈ ગયું ? ભક્તિનું કાંઈ દેવાળું થોડું કાઢયું છે ? રે... ભક્તિના ઘસમસતા પુર જ્યાં વ્હેતાં હોય ત્યાં શક્તિ છે કે નહિ તેને તપાસવાની ફુરસદે ય કોણે છે ? ત્યાં જુઓ... પેલી હરણીને તાજાં બચ્ચાં આવ્યાં છે. બચ્ચાં તેને જીવ જેવા વ્હાલા છે. પણ બીજી બાજુથી પેલો ભયંકરમાં ભયંકર સિંહ હમણાં ખલાસ કરી નાખું કહેતો ફાળ ભરતો પેલી હરણીની પાસે આવે છે... પણ હરણી કહે છે,

"અલ્યા સિંહ"–તું ય આવી જા. મારે તો રોજ તારી જીત માનવાની હોય છે. પણ આજે તો મારા બચ્ચાનું રક્ષણ કરવાનું છે. આવ... તું અહીં આવ... હું ય આજે તારી સામે આક્રમણ કરી કેશરિયા કરવા તૈયાર છું. ઓ સિંહ ! શું એવું પૂછે છે કે તારી શક્તિ શું ? મને પૂછે કે 'મા'ના પ્રેમની શક્તિ શું ? સિંહ જેવા બનેલા કાવ્યના વિવેચકો મને (માનતુંગને) પૂછો કે ભક્તિની શક્તિ શું !

● ગાથા-૬

ઓ પ્રભુ ! મારા જેવા મંદ મંદ બુદ્ધિવાળાની મોટા મોટા જ્ઞાનીઓ અને શ્રુતધરો પાસે કોઈ વિસાત નથી. તે બધાની મહાન સ્તુતિ, કૃતિઓ અને કવિતાઓ પાસે મારી આ ચાહના મશ્કરી પાત્ર છે... હું તો એ બધા ય શ્રુતધરોને કહી દઈશ. જુઓ, મેં કાંઈ જાણી કરીને સ્તુતિ થોડી બનાવી છે ? આ તો મારા પ્રભુની ભક્તિ હૃદયમાં ન સમાયી. 'હૈયડું મારું નાનું અને મારા પ્રભુનું હેત ઘણું' તેથી મોંઢામાંથી કંઈક ચિંતન સરી ગયું એમાં હું શું કરું ? જાવ ને પેલી કોયલ પાસે; પૂછો એને કે તું સા-રે-ગ-મ શીખી છે ? પૂછો એને કે કયો તાલ અને કયા લયનું તેને જ્ઞાન છે ? 'હુ કંઈ સંગીતની મિજલસ ભરીને ગાવા થોડી બેઠી છું ? હું કંઈ પંડિતોને પરીક્ષા આપવા થોડી બેઠી છું ? ઓ તો પેલો ઋતુરાજ વસંત આવ્યો. પેલો આંબો હરખાયો. આંબે મઝાના મ્હોર આવ્યા. મીઠી મીઠી ગંધવાળો પવન આવ્યો ને મારા કંઠનું ચેન હરી ગયો. બસ, એ આંબાના મીઠાં મધુરાં મ્હોર મારી પાસે ગીત ગવડાવે છે. તમારે સાંભળવા હોય તો સાંભળજો, ગાવા હોય તો ગાજો... કાવ્ય કહેવું હોય તો આને કાવ્ય કહેજો, અને ન ગમે તો મારા આ ભક્તામરને ભજનીયું કહેજો ને ? અહીં કોને પરવા છે ?

● ગાથા-૭

હે પ્રભુ ! અનાદિથી ચાલતાં જન્મ અને મરણના ખેલમાં પ્રત્યેક જન્મમાં સુખના રાગે અને દુઃખના દ્વેષે ઘોર કર્મો ઉપાર્જ્યા છે. પાપના પોટલાના પર્વત જેટલાં ઢગલાં ઉભા કર્યા છે... પણ હવે મારે ચિંતા શી છે ? આ તારું સ્તવન લલકારીશ. સ્તુતિ કરતાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તારામાં એકમેક થઈ જઈશ પછી ?

આ પાપનો મોટો પર્વત રેતીની નાની ઢગલી જેવો થઈ જશે. અને ક્ષણવારમાં તારી સ્તુતિના પ્રભાવે ભાગી જશે. પલાયમાન થઈ જશે.

પાપ ભાગે અને ક્ષણવારમાં ભાગે તેમાં આશ્ચર્ય શું ? પેલી રાતે બિચારીએ ધીમે ધીમે કરીને કાળો ભમ્મર જેવો અંધકાર ભેગો કરી આખી દુનિયાને તેમાં ડુબાડીને કાળી ધબ કરી દીધી, પણ મેં તેનેય કહ્યું કે... મારો સૂરજદાદો પ્રભાત થતાં જ તારો બધોય અંધકાર ક્ષણવારમાં ગાળી નાંખશે.

● ગાથા-૮

હે નાથ ! તારું સ્તવન ભવોભવના પાપોને દૂર કરશે, એ તો નિશ્ચિત જ હું માનું છું, અને તેથી જ હવે તારા પ્રભાવની યાચના કરું છું. તારા આ પુનિત પ્રભાવે... મારું ગીત હશે કે ગીતનું હશે, કાવ્ય હશે કે સ્તોત્ર હશે... પણ ભલા ભદ્રિક ભક્તિસભર ભક્તોને તો તે ગમી જ જવાનું છે. પેલું હોય છે શું ? માત્ર પાણીનું બિંદું... પણ નીલમ જેવા લીલાછમ કમળના પાંદડાં પર હોય ત્યારે કેવું લાગે એ જલબિંદું ? એકવાર તે સાચા મોતીને પણ પાણી પીવડાવી દે તેવું સુંદર લાગે છે એ જલબિંદું. પ્રભુ ! મારી જલબિંદું જેવી આ ભક્તિની ઉદ્‌ગાર માળા સમું આ કાવ્ય પણ સૌંદર્ય નિહાળવા નિકળેલા ભક્ત માટે તો નયનનું નજરાણું જ બનશે, તેમાં શંકાને ક્યાં સ્થાન છે ?

● ગાથા-૯

પ્રભુ ! કાવ્યના અને છંદના... શબ્દના અને સાહિત્યના... વ્યાકરણ અને વ્યુત્પત્તિના દરેકે દરેક દોષથી દૂર... નિર્દોષ અને મધુર એવું સ્તવન તો બહુ મોટી વાત છે પણ... ઓ મારા પ્રભુ ! તારી નાની શી વાતલડી કરવા બેસીએ ને તો એ વાતલડી પણ પ્રાણીમાત્રના પાપોને દૂર ભગાડે. પાપને પલાયન કરવામાં તો માત્ર તારી કથા જ કાફી છે. હજારો કિરણોથી ઝળહળ... ઝળહળ થતો સૂરજ એ તો સારી ય સૃષ્ટિમાં સ્ફૂર્તિ ફેલાવે તો પણ તેની ક્યાં વાત ? પેલી સૂરજની આછી-પાતળી પ્રભા એ પણ સરોવરમાં રાત્રિભર નિદ્રામાં પોઢીને બીડાઈ ગયેલા કમલના પાંખડી રૂપ પોપચાંને ક્ષણવારમાં ખોલી નાંખે છે.

● ગાથા-૧૦

ઓ પ્રાણીમાત્રના યોગ અને ક્ષેમને વહન કરનાર ભૂતનાથ ! ઓ સારી યે દુનિયાને દેદીપ્યમાન કરનાર અજબ ગજબના આભૂષણ ! "તારા ગુણો જે ગાવે તે તારા જેવા થાવે" એમાં આશ્ચર્ય શું ? સારો સજ્જન શેઠિયો હોય તે પોતાના નોકરને મોકો આવે પોતાના જેવો માલદાર બનાવે. તું તો ત્રણ જગતનો સજ્જન શિરોમણિ શેઠ છે. તારા ગુણ ગાવાથી દુનિયા તારા જેવી વીતરાગી થવાની. અરે, હું ય આ જન્મ-જન્મના પાપના પોટલાં ફગાવીને તારા જેવો વીતરાગી માલદાર બનવાનો.

● ગાથા-૧૧

હે પ્રભુ ! મેં તને જોયો... અને હું તારા પર મોહ્યો... શી તેં કારીગરી કરી છે મારા નયન પર કે આંખ મટકું યે મારતી નથી. શું કામણ કર્યું છે કાળજા પર કે હવે રૂપરૂપના અંબાર પણ સામે આવે ? હવે... સૃષ્ટિના અને પ્રકૃતિના પમરાટ ભર્યા સૌંદર્ય આવે, કે પેલા કામણગારાં રૂપ લઈને હાજર થતાં મિથ્યા દેવદેવીઓની હારમાળા આવે... પણ પ્રભુ ! તારાથી કામણવાળું થયેલ આ મારું કાળજું અને તારા સ્નેહથી ભીનું થયેલું ખોળીયું બીજે કયાંય જઈ શકતું નથી. બસ 'તું હી તું હી... તું હી...' નિરખવામાં લાગ્યું છે. લાગે જ ને ? પેલા ચંદ્રની કિરણા જેવા નિર્મળ જળથી છલકાતો ક્ષીર સમુદ્ર... તેમાં તેના મીઠાં નીર હોય. એ ક્ષીર સમુદ્રના પાણી પીતે પીતે આ ખારા ખારા ઉસ જેવા ખારા સમુદ્રનું ખારું પાણી કોણ પીવે ? પ્રભુ ! તારી કૃપાના નીર પાસે મને બધાં ય જળ ખારાં લાગે છે.

● ગાથા-૧૨

પૂરી દુનિયા ભમી આવ્યો પેલા રાજાના રાજા, દેવોના રાજા અને મુનિઓના રાજા જેવા ગણધરોને પણ જોયા પણ તારા જેવું રૂપ મેં ક્યાંય ન દીઠું. હે પ્રભુ ! તારા જેવું રૂપ જોવા ન મળે, તેનો સીધો હિસાબ છે. રંગરાગને શાંત કરી નાંખે તેવા નિર્મળ પરમાણુઓ આપના નિર્મલ દેહના નિર્માણમાં વપરાઈ ગયા. હવે ક્યાં રહ્યાં બીજા એવા પરમાણુ કે જેથી આપના જેવું ભવ્ય રૂપ નિર્માણ થઈ શકે ? કહેવું પડશે કે આપના જેવું જ રૂપ નિર્માણ કરવા માટે આ દુનિયાના પરમાણુઓ દેવાળીયા છે. મારા પ્રભુ ! તારા અનન્ય રૂપને અગણિત અભિનંદન.

● ગાથા-૧૩

વ્હાલા પ્રભુ ! કેવું તારું મુખડું ! દેવો તારું મુખ જોઈને લુભાયા... મનુષ્ય તારું મુખ જોઈને મલકાયા... અરે ! પ્રાણીઓ-પશુઓ પણ તારું મુખ જોઈને હરખાયા. કઈ ઉપમા પ્રભુ ! તારા મુખને આપવી ? તારા મુખ પાસે ત્રણે જગતની ઉપમા ઠંડી પડી જાય છે. હશે... આ દુનિયામાં ઘણાં ય ચંદ્રમુખો અને ઘણીય ચંદ્રમુખીઓ ! પણ... આ ચંદ્ર જ બિચારો દિવસની પાસે રાંકડો. તે રાતનો રૂપાળો રાજકુમાર દહાડે ધોળી પૂણી જેવા પલાશના પાંદડા જેવો દેખાય છે. પ્રભુ ! તારા મુખ આગળ જગત આખું ફીકકું ફસ. મોળું મસ લાગે.

● ગાથા-૧૪

ઓ માનવ લોકના... ઓ પાતાળ લોકના... ઓ દેવલોકના મુગટ ત્રણ લોકના ઈશ્વર ! સંપૂર્ણ મંડલથી રાજતા... ચંદ્રની કલાના કલાપ જેવા– ધોળા દૂધ જેવા તારા ગુણો આ ત્રણે ભુવનને ઓળંગી ગયા છે. તારા આ તાજા-માજા થયેલા ગુણો કયાંય નથી સમાતા. ઓ દેવ ! તારા ગુણો યે ગજબ છે. ત્રણ ભુવનમાં તેને કોઈ રોકટોક નથી. તારા જેવા સ્વામીને શરણે રહેલા ગુણોને ત્રણે ય જગતમાં મનની મોજ પ્રમાણે ફરતાં કોણ રોકી શકે તેમ છે ?

● ગાથા-૧૫

ઓ નિર્વિકારી પ્રભુ ! પેલી દેવાંગનાઓ પોતાના હાવથી અને ભાવથી કટાક્ષથી અને હાસ્યથી લટકાથી અને મટકાથી તારા મનને જરાય ચલિત ન કરી શકી. બિચારી તે શું જાણે કે આ તો 'વીતરાગ' છે. પેલો કલ્પના છેડે ચડેલો કલ્પાંતકાલનો પવન નાનાં મોટાં પર્વતના શિખરોને ગબડાવીને આમ તેમ ફેંકે. તેને મદ ચડયો-મારી પાસે કોઈનું ય ન ચાલે. પણ... જેવા પર્વતના નાથ મેરૂ પર્વત પાસે તે પવનો ગયા કે પોતે શાંત એની શું તાકાત કે મેરૂના શિખરને ગબડાવે ! ઓ દેવ ! હું જાણું છું કે સ્ત્રીથી ચલિત થાય તે વીતરાગ નહિ... ને... વીતરાગ હોય તે અંગનાના અંગે મોહાય નહિ.

● ગાથા-૧૬

ઓ નાથ ! તું તો ત્રણ જગતનો અનોખો દીવડો છે. પેલો સુસવાટા મારતો અને મોટાં પર્વતોનાં શિખરોને ભોંય પર સુવાડતો મોહ વાયરો હોય ને... તે પણ જરાય આપને ચલાવી ન શકે તો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ઓલવી તો શું શકે ? વળી નાથ ! તું ખરો દીવડો, કે ન તો તારામાંથી રાગ-દ્વેષ રૂપ ધૂમાડો નીકળે, અરે ! ઓ અલબેલા દીવડા ! નથી તો તારી આત્મશક્તિ મેળવવા માટે તારે પરની સહાય જેવી કોઈ વાટની જરૂર કે, નથી તો ઓ દીવડા ! તને પ્રગટાવવા કોઈના ઉપદેશ રૂપ તેલ ભરવાની જરૂર - કારણ. 'તું પોતે જ "સ્વયં બુદ્ધ" છે'... તે છતાંય ઓ દીવડા ! તું ત્રણે ય જગતને એક સાથે તારા ઉપદેશમાં પ્રકાશે. ખરેખર દેવ ! તું તો "દીવો દુનિયાનો" જગત પ્રકાશી અનુપમ દીવો.

● ગાથા-૧૭

ઓ મહાવ્રતધારી મુનિઓના માલિક ! ઓ દેવ મારે તો તને સૂરજની સાથે શી રીતે સરખાવવો ? પેલો સૂરજ તો રોજ રોજ ઊગે. રોજ રોજ આથમે. પણ તું તો તારા જ્ઞાનથી સદાય ગગનમાં ઊગતો અને ચમકતો ક્યારે ય અસ્ત થવાની કે આથમવાની વાત જ નહીં. ઓ સૂરજ !

તે દિવો તો ધીમે ધીમે દુનિયાના થોડા થોડા ભાગને પ્રકાશે અને મારા દેવાધિદેવ તું તો ત્રણે ય જગતને એક જ સાથે પ્રકાશિત કરે. પ્રભુ ! સૂર્ય તો તારા મહિમા પાસે કંઈ વિસાતમાં નથી.

● ગાથા-૧૮

પ્રભુ ! પેલા ગગનચોકનો સૂરજ તો તારા મહિમા પાસે હારી ગયો, તો લાવ તને ચંદ્રના બિંબની સાથે સરખાવી જોઉં. લ્યો... પણ આ ચંદ્રના બિંબમાં શો ભલીવાર છે ? એ ય ક્યારેક ઊગે અને ક્યારેક આથમે. ત્યારે તું તો પ્રભુ ! નિત્ય ઉદયવાળો. રાત્રે તને જપે તેવા ભક્તોને તું તારે અને દિવસે તારી પૂજા કરે તેવાને પણ તું તારે. પેલા ચાંદલિયો તો રાત્રિનું જ અંધારૂં હરે. પણ તેં તો કંઈક ભવ્યાત્માના અનાદિકાળના મોહ અંધારાને ક્ષણવારમાં ઉલેચી નાંખ્યું. પેલો ચાંદો ? રાહુ તેની આગળ આવ્યો કે બસ તેના મોતિયા મરી ગયા. પ્રભુ ! તું તો એવો મજાનો ચંદ્રમા કે 'કુતર્ક' રૂપી રાહુને જ ગળી જાય. પેલા ચાંદાના મુખ પર તો કાળું ધબ જેવું હરણિયું દેખાય અને... તારા મુખ પર તો જરા ય ડાઘાડુઘી વગરની ઝળહળતી સૌમ્ય પ્રભા પથરાયેલી હોય. પેલો ચાંદો તો ઝાંખો પ્રકાશે... આ દુનિયાના એક છેડે ઊગે તો બીજા છેડે આથમે... ત્યારે તું તો મારો પ્રભુ એવો કે ત્રણે લોકમાં સ્પષ્ટ પ્રકાશનું ચાદરણું એક જ સાથે પાથરે.

● ગાથા-૧૯

હે નાથ ! આ બધી રાતલડીઓમાં શું ચંદ્રમાની જરૂર છે ? આ ચમકતા ઝબ્બાડામાં સૂર્યની શી જરૂર છે ? અરે ! અંધારું દૂર કરવા ચાંદ અને સૂરજની જરૂર છે ? ના...ના...ના... એ બિચારા સૂરજને... ચાંદને શું ખબર કે અજ્ઞાનનું ઘોર અંધારું હે દેવ ! તારા મુખચંદ્રએ ક્ષણવારમાં દળી નાંખ્યું છે. હવે તો આ દુનિયામાંથી ચાંદ અને સૂરજને વિદાય... જુઓને... પેલા કાળા ભમ્મર વાદળો પાણીના ભારથી ઝૂકી રહ્યાં છે અને વરસું વરસું કરી રહયા છે. પેલાં શાલી ડાંગરના ભર્યા ભાદર્યા અને ભરેલા ડુંડલાથી ડોલતા ખેતરને એ વાદળની કેટલી ગરજ ?

પાકી... પાકી ગયા છે... હવે ઓ મેઘલા ! તું વરસે તો ય ભલે અને ન વરસે તો ય ભલે. પ્રભુ ! અજ્ઞાનનો અંધકાર તો તેં ઉલેચી નાંખ્યો છે. ઓ ચાંદ ! ઓ સૂરજ ! હવે તમે ઊગો તો ય ભલા ! આથમો તો ય ભલા. હો તો ય રળિયામણા. ન હો તો ય રળિયામણા.

● ગાથા-૨૦

ઓ જ્ઞાનસિન્ધુ ! તારામાં રહેલું કેવલજ્ઞાન કેવું શોભે છે ? તું વીતરાગ હોવાથી "તું કોઈનો નહિ અને કોઈ તારું નહિ" વીતદ્વેષ હોવાથી તારે કોઈ શત્રુ નહિ અને કોઈને તારે વશમાં રાખવા નહિ વાહ ! પછી તું જગત જેવું છે તેવું જ કહી શકે ને ? અને તેથી જ આ વીતરાગતા અને વીતદ્વેષિતાથી શોભતું જ્ઞાન ખરેખર તારા પર અપાર બહુમાન પેદા કરે છે. પેલા દુનિયાને પેદા કરનાર અને દુનિયાનો નાશ કરનાર હરિ-કૃષ્ણ,-હર-મહાદેવમાં જ્ઞાનની કોઈ મ્હેંક ઊઠતી નથી. એક તો જ્ઞાને ય એમનામાં પુરું નહિ, અને અધુરું જ્ઞાન એ પણ રાગદ્વેષના કચરાથી મેલું ઘેલું. પ્રભુ ! કેવલજ્ઞાન રૂપ રાજા તો વીતરાગિતા અને વીતદ્વેષિતાના સિંહાસન વગર શોભે જ નહિ. જોઈ લો ને પેલો ઝળહળતો પ્રકાશ !

મોંઘેરા રત્નો અને હીરા જેવા પાણીદાર લાગે છે તેવા કંઈ કાચના ટૂકડાં થોડાં જ લાગે ? કાચનો ટૂકડો ઝગમગે તો ભલે ઘણો... પણ ખરેખરું પાણી નો નહીં જ ને ?

● ગાથા-૨૧

ઓ મારા દેવાધિદેવ ! હું પહેલા કૃષ્ણનો ઉપાસક બન્યો તે બહુ સારું થયું. અરે ! મહાદેવનો-ભોળાશંભુનો પાકો ભગત બન્યો તે સારું થયું. અરે... આવા આવા કંઈક કંઈક દેવોની સેવા કરીને બધાને જોઈ જોઈ ભટકતો ભટકતો આખરે તારી પાસે આવ્યો તે ય ઘણું સારું થયું.

સૌથી પહેલા નંબરના ઓ દેવ ! સૌથી છેલ્લા તને જોયા તે ખરેખર સારું જ થયું, તને નિરખવાથી અને પરખવાથી હવે તો હું એવો રાજી રાજી થઈ ગયો છું કે ભૂલે ચૂકે ય હવે પેલા દેવોને જોવાના ઓરતા ન થાય. કદાચ તને જો પહેલાં નીરખ્યો હોત તો ક્યાંય ભટકવાનો વિચાર આવત... પણ ઓ વીતરાગ દેવ ! તેં આ હૈયા શું કામણ કરી નાખ્યું છે કે હવે આ ભવની વાત તો શું પણ મોક્ષે ન પહોંચું ત્યાં સુધીના કોઈપણ ભવમાં તારા સિવાય બીજો કોઈ દેવ મારું મન ખેંચી શકે તો ચેલેંજ છે... ચેલેંજ છે. પ્રભુ ! હવે તો મને ભવાંતરમાં કે સ્વપ્નાંતરમાં પણ કોઈ ન મોહી શકે; તારા વગર !

● ગાથા-૨૨

ઓ ઈક્ષ્વાકુ કુલતિલક ! ઓ પ્રભુ આદિદેવ ! છોકરાઓ કંઈ જન્મે છે; પાર વિનાની આ દુનિયાની સ્ત્રીઓ કેટલાય છોકરાઓને જન્મ આપે છે... પણ ઓ મારા પ્રભુ ! કમાલ તો તારી માતા મરુદેવીની જ. જેણે આ યુગમાં ધર્મ તીર્થનું પ્રથમ પ્રવર્તન કરનાર તારા જેવા કુલદીપક પુત્રને જન્મ આપ્યો... પણ... એવા પુત્રને જન્મ આપનાર રત્નકુક્ષી બધી માતાઓ થોડી બને છે ? જુઓ... પેલી ઉત્તર દિશા... દક્ષિણ દિશા અને પેલી પશ્ચિમ દિશાને પણ જોઈ લ્યો.

રાત પડવાની સાથે ટમટમતા નાના કોડિયા જેવા તારાઓ ધડાધડ દેખા દે છે-ધડાધડ પ્રગટ કરે છે.

આકાશની આખી ચાદરને ફૂલ ગૂંથણીથી ગૂંથી લે છે પણ... આવી સૃષ્ટિનો ઝળહળતો દીવો કોણ પ્રગટ કરે ? સ્ફૂરાયમાન કિરણાથી ચમકેલા સૂર્યને... એ દિવસના દીવાને કોણ જન્મ આપે ?

કહેવું જ પડશે...પૂર્વ દિશા જ.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બસ, તો પ્રભુ તારી માતા મરૂદેવી પણ પૂર્વદિશા જેવી છતાંય અપૂર્વ માતા.

ધન્ય પ્રભુ તારી જનનીને.

● ગાથા-૨૩

ઓ શ્રમણ સંઘના સાર્થવાહ !

સમજદાર મુનિઓ સમજી ગયા છે તેથી તને શાસન પ્રવર્તાવનાર તીર્થનાયકને જ પરમ પુરુષ કરીને પોકારે છે.

એ મુનિઓ તને જ કેવલજ્ઞાનના ઝળહળતા પ્રકાશથી "આદિત્ય વર્ણ" કહીને કરગરે છે.

તત્ત્વનું મંથન કરીને મોટાં થયેલા એ મુનિઓ જ તને જ વીતરાગને 'અમલ' કહીને અધિકેરા સમજે છે.

એ મુનિમહાત્માઓ તુજ મોહરહિત આત્માને 'તમસઃ પરસ્તાત' કહીને પ્રાર્થી રહ્યા છે... અને પ્રભુ ! મારો તો નિર્ણય છે - મુદ્રાલેખ જ છે કે તને સારી રીતે પામીને જ મૃત્યુ પર વિજય વાવટો ફરકાવી શકાય છે. અને તેથી જ કહું છું કે મોક્ષનો મંગલકારી પંથ તારી પ્રાપ્તિ સિવાય કોઈ નથી.

બીજા બધા રસ્તાઓ એ ચાલવાના રસ્તા તો દેખાય છે, પણ મંઝીલે પહોંચાડનારો 'મંગલપથ' તો પ્રભુ તું જ છે... તું જ છે.

● ગાથા-૨૪

ઓ મારા પ્રભુ !

હું તો તને એક જ કહેવાનો કે તું મારો પ્રભુ અને હું તારો દાસ.

પણ જો, આ જગતના નિરાગ્રહી સંતો, પ્રવર પંડિતો તને કેવી કેવી રીતે બિરદાવે છે ! પ્રભુ અનંતકાળ સુધી તારી આત્મશક્તિને જરાય ઘસારો નથી પહોંચવાનો, તે જોઈ તને "અવ્યય" કહે છે.તારું જ્ઞાન જગતના તમામ પદાર્થમાં ફેલાયેલું છે માટે તને "વિભુ" કહે છે. જ્યારે જ્યારે બુદ્ધિથી તારું ચિંતન કરવા પંડિતો બેસે છે ત્યારે સરવાળે સમજ પડે છે કે આ મારા પ્રભુને જેટલા સમજ્યા છે તેનાથી વધુ સમજવાનું પ્રભુ તારામાં બાકી રહ્યું છે. તેથી તુજને 'અચિંત્ય' કહીને પોતે ચિંતા મુક્ત થાય છે. હે પ્રભુ ! તારા ગુણને ગણતાં ગણિત ગભરાઈ ગયું છે, તેથી ગણત્રીના શોધકો તને 'અસંખ્ય' કહી અટકી ગયા છે.

ઓ પ્રભુ ! તેં ધર્મતીર્થની આદિ કરી. યુગની આદિમાં પહેલાં ધર્મનાદ ગજાવ્યો તેથી આપને ઈતિહાસવિદોએ 'આદ્ય" કહ્યા છે.

ઓ વ્હાલા પ્રભુ !

વિચારકોને લાગ્યું કે તું આનંદના મહાસાગરમાં નિરંતર મહાવૃદ્ધિ પામી રહ્યો છે તેથી તેમણે તને "બ્રહ્મા" કહ્યો. પ્રભુ ! તારા અપરંપાર વૈભવને.. વાણીના અતિશયોને.. સમોવસરણની રચનાને.. પ્રાતિહાર્યોની શોભાને-સેવાને અને ઈન્દ્રોની પૂજાને જોઈને સંપત્તિનો સરવાળો કરનારાઓએ તને "ઈશ્વર" કહીને સંબોધ્યો.

તારે ત્યાં તો જીવો ય અનંત.. કર્મોય અનંત

એક જીવના ભવ પણ અનંત..

મોક્ષમાં ગયા બાદ રહેવાનો કાળ પણ અનંત,

એટલે જ તને આ અનંતની હારમાળાના પ્રકાશક સમજીને જ તત્ત્વજ્ઞાનીઓએ તુજને "અનંત" કહ્યો.

ઓ મારા પ્રભુ !

સંસાર ચલાવે તે કષાય.

કષાયને પેદા કરે તે વિષય-પાંચ ઈન્દ્રિયોના સુખભોગ. આ પાંચેય ઈન્દ્રિયમાં લુચ્ચામાં લુચ્ચી સ્પર્શેન્દ્રિય-ચામડી. તેના સુખ લેતાં પેદા થાય પેલો કામદેવ-અનંગ-અને પ્રભુ !

કામદેવની કાપાકાપીથી કંટાળેલો તારા શરણે આવ્યો ત્યારે ખબર પડી કે તું જ કામદેવનો કટ્ટર શત્રુ છે. તેથી જ તેમણે કહ્યું કે "અનંગકેતુ".

ઓ મારા પ્રભુ !

તારો 'મનોયોગ' અનુત્તરમાં રહેલા દેવોના સંશયનેય નિવારે... તારો 'વચનયોગ' ભવ્ય જીવોમાં બોધિબીજ રોપે. અને ઉપદેશામૃતના પાન કરાવી મોક્ષે પહોંચાડે... તારો 'કાયયોગ' ભયંકરમાં ભયંકર ઈતિ અને ઉપદ્રવને શાંત કરે, તેથી યોગીઓએ ભેગા મળીને મને કહ્યું.

ઓ માનતુંગ ! આ તારો ભગવાન યોગીઓનો ય ઈશ્વર છે. 'યોગીશ્વર' છે.

હે પ્રભુ ! તારી લીલા અપાર...

તને મન છતાં ય તું મનથી હરખાય નહિ.

તને વચન છતાંય તારા વચનમાં ક્રોધ નહીં કોઈ કષાય નહીં.

તારે કાયા ખરી પણ તને તારી કાયાની કોઈ માયા નહીં તેથી પ્રભુ !

તારા યોગો તો હોવા છતાંય નહીં હોવા જેવા, એટલે જાણે તું યોગોનો નાશ કરીને અયોગી બની બેઠેલો તેથી યોગ જિજ્ઞાસુઓએ કહ્યું તું તો પ્રભુ "વિદિતયોગ" ઓ મારા પ્રભુ !

તું સમવસરણમાં દેશના વહાવે છે ત્યારે એક હોવા છતાંય ચાર લાગે. એક હોવા છતાંય અનેક કહેવાય તેથી પણ ઓ મારા પ્રભુ ! તને અનેક આત્માઓ 'અનેક' તરીકે ઓળખે છે.

પ્રભુ !

તારા જેવા અન્યને જગતમાં કોઈ પંડિતો પારખી ન શક્યા. તેથી એક તારી આગળ કહેવા માંડયા એક તું... એક તું... એક તું તેથી તું 'એક' ઓ મારા દેવ !

તું જ્ઞાનનો દરિયો... તું જ જ્ઞાન સ્વરૂપ.

જે જ્ઞાન એ તું જ, જે તું એ જ જ્ઞાન.

તેથી જ્ઞાનીઓએ કહ્યું આ તો "જ્ઞાન સ્વરૂપ" છે.

ઓ મારા ભગવાન !

દૂષણો શોધી કાઢનારા, હૃદયથી દુર્યોધન બનેલાઓએ તારા પર ખૂબ નજર ફેરવી પણ... કોઈ દૂષણ કોઈ છિદ્ર મળ્યું નહીં. એટલે આખરે તેમણે જાહેર કર્યું '૧૦૦ ટકા શુદ્ધ છે' મારા પ્રભુ તેથી કહેવાયો તું 'અમલ'

પણ... આ બધાય તને જુદી જુદી રીતે કહેનાર... ઓળખનાર સંત તો ખરા જ ને ?

મારા પ્રભુને માને તે સંત જ હોય.

● ગાથા-૨૫

ઓ દેવોથી પૂજિત મારા ભગવાન !

મને આવીને કોઈએ પૂછ્યું તારા દેવ તો ઠીક પણ... ભગવાન "બુદ્ધ" કોણ ? ભગવાન "શંકર" કોણ ? અરે પેલા 'બ્રહ્મા' કોણ ? એને પણ કહી દે જે કે પુરુષોત્તમ કોણ ? ઓ મારા પ્રભુ !

આ અજ્ઞાનીઓને મારે શું કહેવું ? મેં તો ચોખ્ખું પરખાવી દીધું કે હું તો જાણું એક વીતરાગને-આદિનાથને તીર્થંકરને. મેં કહ્યું લે સાંભળ !

બુદ્ધ તો એ જ કહેવાય કે જે કેવળજ્ઞાન રૂપ બુદ્ધિના બોધથી શોભતા હોય. તેથી આ મારા આદિદેવ એ જ સાચા 'બુદ્ધ' છે

'શંકર' પણ એ જ કહેવાય કે જે 'શં' એટલે સુખ અને 'કર'

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાવાળા હોય પ્રભુ ! તારા સિવાય આ ત્રણેય ભુવનને દેશનાના દાન દઈને કોણ સુખી કરે છે ?

મારે માટે તો આ મારા આદિદેવ એજ 'શંકર' અને...

ધાતા-વિધાતા કે બ્રહ્મા આ માટીના પૂતળા પેદા કરવાથી અને ભાંગવા-તોડવાથી થોડું થવાય ? ખરો ધાતા-વિધાતા કે બ્રહ્મા એ જ કે જેણે મોક્ષે જવાનો સાચો પુલ બાંધ્યો છે. અર્થાત્ સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રનું નિર્માણ કર્યું. તેથી આ મારો આદિદેવ એજ સાચો 'બ્રહ્મા' છે.

અને તારું... પવિત્ર તપ અને ત્યાગવાળું...

સાધના અને આરાધનાવાળું...

વૈરાગ્ય અને વીતરાગીતાવાળું જીવન જ તને સર્વ જગતના ઉત્તમ પુરુષ કહેવા પ્રેરે છે... માટે ઓ મારા પ્રભુ !

હવે શું કહું ?

તું જ પુરુષોત્તમ છે. તું જ સાચો કૃષ્ણ છે. એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે.

● ગાથા-૨૬

ઓ મારા પ્રભુ હવે શું કહું ? બસ નમો-નમો-નમો-નમો. ત્રણેય જગતની પીડાને હરનાર

ઓ મારા પ્રભુ ! તને નમસ્કાર.

ઓ પૃથ્વીતલના અમૂલ્ય આભરણ

મારા પ્રભુ ! તને નમસ્કાર.

ઓ દેવ દાનવ અને માનવના પરમેશ્વર

મારા પ્રભુ ! તને નમસ્કાર

અરે ઓ મારા આધિ-વ્યાધિ અને ઉપાધિના સાગર જેવા સંસાર સાગરને 'ઓહિયા' કરી જનાર મારા પ્રભુ ! તને નમસ્કાર.

● ગાથા-૨૭

ઓ... મારા પ્રભુ !

કોઈએ મને આવીને પૂછયું 'શું તારા ભગવાનમાં જ બધા ગુણ.. ગુણને ગુણ જ. દોષ એક પણ નહીં ?

મેં (માનતુંગે) તે પ્રશ્ન પૂછનારને કહ્યું. 'સાંભળ' !

પેલા ઈર્ષ્યા અને ક્રોધ, માન અને મોહ,

માયા અને લોભ-રાગ અને દ્વેષ... એવા એવા દોષો છે ને ? એ બધાને મેં પૂછયું.

'અલ્યા દોષો ! તમે ક્યાં રહો છો ? જરા ફુરસદ છે તમને મારા પ્રભુ પાસે આવવાની ?

ત્યારે તે બધાય દોષો ભેગા થઈને કહે, 'શું કરવું તારા ભગવાન પાસે આવીને ? એ તો અનંત જ્ઞાન અને અનંત દર્શન લઈને બેઠા છે. અમારે ત્યાં કામ શું છે ? અમારો ત્યાં અવકાશ નથી.

અને કહે કે શું અમને દોષોને કંઈ રહેવા નથી મળતું ? હા. હા.હા... અમારા માટે તો કતાર લાગે એટલા દેવો છે.

ક્રોધને મહાદેવજી જોડે ગોઠી ગયું છે.

માનને પરશુરામ જોડે જમાવટ સારી છે

સંસારના વિવિધ રંગરસિયા વિષયરાગને કૃષ્ણની કેડી ગમી ગઈ છે.

આળસ અને તંદ્રાને પેલા બ્રહ્માનું ઘર ગમી ગયું છે.

જા...જા...તારા ભગવાનને કહે.

અમે કંઈ નિરાધાર નથી. જ્યાં રહીએ છીએ ત્યાં અમને ગોઠી ગયું છે.

બસ ત્યારે... ઓ મને પ્રશ્ન પૂછનાર ! હું તને કહું છું કે મારા ભગવાન આદિનાથ તો સ્વપ્નમાં પણ કોઈ દોષથી જોવાયા નથી.

● ગાથા-૨૮

ઓ મારા પ્રભુ !

મેં આપને મારી ધ્યાનની આંખે જોયા, પેલા સમવસરણની વચ્ચોવચ આપના દેહ કરતાં ય બાર ગણા ઉંચા 'અશોકવૃક્ષ' નીચે નિહાળ્યા.

પણ કેવું લાગ્યું મને આ અશોકવૃક્ષ !

ભૂખરાં તે કાળા રંગવાળાં અશોકવૃક્ષ પર તારા શરીરની સોનાના વર્ણ જેવી કાંતિ ફેલાઈ ગઈ છે.

કાળું ભમ્મર જેવું અશોકવૃક્ષ અને નીચે આપનો સોનેરી દેહ !

મને બરાબર લાગ્યું કે

આ તો કાળા ભમ્મર વાદળની નીચે ઝળહળતી કિરણોથી અંધકારના ઢગલાને ઉલેચતું સૂર્યનું બિંબ...!

વાહ પ્રભુ !

આ અશોકવૃક્ષ રૂપ પ્રાતિહાર્યથી આપ કેવા સુહાના લાગો છો ?

● ગાથા-૨૯

ઓ મારા નાથ !

મારી ધ્યાન યાત્રા આગળ ચાલે છે. અને હવે મને દેખાઈ રહ્યું છે.

'સોનાથી બનેલું અને મણિઓથી જડેલું પેલું સિંહાસન.'

ઠેર ઠેર જડેલા આ વિવિધ મણિઓથી શોભતું સિંહાસન પણ કંઈ રંગબેરંગી હોય તેવું શોભી ઊઠયું છે અને આવા રૂડા સિંહાસન પર હે નાથ ! સો ટચના શુદ્ધ સોના જેવું તારું શરીર કેવું આકર્ષક લાગે છે !

બસ, આ જોતાની સાથે મેં માની લીધું કે... પેલા ઉદયાચલ પર્વતના શિખર પર વિવિધ રૂપે વિલસતા કિરણોના ઝુમખાં જેવું સૂર્યનું બિંબ જ જોઈ લો.

પ્રભુ ! આ સોનેરી સિંહાસન પર રાજતો આ સોનેરી દેહ મારો પણ સોનાનો સૂરજ ઉગાડે છે, એ જ પ્રાર્થના.

● ગાથા-૩૦

ઓ મારા તારક આદિનાથ !

સિંહાસન તો જોયું, પણ મારી આ ધ્યાન યાત્રા અદ્‌ભુત છે.

પ્રભુ ! એમાં તારી આજુ-બાજુ વીંઝાતા પેલા મોગરાના ફુલ જેવા સફેદ ચામરો દેખાય છે.

પ્રભુ ! તારો દેહ કનકવર્ણો અને ચામરો દૂધ જેવા.

મેં નક્કી વિચાર્યું કે...

અહો ! કેવું સુંદર દ્રશ્ય. પેલો મેરૂ પર્વત તો તમે જાણો છો ને ! કેવળ સોનાનો બનેલો હોવાથી પ્રભુના દેહ જેવો પીળો અને તેના પર બન્ને બાજુથી વહી જતા ઝરણોઓની ધારા;

કેવી ઊગતા ચંદ્રના જેવી નિર્મળ.

ખરેખર ચામરની વીંઝાતી જોડી આની સાથે જ સરખાવી શકાય.

અહો પ્રભુ ! કેવું રમ્ય રૂપ છે તારું !

● ગાથા-૩૧

ઓ મારા તારક આદિનાથ !

મારી ધ્યાન યાત્રા આગળ ચાલે છે.

હું પાછો સિંહાસનથી પણ ઉપર નજર નાંખુ છું તો આપના મસ્તક પર બરોબર અશોકવૃક્ષના ઘેઘૂર ઘેરાવાની નીચે પેલા એક નહીં... બે નહીં... પણ ત્રણ છત્રો મને દેખાઈ રહ્યા છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણેય છત્રોનીય કમાલ છે. તે પોતે ચાંદીના હોવાથી ચંદ્રની જેવી કાંતિવાળા છતાંય પેલા સૂરજના પ્રખર તડકાને રોકીને ઊભા રહ્યા છે.

(ભગવાનના મસ્તક પર શીળી છાયા ફેલાવી રહ્યાં છે.)

આમેય આ ત્રણ છત્રો લાગે છે તો કામણગારા ! વળી તેની કોરણીમાં લાગેલાં મોતીઓનાં ઝુમખાંની જાળથી છત્રોની શોભામાં કંઈક ઓર જ વધારો થયો છે.

પણ મારા પ્રભુ !

હું જાણું છું કે આ છત્રો કંઈ ચૂપચાપ નથી ઊભા. તે તો બધાંયને ઘોષણા કરીને કહે છે.

"જુઓ ! અમને ત્રણ છત્રને નહીં, પણ, અમે જેના મસ્તક પર લટકીને ધન્ય બન્યા છીએ તે ત્રણેય જગતના પરમેશ્વરને ઓળખો."

કેવાં સુંદર મારા પ્રભુ ! ત્રણ જગતના પરમેશ્વર છે તે કહેવાનું કામ આ ત્રણ છત્રનું.

● ગાથા-૩૨

ઓ મારા પ્રભુ ! ઓ જિનોના ઈન્દ્ર !

દેશના સમયની આપની પ્રાતિહાર્ય શોભા તો રૂડી છે, પણ... પ્રભુ ! તું જ્યાં જ્યાં ડગ ભરે ત્યાંની શું વાત ? ત્યાં તો આ દેવલોકમાંથી ઉતરી આવેલા દેવો અદના સેવક થઈ સોનાના કમળોની રચના કરે.

ઓ પ્રભુ ! તારા ચરણો આ ધરતી પર મંડાતા હોય ત્યારે દેવો કહે "નાથ ! અમારા હૃદય કમળમાં બિરાજોને ! પણ... ભગવાન ધરતી પર ડગ ભરવા માંડે એટલે દેવોને થાય કે નીકળતું હોય તો હૃદય કમળ બહાર કાઢીને મૂકીએ અને તેવો ભાવ બતાવવા 'સોનાના કમળની' રચના થાય.

આ સોનાના કમળો પર આપના ચરણ સ્થપાય તેની શોભા કેવી ! આ ચરણોમાં રહેલ દશે દશ નખો જાણે દશેય દિશામાં કિરણોને-શિખાઓને ફેલાવતા હોય તેથી કેવા મનોહર લાગે ! અને તે કિરણોની પ્રભા પણ જેવી તેવી નહીં સોનાના નવ નવ કમળો ભેગાં કર્યાં હોય અને તેમાંથી નીકળતી કાંતિ હોય તેવી તે કિરણોની પ્રભા.

પ્રભુ ! આવું વિચારું ત્યારે મને ન થાય કે મારા હૃદય પર સદાય તારા પગલાં અંકિત રહે !

● ગાથા-૩૩

ઓ જિનનાયક !

પોતપોતાના ધર્મનો ઉપદેશ તો ઘણાંય ધર્મનાયકો આપે છે પણ... તારી ધર્મોપદેશની રીત-ભાત અને તે વખતની મહાન શોભા ! તો ખરેખર મેં કોઈ દેવની જોઈ નથી.

ખરેખર મારા નાથ !

પેલા શુક્ર અને ગુરુ અને બધા ગ્રહો ભેગા થઈને ગમે તેટલા ઝબકારા મારે, પણ એ બધા ભેગા થઈને ય રાત્રિના અંધકારમાં એક બારી જેટલું ય બાકોરું ન પાડી શકે.

ત્યારે પેલી સૂરજની પ્રભા માત્ર અંધકારને એક સાથે ઓગાળી નાંખે.

હે દેવ !

પેલા બધા પોતાને મનથી મોટા માની બેઠેલા અને મદમાં છકી ગયેલા દેવો ટમટમતા અને ધીમું ધીમું ઝળહળતા ગ્રહો છે.

તું ગ્રહરાજા સૂર્ય છે.

તારી ધર્મોપદેશકતાની સરખામણી બીજા શી રીતે કરે ?

ઓ મારા પ્રભુ !

આ ધર્મોપદેશકતાનો મને નિરંતર લાભ મળે તેવું તું ન કરે !

● ગાથા-૩૪

ઓ મારા દેવાધિદેવ ! ઓ મારા નાથ !

અત્યાર સુધી તો મેં તારી જ સ્તુતિ ગાયા કરી. તારા ગુણોમાં જ મસ્તી માણતો રહ્યો... પણ તારા શરણે આવેલાનું સામર્થ્ય પણ અજબ-ગજબનું છે. કોઈ ગાઢ જંગલ હોય... પેલી ઝાડીમાંથી નીકળીને ઉદ્ધત ગજરાજ પણ સામે આવતો હોય, એય પાછો ડાહ્યો હાથી નહીં; એવો ગજરાજ કે મદઝરતો અને તેથી તેના ગંડસ્થળો ખરડાયેલાં હોય...ચંચળ બની ગયા હોય અને તેથી પાગલ બન્યો હોય.

પાગલ એવા ગજરાજને પણ બળતામાં ઘી હોમવાની માફક છું...છું...છું... કરતા મદના લાલચુ ભમરાઓએ ચારે બાજુ ભમી-ભમીને વધારે ગુસ્સે ચઢાવી દીધો હોય. આવો પણ ગજરાજ-જોતાં તો જાણે સાક્ષાત્ ઈંદ્રના હાથી ઐરાવત જેવો લાગે છે, છતાંય તે વખતે પણ જે તારા શરણમાં આવીને બેસી રહ્યા હોય તે.

ઓ મારા પ્રભુ ! આવા હાથીથી પણ ન ગભરાય. પણ પેલો હાથી તારા આશ્રિતને-તારા ભક્તને જોઈને ભડકી ઊઠે ભય પામે.

પ્રભુ ! આવો હાથી તો મારા સામે આવે ત્યારે બચાવવાની વાત પણ...મન રૂપી હાથી મારાથી ડર પામે એવું તું મારા ભગવાન કરે ત્યારે હું જાણું કે તેં મને ખરેખર તારી ગોદમાં લીધો છે... !!

મારા દેવ ! કરીશ ને આવું...

● ગાથા-૩૫

ઓ મારા પ્રભુ !

જોયાં મેં હાથી કરતાં ય ભયાનક સિંહ બધા પ્રાણીઓનો રાજા સિંહ. એ સિંહ હમણાં જ હાથીના ગંડસ્થળને ભેદીને આવ્યો છે. તેના ગંડસ્થળમાંથી પાર વિનાનું લોહી તે સિંહે કાઢયું છે, તે લોહીથી ખરડાયેલા મોતીઓ પણ જમીન પર અહીં તહીં પથરાઈ ગયા છે અને ભૂમિ શોભી ઊઠી છે; થોકબંધ વેરાયેલા મોતીઓથી.

આવો પણ સિંહ કોઈ સામે આવ્યો નથી કે ફાળ ભરીને ઊભો થયો છે. તારો ભક્ત, બસ, સિંહની છલાંગ ભરાય ત્યાં જ ઊભો છે... પણ એ સિંહને ખબર નથી કે તે તારો ભક્ત તારા બે ચરણોના શરણમાં છે, એ ચરણો જ તે સિંહ માટે પર્વત બની જાય છે,

અને છલાંગ મારીને સિંહ તારા ભક્તની આગળ વિલખો બનીને ઊભો રહી જાય છે. આક્રમણ કરવાના એના ઓરતા એમ જ ઓગળી જાય છે.

પ્રભુ ! આવા સિંહના પંજામાંથી આ ભવમાં તો બચવાની વાત આવે ત્યારે આવે.

પણ આ 'રાગે અને રોષે' મારી સામે છલાંગ મારીને મારો નાશ કર્યો છે.

ઓ મારા દેવ ! તારા ચરણમાં લઈને મારું રક્ષણ કર.

રક્ષ રક્ષ જિનેશ્વર !

● ગાથા-૩૬

ઓ મારા પ્રભુ !

પેલી આગ-પેલો દાવાનલ આજે ભડ ભડ સળગી રહ્યો છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ચારે તરફથી ફટ-ફટ તણખાઓ ઊડી રહ્યાં છે, અરે જોતાં તો એમ જ લાગે કે, શાસ્ત્રમાં વાંચેલ આ કલ્પાંત કાળના વાયરાથી વિફરેલા અગ્નિ જેવો જ આ અગ્નિ છે.

સારાય જગતને એક જ સાથે કોળિયો કરી જાય તેવો તેનો લપલપાટ છે. અને બરાબર તારા ભક્તની સામેની દિશામાં ધડકાબંધ આગળ વધી રહ્યો છે. પણ તારો એ ભક્ત 'આદિદેવ' કહી તારું નામ યાદ કરે છે. કોણ જાણે આ તારા નામનું જળ કેવું છે કે એક સેકન્ડમાં આ આગ પોતે જ પાણીની જેમ ઠંડી બની જાય છે.

ઓ મારા પ્રભુ !

આવી આગમાંથી ઉગરવાનું આવશે ત્યારે હું આપને યાદ કરીશ... પણ અત્યારે તો કહીશ કે બસ,

ઈર્ષ્યાની ભયંકર અગનને મારા દિલમાંથી તું શાંત કરી દે.

મારા પ્રભુ ! તારું નામ હું ત્યાં સુધી નહીં છોડું કે જ્યાં સુધી તું મારી "ઈર્ષ્યાની આગને" નહીં શમાવે.

● ગાથા-૩૭

ઓ મારા પ્રભુ !

પેલો સાપ તો ફૂંફાડા મારી રહ્યો છે. ધસમસતો સામે આવી રહ્યો છે. ક્રોધથી ધૂવાં-પૂવાં થઈ ગયો છે. અને ઝેર તો એના કંઠમાં એવું ઉભરાઈ ગયું છે કે પેલી મદથી ભરેલી કોયલ જેવો કાળો ધબ તો એનો કંઠ થઈ ગયો છે અને આંખો તો જાણે લાલચોળ બની ગયેલ છે.

ભલેને આ સર્પ પોતાની જાતને ઘણો મહાન નાગરાજા માને, પણ પ્રભુ ! જો તારા ભક્તના હૃદયમાં નાગદમની (નાગના મંત્ર) જેવું તારું નામ રટાઈ રહ્યું છે તો પછી તારા ભક્તને શેની ભીતિ ? એ તો બંનેય પગથી તે નાગને જરાય ખચકાયા વગર નિઃશંકપણે ઓળંગી રહ્યો છે.

પ્રભુ ! આ સર્પ નાગરાજ તારા ભક્ત પાસે સાપોલિયું બની ગયો છે.

ઓ મારા પ્રભુ !

આવા સર્પનો તો મને શો વધુ ડર લાગે ?.. પણ મારા દેવ !

ક્રોધ રૂપ સર્પ ભયંકર છે; સદાય લપલપાટ કરીને કલહ કરનારી તેની જીભને વશમાં રાખજે; ક્ષણવારમાં તપ-જ્ઞાન અને સંયમને ડંખ દઈને જડ બનાવી નાંખનાર આ ક્રોધ પર મારા પ્રભુ ! કાબુ રખાવજે.

તારા નામની નાગદમની (નાગનું ઝેર ઉતારવાનો મંત્ર) હું સદાય રટતો જ રહેવાનો છું.

● ગાથા-૩૮

ઓ પ્રભુ !

તારા ભક્ત એવા રાજા પર બળવાનમાં બળવાન રાજાનું સૈન્ય ત્રાટક્યું છે; યુદ્ધ આરંભાઈ ગયું છે. પેલું સૈન્ય પણ જેવું તેવું નથી. ઘોડાના હેષારવો અને હાથીની ગર્જનાઓના અવાજોથી સૈન્ય ભયાનક લાગે છે. પણ આ તારો ભક્ત...

નથી તો સમશેર ઉઠાવતો

નથી તો સૈન્યને બોલાવતો.

એ તો બેઠો છે તારું સ્તવન કરવા, તારું કીર્તન કરવા. અને આશ્ચર્ય એ છે કે પેલા દુશ્મનનું આખું સૈન્ય એ જ કીર્તનના પ્રભાવે ઊગતા સૂર્યના કિરણોથી અંધારું ભેદાય તેમ નાસભાગ કરી મૂકે છે.

એક સૈનિકને બીજો સૈનિક જોવા ન મલે.

એક ઘોડાને બીજો ઘોડો ન દેખાય.

એક સાથીને તેનો બીજો સાથી નજરે ન પડે.

બધું નાસભાગ થઈ જાય.

પ્રભુ ! આ તારો નહીં.. તારા ભક્તે કરેલો તારા કીર્તનનો પ્રભાવ.

ઓ દેવ ! આવું કલેશરૂપસૈન્ય મારી સાધનાને તીતર-ભીતર કરવા આવે છે. હું તારું નિરંતર કીર્તન કરીશ પણ

મારા પ્રભુ ! આ ક્લેશરૂપ યુદ્ધથી મને સદાય બચાવી લેજે.

● ગાથા-૩૯

ઓ મારા પ્રભુ !

તું માત્ર દુશ્મનના સૈન્યને અટકાવનારો જ નથી. તું તો દુર્જય એવા શત્રુઓ પર વિજય અપાવે છે.

ભલે ને દુશ્મન ભયંકર યુદ્ધ કરે ! યુદ્ધ તો દુશ્મનની સાથે એવું જામે કે ભાલાની અણીઓ ભોંકાતા હાથીઓના મસ્તક પરથી લોહીની નદીઓ વહે અને લોહીની નદીઓને ગણકાર્યા વિના સૈનિકો તેમાં ઝટપટ પ્રવેશ કરી તેને તરી જઈને એકબાજુથી બીજી બાજુ પહોંચી જવા બહાવરા બન્યા હોય... અહો ! આવું ભયંકર યુદ્ધ કેમ ન હોય ? પણ...

પેલો તારો ભક્ત તારા ચરણ રૂપ કમલ વનમાં આવીને બેઠો છે. એ તો જીતવાનો...જીતવાનો અને જીતવાનો જ છે.

પ્રભુ !

મારે કોઈને ય જગતમાં જીતવાની વાત આવે ત્યારે વાત..પણ અત્યારે તો આ કારમા અને કાતિલ કર્મોએ મારી જોડે યુદ્ધ છેડી દીધું છે. એ યુદ્ધ બંધ કરે તેમ નથી. પણ મને ખાત્રી છે કે વિજય તો તું અપાવીશ જ.

વિજય તો તારે અપાવવો જ પડશે.

કારણ, હું તારો શરણાશ્રિત છું.

● ગાથા-૪૦

ઓ પ્રભુ !

તારો ભક્ત મઝધારમાં જહાજ ચલાવી રહ્યો છે, પણ દરિયો તો હેલે ચડયો છે, એવો તો ભયંકર બન્યો છે કે મોટાં મોટાં મગરમચ્છના ટોળાં ને ટોળાં તથા પાઠીન અને પીઠ જેવા મોટા મોટા મત્સ્યો તેમાં હવે યથેચ્છ મહાલી રહ્યા છે.

ભયભીત કરી નાંખે તેવો વડવાગ્નિ આ દરિયામાં પેદા થયેલો... અગ્નિ પણ તેમાં પ્રગટી ચૂક્યો છે.

પેલું જહાજ પણ હવે ઊછળતાં મોજાંઓના શિખર પર ઉછળતું પડું પડું થઈ રહ્યું છે.

આ બધું થયું છે તો ય શું ? તારો ભક્ત તો આરામથી આસન જમાવીને તારું સ્મરણ કરે છે. અને ખરેખર પોતાને ધામ પહોંચી જાય છે.

પ્રભુ ! આવા તોફાની દરિયાની સેર પર જવાનું ક્યારે થાય તે ખબર નહીં. પણ આ શોકસાગર ક્ષણે ક્ષણે મારી આરાધના સાધનાના જહાજને ડૂબાડવા આવે છે.

ઓ દેવ !

તું મારું ધ્યાન રાખજે, મને મારા મોક્ષના-ભવપારના કિનારે લઈ જજે. તારું સ્મરણ તો મારે હવે અજપા જાપ રૂપે કરવું કબૂલ છે. પણ... મને આ શોકસાગરમાં ન ડૂબાડીશ.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

● ગાથા-૪૧

ઓ મારા પ્રભુ !

આ શું ? પેલો દર્દી આવ્યો ! વૈદ્યોએ કહ્યું આ તો ભયંકર જલોદર છે... ભયંકર જલોદર અને દર્દી નોંધારો જાહેર કરાયો. દર્દીને પણ થયું કે હવે જીવન બચવાની પણ કોઈ આશા નથી. અને...છતાં ય તેને યાદ આવ્યું; લાવને, દુનિયાએ જાકારો આપ્યો છે તો મારા પ્રભુ પાસે પહોંચું' અને

પ્રભુ ! તારા ભક્તે તારા ચરણકમળને પખાળ્યા, તારા ચરણકમલની રજથી પવિત્ર થયેલ પખાલ એ જ એનું અમૃત હતું. એ અમૃતથી દેહને લીંપી નાંખ્યો,

અને આહા ! તારા ભક્તના શ્રદ્ધાભાવે ચમત્કાર સર્જ્યો. રોગ તો નાઠો પણ કામદેવ જેવી કમનીય કાયાનો માલિક બની ગયો તારો શ્રદ્ધાળુ ભક્ત.

મારા પ્રભુ !

દેહ તો રોગનું ઘર છે જ. એટલે રોગો તો આવશે અને જશે. પણ...મારા આ લોભ રોગનું ઔષધ તું કરજે. 'આ મારું આ મારું' આવો લવારો આ લોભ કરાવે છે.

પ્રભુ !

એ લવારો બંધ થાય ને મારો આતમ દેવ નિર્મળ બને તે જ અભિલાષા છે.

● ગાથા-૪૨

ઓ પ્રભુ ! પેલા તારા ભક્ત મનુજોને કોઈ કારણથી મોટી મોટી લોખંડની બેડીઓથી જકડ્યાં છે.

બેડી પણ એકાદ બે થોડી છે ? પગથી માંડીને ગળા સુધી બેડીઓ બાંધેલી છે. એ બેડીઓએ તારા ભક્તની જંઘાઓ પણ ઘસી ઘસીને સોટી સમી કરી છે.

છતાંય મસ્ત છે પેલો તારો ભક્ત ! કોઈને લાગે છે કે કોઈ અનેરો મંત્ર જપે છે, પણ હું જાણું છું તેનો મંત્ર એક જ છે.

પ્રભુ ! તારું નામ...આદિદેવ...ઋષભદેવ...અરિહંત...તીર્થંકર એ જ તેનો સતત મંત્ર ચાલી રહ્યો છે, અને બેડીઓના એ બંધન તુરત જ સ્વયં પોતાની મેળે જ સરકી પડે છે. તારો ભક્ત કહે છે "બેડીઓ બંધ છે પણ પ્રભુ ! હું તારા પ્રભાવે મુક્ત છું"

ઓ મારા પ્રભુ !

આવી લોખંડની બેડીઓમાંથી તો ભક્તોને બચાવ્યા છે. તારું સ્તોત્ર કરતાં બેડીઓ તો કાચા સૂતરની જેમ કટ કટ કપાઈ ગઈ છે; પણ મને તો તું સ્નેહના રેશમી બંધનોથી બચાવજે.

આ દુનિયાદારીના સ્નેહે કેટલાંયને જકડી રાખ્યા છે. મુનિ બન્યા છતાંય..!

ઓ મારા પ્રભુ !

તું મને આ સ્નેહના બંધનમાંથી છોડાવજે. હું તો મુક્ત એવા મુક્તિ ગગનનું પંખેરું છું. મને આ સ્નેહના પિંજરમાં કોઈ ન પૂરે તેની પ્રભુ ! ભાળ રાખજે.

● ગાથા-૪૩

ઓ મારા પ્રભુ !

મને ખરેખર વિશ્વાસ છે કે મારું આ સ્તોત્ર કોઈ કવિની કીર્તિની કામનાથી બન્યું નથી; મારું આ સ્તોત્ર કોઈને રીઝવવાની રઢથી નથી રચાયું, મારું આ સ્તોત્ર તો મારા ભક્તિભર્યા હૃદયના સહજ ઉછળી પડેલા ઉદ્‌ગાર છે.

ભલે પછી મેં ભોજરાજાની સભામાં બેડીઓ તૂટતી વખતે કેમ ન ઉચ્ચાર્યા હોય ! પણ...એ ભક્તિસભર હૃદયની શાસન ઉત્કર્ષ માટેની સહજ પ્રાર્થના હતી; અને તેથી જ હું કહું છું કે...જે કોઈ આ મારાથી સહજ રૂપે સર્જાઈ ગયેલ દેવાધિદેવના...આદિદેવના...સ્તવનનો મર્મ સમજીને જાણશે...પાઠ કરશે...જાપ કરશે...તેનાથી

પેલો ગાંડો ગજરાજ ● ભયંકર મૃગરાજ

ભડભડતો દાવાનલ ● સડસડાટ સરકતો સર્પ

ખૂનખાર ખેલાતો જંગ...યુદ્ધ ■ વિફરેલો વારિધિ...દરિયો ■ માથાભારી મહોદર (જલોદર) કે ■ લોખંડી જંજીરોના બંધનો. તેનાથી પેદા થયેલો કોઈ પણ ભય ટકી શકશે નહીં. હા ઉપરથી તે ભય જ બાપડો ભયભીત થતો લપાતો છૂપાતો નાશ પામશે.

પ્રભુ ! મારા આ ભયો તો ભલે દૂર ભાગતા પણ મારે તો દૂર કરવા છે પેલા

(૧) રાગ-માન...હાથીને (૨) દ્વેષ...સિંહને (૩) માયા...સાપણને (૪) કલેશના...દ્વંદ્વ યુદ્ધને (૫) જન્મ-મરણના જંગમાં ફતેહ મેળવી વિજય પામવો છે કર્મ પર (૬) શોક સાગરનો પાર પામવો છે. (૭) નિવારવો છે લોભરૂપી રાગને. (૮) તોડવી છે જંજીરો સ્નેહના બંધનની.

બસ પ્રભુ ! આટલું દૂર કર એટલે હું પણ બધી રીતે તારા જેવો જ બનું...!

● ગાથા-૪૪

ઓ મારા પ્રભુ !

મેં તો કાઢ્યા ભક્તિના ઉદ્‌ગારો પણ રચાઈ ગઈ છે સ્તોત્રમાળા.

માળા બનાવવા ગુણ એટલે દોરો જોઈએ...પણ મેં તો તારા ગુણોનો જ દોરો બનાવ્યો છે...

આ દોરા પર સુંદર રંગબેરંગી ફૂલો જોઈએ...

ઉદ્‌ગારોમાં જ શબ્દો સરી પડ્યા તે જ મારા ફૂલો...

પેલાં ફૂલો (ભક્ત્યા) એટલે જુદા જુદા અંતરે રાખવાથી માળા રચાય ત્યારે મારે તો તારી ભક્તિ એ જ ગોઠવણ પણ...મને ખાત્રી છે કે જે મનુષ્ય

આ ભક્તામર સ્તોત્ર રૂપ માળાને રોજ ગણવા રૂપે કંઠમાં ધારણ કરશે તે માનવી માત્ર માનવી નહીં રહે, પણ તે માનવી; ઉન્નત બનેલો માનતુંગ રહેશે. અર્થાત્ કોઈ પણ માન નહીં પહોંચી શકે તેવી સિદ્ધશિલાથી પણ ઉપર પહોંચી જશે. અને... નિશ્ચય અનંત સુખની લક્ષ્મી અનંત કાળ સુધી તેને સામેથી આવીને મળશે.

જે આત્મા આ માળાને કંઠમાં ધરશે તે અનુક્રમે પરમાત્મા બનશે.

બસ પ્રભુ ! હું પણ ક્યારે પરમાત્મા બનીશ...

તે જ તું કહે...

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

THE LIFE OF A DEVOTEE

Becomes

Everyoung Immortal Disease-free

&

Happier

but not without knowing the

SIGNIFICANCE OF THE SASTRAS

≠

To Give You a

GLIMPSE OF THE UNFATHOMABLE

This Section of the

SIGNIFICANCE OF THE TEXT

(*RAHASYA DARSHAN*)

Bhaktamara Darshan

is presented

as a drop from the Ocean

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(The nature of mantras, difference between *mantras* and *vidyas*, the total number of verses in *The Bhaktamara Stotra*, the significance of the stories that describe the efficacy of the verses of *The Bhaktamara Stotra* etc., will be dealt with in this section. The section begins with the question of the desirability of including the author's name in a work involving *mantrajapa*. See also *'stotrasrajam'* sub-section of *Gatha Rahasyartha* for more information. Hence the chapter is titled *'Rahasya Darsan'*. This English version is based on Hindi section of *Rahasya Darsan* but presented in a different order of arrangement. Four sub-sections appear in the form of questions and answers)

AUTHORSHIP OF *THE BHAKTAMARA STOTRA*

- **Who is the author of *The Bhaktamara Stotra* ?**

The author of the efficacious *Bhaktamara Stotra* is the great *Acarya* Sri Manatunga Surisvarji. His influence over Jainism is immense. He is considered to be the successor-disciple of *Acarya* Sri Manadeva Surisvarji. The information that Sri Manatunga is the author of *Bhaktamara* is deduced from the 4th quartrain (*pada*) of the last verse of *Bhaktamara "Tam manatunga mavasa samupaiti laksmih"*.

- **Does reference to one's own name as the author in such salutory works, not signify the desire for popularity ? (name and fame).**

Desire for popularity and historical information are two different things. From the view point of history, we do require such information as the authorship, lineage of instructors, date of composition etc. (Incidentally these details also help us to know the evolution of thought and make us understand the passages better). More over it will be better if the author himself were to indicate the number of *slokas* composed (which may guard the work from future interpolations). We should diligently protect the tradition of giving such personal information for the proper place in history and evaluation.

- **Was the tradition of referring one's name in the works, in vogue ?**

Yes... Sri Umasvati also has made such a reference in his work *"Sri Tattvartha Sutra Karikas"*. Sri Dharmadasa Gani, too had referred to his name in his work *Sri Upadesamala* with the beginning letter of words. (Acrostic)

Dhamta mani dama sasi gaya nihi (Gatha 53)

Many authors had even composed *prasastis* or panygyrics and the authors had done it at the end of their woks. This tradition has continued up to this day. People must be knowing that our grand-preceptor Sri Labdhisuriswarji has not only referred to his name but the name of his *Guru* Rev. Kamalasuriswarji and his *Guru* Rev. Atmaramji at the end of stavans like, *"Bhavi bhave derasar avo"* and *"Janarum jay che jivan"*.

- **When did Sri Manatunga Suri flourish ?**

In the works like *"Pattavali Samuccaya"* there is a reference to Sri Manatunga Surisvarji, who could be placed in the third century of *Vikrama Samvat* i.e., 144 AD to 244 AD period.

But the incidents referred to there pertain to 7th century of *Vikrama Samvat* i.e., up to 644 AD (Precisely the period of King Sriharsa...) But Quacken Bose an European scholar proved the untenability of 2nd C A D theory and he subscribed to 3rd C B C theory only.

Scholars like Sri Hiralal Kapadia, Sri Dhirajlal Tokarsi, Sri Kalyana Vijayaji are of the opinion that Sri Manatunga must have lived in 5th - 6th AD. *Jainendra Siddhanta Kosa*, a Digambara Jain publication refers to his date as 11th Circa *V S* i.e., (944 - 1044 AD). But it would be proper to take him as the disciple of the 18th generation teacher from Mahavira and lived in the third century *V S* i.e, he must have lived some 1800 years before.

- **Is there any other teacher by the name Mantunga Suri ?**

If a person is popular or well-known or if the society feels indebted to him, then his name is invoked for generations in future. We have two Bhadrabahus and many Chandraguptas. The same is the case in west too. The name is carried over to the subsequent generations too as George I, George II etc. But we do not come across the name Manatunga before 3 *C V S*.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

The *Navakara Sutra* is considered as *Navakara mantra*. There is one another text by name *Vidyapravada* in the fourteen *Purvas*. It is believed that this work contained many *mantras* and *vidyas*. *Agamas* contain many efficacious texts. Hence the texts are forbidden from being recited during the non-study (*asvadhyaya*) periods. It is believed that the movements of gods can be curtailed by the power of these texts. Many such texts are known in the Jain tradition. The same thing is said of *Utthana* and *Samutthana Sutras*. These *Sutras*, it is said were capable of producing turbulations in the cities. Hence this – the power of *Mantras* – is not a new thing to *Jaina Agamas*. The *Jaina Agamas* are full of *mantras* and *Navakara* too takes a pride of place like *Agamas*.

We now have to think how does the theory of *karma* and the theory of *mantras* go together. The *karma* has an important place in the theory of *Jainas*. They are considered forceful too. But the concept that "*Karmas* are all powerful; they will definitely give their results; the results of karmas done are to be necessarily experienced", is against the Jain tenets. In short Jainism accepts the doctrine of *anekanta* i.e., multi-facetedness. It is not a *Karmavadi Siddhanta*. Scriptures make it very clear that *karmas* appear due to the following five viz., *dravya* (substance), *ksetra* (place), *kala* (time), *bhaava* (thoughts or state of *atma*) and *bhava* (birth) and become binding too. Many people subscribe to the theory that one becomes wise (act correctly) because of good *karmas* done. But even this cannot be taken as universal, final and unchanging. The knowledge of the aforesaid five causes is necessary to understand this. Along with it, it has been made clear that *karma* is powerful in some places whereas *purusarthas* score over it in some other places. Hence greatmen say that when the soul progresses spiritually to achieve the *purusartha* (say of *moksa*) then the *nikacita karmas* (a *karma* believed can be destroyed by experiencing its results only) are destroyed thus making them ineffective. Hence *purusartha* too is a powerful cause. *Mantra* too is a *purusartha* to ward off the evil effects of *karmas*. The *purusartha*-hood of *mantra* has been established by any other *purusarthas*. Hence the rise of *karmas* (i.e., the *karma* becoming efficacious giving its results) is stopped by *purusarthas* and *karmas* become effectless (*niskriya*). The Scriptures of Jainism describe the power of *mantras* and the methodology to use them too. Rev. Munisundar Suri describes the great *Surimantra* as a *Tirtha* and *Omkara* itself. The worship of *Surimantra* is said to give the result of *moksa*. Hence the use of *mantras* and the realisation of the results of such practices are acceptable to Jainism.

The *mantras* can be made use of :

1 To protect the peace of mind;

2 To get mental pleasure;

3 To get *moksa* through mental peace and happiness;

4 To make the attendant deities appear before the aspirant;

5 To get indirect help of attendant deities;

6 To decide the spiritual heir for the community or one's own or for a group of monks with the help of attendant deities;

7 To get difficult portions of *Agamas* cleared and protect the *Sastras* with the help of attendant deities;

8 To get the help of Goddess Sarasvati and many Gods and Goddesses like Sruta devata to conquer the opponent in debates and to write books and to awaken the authorities (i.e., Kings etc.);

9 To remove the *prayogas* or occultic practices of other magicians from becoming effective;

10 To see the gods and make them follow the command of *Jinas*;

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

11 To get the knowledge of future and to ward off obstructions or troubles that are in store for one in the near future;

12 To manage to look after very big congregations at the time of consecrations etc., without much problem;

13 To help the influential laity in spreading the *Jain* tenets;

14. To bless the devotees, who have *moksa* as their final goal and work accordingly, with consecrated fragrant powder for success in their endeavours;

15. To ward off any obstruction in the construction of the new temples or monasteries when the same has stopped for some mysterious reasons or the renovation work of an old temple could not be taken up, and to lead the work to a smooth finale;

16. To remain prepared to enter into *samadhi* by knowing the last days;

17. To protect Jain religion in case of danger from other religionists or fanatics.

Thus many great things had been achieved by the power of *mantra*s and are being achieved too.

- **Will any one resort to this type of *mantra*, *yantra* etc., to achieve some thing in this Age of Science ?**

We accept that science is progressing rapidly now and the level of intelligence of people too is expanding very fast. But the belief in *mantra* too is growing on the other hand and it can not be reverted back.

But we also experience wrong and atrocious things committed by pseudo-saints in the name of religion and miracles. Equally some propagation of pseudo-science also is going on in the name of science. It is necessary to know the opinion of good scientists on this. Science does not consider anything as beyond proof, and is not even prepared to accept things which are not proved except for discussion. Science may say that no evidence is available on the independent existence of the soul. But it never says that there is no soul at all in the absence of proof. It is possible that science and untainted religious tenets may become harmonious oneday.

The relevance of *mantra*, *yantra* and *tantra* in the modern age remains very much there to be answered. Even now in this age of science everyone loves his own self very much. No one likes to end his life thinking oneself to be a combination of a few chemicals only. Both the hedonist and atheist as well as the theist want to live their full lives. Life means attempt to be happy and ward off pain and suffering.

Let not a person believe in the independent existence of the soul. But even then he must subscribe to the existence of the soul. *Mantra* is a great method to console and make the individual's life purposeful.

What a non-believer would do if a close relative of his were to fall seriously ill ? Even if he were to be hard-hearted, he will wish only a quick recovery. He will use only kind and consoling words so as not to make him feel the suffering. This makes the need of *mantra*s even in this age clear. Why say so ? The need is all the more greater now for the feeling of insecurity too is all the more greater now. People are not able to say certainly that the person who went out will return in the evening the same way. People at the house are always apprehensive of some danger in megapolises. In this insecure environs people cannot remain without thinking of God, deities or a *mantra* or *stotra*.

People proclaim that the mankind has been saved from such fatal diseases as TB and Smallpox. But we hear of new diseases as virus infection, cancer and AIDS. Hence the mankind is forced to wage a war with new problems even if the old one is solved. It is irrational to think that the help of a super-human power is not needed. Man is selfish and prone to enjoy his life fully. He strictly follows the prescription of the physician including food and drink restrictions when he falls sick. But once cured, his behaviour changes and he never follows the rules to

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

maintain his health. If he were to call his waywardness a non-believer-hood it is entirely a different matter. Infact a desire to live is the important charecteristic of *astika*s. He who loves his life, he who thinks it good to live is an *astika* only. People prefer to be non-believers for the fear of the need for adherence of the strict rules and regulations in religious life.

It is natural for people to be so. Though they proclaim themselves to be non-believers, they long for the help of some supra-human powers in their heart of hearts. If they are not able to fulfil their desires they become anxious to get them fulfilled.

The power of *mantra* is there to help people at this juncture. People may oppose such powers or reject them outwardly but are always interested in getting their help themselves in private. How many scientists really remain believers !

It is very difficult to be a believer or non-believer literally. We think a non-believer never thinks of *mantra*s or a believer totally surrenders himself unto *mantra*s and we also think he would have accomplished them too. Even a millionth part of a percentage of the population too may not be available with such charecteristics.

- **If *mantra*s can get all things done, then why not the great *acarya*s of past have not exploited the *mantra*s upto the hilt ?**

We would like to pose one question to you before answering yours. Have you ever fallen sick ? You must have atleast once. You might have taken medicines too and got cured also. Not only you but many people might have been cured by the same medicine but one cannot swear that the same medicine would act with same efficiency every time with everyone. If you can analyse this idea, you can understand the success and failures of *mantra*s. Sometimes the *mantra*s are successful and sometimes not. Sometimes the *karma*s get removed or destroyed with the extraneous help. But some firmly entrenched *nikacita karma*s do not get mitigated. In such instances a *Yogi* who gives blessings to thousands of people is forced to suffer his fate. The invocation of the name of a great *sadhu* is capable of conferring benefits on his devotee but he himself is not in a position to save himself. He is forced to endure his sufferings. Sanatkumara, a Royal sage, after reaching the stage of *nissprhata* (*jivanmukta* – released even while remaining embodied) was in a position to cure his disease. But he accepted the same with equanimity and suffered. People who have accomplished *mantra*s generally do not use it for themselves. So too are *labdhidhari*s. The life of *Tirthankara*s are available to us. The life of Lord Mahavira too is available to us through the Scriptures. He bore all the troubles with equanimity. We get references for the fruitful use of *mantra*s and *vidya*s in the life time of Lord Mahavira and after. The value of the doctrine of *anekanta* in understanding the power and efficacy of *mantra*s can be known from these too.

The use of *mantra*s, *vidya*s or *labdhi* is prohibited in the state, of *apramatta* i.e., when one is aware of oneself fully. The *mantra*s etc., are used in the state of *pramatta*, i.e., when one has not gone to a spiritually higher state.

